Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

اَنَامَدِیْنَةُ الْعِلْمِ وَعَلِیٌّ بَابُهَا

તન્ઝીમુલ મકાતિબ ના અભ્યાસક્રમ મુજબ

# ઈમામિયા

# દીનિયાત

5

પ્રકાશક

તન્ઝીમુલ મકાતિબ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(તન્ઝીમુલ મકાતિબના અભ્યાસક્રમ મુજબ)

**ઈમામિયા**

# દીનિયાત

## ધોરણ 5 માટે

: પ્રકાશક :

**તન્ઝીમુલ મકાતિબ**

ગોલાગંજ, લખનઉ-૧૮

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


- નામ કિતાબ ........ દીનીયાત અવ્વલ
- સ. તબાઅત ........ ઓગસ્ટ 2019
- તઅદાદ ........ 2000
- મતબૂઆ ........ યુનાઈટેડ બલાક પ્રિન્ટર્સ પ્રેસ લખનઉ
- પ્રકાશક ........ તન્ઝીમુલ મકાતિબ લખનઉ
- કીમત ........ Rs. 100/-

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# તન્ઝીમની અરઝ

તન્ઝીમુલ મકાતિબના સ્થાપક ખતીબે આઝમ મૌલાના સૈયદ ગુલામ અસ્કરી અ. મ.એ દેશમાં ફેલાયેલ મોઅમિન બિરાદરોના બાળકો બાળકો સુધી દીનનો સંદેશ પહોંચાડવા માટે 15 જમાદીઉલ ઉલા હી. 1388 ના દીવસે થોડા મદ્રેસાથી તન્ઝીમુલ મકાતિબની શુરૂઆત કરેલ અને હિન્દુસ્તાન જ નહી પણ એશીયાભર માં પોતાની આગવી ઓળખથી એક માત્ર પહેલી સંસ્થા મૌજૂદ છે. જેણે બાળકોની પ્રાથમીક દીની તઅલીમ માટે કુરઆન, દીનીયાત અને ઉર્દૂ ઉપર સચોટ અને પૂરે પૂરો શૈક્ષણીક કોર્ષ રજુ કર્યો.

મકતબમાં વિવિધ વિસ્તારોમાં રહેતા મોઅમેનીનની સરળતાને ધ્યાન રાખી દીનીયાતની કિતાબને ગુજરાતી, બંગાળી, અંગ્રેજી, હીન્દી વિગેરે ભાષામાં પ્રસિદ્ધ કરવામાં આવી જેથી ઉર્દૂ ભાષાથી અજાણ લોકો દીનથી અજાણ ન રહે અને ઝરૂરી દીની માહિતી કૌમના દરેક બાળકને પોતાની માતૃભાષામાં મળી રહે.

ઈમામીયા ઉર્દૂ રીડરની ગોઠવણ પણ આ અંદાજથીજ કરવામાં આવેલ કે તે ફકત નીયમ માટેની કિતાબ ન હોય પરંતુ ઈસ્લામના રીત રીવાજ ને તેના મુળ અંદાજમાં સ્પષ્ટ રજુ કરે જેથી ઈમામીયા ઉર્દૂ રીડરમાં ક્ષણ ભંગુર પાત્રોની ભરમાર, પાયા વિહોણી અને ફરેબી વાત અને વાર્તાની જગ્યાએ ઈસ્લામના મજબૂત ઉસુલને પેશ કરનાર અને રસ્તો ચીંધનાર ઈસ્લામના સિરતદાર અને **સુધારક** પ્રતિબીબોના અખલાકી બનાવોને ગોઠવવામાં આવ્યા.

પરંતુ **ઉર્દૂથી અજાણ** વિસ્તારામાં માતૃભાષામાં શીક્ષણ મેળવનારબાળકો ઈમામીયા ઉર્દૂ રીડર અને તેના ફાયદા તથા જલકારીથી કોસો દુર રહેતા હતા જેથી આ બાબત ધ્યાનમાં આવતા કોશીષ કરવામાં આવી કે ઉર્દૂ રીડરના તે પાઠોને બીજી ભાષામાં દીનીયાતમાં મેલવી દેવામાં આવે.

આ વીશે અમો શાબાન એજયુકેશન ટ્રસ્ટ મહુવાનો આભાર માનીએ છીએ કે તેઓના જવાબદારોએ પોતાની જાણકારીને કામમાં લાવી સંપુર્ણ રીતે ન ફકત આ કામ પુરૂ કર્યુ પરંતુ દરેક પાઠની સાથે તેના પુનરાવર્તનનો પણ વધારો કાર્યો જેથી દરેક ધોરણ માટે વર્ક બુક રૂપે અલગ પ્રકાશન પ્રકાશિત કરી રહ્યા છીએ.

આશાછે કે દીનીયાતની આ પહેલી કિતાબ બાળકો માટે ખૂબજ ફાયદા કારક રહેશે.

"પહેલી નીશાની કદી પણ છેલ્લો અક્ષર નથી બનતો" અને તમામ જાણકાર અને તાલીમ સાથે સંકળાયેલ તથા જ્ઞાન અને શીક્ષણથી જોડાયેલા દરેક લોકોની દીલચશ્પી અને સહકારની અપેક્ષા ઈચ્છીએ છીએ.

વસ્સલામ
સૈયદ સફી હૈદર
સેકરેટ્રી તન્ઝીમુલ મકાતિબ
લખનઉ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# શિક્ષકોને માટે જરૂરી સૂચનાઓ

(૧) શબ્દોના અર્થો લખાવીને યાદ કરાવવા, તેમજ ભાવાર્થ મગજમાં ઉતારવો.

(૨) પાઠ પૂરો થયા બાદ શિક્ષકે એવા પ્રશ્નો પૂછવા કે જેનાથી બાળકો સમજ્યા હોય તેવા અર્થોવાળું વળતું બયાન આપી શકે.

(૩) પાઠ પૂરો થયા પછી શિક્ષકે પ્રશ્નો ટૂંકામાં લખાવીને મોઢે કરાવવા, મસા ાેલમાં જરૂરત પ્રમાણે પ્રાયોગિક ધોરણે શિક્ષણ આપવામાં આવે અને જરૂરી મસાએલ યાદ કરાવવામાં આવે.

દરેક નશરીયાત અને મતબુઆત તથા લખાણ તન્ઝીમુલ મકાતિબ સંસ્થાના હકકમાં તન્ઝીમુલ મકાતિબમાં સેફ છે. રજા વગર પુરી અથવા કોઇ ભાગ પ્રકાશિત કરવા પર કાનુની રાહે પગલા લેવામાં આવશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# બચ્ચાઓની દુઆ

અય ખુદા ઈલ્મકી રૌશની દે હમેં
ઝિંદગી દે હમેં ઝિંદગી દે હમેં

ઈલ્મ આલે પયમ્બર કા પૈગામ હૈ
જેહલ બાતિલ પરસ્તોં કા અંજામ હૈ

ઈલ્મ કી રૌશની હાસિલે દો જહાઁ
જેહલ કી તીરગી અલઅમાં અલઅમાં

તેરી સરકાર મે હાથ ફૈલાએ હૈં
ઈલ્મ કી ભીખ લેને કો હમ આએ હૈં

પૈરવે આલે કુર્આં બના દે હમેં
મેરે માલિક મુસલમાં બનાદે હમેં

તેરી મરઝી હૈ કયા યે પતા ચાહીયે
રાસ્તા ચાહીયે રાસ્તા ચાહીયે

ગર્દ બનકર હવામેં બિખર જાએંગે
ઈલ્મ કા દર ન પાયા તો મર જાએંગે

બેનયાઝે અમલ હો ન જાએં કહીં
સુબ્હ હોને કો હૈ સો ન જાએં કહીં

દર્દે દિલ ઔર સૌઝે જિગર બખ્શ દે
જો હોં સજદોં કે કાબિલ વો સર બખ્શ દે

રૌશની મકતબોં સે નિકલતી રહે
હશ્ર તક શમ્એ તન્ઝીમ જલ્તી રહે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાઠ 1

# ઈસ્લામ

દુનિયામાં ઈન્સાનને ઘણી વસ્તુઓ પ્યારી હોય છે. જીવ વ્હાલો હોય છે. માલ પ્યારો હોય છે. આબરૂની કદ્ર અને કીંમત હોય છે. અને તેના માટે ઈન્સાન દરેક વસ્તુની સુરક્ષાની વ્યવસ્થા કરે છે. આ દરેક વસ્તુ માટે તકલીફો સહન કરવા માટે તૈયાર રહે છે. પરંતુ એક એવી વસ્તુ પણ છે જે આ બધી વસ્તુઓથી પણ વધારે કિમતી છે. અને તે છે મઝહબ. ઈન્સાન મઝહબના નામ પર જાન, માલ, ઈઝ્ઝત, આબરૂ બધુજ કુરબાન કરવા માટે તૈયાર થઈ જાય છે. બે મીત્રો આપસમાં ગમે તેટલા દોસ્ત કેમ ન હોય? પરંતુ જયારે મઝહબની વાત આવી જાયછે તો દોસ્તીને ખુદા હાફીઝ કહી દેવામાં આવે છે. બે સંબંધીઓ આપસમાં ભલે ગમે તેટલા ગાઢ સંબધ ધરાવતા હોય પરંતુ જયારે મઝહબ પર વાત આવી જાય છે ત્યારે સંબંધને એક કિનારે મુકી દેવામાં આવે છે. તેથી ખબર પડે છે કે દુનિયાની સૌથી પ્યારી વસ્તુ મઝહબ છે.

દુનિયામાં મઝહબની એવી ભીડ લાગેલી છે, કે દરેક આદમીનો મઝહબ અલગ-અલગ છે. કોઈ ઈસાઈ છે, તો કોઈ યહુદી. કોઈ મૂર્તીપૂજક છે, તો કોઈ સિતારા પુજક. કોઈ આગની પૂજા કરે છે તો કોઈ પત્થરની. કોઈ ગૌતમ બુધ્ધના રસ્તા પેર ચાલે છે તો કોઈ ગુરૂનાનકના. દરેક મઝહબવાળો અલગ નબીને માને છે. અને અલગ-અલગ ખુદાની માન્યતા ધરાવે છે. ઈસાઈઓના છેલ્લા નબી હ.ઈસા અ. છે. યહુદીઓના છેલ્લા નબી હ.મૂસા અ.છે. મૂર્તીની પૂજા કરનારા મૂર્તી પૂજક કહેવાય છે. સિતારાઓની પૂજા કરનાર સાબઈ કહેવામાં આવે છે. આગની પૂજા કરનારાઓ મજૂસી કહેવાય છે. પત્થરની મૂર્તી બનાવીને તેની સામે માથું જુકાવનાર એક એવા ખુદાની માન્યતા રાખે છે જેના ત્રણ ટુકડા છે. વિષ્ણુ, મહેશ અને બ્રહ્ના. ગૌતમ બુધ્ધના કાનૂનો પર અમલ કરનારા બુધિષ્ટ કહેવાય છે. અને ગુરૂનાનકની કૌમવાળા 'શીખ' નામથી મશ્હુર છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આવા લાખો અને હજારો ધર્મો વચ્ચે એક ધર્મ 'ઈસ્લામ' પણ છે. ઈસ્લામનો ખુદા એક છે. તેનો કોઈ શરીક કે ભાગીદાર નથી. ન તેના કોઈ ટુકડા છે અને ન તો તેના ટુકડા થઈ શકે છે. ઈસ્લામના છેલ્લા નબી હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ. છે. જે મુસલમાનોના પૈગમ્બર છે. જેમના પર નબૂવ્વતનો સિલસિલો ખત્મ થઈ ગયો છે. અને તેમના પછી ઈમામતનો સિલસિલો શરૂ થયો. જેમાં પહેલા ઈમામ હ.અલી અ.સ. અને છેલ્લા ઈમામ હ.મહદી અ.ત.ફ. છે.

ઈસ્લામની સૌથી મોટી ખૂબી એ છે કે તેને પરવર દિગારે આલમે પસંદ કર્યો છે. અને ઈસ્લામને પોતાનો પ્યારો મઝહબ બનાવ્યો છે. અને દુનિયાની નજાત માટે ઈસ્લામનેજ વસીલો બનાવ્યો છે. ખુદાએ કુર્આનમાં સાફસાફ બતાવ્યું છે કે જે કોઈ દીને ઈસ્લામ સિવાય બીજા ધર્મનું અનૂસરણ કરશે તો ખુદા તેઓનો કોઈ અમલ કબુલ નહીં કરે. અને તે કયામતના દિવસે નુકશાનીમાં રહેશે.

ઈસ્લામની બીજી વિશિષ્ટતા એ છે કે, તેના કાયદા કોઈ મોટામાં મોટા નબી કે વલીએ નથી બનાવ્યા બલ્કે ઈસ્લામના કાયદાઓને ખુદ ખુદાવંદે આલમે બનાવ્યા છે. અને જેવી રીતે ઈસ્લામના કાનૂન અલ્લાહ સિવાય બીજા કોઈએ નથી બનાવ્યા તેવીજ રીતે આ કાનૂનો બીજો કોઈ બનાવી પણ નથી શકતો. તેમજ વધારી કે ઘટાડી પણ નથી શકતો. અને ઈસ્લામના કાનૂનોમાં વધારો કે ઘટાડો કરનાર હરગીઝ કોઈ કીમત પર મુસલમના નહીં કહેવાય. સ્પષ્ટ છે કે જે કાનૂનો અલ્લાહે બનાવ્યા હશે તે કેટલા બુલંદ, પાકીઝા, કીમતી અને દરેક વર્ગના આદમીઓ માટે હશે. ઈસ્લામે પોતાની નમાઝમાં આ વાતને ખુબજ સ્પષ્ટ કરી દીધી કે મઝહબના કાનૂન સામાન્ય આદમી અને નબી બધા માટે એક જેવાજ છે. અને એટલા માટેજ નમાઝે જમાઅતમાં જયારે બધા લોકો અલ્લાહ સામે માથું નમાવે છે. ત્યારે નબી અને ઈમામ પણ સજદો કરે છે. જેથી સ્પષ્ટ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

થઈ જાય કે આ કાનૂન મારો નથી બલ્કે મારા ખુદાનો છે. એટલા માટેજ મારે પણ એવીજ રીતે તેની ઈતાઅત કરવી પડે છે જેવી રીતે તમો અલ્લાહની ઈતાઅત કરો છો.

ઈસ્લામની ત્રીજી વિશિષ્ટતા એ છે કે, તેણે ઈન્સાનની ઝિંદગીના કોઈ પણ ભાગને છોડી નથી દીધો દરેક ભાગ દરેક તબકકા અને દરેક વિષય પર ધ્યાન આપ્યું છે. તેમા સંસ્કારના હુકમો પણ છે અને સિયાસતના કાનૂનો પણ છે. સામાજીક જીવનના સીધ્ધાંતો પણ છે. અને એકાંત જીવનના નિયમો પણ બતાવેલ છે. એક બીજાનાં હકક અને વાજીબાતની તફસીર પણ બતાવેલ છે. કોઈ પણ વસ્તુ એવી બાકી નથી છોડી જેનો કાનૂન ઈસ્લામે બતાવેલ ન હોય. પૈશાબ-પાયખાનાથી લઈ વ્યવહારની દરેક વસ્તુને ઈસ્લામે ઘેરી લીધી છે. શું આવા સંપૂર્ણ કાનૂનોના હોવા છતાં બીજા કાનૂનો અપનાવી શકાય ખરા?

ઈસ્લામની ચોથી વિશિષ્ટતા એ છે કે તેણે ખુદાના અને બંદાના સંબંધોમાં એક ખાસ ધ્યાન આપ્યું છે. ઘણા મઝહબ દુનિયામાં એવા જોવા મળે છે જે અલ્લાહની ઈબાદતો શીખવે છે. પરંતુ લોકો સાથે કેવો વ્યવહાર રાખવો તે નથી બતાવતો. અને ઘણા મઝહબ એવા જોવા મળે છે જે વ્યવહારીક ઝિંદગી પર ખુબજ ભાર મુકે છે. અને ખુદાને તો માનતાજ નથી કે અલ્લાહની બંદગીની રીત શીખવાડે. ઈસ્લામ આ બન્નેથી મહાન છે. ઈસ્લામે એક તરફ અલ્લાહની બંદગી શીખવી અને તેની રીત પણ બતાવી. અને બીજી તરફ સામાજીક ઝિંદગીના વ્યવહારની રીત પણ બતાવી છે. ધંધો કેવી રીતે કરવો? ખેતી વાડી કેવી રીતે કરવી? નિકાહના નિયમો શું છે? શાદી કેવી રીતે કરવી જોઈએ? અને તેના જેવી હજારો વાતો જે ઈસ્લામના એહકામોમાં વિગતવાર બયાન કરવામાં આવેલ છે. જેનાથી ખબર પડે છે કે ઈસ્લામ ખુદા અને બંદાના સંબંધને એક સાથે કાએમ કરવા ચાહે છે. એટલા માટેજ હ.રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યુ કેઃ "જે કોઈ દુનિયાને આખેરતના નામે છોડી પહાડો અને ગુફાઓમાં જઈ ઈબાદત કરવા લાગે તે મુસલમાન નથી. અને જે કોઈ આખેરતને દુનિયાદારી માટે છોડી બંદગીથી અલગ થઈ જાય તે પણ મુસલમાન નથી!!!

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈસ્લામની પાંચમી વિશિષ્ટતા એ છે કે, આ દુનિયાનો સૌથી જુનો મઝહબ છે. જેની તબલીગ માટે એક લાખ ચોવીશ હજાર પૈગમ્બરો આવતા રહ્યા. જેઓ બધા માસૂમ હતા. જેનાથી ભૂલ ચૂકનો કોઈ સવાલજ ઉભો નથી થતો. સ્પષ્ટ છે કે સવા લાખ પૈગમ્બરો જે વસ્તુની તાકીદ કરતા હોય, તે ઈસ્લામમાં કોઈ ભુલ ચુકનો સવાલજ ઉભો નથી થતો. આપણા નબી હ.મોહમ્મદ મુસતફા સ.અ.વ. પહેલાના નબીઓ પણ પોતાના આખરી વખતમાં પોતાની સંતાનોને ભેગા કરી અને એજ વસિયત કરતા હતા કે અલ્લાહે તમારા માટે દીને ઈસ્લામને પસંદ કર્યો છે માટે તમો પણ મરવા સુધી આ દીને ઈસ્લામ ઉપર બાકી રહેજો. અને આપણા નબીએ કરીમ સ.એ પણ ઉમ્મતને આજ વાતની તાલિમ આપી છે, કે હંમેશા ઈસ્લામ પર બાકી રહેજો.

એ વાત અલગ છે કે ઘણા લોકોના દિલમાં ચોર છુપાએલો હતો અને આપ સ.અ.વ.ના પછી ઈસ્લામને છોડી દેવાના હતા. એટલા માટેજ આપે પોતાની ઝિમ્મેદારી પોતાની ઔલાદ અને ઘરવાળાઓને સોંપી હતી. માટે તે વખતથી આજ સુધી તેઓ ઈસ્લામની હિફાઝત કરી રહ્યા છે. આપણા બારમાં ઈમામ અ.સ. આજે પણ પરદએ ગૈબમાં મૌજુદ છે. તેમને પણ ખુદાએ એટલા માટેજ બાકી રાખ્યા છે કે દુન્યિામાં જયારે કુફ્રો શિર્ક ફેલાય જાય અને લોકો ઈસ્લામના રસ્તાથી દુર થઈ જાય ત્યારે ઈમામ અ.સ. પરદએ ગૈબથી બહાર આવી જશે. અને આપ પોતાના દાદા હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.ની જેમ ફરી દુનિયામાં ઈસ્લામ ફેલાવશો. તે વખતે પૂરી દુનિયામાં જયાં જુઓ ત્યાં ઈસ્લામજ હશે. કુફ્રો, શિર્કનું નામો નિશાન જોવા નહીં મળે. દુનિયામાં અદલજ બાકી હશે અને ઝુલમો જોર ખત્મ થઈ જશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## સવાલ

(૧) ઈન્સાન કઈ વસ્તુ માટે પોતાનું બધુજ કુર્બાન કરી દેવા માટે તૈયાર થઈ જાય છે?

(૨) દુનિયાની સૌથી સારી ચીઝ કઈ છે? અને શા માટે?

(૩) ઈસ્લામ શા માટે સૌથી સારો મઝહબ છે?


(૪) કયામતના દિવસે કયો ઈન્સાન ખોટમાં રહેશે?

(૫) ઈસ્લામના કાનૂનની વિશીષ્ટતા જણાવો?

(૬) ઈસ્લામ ઈન્સાની ઝિંદગીના કયા ભાગ પર વધારે ભાર આપે છે?

(૭) ઈસ્લામે કયા સંબંધ પર વધારે ભાર આપ્યો છે?

(૮) દુનિયાનો સૌથી જુનો મઝહબ કયો છે? અને કેવી રીતે આજ સુધી બાકી છે?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 2

# આપણે શા માટે પૈદા થયા ?

આ દુનિયામાં અલ્લાહ તઆલાએ કોઈ ચીઝ નકામી પૈદા કરેલ નથી, પરંતુ જે કંઈ તેણે બનાવ્યું છે તે કોઈ ને કોઈ હેતુ માટે બનાવેલ છે.

સૂરજ રોશની આપે છે. ચાંદ અંધકારમાં અજવાળું કરે છે. વાદળા વરસાદ વરસાવે છે. પાણીથી ખેતી લીલીછમ થાય છે. તેમજ જાનવરો ઈન્સાનના ઘણાં કામકાજ કરે છે. સવારી, ખેતી, સિંચાઈ વગેરેમાં જાનવરો કામમાં આવે છે. તે જ રીતે ઈન્સાન પણ બેકાર પૈદા થયેલ નથી, પરંતુ અલ્લાહ તઆલાની ઈબાદત માટે જ પૈદા થયેલ છે.

અલ્લાહ તઆલાએ આ દુનિયાની દરેક ચીઝ ઈન્સાનના માટે પૈદા કરી, ઈન્સાનને પોતાની ઈબાદત માટે પૈદા કરેલ છે.

આ દુનિયામાં તમોને એવો કુદરતી નિયમ જોવામાં આવશે કે દરેક મખ્લૂક પોતાનાથી ચઢીયાતી મખ્લૂકને માટે પૈદા થયેલ છે. ઘાસ એટલા માટે ઉગેલ છે કે જાનવરો તેને આરોગી શકે, જાનવરો એટલા માટે પૈદા થયેલ છે કે તેનાથી માનવી ફાયદો ઉઠાવી શકે.

પરંતુ ઈન્સાનથી શ્રેષ્ઠ તો ફક્ત અલ્લાહ જ છે. એટલા માટે જ ઈન્સાને અલ્લાહ તઆલાના હુકમો પાળવા જોઈએ અને તેની ઈબાદત કરવી જોઈએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હ. ઈમામ હસન અસ્કરી (અ.) એક દિવસ બચપણમાં બાળકો સાથે ઊભા હતા. બધા બાળકો ખેલી-કૂદી રહ્યા હતા, પરંતુ ઈમામ (અ.) રમવાને બદલે રડી રહ્યા હતા. એવામાં ત્યાંથી જ. બહલૂલ (રઝી.) નીકળ્યા. બહલૂલ બહુ જ બુદ્ધિશાળી અને દીનદાર વ્યક્તિ હતા. ઈમામ (અ.)ને રડતાં જોઈને તે પણ ઊભા રહી ગયા અને રડવાનું કારણ પૂછયું તેમજ આપને દિલાસો આપતાં આપતાં કહ્યું કે, "હું તમારા માટે બજારમાંથી સારાં સારાં રમકડાં લાવી આપું કે ?" આપ હઝરતે ફરમાવ્યું કે, "શું આપણે ખેલકૂદ માટે પૈદા થયેલ છીએ ?" તો બહલૂલે કહ્યું, "તો પછી શા માટે પૈદા થયેલ છીએ ?" આપ હઝરતે ફરમાવ્યું, "આપણને અલ્લાહ તઆલાએ ઈલ્મ હાંસિલ કરવા તથા તેની ઈબાદત કરવા માટે જ પૈદા કરેલ છે."

બાદમાં ઈમામ (અ.) બહલૂલને કુરઆને શરીફની આયત સંભળાવી જેમાં ખુદાવંદે તઆલાએ ફરમાવ્યું છે કે "અમોએ ઈન્સાનને એટલા માટે પૈદા કરેલ છે કે તે મારી ઈતાઅત એટલે કે બંદગી કરે."

જ. બહલૂલ ઈમામ (અ.)ની વાત સાંભળીને સઘળું સમજી ગયા અને કહ્યું કે, "આ બાળક કોઈ સામાન્ય બાળક નથી પણ ઝમાનાના હાદી અને ઈમામ છે."

આથી આપણી એ ફર્ઝ થઈ પડે છે કે આપણે આપણી ઝીંદગીને ખેલકૂદમાં બરબાદ કરી વેડફી ન નાખવી જોઈએ. અલ્લાહના હુકમોની અવગણના ન કરવી જોઈએ. દરેક કામ કરવા પહેલા વિચારીએ કે "આ કામ કરવાથી અલ્લાહ તઆલા રાજી થશે ? કે પછી નારાજ થશે ?" જે કામ માટે ખુદાવંદે તઆલા નારાજ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હોય તે કામ ન કરવું. ફક્ત એજ કાર્યો કરવા કે જેનાથી ખુદાવંદે તઆલા ખુશ રહે પછી ભલેને તે નમાઝ-રોઝા હોય કે વ્યાપાર-રોજગાર હોય !


# સવાલ

૧. આપણને અલ્લાહે શા માટે પૈદા કરેલ છે ?

૨. હ. ઈમામ અસ્કરી (અ.) અને બહલૂલ વચ્ચે શું શું વાતચીત થઇ ?

૩. બહલૂલ ઈમામ (અ.)ની વાત સાંભળીને શું સમજ્યા ?

૪. આપણે કેવા પ્રકારના કાર્યો કરવા જોઈએ ? અને કેવા પ્રકારના ન કરવા જોઈએ ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 3

# અલ્લાહની જાત અને સિફાત એક જ છે

અલ્લાહ તઆલાની જાત-પાક એ એક જ છે. તેના કોઈપણ પ્રકારના ભાગલા હોઈ શકે નહીં. જે તેની જાત છે તેજ તેનાં વિશિષ્ઠ ગુણો (સિફાત) છે, અને જે વિશિષ્ઠ ગુણો છે એ જ તેની જાત છે.

જો અલ્લાહ તઆલાની જાત અને સિફાત (ગુણો) એમ બંનેને અલગ અલગ માનવામાં આવે તો તેના બે વિભાગ થઈ જાય ! જ્યારે અલ્લાહ તઆલા તો એવો છે કે જેના ભાગલા થઈ શકતા નથી.

અલ્લાહના બંદા અને ખૂદ અલ્લાહ તઆલામાં આ જ એક તફાવત છે. બંદાની જાત અને તેના ગુણો જુદા જુદા હોય છે. દાખલા તરીકે :

જ્યારે આપણે પૈદા થઈએ છીએ ત્યારે કોઈ બાબતની સમજ હોતી નથી. મતલબ કે આપણે કંઈ બોલી શકતા નથી. કોઈ કામ કરી શકતા નથી વગેરે. પછી જ્યારે મોટા થઈએ છીએ ત્યાર બાદ જ આપણામાં સારા અને નરસા ગુણો-અવગુણો પૈદા થાય છે.

આથી આપણને જાણવા મળે છે કે અલ્લાહ તઆલા ઈન્સાનથી નિરાળો અને જુદો જ છે. તેવી જ રીતે ખુદાવંદે તઆલાને કોઈએ પૈદા નથી કર્યો તે અનાદિકાળથી છે અને હંમેશ માટે તેની હસ્તી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

રહેવાની છે, અને રહેશે જ. તેવી જ રીતે તેમના ગુણો પણ હંમેશાથી (અનાદિકાળથી) છે અને હંમેશ માટે રહેશે.


ટૂંકમાં કહીએ તો તેની જાતે પાક અને તેનામાં રહેલા ગુણોમાં ફેરફાર હોતો નથી, પરંતુ ફેરફાર થઈ શકતો જ નથી. આમ જાત અને સિફાત, સિફાત અને જાત એ અલગ અલગ નથી.

તે (ખુદાવંદે તઆલા) છે તે જ વખતથી આલિમ છે, કાદિર છે, બા કમાલ છે, તેનો કમાલ તેની જાતે પાકથી જુદો નથી.

## સવાલ

૧. અલ્લાહ તઆલા અને બંદાની સિફાતોમાં શું ફરક છે ?

૨. અલ્લાહની જાત અને સિફાતો એક હોવી શા માટે જરૂરી છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 4

# સિફાતે સુબુતીય્યહ

દુનિયામાં કોઈપણ ચીઝ તેના બનાવવાવાળા સિવાય બની શકતી નથી. આથી માનવું પડે છે કે આ દુનિયાનો કોઈ ખાલિક (બનાવનાર/સર્જનહાર) છે જ અને તે પોતે જ છે.

તેને (ખાલિકને) કોઈએ પૈદા કર્યો નથી. જેથી આપણે સહુ માનીએ છીએ કે અલ્લાહ બધાનો 'ખાલિક' છે.

અલ્લાહને માનવાવાળા માટે એ જરૂરી છે કે જે અલ્લાહ છે તેને તેવો જ માનવો, મતલબ કે તે જેવો છે તેવો જ માનવાનો છે. તેને કોઈ મૂર્તિ કે સ્વરૂપના આકારમાં માનવાનો નથી અથવા મનમાં કે કલ્પનામાં તેની કોઈ પણ જાતની તસ્વીર ખેંચવાની નથી. કારણ કે જે વસ્તુઓ હાથો વડે બનેલી હોય તે આકૃતિ કહેવાશે અને મગજમાં ઉત્પન્ન થયેલું કલ્પિત ચિત્ર એ પણ 'મખ્લુક' (પૈદા થયેલું) ગણાશે. મતલબ કે બંને મખ્લુક ગણાશે અને ખાલિક ગણાશે નહીં. જ્યારે ખુદાવંદે તઆલા તો ખાલિક છે અને મખ્લુક નથી.

એટલા માટે તે અલ્લાહમાં જોવા મળતી કેટલીક સિફાતોને જાણવાની જરૂરત છે જેને "સિફાતે સુબુતીય્યહ" કહેવામાં આવે છે :

**(૧) કદીમ :** તે હંમેશાથી છે અને હંમેશા રહેશે. કારણ કે અલ્લાહને કોઈએ પૈદા કરેલ નથી તેમજ અલ્લાહને મૌત આવી શકતું નથી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૨) **કાદિર** : અલ્લાહ દરેક ચીઝ ઉપર સત્તાવાળો છે અને કોઈ કામ કરવા માટે લાચાર નથી, એટલા માટે તે જે પણ ઈચ્છે છે તેને પૈદા કરી શકે છે તેમજ તેનો નાશ પણ કરી શકે છે.

(૩) **આલિમ** : અલ્લાહ આલિમ (સર્વજ્ઞ-ઈલ્મવાળો) છે. એટલે કે તેને બધી જ વસ્તુનું જ્ઞાન છે અને એટલા માટે જ આ દુનિયાના કોઈપણ કામોના ક્રમમાં કદી ગરબડ કે ખલેલ પૈદા થતી નથી.

(૪) **મુદરિક** : અલ્લાહ 'મુદરિક' છે એટલે કે તેને મગજ શકિત વગર પણ દરેક વસ્તુનું જ્ઞાન છે. તે દરેક વસ્તુ યા બાબત જાણે છે. જેમકે તે આંખ વગર જોઈ શકે છે, કાન વગર સાંભળી શકે છે, હાથ યા પગ વગર બધું કામ કરી શકે છે. તેને પોતાના કામોની વ્યવસ્થા માટે ન તો મગજની જરૂરતં છે કે ન તો આંખની કે કાનની જરૂરત છે કે ન તો હાથ કે પગની જરૂરત છે.

મતલબ કે તે (અલ્લાહ) તે તે વસ્તુઓ (કે અવયવોંની જરૂરતો)નો મોહતાજ નથી. અને જો તે આ બધી વસ્તુઓનો મોહતાજ હોય તો તે અલ્લાહ કેવી રીતે કહેવાય ? એટલા માટે જ કહેવામાં આવ્યું છે કે તે (અલ્લાહ) કોઈપણ વસ્તુ યા જરૂરિયાતનો મોહતાજ નથી.

(૫) **હય્ય** : ખુદાવંદે તઆલા દરેકને જીવન અને મરણ આપે છે. પરંતુ અલ્લાહને કોઈએ જીવન આપ્યું નથી અને તેને મૌત પણ આવી શકતું નથી. મતલબ કે તે 'હય્ય' છે. એટલે કે હંમેશા (જીવતો) રહેવાવાળો છે.

(૬) **મુરીદ** : અલ્લાહ મુરીદ છે એટલે કે તે જ્યારે પણ કોઈ કામ ઈચ્છે છે ત્યારે તે (સ્વતંત્ર રીતે) કરી શકે છે અને તે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જે પણ કામ ઇચ્છતો નથી તે કામ તે કરતો નથી. દા.ત., તે જ્યારે ઇચ્છે છે ત્યારે સૂર્યને પ્રકાશિત બનાવે છે અને ચંદ્રને ઉગાડી શકે છે તેમજ જ્યારે જ્યારે ચાહે છે ત્યારે આસમાન માંહેથી પાણી વરસાવી શકે છે અને જ્યારે ચાહે છે ત્યારે તેને રોકી પણ દે છે. તે કોઈ કામ માટે મજબૂર નથી, કે ન તેને કોઈ મજબૂર બનાવી શકે છે.

**(૭) મોતકલ્લિમ** : અલ્લાહ મોતકલ્લિમ છે. એટલે કે તે જે ચીઝમાં ચાહે છે તે ચીઝમાં અવાઝ પણ પૈદા કરી શકે છે અને પોતાના બંદાની સાથે વાતચીત કરી શકે છે. જેમકે તેણે પૈગમ્બર હ. મૂસા (અ.)ની સાથે ઝાડમાં અવાઝ પૈદા કરીને વાતો કરી હતી અને આપણા પ્યારા નબી (સ.અ.વ.) સાથે હ. અલી (અ.)ના લહેઝામાં (ઢબમાં) વાતચીત કરી હતી.

**(૮) સાદિક** : અલ્લાહ સાદિક પણ છે એટલે કે તેનો દરેક વાયદો પાકો હોય છે. તે દરેક વાતમાં સાચો (સાદિક) છે. તેના માટે જૂઠું બોલવું બુરૂં છે અને તે દરેક બુરાઇથી પાક અર્થાત પવિત્ર છે.

## સવાલ

૧. અલ્લાહને કેવો માનવો જોઇએ અને કેવો નહિ ?
૨. અલ્લાહની મૂર્તિ બનાવવી અથવા મગજમાં તેની આકૃતિ વિષે કલ્પના કરવી શા માટે યોગ્ય નથી ?
૩. અલ્લાહ મુદરિક છે. આનો મતલબ સમજાવો.
૪. અલ્લાહ 'મોતકલ્લિમ' છે. તેનો એકાદ ઐતિહાસિક દાખલો આપી સમજાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 5
# સિફાતે સલ્બીય્યહ

જો આપણે કોઈ આલિમને ગરીબ યા તો કોઈ બહાદુરને ડરપોક માનીશું તો તે કદી પણ આપણાથી રાજી થશે નહીં. એવી જ રીતે જો આપણે અલ્લાહને એવી સિફાતોવાળો માનીએ કે જે સિફાતો તેનામાં ન હોય તો અલ્લાહ આપણાથી કદી રાજી થશે નહિ.

એટલા માટે જે સિફાતો અલ્લાહ તઆલામાં નથી તેવી સિફાતો તેનામાં છે એવું આપણે માની લેવું જોઈએ નહીં અને જે વ્યક્તિ અલ્લાહને એવી સિફાતોવાળો માને છે કે જે સિફાતો હકીકતમાં અલ્લાહમાં નથી તો તે વ્યક્તિ કે માણસ અલ્લાહને ખરો માનવાવાળો ગણાશે નહિ.

અલ્લાહ તઆલામાં જે સિફાતો નથી તે નીચે પ્રમાણે વર્ણવવાંમાં આવેલ છે :

## (૧) અલ્લાહ તઆલા 'મોરક્કબ' નથી :-

મતલબ કે તે મિશ્રિત (કોઈ બીજી વસ્તુ તેનામાં ભળેલી હોય તેવો) નથી. મોરક્કબ તે વસ્તુને કહેવામાં આવે છે જે કોઈ બીજી વસ્તુની સાથે મળીને બની હોય.

જેમકે શરબત એ સાકર અને પાણીના મિશ્રણથી બને છે. અલ્લાહ તઆલા કોઈ ચીઝથી ભળીને યા મળીને બનેલો નથી. સાકર અને પાણી એ શરબતના ભાગ છે, પરંતુ અલ્લાહના એવા કોઈ ભાગ કે વિભાગ નથી. આ (શરબતના વિભાગ) એટલા માટે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કે સાકર અને પાણી પ્રથમથી હોય છે જ્યારે શરબત પાછળથી બનેલું છે.

અગર અલ્લાહ પણ કોઈ એવા જુદા જુદા ભાગોથી મળીને બનેલો હોત તો તે ભાગ કે વિભાગ પહેલા હસ્તીમાં હોત અને તે પાછળથી હસ્તીમાં આવ્યો હોત. આ રીતે તે (અલ્લાહ) કદીમ (અનાદિકાળથી ચાલી આવેલો) નહીં ગણાય. અને તે ખાલિક નહીં ગણાત. પણ મખ્લુક (સર્જાએલો) ગણાત. જે હકીકતમાં તેમ નથી જ.

## (૨) અલ્લાહ તઆલાને કોઇ શરીર કે જીસ્મ નથી :-

અલ્લાહ તઆલાને કોઈ પ્રકારનું જીસ્મ યા શરીર નથી. કારણ કે શરીર એ તો મોરક્કબ (અનેક અવયવોથી બનેલું) છે જે મખ્લુક છે. અલ્લાહ તઆલા ન તો મોરક્કબ છે, ન તો મખ્લુક છે.

## (૩) ખુદાવંદે તઆલાના ગુણો તેની જાતે પાકથી અલગ નથી :-

એટલે કે અલ્લાહના ગુણો એ ખરેખર તો અલ્લાહ તઆલાની જાત જ છે. અગર અલ્લાહ તઆલાના ગુણો અને તેની જાત (તે પોતે) એમ બંને જો જુદાજુદા હોત તો અલ્લાહ તઆલા બે વસ્તુનો સંગ્રહ કે મિશ્રણ બની જાય જે હકીકતમાં તેમ નથી, એટલે જ ખુદાવંદે તઆલા મોરક્કબ નથી. એટલા માટે કે તેના ગુણો અને તેની જાત (તે પોતે) એકબીજાથી અલગ નથી.

## (૪) ખુદાવંદે તઆલા 'મરઇ' નથી :-

મતલબ કે તેને દુનિયામાં તેમજ આખેરતમાં કોઈ જગ્યાએ કોઈ તેને જોઇ શકશે નહીં. કારણ કે શરીરવાળી વસ્તુ કે વ્યક્તિ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

તો મખ્લુક એટલે કે (સર્જાયેલી) હોય છે, જ્યારે અલ્લાહ તો ખાલિક (સર્જનહાર) છે.

## (૫) અલ્લાહ કોઇ ચીઝમાં સમાઇ શકતો નથી :-

જેવી રીતે ઉકળતા પાણીમાં ગરમી સમાએલી છે, બરફમાં ઠંડક સમાએલી છે, શરીરમાં રૂહ સમાએલી છે, એવી જ રીતે અલ્લાહ કોઈ ચીઝમાં સમાઈ શકતો નથી અને કોઈ ચીઝ અલ્લાહમાં સમાઈ શકતી નથી. કારણ કે પ્રવેશ તો કોઈ વસ્તુ કે શરીરમાં થઈ શકે છે જ્યારે અલ્લાહને તો કોઈ શરીર જ નથી.

## (૬) અલ્લાહને કોઇ મકાન નથી :-

મતલબ કે અલ્લાહ તઆલાને રહેવા માટે કોઈ જગ્યા નથી અથવા તેની તરફ ઈશારો કરવા માટે પણ તેની કોઈ રૂખ કે દિશા પણ નથી. જેની કોઈ આકૃતિ કે શરીર હોય તેને જ રૂખ કે દિશા તેમજ સ્થળની જરૂરત પડે. જ્યારે અલ્લાહને તો શરીર પણ નથી અને આકૃતિ પણ નથી.

## (૭) મહલ્લે હવાદેસ :-

એટલે અલ્લાહમાં કોઈ પરિવર્તન વાળી વસ્તુ નથી. પરિવર્તન વાળી વસ્તુ ન તો હંમેશાથી હોય છે ન હંમેશા રહે છે. જ્યારે અલ્લાહ હંમેશાથી છે અને હંમેશા રહેશે.

## (૮) અલ્લાહનો કોઇ શરીક (ભાગીદાર) નથી :-

એટલે કે અલ્લાહની જાતે પાકમાં કોઈ તેનો ભાગીદાર નથી. તેના કામમાં પણ કોઈ શરીક કે ભાગીદાર નથી. તેના સિવાય બીજા કોઈની ઈબાદત થઈ શકે જ નહિ, કારણ કે તે એક જ છે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને તે એકલો જ છે, અને કોઇપણ રીતે કોઇનો પણ ભાગીદાર નથી જ.

## સવાલ

૧. સિફાતે સલ્બીય્યહમાં માનવું શા માટે જરૂરી છે ?

૨. અલ્લાહની આકૃતિ કે શરીરની કલ્પના કરવામાં આવે તો શો ગોટાળો થાય ?

૩. અલ્લાહ તઆલાને રોઝે કયામતમાં પણ કેમ કોઇ જગ્યાએ જોઇ શકાશે નહિ ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 6

# અલ્લાહ કાદિર અને મુખ્તાર છે

ખુદાવંદે તઆલા કાદિર છે એટલે કે તે દરેક વસ્તુ ઉપર પોતાની કુદરત રાખે છે. તે કોઈ કામ કરવામાં મજબૂર અર્થાત લાચાર નથી. તે જ રીતે ખુદાવંદે તઆલા મુખ્તાર પણ છે યાને કોઈ કામ કરવા માટે તે મજબૂર નથી. મતલબ કે તે જે કામ કરવા ચાહે છે તે કામ કરી શકે છે અને જે કામ નથી કરવા ચાહતો તે નથી કરતો. પરંતુ એક જ કામ એકી વખતે પણ કરવા ચાહે તો તે (અલ્લાહ) તેમ કરી શકે છે. અને નથી કરવા ચાહતો ત્યારે તે કરતો નથી.

દાખલા તરીકે પૈગમ્બર હ. ઈબ્રાહીમ (અ.) માટે અલ્લાહ તઆલાએ આગને ઠંડી કરી નાખી. જ્યારે તે જ આગનો એક જ અંગારો હ. મૂસા (અ.સ.)એ બચપણમાં હાથમાં લીધેલ તો હાથ બળી ગયો. અહીં ખુદાવંદે તઆલાનો મકસદ હતો હ. ઈબ્રાહીમ પૈગમ્બરને આગથી બચાવવાનો-મતલબ કે જો આગ ઠંડી થાય તો જ હ. ઈબ્રાહીમ બચી શકે તેમ હતું. જ્યારે હ. મૂસા (અ.)ની બાબતમાં તે વખતે એવી પરિસ્થિતિ હતી કે હ. મૂસા (અ.)નો હાથ અંગારાથી બળી જાય તો જ તે પણ બચી શકે તેમ હતા. કારણ કે ફીરઔનને શક હતો કે જે બાળક (મૂસા)થી મારી હુકુમતનો નાશ થનાર છે તે આજ બાળક છે કે કોઈ બીજું ? અહીં જો ખુદાવંદે તઆલા હ. મૂસા (અ.)નો હાથ ન બાળી નાખતે તો તે ફીરઔન

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બાદશાહને ખબર પડી જાત કે આ તે જ બાળક છે જે મારી હુકુમતનો નાશ કરનાર છે, પરિણામ એ આવતે કે ફીરઔન હ. મૂસા (અ.)ને કત્લ કરાવી નાખતે. માટે જ આગથી હ. મૂસા (અ.)ના હાથને બાળી નાખવો તે અલ્લાહની જ ઈચ્છા હતી.


ખુદાવંદે તઆલા પોતાના કોઈ કામમાં કોઈની સલાહ કે મદદનો મોહતાજ નથી. અને ન તેને (અલ્લાહને) કોઈ કામ કરવાથી અટકાવી શકાય છે.

## સવાલ

૧. ખુદાવંદે તઆલા 'કાદિર' છે તેનો મતલબ સમજાવો.

૨. ખુદાવંદે તઆલા 'મુખ્તાર' છે તેનો પણ મતલબ સમજાવો.

૩. હ. ઈબ્રાહીમ (અ.) માટે આગ ઠંડી બની ગઈ જયારે એ જ આગથી હ. મૂસા (અ.)નો હાથ કેમ બળી ગયો ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 7
# ખુદાવંદે તઆલા કોઈ બુરાઈ કરતો નથી

આપણે સૌ જાણીએ છીએ કે ખુદાવંદે તઆલા દરેક વસ્તુ ઉપર કાદિર (સર્વશક્તિમાન) છે. મતલબ કે તે જે ચાહે છે તે કરી શકવાને શક્તિમાન છે અને તે કામ તે કરી શકે છે.

પરંતુ આ તારણ કે સબક ઉપરથી કેટલાક લોકો એવું સમજે છે કે અલ્લાહ બુરાઈ પણ કરે છે. જુઠ પણ બોલે છે. વચન આપીને ફરી પણ જાય છે અને... એટલા માટે જ બધા તેને કાદિર (સર્વશક્તિમાન) કહે છે. પણ આ માન્યતા બરાબર નથી. આપણે પોતે એમ સૌ વિચાર કરીશું કે આમ કદી હોઈ શકે ખરૂં કે?

હકીકતમાં કાદીર હોવાનો એ મતલબ થાય છે કે "કરી શકવું" અને નહીં કે તેમ કરવું જ. મતલબ કે તે ચાહે તે કરી શકે છે પણ એમ જ કરવું તેને માટે (અલ્લાહને માટે) કોઈ જરૂરી નથી.

જ્યારે આપણે પોતે કોઈ ખોટી કે બુરી વાતને જો પસંદ કરતા નથી તો પછી ખુદાવંદે તઆલા બુરી વાતને કેમ પસંદ કરે?

દા.ત. આપણે પાણીથી હાથ મોં ધોઈ શકીએ છીએ. પાણી પાક હોય કે નાપાક, યા પાણી નદી વાટે વહેતું હોય કે પછી ગટરની વાટે પણ મોઢું તો ધોઈ શકાય છે. પરંતુ એક વાત યાદ રાખો કે નાપાક પાણી કે ગટરના પાણીથી મોઢું ધોનાર યા તો પાગલ હોઈ શકે યા તો સંપૂર્ણપણે અજ્ઞાન. સાધારણ અક્કલવાળો તેમ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કરે નહિ.


તે જ રીતે ખુદાવંદે તઆલા (૧) જુઠ્ઠું બોલી શકે છે પણ તે જુઠ્ઠું બોલતો નથી (૨) તે ઝુલ્મ કરી શકે છે પણ ઝુલ્મ કરતો નથી (૩) તે જ રીતે તે વચન આપીને ફરી પણ શકે છે પણ તે તેમ કરતો નથી તેમજ (૪) બુરાઈ પણ કરી શકે છે પણ તે કરતો નથી વગેરે.

# સવાલ

૧. ખુદાવંદે તઆલા કાદિર છે તેનો મતલબ સમજાવો.

૨. અલ્લાહ બુરાઈ કરી શકે છે પણ તે તેમ કરતો નથી, કારણ ?

૩. આ પાઠને ચોપડીમાં જોયા વગર મોઢેથી સમજાવો.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 8

# ઈન્સાન મજબુર છે કે મુખ્તાર ?

આ દુનિયામાં ઘણાખરા કામો કે જેનો ક્રમ એવો છે કે તેનો ઈન્સાન જાતથી કશો સંબંધ નથી. જેમકે સૂરજનું ઉગવું તથા અસ્ત થવું, ઋતુઓ કે મોસમનું બદલી જવું વિ. ફેરફારો થવા. આ કામ કે ક્રમ તો ફક્ત અલ્લાહ તઆલાનો જ છે, જે નાચીઝ બંદાઓ કરી શકતા નથી.

જ્યારે કેટલાક કામ એવા છે કે જેના થવામાં કે કરવામાં અલ્લાહ સાથે બંદાઓનો પણ હિસ્સો છે. જેમકે ખેતી કરવી, તેમાં ખાતર નાખવું, બી વાવવા, તેને પાણી પાવું વગેરે કામો ઈન્સાનના છે. પણ છોડ કે ઝાડને ફૂલ તથા ફળ લાગવા, તેનું પ્રમાણ કે ફળ મુદલ જ ન લાગવા તે તો અલ્લાહનું જ કાર્ય (ને કુદરત) છે.

જ્યારે ત્રીજો ક્રમ એવો છે કે જેમાં ફક્ત ઈન્સાનનો જ હિસ્સો છે. જેમ કે સત્ય કે અસત્ય બોલવું, હરામ કે હલાલ ખાવું, નમાઝ પઢવી કે ન પઢવી યા રોઝા રાખવા કે ન રાખવા વગેરે આ કામ ઈન્સાન ઉપર છોડી દેવામાં આવ્યા છે. તેમાં ખુદાવંદે તઆલાનો કોઈ હિસ્સો નથી કે અલ્લાહ તેમાં શરીક કે શામિલ નથી.

જો કે આપણા આ બધા કામ અસલમાં તો અલ્લાહના જ કાર્યો છે. અને ખુદાવંદે તઆલા જ તે કાર્યો આપણી મારફત કરાવે છે. પણ આપણે કાર્યો કરવા માટે તે (અલ્લાહ) મજબુર કરે છે કે આપણે તેમ કરવા માટે મજબુર બની જઈએ છીએ એવો તેનો અર્થ નથી. આમ સમજવું વ્યાજબી નથી.

આપણા આ કાર્યો જે આપણને (અક્કલ મારફત સોંપવામાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આવ્યા છે) જેથી તે કાર્યો કરવાની આપણને શક્તિ મળી છે તે કરવા કે ન કરવા માટે ફક્ત તેટલા પુરતો જ ઈન્સાન આઝાદ કે મુખ્તાર છે. મતલબ તે કાર્યો (પછી સારા કે નઠારા) આપણે કરવા માંગીએ તો કરી શકીએ છીએ અને નથી કરવા માંગતા તો નથી કરતા.

આ સંબંધમાં એકવાર અબૂ હનીફાએ આપણા છટ્ઠા ઈમામ (ઈમામ જાફર સાદિક) અ.સ.થી વાદવિવાદ કર્યો હતો.

અબૂ હનીફાના વિચારો એવા હતા કે માનવીના સઘળા જ કાર્યો પછી તે સારા હોય કે નઠારા તે માટે ખુદાવંદે તઆલા જ જવાબદાર છે.

હ. ઈમામ (અ.સ.)એ અબૂ હનીફાને જવાબ આપ્યો કે માનવીના કાર્યો જો ફક્ત અલ્લાહ જ કરાવતો હોય તો પછી સારા કે નઠારા કામની સઝા કે જઝા પણ અલ્લાહને જ મળવી જોઈએ, મઆઝલ્લાહ. (અલ્લાહ તેમ ન બોલાવે-આપણને.)

અથવા તો માનવી અને ખુદાવંદે તઆલા બંને સાથે મળીને સારા કે નરસા કામ કરતા હોય તો એ કામની જઝા કે સઝા બંનેને મળવા જોઈએ -મઆઝલ્લાહ.

પણ આ બંને માન્યતાઓ તદ્દન જુટ્ટી છે અને માની શકાય તેવી છે જ નહિ અને માનવાને યોગ્ય પણ ઠરતી નથી.

એટલે જ ખરી હકીકત એ છે કે માનવી પોતાના કાર્યો પોતે જ કરે છે અને તેની સઝા કે જઝા તેને જ મળવી જોઈએ.

ઈમામ (અ.સ.)નો આ ખૂબી ભર્યો જવાબ સાંભળીને અબૂ હનીફા તો શરમીંદા બની ગયા અને કંઈ પણ વળતો જવાબ ન આપી શક્યા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આજકાલના વૈજ્ઞાનિકોનું એ કહેવું પણ ખોટું છે કે "સઘળા જ કામો ઈન્સાન જ કરી શકે છે" આ સંબંધમાં આપણા પહેલા ઈમામ હ. મૌલા અલી (અ.સ.)ને કોઈએ પ્રશ્ન કર્યો કે "માનવી બધા જ કામો કરી શકે છે કે નહિ ?" જવાબમાં આપે તે શખ્સને ફરમાવ્યું કે "તું એક પગ ઊંચો કરીને ઊભો રહી જા" તે શખ્સે તે પ્રમાણે કર્યું. બાદમાં આપે ફરી ફરમાવ્યું "તારો બીજો પગ પણ ઝમીનથી ઊંચો કરી લે" તે શખ્સ શરમીંદો થઈ કહેવા લાગ્યો કે બીજો પગ તો ઝમીનથી ઊંચો કરી લેવા માટે તો હું મજબુર છું યાને લાચાર છું.

આ દલીલથી આપણને એ સમજાય છે કે આપણી અખત્યારના કેટલાક કામો તો આપણે બધા જરૂર કરી શકીએ છીએ પણ દુનિયાભરના બધા જ કાર્યો કરી લેવા તે આપણી શક્તિની બહારની વાત છે. આ અસંભવિત વસ્તુ છે.

એટલા માટે યાદ રાખો કે - ખુદાવંદે તઆલા બંદાના કાર્યોમાં દખલ દેતો નથી. અને તે જ પ્રમાણે નાચીઝ બંદો અલ્લાહના કામકાજ કે ક્રમમાં દખલ દઈ શકતો નથી.

જે જેવી નેકી-બદી કરશે તેનો તે અંજામ જરૂર ભોગવશે.

## સવાલ

૧. એવી કઈ કઈ બાબતો છે જેમાં માનવીની દખલ ચાલી શકતી નથી ?
૨. જે કામ ફક્ત મનુષ્ય જ કરી શકે છે તે કામો ક્યા ક્યા છે ?
૩. "માણસ પોતાનું કામ પોતે જ કરી શકે છે" આ વાત ઈમામે (અ.સ.) અબૂ હનીફાને કેવી રીતે સમજાવી ?
૪. "ઈન્સાન જ દરેક કામ કરી શકે છે કે નહિ" આ વાત મૌલા અલી (અ.સ.)મે એક શખ્સને કઈ રીતે સમજાવી ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 9

# ત્રણ સવાલો–એક જ જવાબ

હ. બહલુલ ઘણા જ હોશિયાર અને બુદ્ધિશાળી વ્યક્તિ હતા. હાજર જવાબમાં આપ અજોડ હતા તેમ કહીએ તો ચાલે.

એક દિવસ આપ એક મસ્જિદ પાસેથી પસાર થયા કે જ્યાં અબૂ હનીફા પોતાના કેટલાક વિદ્યાર્થીઓને પાઠ સંમજાવી રહ્યા હતા.

અબૂ હનીફા કહી રહ્યા હતા કે હ. ઇ. જાફર સાદિક (અ.સ.)ની ત્રણ વાતો આપણી સમજમાં આવતી નથી.

(૧) "ખુદાવંદે તઆલા રોઝે કયામતના દિવસે પણ દેખાશે નહિ. પરંતુ જે વસ્તુ મૌજુદ હોય તો તો તે જરૂર દેખાવી જોઇએ !"

(૨) "તેઓ કહે છે કે શયતાનને આગમાં બાળવામાં આવશે" પ્રશ્ન એ છે કે જ્યારે ખૂદ શયતાન જ આગમાંથી બન્યો છે તો આગ આગને કેવી રીતે બાળી શકશે ?

(૩) અલ્લાહ તઆલાનું બયાન છે કે "બંદો પોતાના કાર્યો માટે ખુદ પોતે સ્વતંત્ર છે" જો કે બંદામાં કંઇ તાકાત કે શક્તિ નથી અને જે કંઇ કરે છે તે અલ્લાહ જ કરે/કરાવે છે.

બહલુલને તેની આવી વાતો સાંભળીને ગુસ્સો ચઢી આવ્યો. તેમણે પાસે જ પડેલું એક ધૂળનું ઢેફું હાથમાં લઇ જોરથી અબૂ હનીફાને માર્યું. તેવામાં અબૂ હનીફાના વિદ્યાર્થીઓએ બહલુલને પકડી લીધા અને ન્યાય કરાવવા કાજી પાસે લઇ ગયા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બહલુલ કાઝીને સંબોધીને બોલ્યા "આ લોકો કોઇ પણ કારણ વગર મને પકડીને અહીં લાવ્યા છે. મારી કોઇ ભૂલ થએલ નથી."

તરત જ અબૂ હનીફા બોલી ઊઠ્યા : "તમે મને ઢેફું માર્યુ છે."

બહલુલે ઠાવકાઇથી કહ્યું : "મેં નથી માર્યું એ તો ખુદાએ માર્યું છે. કારણ કે તમો હમણા જ તમારા વિદ્યાર્થીઓને કહી રહ્યા હતા કે ઇન્સાન મારફત થતાં બધા જ કાર્યો અલ્લાહ કરાવી રહ્યો છે" તો પછી મારા આ કાર્યનો દોષ મને કેમ આપો છો ?

અબૂ હનીફાને વધારે ગુસ્સો ચઢ્યો. તે કહે "મને સખ્ત રીતે લાગ્યું છે અને દર્દ પણ થાય છે જ્યારે તમો મારી મશ્કરી કરી રહ્યા છો !!!"

બહલુલ બોલ્યા "જરા બતાવો તો ખરા ભાઇ ! કે દર્દ ક્યાં છે ?"

અબૂ હનીફા કહે : દર્દ શું દેખાય તેવી ચીઝ છે ? એ તો મેહસુસ થઇ શકે છે.

બહલુલ "કેમ નહીં ? તમો તો હમણાં જ કહી રહ્યા હતા જો (અલ્લાહ) કોઇ ચીઝ હોય તો તે દેખાવી જોઇએ."

બહલુલે આગળ ચલાવ્યું "અને તમારા ત્રીજા સવાલનો જવાબ પણ આ ઢેફાના મારમાં જ આવી જાય છે. જુઓ ! તમો કહેતા હતા કે શયતાન તો આગમાંથી બનેલો છે તો આગ શયતાનને કેવી રીતે બાળશે. તે જ પ્રમાણે ઇન્સાન પણ માટીમાંથી બનેલો છે તો માટી તેને (એટલે કે આપને) કેવી રીતે ઇજા પહોંચાડી શકે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આ સાંભળીને અબૂ હનીફા તથા તેના વિદ્યાર્થીઓ શરમાઇ ગયા અને ચાલતી પકડી જ્યારે બહલુલ હસતા હસતા ઘર તરફ ચાલી નીકળ્યા.

સબબ કે જ. બહલુલે એક ઢેફાના મારથી એવું સાબિત કરી બતાવ્યું કે :


"ઇન્સાન પોતાના કાર્યો માટે તે પોતે જ જવાબદાર છે. ખુદાવંદે તઆલા ઉપર તેની કોઇ પણ જવાબદારી નથી."

# સવાલ

૧. બહલુલ કોણ હતા ?

૨. ઈમામ જાફર સાદિક (અ.સ.)ની કઇ ત્રણ વાતો અબૂ હનીફાની સમજમાં આવતી ન હતી ?

3. આ ત્રણ બાબતો બહલુલે અબૂ હનીફાને કેવી રીતે સમજાવી ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 10

## અલ્લાહવાળાઓની દાસ્તાન

આ વાત બધા જાણે છે કે ખુદાએ ઈન્સાનોની હિદાયત માટે એક લાખ ચોવીશ હજાર નબીઓ મોકલ્યા.જેઓ બધા માઅસૂમ, બેગુનાહ, પાક દામન,આલિમ, બદંગી કરનાર, અને હુકમે ખુદાની પાંબદી કરનારા હતા.પરંતુ ઘણા માણસો એ નથી જાણતા, કે આ બધા નબીઓએ શા માટે ઈન્સાનની હિદાયત કરી? અને કેવી રીતેબધા લોકોને સીધા રસ્તા પર લાવતા? આ કાર્ય માટે તેઓને કઈ-કઈ મુસીબતોનો સામનો કરવો પડયો? અને કેટલી બધી મોટી મોટી પરીક્ષાઓથી પસાર થવું પડયું? આજે અમે તમને તેઓની પરેશાનીઓની વાત કહેવા બેઠા છીએ.

યાદ રાખો આ દુનિયામાં પહેલા કંઈ ન હતું. એકદમ સન્નાટો હતો. દુર દુર સુધી પણ ઈન્સાનનો વજુદ ન હતો. પરવરદીગારે પોતાના ફરિશ્તાઓને આ હુકમ સંભળાવ્યો કે "હું એક ઈન્સાન બનાવવા વાળો છું. જયારે તેમનું પુતળુ તૈયાર થઈ જાય અને તેમા રૂહ નાખી દેવામાં આવે ત્યારે તમે બધા તેની સામે સજદામાં પડી જશો." બધાએ અલ્લાહનો હુકમ સાંભળ્યો અને સજદો કરવા માટે તૈયાર થઈ ગયા. પરંતુ તે બધા ફરિશ્તાઓ વચ્ચે એક ઈબ્લીસ પણ બેઠો હતો. તે ફરિશ્તો ન હતો. પરંતુ તેણે પોતાની સુરત ફરિશ્તાઓ જેવી બનાવી લીધી હતી. તેણે દિલમાં વિચાર્યુ કે "અમે આ દુનિયામાં વર્ષોથી રહીએ છીએ. અને દુનિયા અમારા કબ્ઝામાં છે.આપણે શું જરૂર છે કોઈ નવા આવનારને પોતાનો હાકીમ માનીએ?" ખેર ખુદાએ પોતાની કુદરતથી એક પુતળુ બનાવ્યું જેનું નામ આદમ અ.સ. હતું. જેઓ આપણા બધાના દાદા છે. બધા ઈન્સાન તેમનીજ ઓલાદ છે.એટલા માટે તો તેમને આદમ કહેવામાં આવે છે. આદમ અ.નું પૈદા થવું હતું કે બધા ફરિશ્તાઓ સજદામાં પડી ગયા. પરંતુ ઈબ્લીસ પોતાની ઝિદ પર બાકી રહ્યો. પરવરદિગારે પુછયુ: "કે તે શા માટે સજદો ન કર્યો?" શૈતાનેકહ્યું: "આને માટીથી બનાવવામાં આવ્યો છે. અને તે મને આગથી બનાવ્યો છે. આગ માટીથી બહેતર હોય છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

માટે હું તેને સજદો નહીં કરૂ." પરવરદિગારને આ વાત સારી ન લાગી. અને હુકમ આપ્યો કે "તું મારી બારગાહમાંથી નિકળી જા." હ.આદમ અ.સ. જન્નતમાં રહેતા હતા. ત્યાં સારી સારી નેઅમતો મૌજુદ હતી. એક વખતપરવરદિગારે હ.આદમ અ.સ.ને હુકમ આપ્યો કે "જુઓ! તમે સંપૂર્ણ રીતે આઝાદ છો કે જયાં રહેવું હોય ત્યાં રહો. જે ખાવું હોય તે ખાઓ. પરંતુ આ એક ઝાડ પાસે ન જાજો. નહીંતર મુસીબતમાં ફસાઈ જાશો." શૈતાન પણ ત્યાંજ હતો અને આ હુકમને સાંભળી રહ્યો હતો. તેણે વિચાર્યુ કે મે આદમને સજદો ન કર્યો તેના કારણે પરવરદીગારની બારગાહથી નિકાળવામાં આવ્યો છે માટે મારે હ.આદમ અ.થી બદલો લેવો જોઈએ. અને જયાં સુધી તેઓ જન્નતમાં રહેશે તેઓથી બદલો લેવો શક્ય નથી. તેઓને જન્નતથી બહાર લાવવા પડશે. આમ વિચારી ઈબ્લીસ આદમ અ.સ. પાસે ગયો અને કહેવા લાગ્યો તમે ઝાડની પાસે ન જાશો પરંતુ તેનું ફળ ખાવામાં શું વાંધો છે? ફળ ખાવાથી તો તમને મનાઈ નથી કરેલી! પહેલા તો જ.આદમે મનાઈ કરી પરંતુ જ.હવ્વા જે હ.આદમઅ.સ.ની પત્ની હતા. તેમની ઝીદ કરવાથી આપે તે ઝાડના ફળના અમુક દાણા ખાઈ લીધા. બસ ફળ ખાવું હતું, કે અલ્લાહનો હુકમ આવ્યો કે અય આદમ અને હવ્વા તમે ઝમીન પર ચાલ્યા જાઓ. આ દુનિયામાં જ.આદમની નસ્લ આગળ વધી. જ.હવ્વાને પણ હ.આદમ અ.સ.ની જેમ માં બાપ વગર પૈદા કરવામાં આવ્યાહતા. તેઓ આપણા બધાના દાદી છે. હ.આદમ અ.સ. અને જ.હવ્વાથી બે દિકરાઓ પૈદા થયા. એકનું નામ હાબીલ અને બીજાનું નામ કાબીલ હતું. હાબીલ નેક આદતોવાળો અને પાકીઝા દિલ રાખનાર હતો. અને કાબીલ હસદ કરવાવાળો બદનફસ હતો. એક વખત કાબીલે પોતાના નાના ભાઈ હાબીલને કહ્યું: કે "ચાલ આપણે અલલાહની બારગાહમાં કુર્બાની પેશ કરીએ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જેની કુર્બાની કબુલ થશે તે વધારે બલંદ મર્તબાવાળો કહેવાશે." આ પછી કુર્બાની તૈયાર કરવામાં આવી. હાબીલની તરફથી એક મોટું ઘેટું પેશ કરવામાં આવ્યું અને કાબીલની તરફથી ઘાસ પેશ થયું. ખુદાએ હાબીલની કુર્બાનીને કબુલ ફરમાવી લીધી. અને કાબીલ આ જોઈ ખુબજ બળ્યો. તેણે હાબીલને કત્લ કરી નાંખ્યો. જયારે જ.આદમ અ.સ.એ આ સાંભળી બહુજ રોયા. અને કાબીલ માટે બદદુઆ પણ કરી.હ.આદમ અ.સ.ના વાકેઆ પરથી આપણને શીખ મળે છે કે,(૧) અલ્લાહના હુકમ સામે પોતાની વાત ચલાવનાર ઈબ્લીસની જેમ લાનતને પાત્ર બની જાય છે. અને અલ્લાહનાદરબારથી બહાર કાઢી નાખવામાં આવે છે. (૨) અલ્લાહના હુકમ પછી એમ ન વિચારવું જોઈએ કે પુતળુ માટીનું છે કે બીજી કોઈ વસ્તુનું. ઈઝ્ઝત અલલાહના હુકમની છે. ન કે માટીની. આપણે અલમ,તઅઝીયા એટલા માટે ચુમીએ છીએ કે અલમ હ.અબ્બાસ અ.સ.ના અલમની અને તઅઝીયા ઈમામ હુસૈન અ.સ.ના રોઝાની શબીહ છે. આપણે કાગળ અને લાકડીને નથી માનતા બલ્કે ઈમામ હુસૈન અ.સ. તરફ આપવામાં આવેલ નિસ્બતને જોઈએ છીએ. જે ફરિશ્તાઓએ કર્યુ હતું તે અમે પણ કરીએ છીએ. ઈબ્લીસની જેમ અકડાતા નથી. (૩) ઈબ્લીસ હ.આદમ અ.થી બદલો લેવા ચાહતો હતો. માટે તેમને જન્નતથી બહાર લઈ આવ્યો હતો. માટે જરૂરી છે કે આપણે શૈતાનના બહેકાવવામાં ન આવી જઈએ. અને અલ્લાહની ઈબાદત કરતા રહીએ જેથી શૈતાન ઝલીલ થઈ જાય અને હ.આદમ અ.સ.ની રૂહ ખુશ થઈ જાય.(૪) ખુદા અમલ વખતે આદમીની નિય્યતને જુએ છે. જેની નિય્યત ખરાબ હોય છે. તેનો અમલ કોઈ દિવસ કબુલ નથી થતો.(૫) શહીદ પર રોવું નબીએ ખુદાની સુન્નત છે. અને નબીની પૈરવી કરવી સવાબનુ કારણ બને છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ

(૧) ઈન્સાન કયારે લાનતને પાત્ર બની જાય છે?

(૨) ફરીશ્તાઓ શા માટે એક પુતળા સામે સજદામાં પડી ગયા? અને શૈતાને શા માટે સજદો ન કર્યો?

(૩) આપણે શા મો શૈતાનથી બચવું જોઈએ?

(૪) ખુદાવંદ કેવા અમલને કબુલ કરે છે ?

(૫) હ. આદમનું તેમના દિકરા હાબીલ પર રોવું આપણને શું બતાવે છે ?

(૬) બધા ઈન્સાન કોની ઔલાદ છે? અને તેને આદમી શા માટે કહેવામાં આવે છે?

(૭) જ. આદમ અને હવ્વાનું ઝમીન પર આવવાનું કારણ શું હતું?

(૮) જ. હાબીલ અને તેના ભાઈએ અલ્લાહની બારગાહમાં કઈ નઝર પેશ કરી હતી?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 11
## હઝરતે નૂહ અ.

હ.આદમ અ.સ. અને જ.હવ્વા અ.ના જેટલા પણ દિકરા દિકરીઓ હતા. તેઓ આપસમાં ભાઈ બહેન હતા. અને ભાઈ બહેનમાં શાદી થઈ શકતી નથી. માંટે ખુદાએ જન્નતથી બે ઔરત મોકલી. અને જ.આદમ અ.ના બે દિકરાઓના નિકાહ તેણીઓ સાથે થયા. અગર આમ ન થાત તો જ.આદમની નસ્લ ત્યાંજ ખત્મ થઈ જાત. અને આજે દુનિયામાં કોઈ આદમી ન હોત. તેમના દિકરાઓ થકીજ હ.આદમની નસ્લ આગળ ચાલી અને આ નસ્લ એટલી આગળ વધી કે પૂરી દુનિયા બની ગઈ. જયારે બીજી તરફ શૈતાન હસદની આગમાં ભડકી રહ્યો હતો, કે હવે હ.આદમ અ.સ.થી બદલો લેવો નામુમકીન છે કારણકે હ.આદમ અ.સ. નબી અને માઅસુમ છે. તેનાથી ગુનાહ થતા નથી. માટે બહેતર છે કે તેઓની ઔલાદથીજ બદલો લઈ લેવામાં આવે. માટે તેણે બધાને બહેકાવ્યા અને લગભગ બધાજ લોકો તેના બહેકાવામાં આવી ગયા. અલ્લાહે તેઓની હિદાયત માટે હ.નૂહ અ.ને મોકલ્યા. હ.નૂહ અ.સ.એ લગભગ સાડા નવસો વર્ષો સુધી હિદાયત કરી. પરંતુ કોઈએ તેમની વાતને ન માની. છેવટે હ.નૂહ અ.સ.એ બદદુઆ કરી કે "પરવરદિગાર! હવે આ કૌમ પર અઝાબ નાઝિલ કર. આ કૌમ કોઈ પણ રીતે સીધા રસ્તા પર આવવા માટે તૈયાર નથી." અલ્લાહનો હુકમ આવ્યો: કે "અય નૂહ! એક હોડી બનાવો." હ.નૂહ અ.સ.એ હોડી બનાવવાનું શરૂ કર્યુ. અને લોકોએ હ.નૂહ અ.સ.ની મજાક ઉડાવવાનું શરૂ કર્યુકે અહીંયા તો પાણીનું નામો નિશાન નથી. અને તમે હોડી બનાવી રહ્યા છો. હ.નૂહ અ. આ બધુ સાંભળતા રહ્યા.અને હોડી બનાવતા રહ્યા. છેવટે જયારે હોડી તૈયાર થઈ ગઈ તો અઝાબ આવવાનો શરૂ થઈ ગયો. ચારેય તરફ થી ઝીનમાંથી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પાણી ફુટવા લાગ્યું. આસમાનથી મુશળા ધાર વરસાદ વરસવા લાગ્યો. હ.નૂહ અ.સ. એ પોતાના સાચા ઈમાનદાર સાથીઓ સાથે હોડીમાં સવાર થઈ ગયા. આપનો એક દિકરો હતો જેનું નામ કનઆન હતુ. આપે તેને પણ કહ્યું: "કશ્તીમાં સવાર થઈ જા." પરંતુ તેણે કહ્યું: "હું પહાડની ટોચ પર પનાહ લઈ લઈશ." હ.નૂહ અ.સ.એ કહ્યું: "આજે કોઈ બચાવવાવાળું નથી." પરંતુ તેણે હ.નૂહની વાત ન માની અને પહાડ સાથે પોતે પણ ડુબી ગયો. હોડી પાણીના મોજાઓ પર ચાલતી ચાલતી એક પહાડ પર રોકાણી. તે પહાડનું નામ હતું 'જુદી'. તોફાન ખત્મ થઈ ગયું. પાણી સુકાઈ ગયું. અને દુનિયા ફરીથી આબાદ થઈ ગઈ. હ.નૂહ અ.સ.ની નસ્લ પણ હ.આદમ અ.સ.ની નસ્લની જેમ ખુબજ ફેલાણી. માટે આપને આદમે સાની (બીજા આદમ) પણ કહેવામાં આવેછે. તોફાનમાં ડુબનારાઓમાં આપના દિકરાની સાથે આપની પત્ની પણ હતી. જેણે આપનો હુકમ ન માન્યો અને છેવટે તોફાનનો શિકાર બની ગઈ. આ કિસ્સાથી આપણને બોધ મળે છે કે,

(૧) ભાઈ બહેનની શાદી પહેલેથીજ નાજાએઝ હતી માટે ખુદાએ બે ઔરતોનો બંદોબસ્ત કર્યો હતો.

(૨) ઈબ્લીસ કોઈ પણ સમયે બેહકાવાથી પીછે હટ નથી કરતો માટે હંમેશા તેનાથી સાવધાન રહેવું જોઈએ.

(૩) નબીની મુખાલેફત કરનાર નબીનો દિકરો હોય તો પણ તે નજાત નથી પામી શકતો.

(૪) તુફાન અને બલામાં નજાત ફકત કીશ્તીના થકીજ મળી શકે છે. એટલા માટેજ અમારા નબીએ કરીમ સ.એ ફરમાવ્યું: "અમારા એહલેબૈત અ.સ.ની મિસાલ નૂહની કશ્તી જેવીજ છે. જે તેઓનો દામન પકડી લેશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૫) નબીની મુખાલેફત પછી ન નબીનો દિકરો હોવું કામ આવે છે ન નબીની પત્ની. ઈસ્લામમાં અસ્લ આદમીનો અમલ છે. રિશ્તેદારી કોઈ પણ જાતની કીંમત રાખતી નથી.

## <u>સવાલ</u>

(૧) હ.આદમ અ.સ.ની નસ્લ આગળ વધારવા માટે ખુદાએ શા માટે જંન્નતથી બે ઔરતો મોકલી?

(૨) શૈતાન હ.આદમ અ.સ.ને શા માટે બેહકાવી ન શકયો? અને ત્યાર પછી તેણે શું કર્યુ?

(૩) હ.નૂહ અ.સ. કોણ હતા? અને તેમણે પોતાની કોમની હિદાયત કેટલા વર્ષ સુધી કરી હતી?

(૪) અલ્લાહે હ.નૂહ અ.સ.ની કૌમ પર શા માટે અઝાબ નાઝિલ થયો?

(૫) શા માટે હ.નૂહ અ.સ.ને "આદમે સાની" કહેવામાં આવે છે ?

(૬) હ.નૂહના જીવન પરથી આપણને શું શીખ મળે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 12

## હઝરતે ઈબ્રાહીમ અ.સ.

તુફાને નૂહમાં કાફિરો અને ગુમારાહોના ડુબી જવા પછી જ.નૂહ અ. સાથે એવા લોકોજ બચી શકયા હતા જેઓ અલ્લાહને માનતા હતા, અને નબી પર ઈમાન રાખતા હતા. અને ઈતાઅત કરનારા હતા. પરંતુ શૈતાન તે વખતે પણ મોકો જોઈને બેઠો હતો કે નૂહે મારા બધા સાથી અને પૈરવી કરનારાઓને ડુબાડી દીધા. અને અલ્લાહવાળાઓની વસ્તી છે. માટે તેણે પોતાનું કામ શરૂ કરી દીધું. અને થોડાકજ દિવસોમાં લોકોને મૂર્તી અને પત્થરની પૂજાપાઠ કરવા માટે તૈયાર કરી નાખ્યા. તે ઝમાનામાં એક ગુમારાહ અને બેઈમાન બાદશાહ પણ પૈદા થઈ ગયો જેનું નામ નમરૂદ હતું. જયારે નમરૂદે જોયું કે લોકો મૂર્તી અને પત્થરની પૂજા કરી રહ્યા છે. તો પછી મારી પૂજા શા માટે ન થાય?

માટે તેણે પોતાને ખુદા કહેવરાવવાનું શરૂ કરી દીધું. બરાબર તેજ વખતે ખુદાએ પોતાના એક ખાસ બંદાને પૈદા કર્યો. જેનું નામ ઈબ્રાહીમ અ.સ. હતું. અને તેમનો લકબ 'ખલીલુલ્લાહ' હતો એટલે કે અલલાહના દોસ્ત. જ.ઈબ્રાહીમ અ.સ.ના પિતાનું નામ 'તારખ' હતું. જે તે વખતે પણ અલ્લાહની ઈબાદત કરતા હતા. અને આપના એક કાકા હતા. જેનું નામ આઝર હતું. જેણે આપની પરવરિશ કરી હતી. તે પાકો મૂર્તી પૂજક અને કાફિર હતો. જયારે જ.ઈબ્રાહીમ અ.સ. થોડા મોટા થયા ત્યારે આપના કાકાએ આપને થોડી મૂર્તીઓ આપી અને કહ્યુંઃ કે "જાવ આ મૂર્તીઓને બજારમાં વહેચી નાખો." આપે આ બધી મૂર્તીઓને એક દોરીથી બાંધી અને ઢસડતા ઢસડતા બજારમાં લઈ ગયા. અને એલાન કરવા લાગ્યા કે "કોણ છે આ ખુદાઓને ખરીદનાર? આ ખુદાઓને એક આદમીએ બનાવ્યા છે. આ ખુદા ન કંઈ બોલી શકે છે. ન વાત કરી શકે છે. ન સાંભળી શકે છે. ન કઈ સંભળાવી શકે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ન કંઈ સંભળાવી શકે છે. અને ન તો કોઈ ફાયદો પહોંચાડી શકે છે ન કોઈ નુકશાન." લોકોએ જયારે જોયું કે હ.ઈબ્રાહીમના હાથે આપણા ખુદાની બેઈઝ્ઝતી થઈ રહી છે તો નિણર્ય લીધો કે હ.ઈબ્રાહીમ અ.સ.ને તકલીફ પહોંચાડશું. એક વખત જ.ઈબ્રાહીમ અ.સ.એ એક મૂર્તીખાનામાં જઈ બધી મૂર્તી તોડી નાખી. બધા લોકોએ બાદશાહને ફરિયાદ કરી. બાદશાહે બધાથી સલાહ મશવેરો કરી આપ અ.સ.ને આગમાં નાખી દેવાનો નિર્ણય લીધો. એક મુદદત સુધી લાકડીઓ ભેગી કરવામાં આવી. અને ત્યાર પછી તેમા આગ લગાડવામાં આવી. આ આગ આસમાન સુધી એવી ભડકી રહી હતી કે કોઈ પક્ષી પણ ત્યાંથી ઉડતું તો બળીને રાખ થઈ જતું. આવી હાલતમાં જ.ઈબ્રાહીમ અ.સ.ને આગમાં નાખવા માટે બોલાવામાં આવ્યા. નમરૂદ એમ વિચારતો હતો કે જ.ઈબ્રાહીમ અ.સ. આ આગને જોઈ ડરી જશે અને એક ખુદાનો કલમો પઢવાનો છોડી દેશે. પરંતુ જ.ઈબ્રાહીમ જરા પણ ડર્યા નહીં. આપને આગમાં નાખવામાં આવ્યા કે તરતજ આગ ઠંડી ગુલઝાર બની ગઈ. અને નમરૂદનું મોઢું પડી ગયું. અને જ.ઈબ્રાહીમ અ.સ. સજદએ શુક્રમાં પડી ગયા.

જયારે આપ નવ્વાણું વર્ષના થયા ત્યારે ખુદાએ આપને એક દિકરો અતા કર્યો જેનું નામ જ.ઈસ્માઈલ હતુ. જ.ઈસ્માઈલ જયારે તેર વર્ષના થયા ત્યારે બાપ દિકરા બન્નેએ મળી ખાનએ કાઅબા બનાવ્યું. એજ કાઅબા જે આજે બધા મુસલમાનો માટે કિબ્લો છે. જેની તરફ મોઢું કરી બધા લોકો નમાઝ પઢે છે.આ પછી ખુદાએ આપનાથી એક બહુજ ભારે પરીક્ષા લીધી. આપે સ્વપ્નમાં જોયુ કે હું ઈસ્માઈલને ઝબ્હ કરી રહ્યો છું.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

નીંદરમાંથી ઉઠી જ.ઈબ્રાહીમે જ.ઈસ્માઈલથી પોતાના સ્વપ્નની વાત કરી. જ.ઈસ્માઈલે કહ્યુંઃ "અય મારા પિતા તમને જે કામ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તે કરો. ઈન્શાઅલ્લાહ હું સબ્ર કરીશ." જ.ઈબ્રાહીમ જ.ઈસ્માઈલને લઈ મીનાના મૈદાનમાં પહોંચ્યા. અને જ.ઈસ્માઈલને ઝમીન પર સુવડાવી દીધા. પોતાની આંખો પર પટ્ટી બાંધી અને ઈસ્માઈલના ગળા પર છરી રાખી દીધી. અહીંયા જ.ઈબ્રાહીમે અલલાહથી મોહુબ્બતની ભારે પરીક્ષા આપી અને ખુદાએ તરતજ જન્નતથી એક દુંબાને મોકલી દીધો. ઈસ્માઈલને છરી નીચેથી હટાવી લેવામાં આવ્યા અને દુંબો ઝબહ થઈ ગયો. જ.ઈબ્રાહીમે જયારે પટ્ટી ખોલી તો શું જોયું કે જ.ઈસ્માઈલ જીવતા છે અને દુંબો ઝબહ થઈ ગયો છે. આપને ખુબજ અફસોસ થયો કે મારી પરીક્ષા અધુરી રહી ગઈ અને દિકરાની કુર્બાની પર સબ્ર કરવાનો સવાબ ન મેળવી શકયો. આવાજે કુદરત આવી કે "અય ઈબ્રાહીમ! તે તારા સ્વપ્ને સાચું કરી બતાવ્યું. તું તારા ઈમ્તેહાનમાં કામયાબ થયો. અમે ઈસ્માઈલને એટલા માટે બચાવી લીધો કે હજી આખરી નબીના દિકરાની કુર્બાની થવાવાળી છે. જે તમારા માટે ઈસ્માઈલ કરતા પણ વધારે વ્હાલા છે. અને તમે તેના ગમમાં આંસુ વહાવશો તો તમને ઈસ્માઈલની કુર્બાની ઉપર સબ્ર કરવાનો સવાબ મળી જાશે.

જ.ઈસ્માઈલની આજ કુર્બાનીની યાદગાર છે કે બધા હાજીઓ મીનાના મૈદાનમાં બકરી ઈદના દિવસે જાનવરની કુર્બાની કરે છે. અને ખલીલુલ્લાહના આ જઝબાની યાદને તાજી કરે છે.

આપણા પૈગમ્બર સ.અ.વ. પણ જ.ઈબ્રાહીમ અ.સ.ની નસ્લથીજ હતા. જ.ઈબ્રાહીમ અ.સ.ના જીવનથી આપણને અમુક બોધ મળે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૧) શૈતાનના બહેકાવામાં આવી જવાથી એક એવો વખત પણ આવે છે, કે ઈન્સાન ખુદ ખુદા હોવાનો દાવો કરી બેસે છે. અને તે ભૂલી જાય છે કે તેણે પોતાને પૈદા નથી કર્યો બલ્કે તેને કોઈ પૈદા કરનાર છે.

(૨) ઈન્સાન અગર અલ્લાહ્‌ની રાહ્‌માં સબ્ર કરે છે, અને સાચા રસ્તા પર કાએમ રહે છે, તો ખુદા પણ તેની ગૈબથી મદદ કરે છે. અને એટલા માટેજ આગને ગુલઝાર બનાવી નાખી હતી.

(૩) અલ્લાહ્ પોતાની કુદરતથી કોઈ પણ સમયે ઔલાદ અતા કરી શકે છે. ભલે ઈન્સાનની ઉમ્ર સો વર્ષની કેમ ન થઈ ગઈ હોય.

(૪) નબીનું સપનું સામાન્ય માણસો જેવું નથી હોતું. બલ્કે હંમેશા સાચું હોય છે. અને તેના પર અમલ કરવું નબી માટે વાજીબ હોય છે.

(૫) ઈમામ હુસૈન અ.સ.ની શહાદત પર આંસુ વહાવવાથી અગણિત સવાબ મળે છે. અને શહાદતની યાદગારને બાકી રાખવું અલ્લાહ્ અને અલ્લાહ્‌વાળાઓની સુન્નત છે. એટલા માટેજ જ.ઈસ્માઈલની કુર્બાનીની યાદગાર લગભગ ચાર હજાર વર્ષથી મનાવવામાં આવે છે. અને ઈસ્લામે આ વસ્તુને હજના આમાલમાં શામિલ કરી નાખી છે.

## સવાલ

(૧) નૂહ અ.સ.ના તોફાન પછી શૈતાન શા માટે નારાઝ થઈ ગયો? અને ત્યાર પછી તેણે શું કર્યુ?

(૨) હ.ઈબ્રાહીમ અ.ના કાકાએ આપને કયું કામ સોપ્યું હતું? આપે તે કામ કામ કેવી રીતે અંજામ આપ્યું?

(૩) બાદશાહે શા માટે હ.ઈબ્રાહીમ અ.સ.ને આગમાં નાખી દેવાનો નિર્ણય લીધો?

(૪) ખાનએ કાઅબાની તામીર પછી અલ્લાહે આપની કઈ પરીક્ષા લીધી?

(૫) હ.ઈબ્રાહીમ અ.સ.ને પોતાના દિકરાની કુર્બાની પર સબ્ર કરવાનો સવાબ કેવી રીતે મળે છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 13

## જનાબે યૂસૂફ અ.સ.

હ.ઈબ્રાહીમ અ.સ.ના બે દિકરા હતા. ઈસ્માઈલ અને ઈસ્હાક. જ.ઈસ્માઈલની નસ્લથી આપણા પૈગમ્બર હ.મોહમ્મદે મુસ્તફા સ.અ.વ. હતા. અને જ.ઈસ્હાકની નસ્લ જ.યાકુબથી ચાલી. આ નસ્લને બની ઈસ્રાઈલથી યાદ કરવામાં આવે છે. જ.યાકુબના બાર દિકરા હતા જેમા જ.યુસૂફ બહુજ ખુબસુરત, સુંદર, હોનહાર અને શરીફ હતા. જ.યાકુબ તેમને બહુજ ચાહતા હતા. જયારે જ.યસુફના ભાઈઓએ જોયું કે પિતાજી જ.યુસૂફને બહુજ દોસ્ત રાખે છે. અને તેના કારણે આપણી તરફ ધ્યાન નથી આપતા. માટે તેઓએ આપસમાં નિર્ણય લીધો કે જ.યુસફને કત્લ કરી નાખવામાં આવે. જ.યુસૂફના મરવા પછી પિતાજી આપણને બધાને ચાહવા લાગશે. બીજી તરફ જ.યુસૂફે સ્વપ્નામાં જોયું કે અગીયાર સિતારા મને સજદા કરી રહ્યા છે. અને આ સપનાનેતેમના પિતાજીથી બયાન કર્યો. જ.યાકુબે આ સપ્નાની તફસીર કરી કે "અગીયાર સીતારથી મુરાદ તારા અગીયાર ભાઈઓ છે. જે ફઝીલતમાં તારા કરતા બહુજ ઓછા છે. અને તું એવી લાયકાતવાળો છે કે તેઓ તારા સામે માથું નમાવે. પરંતુ ધ્યાન રાખજે આ સ્વપ્નાને તારા ભાઈઓ સામે બયાન ન કરજે. નહીંતર તારી જાનના દુશ્મન બની જશે."

જ.યુસૂફે પોતાના સ્વપ્નાને છુપાવી રાખ્યો. પરંતુ તેના ભાઈઓ પહેલેથીજ પ્લાન કરી ચુક્યા હતા. માટે તેઓ બધા તેમના પિતા પાસે આવીને કહેવા લાગ્યા કે "યુસૂફને અમારી સાથે મોકલો અમે ફરવા તેમજ શિકાર કરવા જઈ રહ્યા છીએ. ત્યાં યુસૂફને મજા આવશે." જ.યાકુબ તેઓની નિય્યતને ઓળખી ગયા અને અલલાહના હુકમથી બોલ્યા કે "કંઈક એવું ન બને કે તમે તેઓને એકલો મુકી દયો. અને કોઈ વરૂ તેને ખાઈ જાય." તેઓ બોલી ઉઠયા કે "ભલા આવું બની શકે ખરૂ? તે અમારો નાનો ભાઈ છે. અમે તેને થોડા જંગલમાં એકલો મુકી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

દીએ." જ.યાકુબે ઈજાઝત આપી અને તેઓ જ.યુસૂફને લઈ ગયા. અને એક જંગલના કુવામાં નાખી દીધો. અને તેની કમીસને જાનવરના ખુનમાં તરબોળ કરીને લઈ આવ્યા. બધા ભાઈઓએ બાપની સામે આવીને રોવાનું શરૂ કરી દીધું. જ.યાકુબે પુછયુઃ આ રોવાનું કારણ શું છે? બધાએ કહ્યું: "પિતાજી તમે સાચું કહ્યું હતું. અમે યસુફને સામાન પાસે રાખીને ગયા હતા. કે એક વરૂ આવીને તેને ખાઈ ગયું. આ તેની કમીસ છે જેના પર તેના લોહીના નિશાન મૌજુદ છે." જ.યાકુબે માથું નમાવી નાખ્યું. અને ફ્રમાવ્યુંઃ "બસ ખુદાજ મને સબ્રની તૌફીક અતા કરશે." અને પછી રોવાનું શરૂ કર્યુ. અને એટલું રડયા કે તેમની આંખ સફેદ થઈ ગઈ. આપના બીજા દિકરાઓ આપને બહુજ સમાજાવતા રહ્યા અને મજાક પણ ઉડાવતા રહ્યા. તેમ છતાં આપ રડતા રહ્યા.

બીજી તરફ તે જંગલથી એક કાફલો નિકળ્યો. તેઓ કુવામાંથી પાણી લેવા માટે આવ્યા. કુવામાં જયારે ડોલ નાખી તો ડોલની સાથે હ.યુસૂફ નિકળી આવ્યા. લોકો તેને જોઈ બહુજ ખુશ થયા. કારણે તે ઝમાનામાં આદમીઓને વેચવાનો રિવાજ સામાન્ય હતો. તેઓએ વિચાર્યુ કે આ ખુબસુરત બચ્ચાનો ભાવ સારો આવશે. અને યુસૂફને સાથે લઈ ગયા. મિસ્રની બજારમાં યુસૂફને વેચી નાખ્યા. જ.યુસૂફને મિસ્રના બાદશાહે ખરીદી લીધા. અને જ.યુસૂફ શાહી મહેલમાં જીવન વિતાવવા લાગ્યા. બાદશાહની એક ઔરત હતી. જેનું નામ 'ઝુલૈખા'હતુ. જયારે તેણીએ જ.યુસૂફની ખુબસુરતી જોઈ તો તેને ચાહવા લાગી. પરંતુ હ.યુસૂફે તેની તરફ જરા પણ ધ્યાન ન આપ્યું.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એટલે તેણે ગુસ્સામાં આવી બાદશાહને ફરિયાદ કરી કે "આ જવાનની નિય્યત ખરાબ છે. અને તેનો કિરદાર સારો નથી." બાદશાહે જ.યુસૂફથી સવાલ કર્યો કે આ વાત સાચી છે? જ.યુસૂફે કહ્યુંઃ "આ બચ્ચુ જે ઘોડીયામાં છેતેનાથી સવાલ કરો તે સાચો જવાબ આપશે." લોકોએ ઘોડીયામાં રહેલ બચ્ચાથી સવાલ કર્યોઃ તેબચ્ચાએ જ.યુસૂફના મઅસુમ હોવાની ગવાહી પેશ કરી.બચ્ચાએ જ.યુસૂફના મઅસુમ હોવાની ગવાહી પેશ કરી. એક લાંબા સમય પછી જ.યુસૂફને ખુબજ વધારે ઈઝ્ઝત મળી. બાદશાહે આપને શાહી ખઝાનાના માલિક અને પ્રધાન બનાવી દીધા. એક વખત તે ઝમાનામાં દુષ્કાળ પડયો. અને બાદશાહે શાહી ખઝાનામાંથી લોકોને મદદ કરવાનું એલાન કર્યુ. ચારેય તરફથી લોકો આવવા લાગ્યા. અને ભુખ પ્યાસથી કંટાળી જ.યુસૂફના ભાઈઓ પણ ત્યાં આવ્યા. આપ તે બધાને ઓળખી ગયા. પરંતુ તેઓ જ.યુસૂફને ન ઓળખી શકયા. છેવટે જ.યુસૂફે બતાવી દીધું કે "હું એજ યુસૂફ છું જેને તમે લોકો કુવામાં નાખી દીધો હતો. જુઓ પરવરદિગારે મને કેવી ઈઝ્ઝત આપી છે અને તમને લોકોને કેવી રીતે મારા મોહતાજ બનાવી દીધા છે." તે બધા ભાઈઓ બહુજ શરમાઈ ગયા. અને જ.યુસૂફથી માફી માંગી. જ.યુસૂફે બધા ભાઈઓને માફ કરી દીધા. જયારે જ.યાકુબને પોતાના દિકરા જ.યુસૂફના જીવતા અને સલામત હોવાની ખબર મળી તો આપની આંખોની રોશની પાછી આવી ગઈ. જાણે કે જ.યાકુબને નવું જીવન મળી ગયું હોય. આ પાઠથી આપણને બોધ મળે છે કે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૧) હસદનું પરિણામ બહુજ ખરાબ છે. જ.યુસૂફના ભાઈઓને છેવટે ઝિલ્લત ભોગવવી પડી. એટલા માટેજ આપણા નબી સ.અ.વ.એ ફરમાવ્યું કે "હસદ ઈમાનને એવી રીતે ખરાબ કરે છે જેવી રીતે આગ સુકી લાકડીને બાળીને રાખ કરી નાખે છે."

(૨) કોઈ પર ખોટી તોહમત નાખવી બુરી વસ્તુ છે. ઘોડીયામાં સુતેલ બચ્ચાએ જ.યુસૂફના માસૂમ હોવાની ગવાહી આપી અને ઝુલૈખાને શરમીંદા થવું પડયું.

(૩) નબીને આવતા ઝમાનાની હાલતનું પણ જ્ઞાન હોય છે. એટલા માટે જ.યાકુબે પહેલથીજ કહી દીધું હતું કે "યુસૂફને તમારી સાથે મોકલવામાં ખતરો લાગે છે." તેમ છતાં તેઓ ન માન્યા અને ગુનાહ કરી બેઠા. તેઓ સમજયા નહીં કે નબી બધુ જાણતા હોય છે.

(૪) કત્લની ખબર પર આંસુ વહાવવું પૈગમ્બરોની સુન્નત છે.

(૫) કત્લ ઉપર રોવાથી તે લોકોજ રોકે છે જેઓ કત્લમાં ભાગીદાર હોય છે. અને એ વાતથી ડરતા હોય છે કે રોવાથી ઝુલ્મનો પરદો ફાશ થઈ જશે.

## સવાલ

(૧) હ.યાકુબ કોણ હતા? આપ કોની નસ્લથી હતા? અને આપના કેટલા દિકરા હતા? અને આપ સૌથી વધારે કોને ચાહતા હતા?

(૨) હ.યુસુફે શું સપનું જોયુ?

(૩) હ.યુસુફના ભાઈઓએ હ.યુસુફ માટે શું પ્લાન બનાવ્યો હતો? શા માટે?

(૪) હ.યુસુફ કેવી રીતે શાહી ખઝાનાના પ્રધાન બન્યા?

(૫) હ.યુસુફની તેમના ભાઈઓ અને જ.યાકુબ અ.થી કેવી રીતે મુલાકાત થઈ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 14

## હ.મૂસા અ.સ.

આમતો દરેક ઝમાના માટે કોઈ નબી અથવા રસૂલ દુનિયાવાળાઓની હિદાયત માટે જરૂર હતા. અને કોઈ ઝમાનો ઈલાહી રહેબરથી ખાલી ન હતો. આ ખુદાવંદની ખાસ વ્યવસ્થા રહી છે, કે તેમણે થોડા થોડા સમયના અંતરે કોઈને કોઈ રસૂલ જરૂર મોકલ્યા. જે પોતાના ઝમાનાની મોટામાં મોટી તાકતથી ટક્કર લઈને દીનને બીજી વાર જીવતો કરે અને દુનિયાવાળાઓને તેનો ભુલાએલ સબક યાદ અપાવે. તેઓમાંથી એક જ.મૂસાઅ.સ. પણ હતા. આપના પિતાનું નામ જ.ઈમરાન હતુ. આપણા મોલા હ.અલી અ.સ.ના પિતાનૂં નામ પણ ઈમરાન હતુ.

આફ્રીકાના દક્ષીણ તરફ એક મુલ્ક છે. જેને મિસ્ર કહેવામાં આવે છે.

જયાં એક દરિયો વહે છે તેને દરિયાએ નીલ કહેવામાં આવે છે. જ.ઈબ્રાહીમ અ.સ.ની બીજી નસ્લ જે બની ઈસ્રાઈલના પ્રચલીત થઈ. જે મિસ્રમાંજ આબાદ હતી. અહીંયા એક બાદશાહ હતો જે ખુબજ ઝાલિમ, બેરહેમ અને કાફિર હતો. જેનું નામ ફિરઔન હતું. જેણે બની ઈસ્રાઈલને ખુબજ સતાવ્યા હતા. જેણે બની ઈસ્રાઈલના મર્દોને પોતાના ગુલામ અને ઔરતોને પોતાની કનીઝ બનાવી લીધી હતી. તેનો ઘમંડ એટલો બધો વધી ગયો હતો કે ખુદા હોવાનો દાવો પણ કરી દીધો હતો. એક વખત તેના ખગોળશાસ્ત્રીઓએ તેને જણાવ્યુ કે "તારા મુલ્કમાં એક બચ્ચુ પૈદા થવાનું છે. જે તારો તખ્તો તાજ પલ્ટી નાખશે. અને તારી ખુદાઈને માટીમાં મેળવી દેશે." ત્યાર પછી ફિરઔને હુકમ આપ્યો કે, "આ વર્ષે મારા મુલ્કમાં કોઈ છોકરો પૈદા ન થવો જોઈએ". ઘરે ઘરે જાસુસ રાખી દેવામાં આવ્યા. અને ઔરતોને સતાવવા લાગ્યા. એટલે સુધી કે સિત્તેર હજાર બચ્ચાઓને કત્લ કરી નાખવામાં આવ્યા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને બીજી તરફ જ.મૂસા અ.સ.ની વિલાદતનો વખત પણ નઝદીક આવી ગયો. ખુદાએ એવી વ્યવસ્થા કરી કે હમલની કોઈ પણ નિશાની દેખાવા ન દીધી. ફિરઔનની જાસુસ ઔરતો જ.મૂસા અ.સ.ની માતાને જોઈને ચાલી ગઈ. થોડી વાર પછી જ.મૂસા અ.સ.ની વિલાદત થઈ ગઈ. બચ્ચાને જોઈ માં બહુજ પરેશાન થઈ ગઈ કે હમણા હુકુમતને ખબર પડી જશે અને મારો દિકરાને કત્લ કરી નાખશે. એકાએક એવું લાગ્યું કે કોઈ સમજાવનાર સમજાવી રહ્યો છે કે "બચ્ચાને એક પેટીમાં બંધ કરી દરિયાએ નીલમાં નાંખી દેવામાં આવે અને પછી કુદરતનો કરીશમો જુઓ." જ.મૂસા અ.સ.ની માતાએ એવુંજ કર્યુ. ફીરઓન પોતાના મહેલમાં બેસી પોતાની પત્ની સાથે દરિયાએ નીલને જોઈ રહ્યો હતો. ત્યારે ફિરઔનની નજર એક પેટી પર પડી જે દરિયામાં તરી રહી છે. ફિરઔને હુકમ આપ્યો કે "પેટીને નિકાળવામાં આવે." પેટી કાઢવામાં આવી અને ખોલી તો શું જુએ છે કે એકહસ્તો ખેસ તો બાળક છે. ફીરઓનને થયું કે આ બાળકને કત્લ કરી નાખે પરંતુ તેની કોઈ ઔલાદ ન હતી માટે ફિરઔનની પત્ની તડપી ગઈ. અને ફિરઔનને કહ્યું: "હું આ બાળકને પાળીશ." ફિરઔને આવાતને કબુલ કરી લીધી. હવે હ.મૂસા અ.સ.ની ફિરઔનના મહેલમાં પરવરિશ થવા લાગી જયારે દુધ પીવાનો સમય આવ્યો તો આપ કોઈનું દુધ ન પીતા. ત્યારે ફિરઔનની પત્ની જે ઘણીજ મોઅમેના હતી. સમજી ગઈ અને હ.મૂસા અ.સ.ની માતાને બોલાવામાં આવી. હવે હ.મૂસા અ.સ.ની માતા એક દાઈ તરીકે આવતી અને હ.મૂસા અ.સ.ને દુધ પીવરાવીને ચાલી જાતી. આ રીતે હ.મૂસા અ.સ. ફિરઔનના મહેલમાં મોટા થતા રહ્યા. આપનો દસ્તુર હતો કે ફિરઔનના ખોળામાં જયારે બેઠતા તો તેની દાઢી પકડીને ખેંચતા અને તેના મોઢા પર તમાચા લગાવ્યા કરતા હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એક વખત ફિરઔનને શક થઈ ગયો કે આ એજ છોકરો છે. જેની ખબર ખગોળશાસ્ત્રીઓએ મને આપી હતી. માટે હ.મૂસા અ.સ.ને કત્લ કરવાનો ઈરાદો કર્યો. ફિરઔનની પત્નીએ ફિરઔનને સમજાવ્યો અને કહ્યું: કે "તેની પરીક્ષા કરી જુઓ. એક તરફ આગ રાખો અને એક તરફ યાકુત. અગર સામાન્ય બાળક હશે તો આગ પકડી લેશે અને અગર ખાસ સલાહીયતવાળો હશે તો યાકુત તરફ પોતાનો હાથ ફેલાવશે." બન્ને વસ્તુ મંગાવવામાં આવી. અને ફિરઔનની સામે રાખવામાં આવી. ફિરઔને બચ્ચાને છુટો મુકયો હુકમે કુદરત થયો કે "મસલેહત એમાં છે કે આગની ગરમી બરદાશ્ત કરી લ્યો." જ.મૂસા અ.સ. એ આગ તરફ હાથ વધારી દીધો. હાથમાં ફરફોલા પડી ગયા. કુદરતે તેને ચમકાવીને 'યદે બયઝાઅ' (સફેદ નુરાની હાથનો) લકબ દીધો.

જયારે આપ મોટા થઈ ગયા તો અલ્લાહના હુકમ પ્રમાણે ફિરઔન પાસે જઈ તેને ઈસ્લામની દાવત આપી ફિરઔને જ.મૂસા અ.સ.ની વાત ન માની અને કહ્યું: "શું મે તને આ દિવસ માટે જ મોટો કર્યો હતો?" જ.મૂસા અ.સ.એ જવાબ આપ્યો કે "બન્ને જહાંનો પાલનહાર મારો ખુદા છે જેણે મારી પરવરિશની વ્યવસ્થા તાર ઘરમાં કરી હતી." આટલું કહી આપ દરબારથી બહાર નિકળી ગયા અને બની ઈસ્રાઈલથી કહ્યું: "ફિરઔન હિદાયત મેળવી શકે તેમ નથી. બેહતર છે કે તમે લોકો અહીંયાથી નિકળી જાઓ." બધા લોકો તૈયાર થઈ ગયા પરંતુ એટલા બધા ઝિદ્દી હતા કે દરિયા કિનારે જઈને રોકાઈ ગયા.અને કહેવા લાગ્યા કે અમે આ દરિયો કેવી રીતો પાર કરીશુ. જ.મૂસા અ.સ.એ દરિયા પર પોતાની અસા(લાકડી) મારી. દરિયામાં રસ્તો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બની ગયો. લોકો કહેવા લાગ્યા અમે એક રસ્તાથી નહીં જઈએ અમારા બાર ખાનદાન છે. આપે બાર રસ્તા બનાવી નાખ્યા. લોકો કહેવા લાગ્યા અમે એક બીજાને જોવા પણ ચાહીએ છીએ. આપે દરિયાઓમાં બારીઓ પણ બનાવી નાખી. જયારે ફિરઓનને આ વાતની ખબર મળી કે મૂસા મારી કૌમને લઈને જઈ રહ્યા છે. ત્યારે જલ્દીથી એક લશ્કર તૈયાર કર્યુ. અને હ.મૂસા અ.સ.નો પીછો કરવા લાગ્યા. દરિયા કીનારે પહોંચ્યો તો અજીબ મંઝર જોયો કે દરિયામાં સુકા રસ્તા બનેલા છે. અને બની ઈસ્રાઈલ આ રસ્તા પરથી જઈ રહ્યા છે. તરતજ ઘોડાઓને આજ રસ્તા પર લગાડી દીધા. આગળ આગળ જ.મૂસાની કૌમ અને પાછળ પાછળ ફિરઓનનું લશ્કર. અહીંયા જ.મૂસાની કૌમનો છેલ્લો આદમી દરિયાની બહાર નિકળયો અને ફિરઓનના લશ્કરનો છેલ્લો સિપાહી દરિયામાં દાખલ થઈ ગયો. અને દરિયો આપસમાં મળી ગયો રસ્તા પાણી પાણી થઈ ગયા. જુઠો ખુદા પોતાની ખુદાઈ સાથે ડુબી મર્યો.

જ.મૂસા અ.સ.ના ઝમાનામાં એક પહાડ હતો. જેને કોહે તૂર કહેવામાં આવતો હતો. આપ આ પહાડ પર જઈ અલ્લાહ સાથે વાતો કરતા હતા. તે પહાડ પર એક ઝાડ હતું. જેમાં અલ્લાહ પોતાની અવાજ પૈદા કરી હ.મૂસાના દરેક સવાલના જવાબ આપતા હતા. અને હ.મૂસા અ.સ. સાંભળતા હતા. આપની મશ્હુર કિતાબ તૌરેત આજ પહાડ પર નાઝિલ થઈ હતી. તૌરેત અલ્લાહની નાઝીલ કરેલી કીતાબ હતી. જેમાં હિદાયતની વાતો હતી. પરંતુ હ.મૂસા અ.સ.ની કૌમે હ.મૂસા અ.સ. પછી આ કિતાબને સંપુર્ણ રીતે બદલી નાખી. અને અતયારની તૌરેતનો ઈલાહી કીતાબથી કોઈ સંબધ બાકી નથી રહ્યો. હ.મૂસા અ.સ.ના

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

તૌરેતનો ઈલાહી કીતાબથી કોઈ સંબંધ બાકી નથી રહ્યો. હ.મૂસા અ.સ.ના એક ભાઈ આપના વઝીર, જાનશીન અને તબલીગમાં સંપુર્ણ સાથીદાર હતા. જેમનું નામ હારૂન હતું. એટલા માટેજ રસૂલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યું હતું કે "મારી અને અલી અ.ની મિસાલ એવી જ છે જેવી મૂસા અ.અને હારૂનની હતી. હું મારા ઝમાનાનો મૂસા છું અને અલી, હારૂન છે. અને કાફિરો,મુનાફીકો ઝમાનાના ફિરઔન છે." આ પાઠથી આપણને જે બોધ મળે છે તે.

(૧) અલ્લાહવાળા તબ્લીગની રાહમાં મોટામાં મોટી તાકતથી ડરતા નથી. અને પોતાની અવાઝ દરેક હાલતમાં બલંદ કરેજ છે. ભલે તેને આ રાહમાં દરબદર ભટકવું પડે.

(૨) અલ્લાહ કોઈને બચાવવા ચાહે છે, તો એવી રીતે બચાવે છે કે કોઈને તે વસ્તુ વિચારમાં પણ ન આવી હોય.એટલે સુધી કે તે જાની દુશ્મનના ઘરમાં પણ પરવરિશ કરાવી નાખે છે.

(૩) જ.મૂસા બચ્ચા હતા તેમ છતાં આપે કોઈ કાફિર ઔરતનું દુધ નથી પીધું. કારણ કે નબી બચપનથીજ નબી અને મઅસૂમ હોય છે. અને નબી કોઈ દિવસ હરામ વસ્તુનો ઉપ્યોગ નથી કરતા.

(૪) અગર કોઈ આદમીની નિય્યત ખરાબ હોય તો નબીના રસ્તા પર ચાલવા પછી પણ ડુબી જાય છે. અને નજાત નથી મેળવી શકતો. કારણકે નજાત પાક નિય્યત અને ખુલૂસથીજ હાંસિલ થાય છે.

(૫) અલ્લાહના કલામ કરવાનો એ મતલબ નથી કે તે જીભ રાખે છે અને તે ઝબાનથીજ બોલે છે. બલ્કે તેના મુતકલ્લીમ હોવાનો મતલબ ફકત એજ છે, કે અલ્લાહ જે ચીઝમાં ચાહે પોતાની અવાજ પૈદા કરી શકે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## સવાલ

(૧) અલ્લાહ તરફથી હિદાયત કરનાર કયારે આવે છે અને તેઓનું કાર્ય શું હોય છે?

(૨) ખગોળ શાસ્ત્રીઓએ ફિરઔનને શું કહેલું હતું?


(૩) હ.મૂસા અ.સ.ની વિલાદત કયા અને કેવી રીતે થઈ હતી?

(૪) ફિરઔને હ.મૂસા અ.સ.ને શા માટે કત્લ ન કર્યા?

(૫) ફિરઔને હ.મૂસા અ.સ.ની પરીક્ષા શા માટે કરી અને તેનું પરીણામ શું આવ્યું?

(૬) હ.મૂસા અ.સ. બની ઈસ્રાઈલને લઈ શા માટે મીસરથી ચાલ્યા ગયા અને દરિયાએ નીલ કેવી રીતે પાર કરી?

(૭) કોહે તૂર કોને કહેવામાં આવે છે? અને તેની ખાસિયત જણાવો



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 15

## હઝરતે ઈસા અ.સ.

દુનિયામાં કોઈ ઝમાનો એવો નથી ગયો કે જેમાં બધા લોકો સારા અને ખુદા પરસ્ત બની ગયા હોય. દરેક ઝમાનામાં અમુક લોકો નેક,મુત્તકી,પરહેઝગાર અને અલ્લાહવાળા હોય છે. તો અમુક લોકો બેદીન, બદમાશ,બદકાર અને બદ કીરદાર હોય છે. સામાન્ય રીતે લોકોની ગુમરાહીનું કારણ એ હોય છે કે સમાજમાં અમુક લોકો એવા પૈદા થઈ જાય છે કે પોતાની અસર અને મકામના કારણે એવી જગ્યા મેળવી લિયે છે કે લોકોના દિલો પર તેઓનો દબદબો જામી જાય છે. અને તેઓ પતાના ઘમંડના કારણે નવી નવી વાત બયાન કરી લોકોને પોતાના તરફ આકર્ષે છે. તેઓ વિચારે છે કે જયાં સુધી લોકો અલ્લાહને માનતા રહેશે ત્યાં સુધી આપણી ઈબાદત અને ઈતાઅત કોઈ નહીં કરે. માટે બેહતર છે કે તેઓને અલ્લાહના રસ્તાથી હટાવી દેવામાં આવે. જેથી તેઓ અમારી ઈબાદત કરવા લાગે અને અમારી વાતો પર અમલ કરવા લાગે. પરવરદિગારે આ સ્થિતી માટે દરેક ઝમાનામાં એવો નબી મોકલ્યો જે તે વખતના બધા લોકોના કમાલનો જવાબ પેશ કરી શકે. અને લોકોને સમજાવી શકે કે બૂરો ઈન્સાન એ દરજ્જા સુધી નથી પહોંચી શકતો જે દરજ્જા સુધી એક અલ્લાહનો બંદો પહોંચી શકે છે.

જ.મૂસા અ.સ.ના ઝમાનામાં જાદુનું બહુજ જોર હતું. અલ્લાહે જ.મૂસા અ.સ.ને એક એવો મોજીઝો અતા કર્યો કે તે દરેક જાદુને બેકાર કરી શકે. એટલા માટેજ જયારે જાદુગરોએ ફિરઓનના દરબારમાં દોરડાઓને જાદુથી સાપ બનાવી દીધા તો હ.મૂસા અ.સ.એ પણ પોતાની અસા (લાકડી) નાખી તો અજગર બની ગઈ અને બધા જાદુઈ સાપને ગળી ગઈ. હ.મૂસા અ.સ. પછી હકીમી(ડોકટરી)નું જોર વધ્યું. એવા હકીમો અને અનુભવી ડોકટરો આવી ગયા કે તેના ઈલાજને જોઈ લોકો અજબ થઈ જતા.અને આ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કારણેજ લોકોએ ખુદાના એહકામને માનવાનું છોડી દીધુ હતુ. ખુદાએ તેઓના જવાબમાં જ.ઈસા અ.સ.ને મોકલ્યા. જે મુર્દાઓને જીવતા કરી શકતાહતા. જ.ઈસા અ.સ.ની માતા જ.મરીયમ પોતાના ઝમાનાની ખુદા પરસ્ત અને પાકદામન ઔરત હતા. હંમેશા અલ્લાહના ઘરની ખિદમત અને અલ્લાહની ઈબાદત કરતી હતી. એટલા માટે આપે શાદી પણ નહોતી કરી. પરંતુ ખુદાએ પોતાની કુદરતથી તેમને એક દિકરો અતા કર્યો. જેનું નામ જ.ઈસા અ.સ. હતુ. જ.ઈસા અ.સ.નો જન્મ થવો હતો કે ચારેય તરફ હલચલ થવા લાગી. બધી જગ્યાએ વાત થવા લાગી કે જ.મરીયમને શાદી વગર કેમ દિકરો પૈદા થયો. છેવટે અમુક લોકો જ.મરયમ પાસે આવી ગયા. અને તેમનાથી પણ આજ સવાલ કરી નાખ્યો. જ.મરયમે કહ્યું: "મને ન પુછો આ બચ્ચાથીજ સવાલ કરો." બધા કહેવા લાગ્યા કે બચ્ચાથી શા માટે સવાલ કરીએ? એટલામાં જ.ઈસા ઘોડીયામાંથીજ બોલી ઉઠયા કે "હું અલ્લાહનો બંદો છું. મને અલ્લાહે કિતાબ અતા કરી છે." આપનું આમ કહેવું હતું કે બધા ચુપ થઈ ગયા અને આપે સાબિત કરી દીધું કે જેને ખુદા ઘોડીયામાંથી બોલવાની તાકત આપી શકે છે તેને બાપ વગર પણ પૈદા કરી શકે છે. અને અલ્લાહનો બંદો છું. કહીને એક બીજી વાત પણ સાબિત કરી દીધી કે આ કમાલ અલ્લાહનો ખાસ બંદો જ કરી શકે છે. અલલાહનો દુશ્મન નહીં.અલ્લાહે જ.ઈસા અ.સ.ને ઘણા મોજીઝા અતા કર્યા હતા. આપ મુર્દાઓને જીવતા કરી શકતા હતા. માટીનું પુતળુ બનાવી અલ્લાહના હુકમથી તેને પક્ષી બનાવી દેતા હતા. એવા દર્દીઓને સાજા કરી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અલ્લાહે જ.ઈસા અ.સ.ને ઘણા મોજીઝા અતા કર્યા હતા. આપ મુર્દાઓને જીવતા કરી શકતા હતા. માટીનું પુતળુ બનાવી અલ્લાહના હુકમથી તેને પક્ષી બનાવી દેતા હતા. એવા દર્દીઓને સાજા કરી દેતા હતા કે તેના ઈલાજથી બધા લોકો નાઉમ્મીદ થઈ ગયા હોય. લોકોને ગૈબની વાતો બયાન કરતા હતા. અને હંમેશા આપ અલ્લાહના દીનની તબલીગ કરવામાં મશ્ગુલ રહેતા હતા. આપની કિતાબનું નામ 'ઈન્જીલ' હતુ. જેમાં હિદાયતની તમામ વાતો લખાએલ હતી.પરંતુ આપના પછી આપની ઉમ્મતના લોકોએ આ બધી વસ્તુ કિતાબમાંથી બદલી નાખી. અને તેની અસ્લ કીતાબ બગાડી નાખી.

આપની તબ્લીગના કારણે યહુદી લોકો આપના દુશ્મન થઈ ગયા હતા. એક વખત આપના કત્લનો પ્લાન બનાવી નાખ્યો અને એક માણસે જાસુસીનું કામ શરૂ કરી નાખ્યું. પરંતુ ખુદાએ પોતાની કુદરતથી તે જાસુસ જયારે હ.ઈસા અ.સ. પાસેથી નીકળ્યો ત્યારે તેમની સુરત જ.ઈસા જેવી બનાવી નાખી. અને લોકો એમ સમજ્યા કે ઈસા આપણાથી બચીને ભાગી જવા માંગે છે. માટે લોકોએ તે જાસુસ માણસને ઈસા સમજી કૈદ કરી ફાંસી પર ચડાવી દીધા. અને ખુદાએ સાચા જ.ઈસા અ.સ.ને આસમાન પર બોલાવી લીધા. જયાં હ.ઈસા અ.સ. હજી સુધી જીવતા છે. જયારે આપણા બારમાં ઈમામ અ.સ.નો ઝુહૂર થશે ત્યારે જ.ઈસા અ.સ. આસમાથી ઝમીન પર ઉતરશે. અને ઈમામ અ.સ. પાછળ જમાઅત નમાઝ પઢશે. અને પછી બન્ને મળીને અલ્લાહના દીનની તબલીગ કરશે.જ.ઈસા અ.સ.ની ઝિંદગીથી અમુક શીખ મળે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૧) ખુદા દરેક ચીઝ પર કાદિર અને મુખ્તાર છે. તે એવી રીતે હ.ઈસા અ.સ.ને બાપ વગર પૈદા કરી શકે છે જેવી રીતે હ.આદમ અને જ.હવ્વાને માં બાપ વગર પૈદા કરી શકે છે.
(૨) અગર ગવાહીની જરૂર પડી જાય તો ઘોડીયામાંથી બચ્ચુ પણ કલામ કરી શકે છે. જેવી રીતે આપણા મૌલા હ.અલી અ.સ.એ રસૂલે ખુદા સ.અ.વ.ની ગોદમાં કુર્આનની તિલાવત કરી રિસાલતની ગવાહી આપી હતી.
(૩) ખુદા જેને બચાવવા ચાહે છે તેને કોઈ મિટાવી નથી શકતું. હ.ઈસા અ.સ.ને ફાંસી દેવાવાળો ખુદ ફાંસી પર લટકાઈ ગયો અને હ.ઈસા અ.સ. બચી ગયા.
(૪) આપણા ઈમામો અ.સ.નો મર્તબો રસૂલે ખુદા સ.અ.વ. સિવાય દરેક નબીથી બલંદ છે. એટલા માટેજ
જ.ઈસા અ.સ. બારમાં ઈમામ અ.સ.ની પાછળ નમાઝ પઢશે.
(૫) એક આદમી હજારો વર્ષ જીવતો રહી શકે છે જેવી રીતે હ.ઈસા અ.સ. આસમાન પર જીવતા છે અને ઝમીન પર આપણા ઈમામ મહદી અ.ત.ફ.

## સવાલ

(૧) દરેક ઝમાનામાં કેવા પ્રકારના માણસો હોય છે?
(૨) હ.મૂસા અ.સ.નો મોજીઝો શું હતો?
(૩) હ.ઈસા અ.સ.નો મોજીઝો શું હતો?
(૪) જ.મરિયમ કોણ હતા અને આપે શાદી શા માટે નહોતી કરી?
(૫) જ.મરિયમના હાથમાં બાળક જોઈ લોકોએ શું સવાલ કર્યો? અને તેઓને જવાબ કેવી રીતે અને શું મળ્યો?
(૬) હ.ઈસા અ.સ.ને કત્લ કરવા યહુદીઓએ શું પ્લાન બનાવ્યો હતો? અને અલ્લાહે આપને કેવી રીતે બચાવ્યા?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 16

## હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.

હ.ઈસા અ.સ.ના આસમાન પર ચાલ્યા જવા પછી ગુમરાહ લોકો માટે મૈદાન સાફ થઈ ગયું. આપના વસીઓ હિદાયત કરતા રહ્યા. પરંતુ કોઈ ખાસ અસર થયો નહીં. લગભગ પાંચસો વર્ષ પછી મક્કાની સરઝમીનપરથી નૂર ચમકયું. જેની રોશની પૂરી દુનિયામાં ફેલાઈ ગઈ. આ નૂર આપણા પ્યારા નબી હ.મોહમ્મદ મુસ્તફા સ.અ.વ.નું હતુ. જે હ.આદમ અ.સ.ની પૈદાઈશથી હજારો વરસો પહેલા પૈદા થઈ ચુકયુ હતું. ૧૭ રબીઉલ અવ્વલ સન ૧ આમુલ ફીલના મક્કાની ઝમીન પર આ નૂર ચમકયું. એટલે કે આપણા નબી સ.અ.વ.ની વિલાદત થઈ. આપની વિલાદતની અસર હતી કે "અયવાને કસરા" (શાહી જુમર)ના ૧૪ કાંગરા તુટી પડયા. ફારસ (ઈરાન) ના આતીશકદાની આગ જે હજારો વર્ષોથી બળી રહી હતી ઓલવાઈ ગઈ. સાવાનો દરિયો સુકાઈ ગયો. અને તેના જેવા કેટલાય રેહમતના અસર ઝાહિર થયા. એ હદ સુધી કે શૈતાનની આસમાન સુધી આવ્વું જવું બંદ થઈ ગયું.

આપની વિલાદતના વર્ષને આમુલ ફીલ એટલા માટે કહેવામાં આવે છે કે આ વર્ષે અબરહા નામના બાદશાહે ખાનએ કાઅબાને તોડવા માટે હાથી સવારની ફૌજ મોકલી હતી. અને પરવર દિગારે આલમે અબાબીલજાતીના પક્ષીઓના પંજાથી કાંકરીઓ ફેકાવી પુરા લશ્કરને બરબાદ કરી નાખ્યું હતું. જેનો ઝિક્ર કુર્આને મજીદની સુરે ફીલમાં મૌજુદ છે.

આપના પિતા જ.અબ્દુલ્લાહની વફાત આપના જન્મના બે મહીના પહેલાજ થઈ ચુકી હતી. થોડા વખત પછી આપની માતાશ્રીની પણ વફાત થઈ ગઈ. અને જયારે આપ આઠ વર્ષના હતા કે આપના દાદા જ.અબ્દુલમુત્તલિબ આ દુનિયાથી રુખ્સત થઈ ગયા. ત્યાર બાદ આપની પરવરિશ અને હિફાઝતની સંપુર્ણ ઝિમ્મેદારી આપના કાકા જ.અબુતાલિબે કરી હતી. જે આપણા મૌલા હ.અલી અ.સ.ના પિતાજી હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જ.અબુતાલિબે આપને બહુજ મોહબ્બતથી મોટા કર્યા અને કાફિરોથી બચાવતા રહ્યા. એટલે સુધી કે જયારે આપજવાન થયા ત્યારે અરબની સૌથી ધનવાન શાહઝાદી જ.ખદીજાએ તેમના માલથી તિજારત કરવા કહ્યું. આપ સ.અ.વ.એ એવી સરસ રીતે તિજારત કરી કે જ.ખદીજાને આપની ઈમાનદારી પસંદ આવી ગઈ. અને આપથી શાદી કરી લીધી. શાદી વખતે આપની ઉમ્ર ૨૫ વર્ષની હતી. જ.ખદીજા આપની પત્નીઓમાંથી સૌથી વધારે મુત્તકી, પરહેઝગાર અને પાકદિલ પત્નિ હતા. જ.ખદીજા થકીજ આપની નસ્લ આગળ વધી. ખુદાએ આપને ઘણી સંતાન અતા કરી પરંતુ તેમાંથી ફકત જ.ફાતેમાં સ.અ. બાકી રહ્યા. જ.ફાતેમાં સ.અ. રસૂલે ખુદાસ.અ.વ.ના એક લાડકી દિકરી હતા. અને તેના સિવાય આપની બીજી કોઈ ઔલાદ ન હતી. જયારે આપની ઉમ્ર ચાલીશ વર્ષની થઈ તો અલ્લાહના હુકમથી આપે પોતાના ખાનદાનના લોકોને દાવત કરી અલ્લાહનો પૈગામ સંભળાવ્યો. અને તેઓથી મદદ માંગી. બધા લોકો ચૂપ થઈ ગયા ફકત એકલા હ.અલી અ.સ. હતા જેણે ૧૦-૧૧ વર્ષની ઉમ્રમાં આપની વાત કબુલ કરી અને મદદનો વાયદો કર્યો.

તેર વર્ષ સુધી આપ મકકામાં અલ્લાહના દીનની તબલીગ કરતા રહ્યા. અને આ સમય દરમ્યાન કાફિરોથી પરેશાન થઈ જ.અબુતાલિબ બધાને લઈ એક ગુફામાં ચાલ્યા ગયા. ત્રણ વર્ષ સુધી આપ ફાકાની ઝિંદગી પસાર કરતા રહ્યા. જ.અબુતાલીબની આદત હતી. કે એક પથારીમાં રસૂલે ખુદા સ.અ.વ.ને સુવડાવતાહતા અને એક પથારીમાં હ.અલી અ.સ.ને સુવડાવતા હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઝિંદગી પસાર કરતા રહ્યા. જ.અબુતાલીબની આદત હતી. કે એક પથારીમાં રસૂલે ખુદા સ.અ.વ.ને સુવડાવતાહતા અને એક પથારીમાં હ.અલી અ.સ.ને સુવડાવતા હતા. થોડી રાત જવા પછી આપ બન્નેની પથારી બદલી નાખતા હતા. આમ કરવાનું કારણ એ હતું કે અગર દુશ્મન હુમલો કરે તો પણ પોતાનો દિકરો કત્લ થઈ જાય અને રસૂલે ખુદા સ.અ.વ.ની જાન બચી જાય. બાર વર્ષ પછી હ.અબુતાલિબ અ.સ.ની વફાત થઈ ગઈ. અને તેના થોડા સમય પછી તરતજ જ.ખદીજાની પણ વફાત થઈ ગઈ જેના કારણે આ વર્ષને 'આમુલ હુઝન' (ગમનું વર્ષ) કહેવામાં આવ્યુ. હવે મક્કામાં આપનો કોઈ મદદગાર બાકી નહોતો રહ્યો. માટે દુશ્મનોએ આપને કત્લ કરી નાખવાનો નિર્ણય લીધો. આપનું મકાન ઘેરી લેવામાં આવ્યું. તેથી હુકમે ખુદા થયો કે આપ પોતાના બિસ્તર પરહ.અલી અ.સ.ને સુવડાવી હિજરત કરી મદીના ચાલ્યા જાઓ. માટે આપે હ.અલી અ.સ.ને પોતાના બિસ્તર પર સુવડાવી તેજ રીના મદીના તરફ હિજરત કરી ગયા. અને જતા જતા વસિય્યત પણ કરતા ગયા કે મારી પાસે કાફિરોની જે અમાનતો છે તે તેઓના માલિકને સોપી તમે પણ મદીના આવી જાજો.

મદીનામાં પણ આપને ચૈનથી રહેવા ન દીધા. અને વાંરવાર કાફિરોના આક્રમણ થતા રહ્યા. મદીનામાં દસ વર્ષના ટુંક સમયમાં આપને ૮૦ લડાઈઓનો સામનો કરવો પડયો. અલ્લાહનો શુક્ર કે હ.અલી અ.સ. જેવાબહાદુર આપની સાથે હતા જેમણે બદ્ર, ઓહદ, ખૈબર, ખંદક, હુનૈન જેવી બધીજ લડાઈઓમાં ઈસ્લામને વિજયીબનાવ્યો. હિજરી સન ૬ માં હોદેબીયા નામની જગ્યાએ કાફિરો સાથે સુલહ(સમાધાન) થયુ. જેનુ સુલ્હનામું પણઆપેજ લખ્યું હતું. હિજરી સન ૮ માં ઈસાઈઓથી મુબાહેલો થયો. ત્યારે પણ એહલેબૈત અ.સ. જ પણ મૈદાનમાં ગયા. હિ.સન આઠમાં રસૂલે ખુદા સ.અ.વ.એ મક્કા પર વિજય મેળવ્યો. જેમાં પણ હ.અલી અ.સ.સાથે હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મૈદાનમાં ગયા. હિ.સન આઠમાં રસૂલે ખુદા સ.અ.વ.એ મક્કા પર વિજય મેળવ્યો. જેમાં પણ હ.અલી અ.સ.સાથે હતા. અને તેમણેજ ખાનએ કાઅબા મૂર્તીઓથી ખાલી કરાવ્યું હતું. હિજરી સન દસમાં આપે છેલ્લી હજ કરી. જયાંથી પાછા ફરતી વેળાએ ગદીરે ખુમના મૈદાનમાં હ.અલી અ.સ.ની વિલાયત અને ખિલાફતનું એલાનઆ શબ્દોમાં કર્યુ."જેનો હું મૌલા છુ. તેના આ અલી અ.સ. પણ મૌલા છે." ત્યાર પછી એક લાખ વીશ હજાર લોકોએ મુબારક બાંદી પેશ કરી. જેમાં સૌથી આગળ ઈબ્ને ખત્તાબ હતા. હજથી પાછા ફર્યા બાદ વધુ બે મહીનાઆ દુનિયામાં જીવન વિતાવ્યું. અને ૨૮ સફર હી.સ. ૧૧માં આ દુનિયાએ ફાનીથી રેહલત ફરમાવી ગયા.આપને પોતાની ઉમ્મતથી એટલો લગાવ હતો કે બીમારીની હાલતમાં પણ ચાહતા હતા કે આ ઉમ્મતને કોઈ પણ રીતે મારા પછી નજાતનો રસ્તો ફરી વખત બતાવી દઉ. માટે આપે સહાબીઓ વચ્ચે એલાન કર્યુ કે મને એક પેન અનેશાહી આપો જેથી હું તમારા માટે એક નોંધ લખી દઉ, જે તમારી નજાતની ઝિમ્મેદાર હોય. અને તેના પછી તમે બહેકી ન શકો. પરંતુ લોકોએ આપની આ તમન્ના પર કોઈ ધ્યાન ન આપ્યું અને અમુક લોકોમાંથી કોઈ બોલી ઉઠયુ કે, "હરગીઝ પેન અને શાહી ન આપતા. એમને તાવનો અસર થઈ ગયો છે, માટે આમતેમ બકયા કરે છે."આ વાત પર આપને બહુજ ગુસ્સો આવ્યો અને ફરમાવ્યું કે, બધા મારી પાસેથી ચાલ્યા જાઓ. તમને શરમ નથી આવતી કે નબી પાસે બેસીને ઝઘડો કરી રહ્યા છો. સ્પષ્ટ છે કે નબીનો ગુસ્સો કોઈ સામાન્ય વાત નથી. અને તેના કારણેજ ઉમ્મત હંમેશની રાહનુમાઈથી વંચીત રહી ગઈ. અને આજ સુધી ઝિલ્લતની જાળમાં ફસાતી જાય છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપની વફાત પછી અમુક લોકો તરતજ સકીફએ બની સઅદ તરફ રવાના થઈ ગયા. અને ત્યાં ગદીરના એલાનને ભુલાવીને હ.અલી અ.સ. વિરૂધ્ધ એક મિટીંગ કરી નાખી. અને તેમાં ફકત અમુક લોકોના મત પ્રમાણે એક નવા માણસને રસૂલે ખુદા સ.અ.વ.ના ખલીફા બનાવી દીધા. અહીં સકીફામાં હુકુમતની કાર્યવાહીથઈ રહી હતી અને ત્યાં નબીના ઘરમાં રોવા અને માતમની અવાજ બલંદ હતી. પરિણામ એ આવ્યું કે મુસલમાનો હુકુમત બનાવતાજ રહી ગયા અને સવા લાખ સહાબીઓને છોડીને જનાર રસૂલ સ.ને ફકત તેના ઘરના લોકોએ દફન કર્યા. અને ઈસ્લામમાં એક મહાન ઝઘડાનો પાયો નાખી દેવામાં આવ્યો. પૈગમ્બરના દીનનેએહમિયત આપનારા લોકો એહલેબૈત અ.સ.ની સાથે થઈ ગયા. અને હુકુમત અને બાદશાહતના ચાહકો સકીફાના સહાબીઓની પૈરવી કરવા લાગ્યા.

આ વાકેઆથી આપણને બોધ મળે છે કે (૧) રસૂલે ખુદા સ.અ.વ. સામાન્ય ઈન્સાન જેવા નથી હોતા તેમની વિલાદતથીજ એવા અસર ઝાહિર થાય છે જેસામાન્ય માણસની વિલાદતમાં તેમ જોવા નથી મળતું આ વાત રસૂલે ખુદા સ.ની વિલાદત વખતે થએલ બનાવથી જાણવા મળે છે.

(૨) પરવરદિગાર અગર નાબુદ કરવા ચાહે તો અબાબીલના પંજાની કાંકરીઓથી હાથી સવારના લશ્કરને તહેસ નહેસ કરી શકે છે. (૩) હકની સામે ન માલ પ્યારો હોય છે ન ઔલાદ. એટલા માટે જ જ.ખદીજા સ.અ. એ ઈસ્લામ માટે પોતાની સંપુર્ણ દોલત ખર્ચ કરી નાખી, અને હ.અબુતાલિબે પોતાની ઔલાદ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૪) દીને હકની રક્ષા કરનારની મૌતથી ફકત દસ દિવસનો ગમ નથી હોતો. બલ્કે પુરૂ વર્ષ ગમનું વર્ષ બની જાય છે.

(૫) કોઈ નબી અથવા વલીના દરબારમાં જવા પછી ત્યાંનો એહતેરામ અને આદાબનો ખ્યાલ રાખવો બહુજ જરૂરીછે. નહીંતર નબી માટે જરૂરી બને છે કે લોકોને ત્યાંથી કાડી નાખે અને ઉમ્મતને ઝિલ્લત અને ઝલાલતનું મોઢુ જોવું પડે છે.

## સવાલ

(૧) રસૂલે ખુદા સ.અ.વ. ની વિલાદતની સાથે કયા વાકેઆ પેશ આવ્યા?

(૨) સુરે ફીલમાં કઈ વસ્તુનો ઝિક્ર આવેલ છે?

(૩) અબૂતાલિબ અ.સ. રસૂલે ખુદા સ.અ.વ.ની હિફાઝત કેવી રીતે કરતા હતા?

(૪) આપે મદીના તરફ હિજરત કેવી રીતે કરી?

(૫) રસૂલે ખુદા સ.અ.વ. પોતાના આખરી વખતમાં કઈ વસ્તુની વસિય્યત કરવા ચાહતા હતા?

(૬) રસૂલે ખુદા સ.અ.વ.ની વફાત પછી ખિલાફત માટે કઈ ચળવળ ઉભી થઈ હતી?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 17

# બાર (૧૨) ઈમામ વિષે

હ. નબી મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)ની હદીસ લખાએલી છે. જેમાં હુઝુર (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે :

"મારા ખલીફા અને ઉમ્મતના હાદી બાર (૧૨) છે."

બારની મર્યાદામાં એ વાતનો ઈશારો છે કે ઈમામ બાર (૧૨) ઓછા ન હોઈ શકે કે ન તો વધારે હોઈ શકે.

આજે મુસલમાનોમાં જેટલા પણ ફીરકા છે તે બધામાં ફક્ત શિયા ઈસ્નાઅશરી ફિરકો જ એવો છે કે-ફક્ત બાર (૧૨) ઈમામોને જ માને છે. જ્યારે અન્ય ફીરકાઓમાં ઈમામોની સંખ્યા બારથી ઓછી અથવા વધારે છે. અને આ જ બાબત એ બધાને બાતિલ (ખોટા) ઠરાવવા માટેની એક દલીલ છે.

આપણે શિયા ઈસ્નાઅશરી એટલા માટે કહેવાઈએ છીએ કે ઈસ્નાઅશરનો અર્થ જ બાર (૧૨) થાય છે. ઈસ્નાઅશરી શિયા ફક્ત બાર ઈમામને માનવાવાળા છે. આ દલીલ વડે પણ સાબિત થાય છે કે ઈસ્નાઅશરી શિયાનો ફિરકો સાચો છે.

જે બાર ઈમામોને આપણે માનીએ છીએ તેમની ઈમામત સંબંધેની અનેક દલીલો છે.

**દલીલ ૧ :**

હ. મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે "મારા પછી મારા ખલીફા (૧) હ. અલી (અ.) થશે. તેના પછી (૨)

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હ. હસન (અ.) અને તેના પછી (૩) હ. હુસૈન (અ.) ને ત્યારબાદ (૪) અલી ઈબ્નુલ હુસૈન ઝૈનુલ આબેદીન (અ.)ને ત્યારબાદ (૫) મોહમ્મદ ઈબ્ને અલી અલ્બાકિર (અ.) ત્યારબાદ (૬) જાફર ઈબ્ને મોહમ્મદ સાદિક (અ.) તે પછી (૭) મૂસા ઈબ્ને જાફર કાઝીમ (અ.) ને તેના પછી (૮) અલી ઈબ્ને મૂસર રેઝા (અ.) ને તેના પછી (૯) હ. મોહમ્મદ ઈબ્ને અલી નકી (અ.) ને ત્યારબાદ (૧૦) અલી ઈબ્ને મોહમ્મદ તકી (અ.) ત્યારબાદ (૧૧) હ. હસન ઈબ્ને અલી અસ્કરી (અ.) અને છેલ્લે (૧૨) હ. ઈબ્ને હસન મહદી (અ.) થશે.

આથી જાણવા મળે છે કે આપણા બાર (૧૨) ઈમામના નામ તેના પિતાશ્રીના નામો તથા લકબ સાથે બતાવવામાં આવ્યા છે. એટલા માટે બધા મુસ્લીમોની ફર્ઝ છે કે જ્યારે તેઓ નબી (સ.)ના બતાવેલા દીનને માને છે તો તેમના બતાવ્યા મુજબના ઈમામોને પણ માનવા જોઈએ.

દલીલ ૨ :

પૈગમ્બરે ઈસ્લામની એક મશહૂર હદીસ છે :-

"ઈન્ની તારેકુન ફીકોમુસ્સકલૈન કિતાબલ્લાહે વ ઈતરતી અહલેબૈતી મા ઈન્તમસ્સકતુમ બેહેમા લન તઝિલ્લુ બાઅદી : વ લંય યફતરેકા હત્તા યરેદા અલય્યલ્હૌઝ"

**અર્થ :** હું તમારામાં બે મહા ભારી વસ્તુ છોડીને જઈ રહ્યો છું. જો તેનાથી સંબંધ રાખશો તો કદી ગુમરાહ થશો નહિ. એક અલ્લાહની કિતાબ છે અને બીજી મારી ઈતરત. જે મારી એહલે બૈત છે. આ બંને એકબીજાથી કદી જૂદી થશે નહિ (અને) હૌઝે કવસર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પર મારી પાસે આવશે.

પૈગમ્બરે ઈસ્લામની ઉપરોક્ત હદીસ પ્રમાણે કુરઆને શરીફ અને એહલેબૈત આપણને સૌને ગુમરાહીથી બચાવનાર છે.

એટલા માટે એ જરૂરી છે કે કયામતના દિવસ સુધી કુરઆનની સાથે કોઈ ઈમામ પણ હાજર હોય, કે જે નબી સાહેબ (સ.અ.વ.)ની ઔલાદમાંથી હોય તો આપણા બાર ઈમામ એ બધાય નબી સાહેબ (સ.અ.વ.)ની એહલેબૈતમાંથી છે.

ઉપરોક્ત હદીસ શરીફથી આપણા બાર ઈમામ હોવાનું સાબિત થાય છે. કારણ કે ૧૨ ઈમામ સિવાય જેટલા પણ માણસોએ ખલીફા અથવા ઈમામ હોવાનો દાવો કર્યો તે નબી (સ.અ.વ.)ની એહલેબૈતમાંથી નહોતા.

એટલા જ માટે બાર ઈમામોને ઈમામ માનવા એ ઈમાનદાર માણસો માટે જરૂરી છે.

## સવાલ

૧. રસૂલે અકરમ (સ.)એ પોતાના કેટલા જાનશીન બતાવ્યા અને કયા ફિરકાના ઈમામની સંખ્યા બાર છે?

૨. નબીએ કરીમે પોતાના જાનશીનોના નામો, તેઓના પિતાજીના નામો તથા લકબ સાથે કયા હુકમથી બતાવેલ છે?

૩. હદીસે સકલૈન કોને કહે છે? અને તેનાથી તમોએ શો બોધપાઠ લીધો?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 18

# હ. અલી (અ.)ની ખિલાફત

હ. અલી (અ.)ની ખિલાફતની સાબિતીના ટેકામાં કુરઆને મજીદ ઘણી બધી આયતો તેમજ રસૂલે અકરમ (સ.અ.વ.)ની ઘણી બધી હદીસ શરીફો તેમજ ઈસ્લામી ઈતિહાસમાંથી ઘણા બધા બનાવો પેશ કરી શકાય તેમ છે.

અત્રે ફક્ત બે જ દલીલો વર્ણવામાં આવે છે.

(૧) હ. અલી (અ.)ને 'શિયા' પણ ખલીફા તરીકે માને છે. તેમજ 'સુન્ની' પણ. ફક્ત તફાવત એટલો જ છે કે-સુન્ની ભાઈઓ (૧) હ. અબુબકર (૨) હ. ઉમર તથા (૩) હ. ઉસ્માનના પછી આપને ચોથા ખલીફા માને છે. જ્યારે શિયા કોઈ જાતની અટકાયત વગર હ. અલી (અ.)ને પહેલા ખલીફા માને છે.

સુન્ની ભાઈઓ હ. અલી (અ.)ને એટલા માટે ખલીફા માને છે કે મુસલમાનોએ હ. ઉસ્માનના ખૂન પછી આપને ખલીફા માન્યા. જ્યારે શિયા એટલા માટે ખલીફા માને છે કે રસૂલે અકરમ (સ.અ.વ.)એ પોતાની હયાતી દરમ્યાન જ હ. અલી (અ.)ને અલ્લાહના હુકમથી પોતાના ખલીફા મુકર્રર કર્યા (કુરઆને શરીફ : સૂરએ માએદા આ. ૬૭).

**દલીલ ૧ :**

જ્યારે નબીએ કરીમ (સ.અ.વ.)ને અલ્લાહ તઆલાનો લોકોને ખુલંખુલ્લા તબ્લીગ (બોધ) કરવાનો હુકમ મળ્યો ત્યારે આપ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(સ.અ.વ.) અલ્લાહના હુકમ પ્રમાણે હ. અલી (અ.)ને મોકલીને સૌથી પહેલાં પોતાના ખાનદાનના માણસોને બોલાવ્યા. આ પ્રમાણે ખાનદાને અબ્દુલ મુત્તલીબના ચાલીસ (૪૦) માણસો ભેગા થયા. જેને ઈતિહાસમાં "દાવતે ઝુલ અશીરા"ના નામથી ઓળખવામાં આવે છે.

રસૂલે કરીમ (સ.અ.વ.)ના હૂકમ પ્રમાણે હ. અલી (અ.)એ આવવાવાળા તમામ મહેમાનોની મીજબાની માટે બંદોબસ્ત કર્યો. ખોરાકનું પ્રમાણ બહુ જ ઓછું હતું, જ્યારે ખાવાવાળા મહેમાનોની સંખ્યા વધારે હતી.

પરંતુ આશ્ચર્યની વાત એ છે કે જ્યારે આપણા નબીએ કરીમ (સ.અ.વ.)એ દૂધ, રોટી તથા ગોશ્તને સૌથી પહેલાં મુબારક હાથથી થોડું ચાખ્યું ને બાદમાં મહેમાનોને ખાવાનું કહ્યું. આપની ભલી બરકતથી આ પહેલી નજરે દેખાતો થોડો ખોરાક પણ વધી પડ્યો. એટલે કે બરકત થઈ ગઈ તે ત્યાં સુધી કે ખાવાવાળા તમામ મહેમાનોએ ધરાઈને ખાધું છતાં પણ ખોરાક વધી પડ્યો.

આ પછી હૂઝુર (સ.અ.વ.) ખુત્બો (ભાષણ) કરવા યા આપવા ઊભા થયા તો અબૂલહબે લોકોને એમ કહીને ભડકાવ્યા કે "એમનું ભાષણ સાંભળતાં નહીં એ તો જાદુગર છે." (ઉપરાંત બરકતનો હવાલો આપીને) તેણે આગળ ચલાવ્યું, "જોયું નહીં ! હમણાં જ તેણે જાદુના જોરથી થોડું ખાવાનું હતું તેને વધારે બનાવી દીધું તે પણ જાદુના જોરથી જ. અગર તેમનું ભાષણ સાંભળશો તો તે તમોને પોતાના જાદુના જોરથી ધર્મ વિમુખ યાને ધર્મથી દૂર કરી દેશે વગેરે. અબૂ લહબની આ બકવાસભરી વાણીથી મજમા માંહેના ઘણાખરા માણસો ચાલ્યા ગયા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બીજે દિવસે રસૂલે કરીમ (સ.)એ હ. અલી (અ.)ને મોકલીને બધા માણસોને ફરીથી બોલાવ્યા અને આગલા દિવસની જેમ જમવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો. બીજે દિવસે પણ આગલા દિવસની જેમ ખોરાકમાં બરકત થઈ પડી. અને ખોરાક વધી પડ્યો અને આદત મુજબ પાછા એ જ રીતે અબૂ લહબે ઊભા થઈને લોકોને ભડકાવ્યા અને ભાષણમાં અંતરાય ઊભો કરવા લાગ્યો.

આથી હ. અલી (અ.)થી રહેવાયું નહિ. તેથી તેઓ ઊભા થયા અને અબુલહબને સખ્ત ધમકી આપી. બાદમાં રસૂલે કરીમ (સ.) તરફ રૂખ કરી કહ્યું કે "આપ મારા સરદાર છો. આપ જે કંઈ કહેવા ઈચ્છતા હો તે કહો. આથી રસૂલે અકરમે દીને ઈસ્લામ તેના અહેકામો સાથે પેશ કર્યો અને ખાસ કરીને તૌહીદ (એક જ ખુદાવંદે તઆલાની આરાધના)નો સિદ્ધાંત રજૂ કર્યો, તેમ જ અલ્લાહ તરફથી પોતાની નબુવ્વતની (નબી તરીકેની) જાહેરાત કરી. ફરમાવ્યું કે "જે માણસ હિદાયતના કામમાં મારી મદદ કરશે તો હું તેને મારો ભાઈ, વસી અને વઝીર મુકર્રર કરીશ. અને તે મારા પછી મારો ખલીફા અને જાનશીન હશે અને તેની તાબેદારી મારા પછી લોકો માટે વાજિબ થશે."

નબી (સ.અ.વ.)ના આટલા આટલા ભાષણ પછી કોઈએ હિંમત કરીને આપની વાતને ઉપાડી ન લીધી. તે હતા ફક્ત હ. અલી (અ.) કે જેમને દુનિયા બહાને ઉમર હતી માત્ર ૧૦ વરસ. હ. અલી (અ.) આ જવાબદારી પોતાના માથે લેતાં જાહેરાત કરી કે આપને હરેક પ્રકારની મદદ કરવા હું તૈયાર છું અને તેમ કરવા વચન આપું છું.

રસૂલે કરીમ (સ.અ.વ.)એ મૌલા અલી (અ.)ના ખંભા ઉપર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પોતાનો મુબારક હાથ મૂકતાં સઘળાઓની હાજરીમાં ફરમાવ્યું :

આ શખ્સે (મતલબ કે મૌલા અલી (અ.)એ) મારી મદદ કરવાનું મને વચન આપેલ છે એટલા માટે આજથી મૌલા અલી (અ.) મારો ભાઈ, મારો વસી અને મારો વઝીર છે અને મારા પછી મારો ખલીફો તથા જાનશીન છે. હું એમને હાકીમ મુકર્રર કરૂં છું અને તેની તાબેદારી સઘળા ઈમાનદારો ઉપર વાજિબ છે.

આ સાંભળી અન્યોએ તો મૂક સંમતી દર્શાવી. પરંતુ અબુલહબે તેની આદત મુજબ હ. અબુ તાલિબ તરફ મોં ફેરવી મેણું મારતાં કહ્યું "લ્યો સાંભળો ! આ મોહમ્મદ (સ.અ.વ.) તમને તમારા જ પુત્રની તાબેદારી કરવાનો હુકમ કરે છે."

જ. અબૂતાલીબે જવાબ આપ્યો, "મારો ભત્રિજો જે વાત કરે છે તે બધી વ્યાજબી જ છે. ઈતિહાસમાં આ બનાવ 'દઅવતે ઝુલ્અશીરા'ના નામથી ઓળખાય છે.

હ. અલી (અ.) જીવનભર હ. રસૂલે કરીમ (સ.અ.વ.)ની મદદ કરતા રહ્યા અને આપના પછી આપના પવિત્ર વંશમાં અગ્યાર ઈમામો (જેમના નામો આગળ આવી ગયા છે) એ પોતાનું પવિત્ર ઈમામતી જીવન પસાર કર્યું.

આ રીતે આ બે મહાન ઐતિહાસિક વ્યક્તિ હ. અલી (અ.) તથા હ. મોહમ્મદ (સ.અ.વ.)એ એકબીજાને આપેલા કૌલ યાને આપેલા વચનો બરાબર નિભાવ્યા.

આ રીતે હ. અલી (અ.) પછી એક પછી એક એમ અગ્યાર ઈમામોએ પોતાના પછીના ઈમામને જાનશીન તથા ખલીફા મુકર્રર કર્યા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પરંતું એ કહેવું તદ્દન ખોટું અને ગેરવ્યાજબી છે કે રસૂલે કરીમ (સ.અ.વ.) પોતાની વફાત પછી પોતાના ખલીફા, જાનશીન કે વસી મુકર્રર નથી કરી ગયા, પરંતુ ઉમ્મતને આ હક્ક સોંપી ગયા હતા. ઉપર વર્ણવેલી હકીકત "દઅવતે ઝુલ્અશીરા"થી આ વાત ખોટી ઠરે છે કે આપ કોઈને જાનશીન મુકર્રર નહોતા કરી ગયા.

આમ કહેવાથી તો રસૂલે કરીમ (સ.અ.વ.) ઉપર વચનભંગનો આક્ષેપ મૂકવા જેવું થયું !! શું કોઈ સાચો મુસલમાન પોતાના નબી કરીમ (સ.અ.વ.) ઉપર આ રીતે વચનભંગનો આરોપ મૂકશે ખરો કે ?

આ રીતે સાબિત થયા પછી દરેક સાચા મુસલમાનની એક ફરજ થઈ પડે છે કે તે રસૂલે કરીમ (સ.અ.વ.) પછી હ. અલી (અ.)ને આપના સાચા જાનશીન માને.

## દલીલ ૨ :

રસૂલે કરીમ (સ.અ.વ.)એ આપની વફાત અગાઉ બે મહિના અને દસ દિવસ પહેલા તારીખ ૧૮ ઝિલ્હજ્જ ૧૦મી હીજરીના મુબારક દિવસે "ગદીરે ખુમ"ના મેદાનમાં હ. અલી (અ.)ની મુસલમાનોના ખલિફા વિ.ની સંપૂર્ણ જાહેરાત કરી (જુઓ સૂરે માએદા આ. ૬૭ની ફુટનોટ)

આપ (સ.અ.વ.) એ વખતે છેલ્લી હજ (હજ્જતુલ વિદાઅ) કરીને મક્કાથી પાછા ફરી રહ્યા હતા. આપની સાથે લગભગ સવા લાખ હાજીઓનો કાફલો હતો. બપોરની સખ્ત ગરમીમાં પણ આપે કાફલાને રોકીને ઉપરોક્ત 'ગદિરે ખુમ' નામના મેદાનમાં એક મજમાના સ્વરૂપમાં ભેગો કર્યો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઊંટ ઉપર રાખવામાં આવતા લાકડાના 'કજાવા'નો એક મિમ્બર બનાવવામાં આવ્યો અને ખુદાવંદે તઆલાના હુકમથી આપ હ. અલી (અ.)ને લઈને આએ મિમ્બર ઉપર ગયા અને કુરઆને કરીમની ઉપર વર્ણવેલી આયાત મુજબ હ. અલી (અ.)ને આપના જાનશીન જાહેર કર્યા.

આયાતના કંઈક શબ્દો આ પ્રમાણે છે :-

"અય રસૂલ ! આ વાતની જાહેરાત કરી દીયો જેની જાહેરાત કરવાનો અમે તમોને હુકમ આપેલ છે. જો તમોએ આ જાહેરાત ન કરી તો જાણે કે તમે રિસાલતનું કોઈ કામ કરેલ નથી. અલ્લાહ દુશ્મનોથી તમોને બચાવવાનું આથી વચન આપે છે" વગેરે.

આએ હુકમ પછી હૂઝૂર (સ.અ.વ.)એ એક બહુ જ લાંબુ ભાષણ કર્યું.

અને ભાષણના અંતે આપે સૌ હાજરીન મુસલમાનોને પૂછયું "શું હું તમારી જાન અને માલનો માલિક નથી ?" સૌ મુસલમાનોએ ગરઝદાર અવાઝમાં જવાબ આપ્યો, "બેશક યા રસૂલે કરીમ આપ જ અમારા જાન અને માલના માલિક છો."

આ સવાલ મુસલમાનોને પૂછવાનો આપ (સ.અ.વ.)નો હેતુ એ હતો કે તમો મને આપ સૌનો હાકિમ ગણો છો કે પછી તમો સૌ પોતે પોતાને હાકિમ માનો છો ?

બધા મુસલમાનોએ એકી સાથે જવાબ આપ્યો કે આપ હુઝુર (સ.અ.વ.) જ અમારા હાકિમ અને અમારા માલ તથા જાનના માલિક છો.

આ પછી નબી કરીમ (સ.અ.વ.)એ હ. અલી (અ.)નો હાથ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પકડી ઊંચો કરી ફરમાવ્યું કે :-

**"જેનો હું મૌલા છું તેના (આજથી) મૌલા હ. અલી (અ.) છે."**

"અને જેનો હું હાકિમ છું તેના હ. અલી (અ.) હાકિમ છે."

આ પછી અલ્લાહ તઆલા પાસે આપે દુઆ કરી ફરમાવ્યું કે : "અય અલ્લાહ ! તું એ (સૌને) દોસ્ત રાખજે જે સૌ કોઈ હ. અલી (અ.)થી દોસ્તી રાખે (યાને મોહબ્બત રાખે) અને જે કોઈ તેનાથી દુશ્મની રાખે તું પણ તેનાથી દુશ્મની રાખજે."

બાદમાં આપ (સ.અ.વ.)એ મિમ્બર ઉપરથી તમામ મુસલમાનોને હુકમ આપ્યો કે સૌ કોઈ હ. અલી (અ.)ની બયઅત કરે અને તેમને મોઅમીનોના હાકિમ કહીને તેમની ઈઝઝત કરે.

આથી તમામ હાજરીનોએ આપના હુકમનું બરાબર પાલન કર્યું. તે ત્યાં સુધી કે હ. ઉમરે પણ 'બખ્ખિન બખ્ખિન યા અલી' આપ તમામ મોમિન મરદો તથા ઔરતોના મૌલા થયા છો, કહી મુબારકબાદ આપી. ઈતિહાસમાં આ બનાવ 'ગદીરે ખુમ'ના બનાવથી ઓળખાય છે.

આ પછી અલ્લાહ તઆલાએ એક આયત નાઝીલ કરી જેમાં ફરમાવ્યું કે :

"આજના દિવસે કાફિર (લોકો) તમારા દીનથી નાઉમીદ થઈ ગયા. હવે તમો તેઓથી ડરશો નહિ પણ ફક્ત મારાથી (ખુદાથી) ડર રાખજો. આજરોજ અલ્લાહ તઆલાએ (મારા મારફત) દીનને સંપૂર્ણ બનાવ્યો છે " તમારા ઉપર અમોએ નેઅમતો પૂરી કરી છે. અને દીને ઈસ્લામને તમારા દીનના (હૈસીયતથી) સ્વરૂપમાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પસંદ કર્યો છે."

આ બનાવ ઉપરથી જાણવા મળે છે કે નબી (સ.અ.વ.)એ પોતાના જીવનના અંત સુધી હ. અલી (અ.સ.)ને જાનશીન રાખેલ. તેથી જે કોઈપણ શખ્સ હ. અલી (અ.)ને નબીએ કરીમ (સ.અ.વ.)ના "ખલીફ-એ-ખિલાફત" માનશે બસ ! અલ્લાહ તેને જ પોતાનો દોસ્ત રાખશે.

જે કોઈ મૌલા અલી (અ.)ની ખિલાફતને માનતો હશે બસ ! તેનો જ દીન કામિલ (કમાલવાળો) હશે અને નેઅમતો તેને જ મળશે અને ખુદાવંદે તઆલા તેના જ દીનને દીને ઈસ્લામ તરીકે કબૂલ કરશે.

## સવાલ

૧. આયએ "બલ્લિગ" તથા આયએ "ઈકમાલ"માં ખુદાવંદે તઅલાએ શું ફરમાવેલ છે ?

૨. "દાવતે ઝુલ્અશીરા"ના બનાવનું વર્ણન કરો.

૩. "ગદીરે ખુમ"ના બનાવથી ખીલાફત કઈ રીતે સાબિત થાય છે તે બતાવો.

૪. હ. અલી (અ.)ને શિયા તથા સુન્ની ક્યા તફાવતથી ખલીફા માને છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# અલીકા નામ લો

કામકે દો હાથ પાએ હૈં તો ઉનસે કામ લો
ખૌફે દુનિયા,શીકવે તકદીર, પસ્તીમે કયામ
નામ હૈ ઈસ્લામ મે બાતિલ સે લડને કા જેહાદ
ઝિંદગી કે કાફલે કહેનેસે યે રૂકતે નહીં
જૈસી નિસ્બત દે રહે હો કુછ તો હો વૈસા અમલ
આરહી હૈ સાફ યે બાઝારે મહશર સે સદા
ઉલફતે આલે નબી કે સાથમે ઈસ્લામ લો
એહલેબૈતે મુસ્તફા કે દરસે કયા મિલતા નહીં
દસ્તે એહલેબૈત સે કિરદારે એહલેબૈત સે
વો મોહમંદ જીન પે સારે ગુલશને જન્નત નિસાર
મંઝિલે હૈદર સમજ લેના કોઈ આસાં નહીં
હર મુસીબત દુર હોગી હુકમસે અલ્લાહકે

હકકા દામન ઔર બાતિલકા ગરેબાં થામ
હૈ યહી જીના તો ફિર જીનેકા કયો ઈલ્ઝામ
યે કહા લીખ્ખા હૈ કે અપનો કા ગરેબા થામ
હમભી ચલતે હૈ ઠહર જાઓ ઝરા આરામ
નામકો બદનામ કરનેકે લીએ કયોં નામ
જૈસા સોદા લે કે આયે વૈસે હમસે દામ
જામ લેને આયે હો તો કયો શિકસ્તા જામ
રોશનીલો,અઝમલો,ઈમાનલો,ઈસ્લામ
જો રસૂલે પાક લાએથે વહી ઈસ્લામ
હો સકે તો કરકે કૌસરસે વઝુ યે નામ
અકલસે સજદે કરો દિલસે નઝરકા કામ
જબ કોઈ મુશ્કિલ નઝર આએ અલીકા નામ

ફૈસલે અહમદ પે છોડો મન્સબે હકકે લીએ
નામલે જીસકા મોહંમદ તુમભી ઉસકા



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 19
# બારમા ઈમામ (અ.)

આપણા બારમા ઈમામ (અ.) જીવતા છે અને તે પણ ગૈબના પરદામાં છે અને જયારે અલ્લાહનો હુકમ થશે તે વખતે કઅબાની પાસેથી ઝૂહૂર ફરમાવશે અને આ ઝુલ્મથી ભરેલી દુનિયાને ન્યાયથી ભરી દેશે.

આપની ઉમર (૧૧૦૦) અગ્યારસોહ વરસથી પણ વધારે થઇ ગઇ છે. ખુદાવંદે તઆલા જયાં સુધી ચાહશે ત્યાં સુધી આપને હયાત (જીવતા) રાખશે. આ હઝરતની લાંબી ઉમર માટે કોઈએ નવાઇ નહીં પામવી જોઈએ.

કારણ કે પૈગમ્બર હ. નૂહ (અ.)ને ખુદાએ લગભગ બે હજાર વરસની ઉમર કયાં નહોતી આપી? તેમજ પૈગમ્બર હ. ખિઝર (અ.) તેમજ પૈગમ્બર હ. ઇલ્યાસ (અ.) અને પૈગમ્બર હ. ઈસા (અ.) હજી સુધી હયાત એટલે કે જીવતા છે જ.

જે માણસ આપની આવી લાંબી ઉમર માટે શક કરે છે; તે અલ્લાહની કુદરત પર શક કરે છે. ખુદાવંદે તઆલાની કુદરતમાં ન કોઈ વસ્તુ મુશ્કેલ છે ન અજબ થવાને પાત્ર! એ સૌએ યાદ રાખવું જોઈએ.

શું અસ્હાબે કહફ કહફ નામની ગુફામાં (ગારમાં) હજારો વરસોથી હજી સુધી સુઇ રહ્યા નથી? (વાંચો સૂરે કહફની ફુટ નોટ) કે જેઓ અલ્લાહની કુદરતથી જીવતા જ છે.

જે ખુદાવંદે તઆલા પોતાની કુદરતથી પહાડમાંથી હ. સાલેહ નબી (અ.) માટે ઉંટડી તેના બચ્ચાની સાથે પૈદા કરી શકે છે તેમજ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હ. મૂસા (અ.)ની અસા (લાકડી)ને અજગર અને તે જ અજગરને પાછી લાકડી બનાવી શકે છે. જે અલ્લાહ હ. ઈસા મસીહ (અ.)ને બાપ વગર પૈદા કરી શકે છે, તેમજ લાખો મણ અગ્નિમાંથી હ. ઈબ્રાહીમ (અ.)ને બચાવી શકે છે તે અલ્લાહ હજારો વરસની ઉમર ઈમામ (અ.)ને કેમ ન આપી શકે ? તેમજ એમને દુશ્મનોથી સુરક્ષિત કેમ ન રાખી શકે ?

બારમા ઈમામ (અ.)ની ગૈબત (ગૈબ થવા વિષે) માટે ઘણી બધી દલીલો છે. જેમાંથી કેટલીક સહેલી દલીલો નીચે આલેખવામાં આવેલ છે.

### દલીલ-૧

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલાએ ફરમાવેલ છે કે : "વલે કુલ્લે કૌમિન હાદ" અર્થાત દરેક કૌમનો (હિદાયત માટે) એક હાદી હોવો જરૂરી છે.

નબીએ કરીમ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે :

"મન માત વલમ્યઅરિફ ઈમામે ઝમાનેહી માત મીતતન જાહેલીય્યહ." એટલે કે જે માણસ પોતાના સમયના ઈમામને ઓળખતો ન હોય અને મરણ પામે તો તેની મૌત કાફરની મૌત હોય છે.

આથી એ વાત સ્પષ્ટ થાય છે કે હર ઝમાનામાં એક ઈમામનું હાજર હોવું જરૂરી છે અને એ જ રીતે આ ચાલુ ઝમાનામાં પણ હિદાયત કરવાવાળો હાદી હોવો જ જોઈએ અને તે આપણા બારમા ઈમામ (અ.) છે.

### દલીલ-૨

કુરઆને મજીદમાં દરેક મુસલમાનને હુકમ ફરમાવવામાં આવેલ છે કે સાયાની પાળે પાળે ચાલે અને સાહેબાને અમ્ર (હુકમના

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

માલિક)ની તાબેદારી કરે.

ઉપરના અલ્લાહ તઆલાના બંને હુકમોનો સાર એ નીકળે છે કે દરેક ઝમાનામાં એક સાદિક અને એક સાહેબે અમ્ર (હુકમ કરવાવાળો) હોવો જ જોઇએ.

આપણા બારમા ઈમામ (અ.)ના સિવાય કોઇને માટે પણ સાદિક તથા સાહેબે અમ્રનો દાવો કરી શકાય તેમ નથી.

દલીલ-૩

પૈગમ્બરે ઈસ્લામ ફરમાવેલ છે : "લા યઝાલો હાઝદ્દીનો કાયોમન એલા ઈસ્નાઅશર ખલીફતીન મીન્હોરૈસીન ફએઝા હલકુ માજતીલ્અર્ઝો બે એહલેહા" અર્થાત આ દીન ત્યાં સુધી બાકી રહેશે જ્યાં સુધી મારા બાર ખલીફા પૂરેપૂરા ન આવી જાય. જેઓ બધા જ કુરૈશી ખાનદાનમાંથી હશે."

આ બધાએ બારેબાર ખલીફા આવી ગયા પછી દુનિયાનો તેની તમામ ચીઝો સાથે નાશ થઇ જશે.

એહલે સુન્નતના મશહૂર આલિમ મુલ્લા અલી મુત્તકી પોતાની કિતાબ 'કન્ઝુલ ઉમ્માલ'માં આ હદીસ દર્જ કરવામાં આવેલ છે.

જો બાર ઈમામો ખત્મ થઇ ગયા હોત તો ન આ દુનિયા બાકી રહેત ન તો દીન બાકી રહેત.

આ બંનેનું બાકી રહેવું એ જ દલીલ છે કે બારમા ઈમામ (અ.) જીવતા છે. જેનાથી આ દીન તથા દુનિયા કાયમ છે.

સવાલ

૧. હમણાં ઈમામે ઝમાનાની ઉમર કેટલી છે ?
૨. એવા લોકોના નામ બતાવો જેઓ ઈમામે ઝમાનાના પહેલેથી આજ સુધી જીવતા છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 20
# ચાર નવાબ

## (યાને ઈમામ (અ.)ના ચાર નાયબ)

જ્યારે હ. ઈમામ હસન અસ્કરી (અ.)ની શહાદત થઈ ત્યારે આપણા ઈમામ (અ.)ની ઉમર ચાર-પાંચ વરસની હતી. દુશ્મનોએ એવું નક્કી કરી રાખેલું કે આપને પણ કોઈ પણ રીતે હયાત (જીવતા) રહેવા દેવા નહિ.

આથી આપ અલ્લાહના હુકમથી લોકોની નજરથી ગાયબ થઈ ગયા અને લગભગ ૭૦ વરસ સુધી "ગૈબતે સુગરા"નો સિલસિલો ચાલુ રહ્યો.

એ દરમ્યાન એ ઝમાનામાં આપના ખાસ મખ્સૂસ અસ્હાબ હતા. જેઓને આપે પોતાનું ઠામ-ઠેકાણું (પતો તથા સરનામું) આપેલ હતું કે જેઓ આપનાથી મુલાકાત કરતા હતા અને તેઓ (અસ્હાબો) મારફત પોતાના મુરીદોને પોતાનો પૈગામ (દીની હિદાયત વગેરે) મોકલાવતા હતા.

આજ અસ્હાબોને નુવ્વાબે અરબા (ચાર નાયબ)ના નામથી ઓળખવામાં આવે છે.

આ ચાર હઝરાત કે જેઓની કબરો બગદાદમાં છે. જ્યાં લોકો તેમની ઝિયારત માટે જાય છે. જેઓના નામો આ પ્રમાણે છે :

(૧) પહેલા નાએબ જનાબે ઉસ્માન બીન સઈદ હતા. જેઓ ઈમામ (અ.) તરફથી માલના વકીલ હતા અને 'ખૂમ્સ'માંથી સેહમે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈમામ આપને જ આપવામાં આવતો હતો.

(૨) બીજા નાએબ આપના જ ફરઝંદ મોહમ્મદ બીન ઉસ્માન હતા. જેઓને ઈમામે ઝમાનાએ તેમના પિતાશ્રીની વફાતના મૌકા ઉપર ઈમામે ઝમાનાએ દિલસોઝીનો એક પત્ર લખેલ હતો. જે પત્રમાં તેમને નાએબ બનાવ્યાનો ઉલ્લેખ હતો.

(૩) ત્રીજા નાએબ જનાબ હુસૈન બીન રવહ જેની મારફત આજ પણ ૧૫ શાબાનની સવારે આજ સુધી ઈમામની ખીદમતમાં અરજીઓ મોકલવામાં આવે છે.

આપના બારામાં એક મશહૂર બનેલો બનાવ આ પ્રમાણે વર્ણવવામાં આવ્યો છે.

બગદાદમાં રહેવાવાળો એક શખ્સ બુખારા શહેરમાં ગયો હતો. તે ત્યાંથી પાછો ફર્યો તો એક બીજા શખ્સે તેને સોનાના દસ વરખ આપ્યા ને ભલામણ કરી કે "આ વરખ બગદાદ ખાતે જનાબ હુસૈન બીન રવહને પેશ કરી દેવા." પેલા મૂસાફરથી રસ્તામાં એક વરખ કયાંક ખોવાઈ ગયો. તેને બગદાદ આવી પોતાનો સામાન તપાસ્યો તો એક વરખ ઓછો માલુમ પડયો, તે ગભરાઈ ગયો. તેણે ઝટપટ બજારમાં જઈ તેના જેવો જ એક વરખ ખરીદી લાવી ગુમ થયેલા વરખની જગ્યાએ મૂકી દસ વરખ પૂરા કરી દીધા અને તે દસે દસ વરખ તેણે જ. હુસૈન બીન રવહની ખીદમતમાં પેશ કરી દીધા. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે જ. હુસૈન બીન રવહે ફકત નવજ (૯) વરખ તેમાંથી લીધા અને તેણે પાછળથી ખરીદી લાવેલો એક વરખ તે શખ્સને જ પાછો આપ્યો. આ શખ્સ તો ઘણો જ આશ્ચર્યચકીત થયો અને આમ કરવાનું આપને (હ.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હુસૈનને) કારણ પૂછયું :

આપે ખુલાસો ફરમાવ્યો કે તે રસ્તામાં મુસાફરીમાં જે એક વરખ ખોઈ નાખેલ તે મારી પાસે ગૈબી રીતે આવી ગયેલ છે. જ્યારે આ દસમો વરખ તો તેં પાછળથી બજારમાંથી ખરીદી લાવેલો છે.

આ સાંભળી આ મુસાફર તો દિગ્મૂઢ જ બની ગયો.

(૪) ચોથા નાએબ : આપના પછી ચોથા નાએબ જ અલી ઈબ્ને મોહમ્મદ સમરી નક્કી થયા અને એમની વફાત પછી આ નાએબનો સિલસિલો બંધ પડ્યો. આપની વફાત તા. ૧૫મી શાબાન હીજરી સન ૩૨૯માં થઈ.

આ પછી ઈમામ (અ.)એ હવે "ગૈબતે કુબરા"નો આરંભ થઈ રહ્યો છે એમ ફરમાવ્યું "અને આ અરસામાં જો કોઈ નવા નવા પ્રશ્નો ઊભા થાય તો તેના ફેંસલાઓ માટે તમારે આલિમો પાસે જવું" એમ ફરમાવ્યું અને ફરમાવ્યું કે "આલિમોનો હુકમ એ અમારો હુકમ ગણાશે અને અમારો હુકમ એ અલ્લાહનો હુકમ ગણાશે."

## સવાલ

૧. નુવ્વાબે અરબાના નામો ગણાવો.

૨. ચાર નવ્વાબોમાંથી કોઈ એક નાયબનું વર્ણન કરી બતાવો.

૩. નુવ્વાબે અરબાના સમયની મુદત કેટલી છે ?

૪. ત્યારબાદ આપણી ફર્ઝ શું છે તે જણાવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 21
## ઈસ્લામી ઈન્કેલાબ (ક્રાંતિ)

ઈન્કેલાબ લાવવા માટે કુર્બાનીઓની જરૂર હોય છે. શહીદોના ખુનની ધારેથી ઈન્કેલાબનો ઈતિહાસ લખવામાં આવે છે. અને આ શહીદોનું લોહી છે જે કૌમ અને મિલ્લતની રગોમાં હિંમત અને જોશ બનીને દોડતું રહે છે. ઈસ્લામ ઈલાહી ઈન્કેલાબી મઝહબ છે. તેણે જાહિલિયતના ઝમાનામાં અરબોના રીત રીવાજ અને સમાજમાં એ હદ સુધી ફેર બદલી કરી નાખી કે જાનવરો જેવો દિમાગ રાખનાર અરબોને ઈન્સાની ખુબીઓથી સુશોભીત કરી નાખ્યો. લડાકુ કૌમને સુલ્હ અને મોહબ્બતનો દર્સ આપી મૈદાને જંગના બદલે અમનો અમાનની ચાર દિવાલમાં સુકુનથી શ્વાસ લેવાનો મોકો આપ્યો. જે કુટુંબોએ પોતાની ખાનદાની તાકતોના કારણે કમઝોર લોકોને ઝુલ્મો સીતમના નિશાના બનાવ્યા હતા. તેઓને અરબોના દોસ્ત બનાવી દીધા. મુસલમાન ભાઈ ભાઈ છે ફકત તેવા નારા નથી લગાવ્યા બલ્કે ભ ાઈ બનાવીને દેખાડી પણ દીધા.

ઝુલ્મને ઈસ્લામ કોઈ દિવસ સહન નથી કરતો. અને એટલા માટેજ બધી બુરાઈઓના વિરૂધ્ધ અવાજ બલંદ કરે છે. અને હંમેશા ઈન્સાફી નીઝામ કાએમ કરવા માટે કોશિષમાં રહે છે. ઈસ્લામના માનવાવાળાઓએ પણ હંમેશા એજ કોશિષ કરતા રહ્યા છે કે "લાએલ્લાહ ઈલ્લલાહ"ની સદા દુનિયાના ખુણે ખુણા સુધી પહોંચે. અનેદુનિયા એક ખુદાના હુકમના છાંયા નીચે આવી જાય.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈસ્લામના મોટા મોટા આલિમોએ આ કાર્યમાં બહુજ ખિદમતો અંજામ આપી છે. તેઓએ બતાવી દીધું કે ખુદા પર ભરોસો કરનાર અને ખુદાને સૌથી મોટી તાકત માનનાર કોઈ દિવસ કોઈથી ગભરાતો નથી. બલ્કે તેઓ જાણતા હતા કે પોતે મોમીન છે. માટે ગર્વથી રહેતા. પરંતુ આ ઈસ્લામી ઈન્કેલાબની રાહમાં બે મહાન ખતરાનો મુકાબલો કરવો પડે છે. સૌથી મોટો ખતરો એ લોકો છેજે ઈસ્લામની ચાદર ઓઢી ઈસ્લામના દુશ્મન હોય છે. આવા મુનાફીકો ઈસ્લામની અવાજ લોકોના કાન સુધી પહોચાડવામાં અડચણ ઉભી કરતા હોય છે. અને હકકની વાત માનવાથી રોકતા હોય છે. અને બીજો ખતરો એવીગૈરે ઈસ્લામી તાકતોથી હોય છે જે મુસલમાનોને ગુલામ બનાવીને રાખવા ઈચ્છતા હોય છે. ઈરાનના ઈસ્લામી ઈન્કેલાબમાં આ બન્ને તાકતો રૂકાવટ બની હતી. પરંતુ ઈસ્લામી મુજાહિદોએ જાન માલની કુર્બાની દાવ પર લગાવી ઈસ્લામી માહોલ અને રિત રિવાજ કાએમ કરવાની કોશિષ કરી. અને ૧૧ ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૭૯ માં રહેબરે ઈન્કેલાબે ઈસ્લામી આયતુલ્લાહ આકાએ ખુમૈનીના પ્રતિનિધિત્વ હેઠળ ઈરાનના દરેક બુઢા અને જવાનો પહાડો જેવા મજબુત ઈરાદા લઈ મૈદાનમાં આવી ગયા. અને પચાસ વર્ષ જુની પહેલવી હુકુમતનો તૌક પોતાની ગરદનથી ઉતારી ફેકયો. આ માટે જામે શહાદતથી સૈરાબ થનારની સંખ્યા બેહદ વધવા લાગી. અને છેવટે ઈસ્લામી હુકુમત કાએમ થઈ ગઈ.અને રહેબરે ઈન્કેલાબે એલાન કર્યુ કે "અમો ન તો મુશ્રીકીના ગુલામ છીએ. અને ન તો મગ્રીબીના, ન તો અમેરીકાના સાથી છીએ અને ન તો રશીયાના. બલ્કે અમેતો ફકત અલ્લાહના બંદાછીએ અને તેજ અમારો હાકીમ છે." હવેઆ દેશમાં રહેનારા ઈસ્લામના દુશ્મનો અને ઈસ્લામનુ નામ નષ્ટ કરનારીમોટી તાકતોએ પોતાનો ચિરાગ બુજાતો જોયો ત્યારે સખ્તી અને ઝુલ્મના દરેક હથીયાર ઉપયોગમાં લીધા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કૈદ, કત્લ,ખુન વિગેરેના સહારાથી લોકોના ઈસ્લામી હૌસલાને પામાલ કરવાની કોશિષ પણ કરી. પરંતુ હકના સિપાહીઓએ બધી મુશકેલાતો સહન કરી ઈસ્લામી હુકુમતના મુળને મજબુત કરી નાખ્યા. ઈસ્લામના દુશ્મનોએઈસ્લામી હુકુમતને ફેલાતી જોઈ ઈરાકી હુકુમતને ઈરાન વિરૂધ્ધ ઉશ્કેરી. અને ઈરાકની ઝાલિમ મુસ્લિમ હુકુમતે પોતાને મોટી તાકતોના હાથે વહેચી નાખી. અને તેઓની ઈચ્છા મુજબ ઈસ્લામને ખત્મ કરવાની કસમ ખાઈ લીધી. દંગા, ફસાદ અને દેહશત થકી મુસલમાનોના મોઢે તાળા મારવાની કોશિષ પણ કરી. ઈસ્લામનો લિબાસ પહેરનાર પાર્ટી ચાહતી હતી કે અમારા એહકામને ઈસ્લામનું નામ આપવામાં આવે. સાફ ઝાહિર છે કે આવા ઝાલિમ હાકીમને કેવી રીતે ઈસ્લામનો સાચા રહેબર તરીકે સહન કરી શકાય. માટે હક પસંદ અને હકનાજાણકાર આયતુલ્લાહ શહીદ સય્યદ બાકીરૂસ સદ્રની દુરબિન નઝરોએ આ વાતને મેહસુસ કરી લીધી. અને ઈરાનની ઈસ્લામી હુકુમતની તાકીદ કરી અને ઈરાકની બાતિલ હુકુમતના વિરોધમાં કાર્યવાહી શરૂ કરી નાખી. સંજોગો મુનાસિબ ન હતા. તેમ છતાં તેમના પર ફરજ બજાવવી જરૂરી હતી. મુસલમાનોની એકતા માટે ઈરાકમાં મજબુત થવાની કોશિષ પણ કરી અલગ અલગ શહેરોમાં આપના સાથીદારો શહીદ થતા રહ્યા. જેની સંખ્યા લગભગ દસ બાર હજાર સુધી પહોંચી ગઈ. છેવટે શહીદે ખામીસ આકાએ બાકીરૂસ્સદ્રને પોતાની બહેન બિન્તુલ હોદા સાથે બન્નેને કત્લ કરી નાખવામાં આવ્યા. અને રાતના અંધારામાં ફોજી પહેરાઓ હેઠળ નજફે અશરફના મશ્હુર કબ્રસ્તાનમાં અજાણ જગ્યાએ દફન કરી દેવામાં આવ્યા. જયારે વખત આવશે અને ઈરાકમાં ઈસ્લામી ઈન્કેલાબ કાએમ થશે ત્યારે આપની કબ્રની નિશાની પણ ઝાહિર થઈ જશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈરાકી હુકુમતે ઈરાન પર ઘણા ભારે આક્રમણ કર્યા અને મોટા મોટા ઈલાકાઓ પર કબજા પણ મેળવી લીધાં. પરંતુ ઈન્કેલાબના સિપાહીઓની ભારે મહેનત અને મશક્કતથી ઈરાનની ઝમીનને ઝાલિમોથી ખાલી કરાવી લીધી. અને હવે ઈસ્લામી ઈન્કેલાબ ઈરાકને જગાડવાની કોશિષ કરી રહ્યો છે. ઈસ્લામી ઈન્કેલાબ સંબંધી અમુક બુઝુર્ગો વિષે જાણકારી મેળવવી બહુજ જરૂરી છે. આકાએ ખુમૈની ર.અ. આપનું નામ રૂહુલ્લાહ છે. ૨૦ જમાદીઉસ્સાની હી.સ.૧૩૨૦માં આપ ઈરાનના મશ્હુર શહેરખુમૈનમાં પૈદા થયા હતા.જયારે આપ પાંચ મહીનાના હતા ત્યારે આપના પિતા સય્યદ મુસ્તફા શહીદ થઈ ગયા.આપની પરવરિશ આપની માતા અને આપના મોટા ભાઈ સય્યદ મુર્તઝાએ કરી હતી. આપ ઈમામ મૂસા કાઝિમઅ.સ.ની ઔલાદોમાંથી હતા. આપનું બચપન ખુમૈનમાં પસાર થયું. હી.સ. ૧૩૩૯માં ઈલ્મ હાસિલ કરવા માટેઈરાક ગયા અને હી.સ.૧૩૪૦માં ઈરાકથી કુમ તશરીફ લાવ્યા. આપ ઈસ્લામી ઈન્કેલાબ લાવવા માટે હંમેશા કોશિષ કરતા રહ્યા. અને ઈરાનની ઝાલિમ હુકુમત સામે અવાજ ઉઠાવતા રહ્યા. ૧૨ મોહર્રમ હી.સ.૧૩૮૩માં જયારે આપ નમાઝે શબ પઢવા માટે જઈ રહ્યા હતા કે આપને કૈદ કરી લેવામાં આવ્યા. આપની ધરપકડથી પુરા દેશમાં ઝલઝલો પૈદા થઈ ગયો. લોકો ઈસ્લામી ઈન્કેલાબના સાથ માટે એકતાથી આગળ વધવા લાગ્યા. અને હુકુમતનો કાબુ દેશ પરથી ઓછો થવા લાગ્યો. કમઝોર ઝાલિમ હુકુમતે ઝુલ્મનો સહારો લીધો. પરંતુ હુકુમતનો દરેક ઝુલ્મ ઈન્કેલાબે ઈસ્લામીને મજબુત કરતો ગયો અને ઝાલિમની હુકુમતને વધારે નબળી બનાવતો ગયો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આયતુલ્લાહ ખુમૈનીની આઠ મહીનાની નઝર કૈદ અને બે મહીનાની જેલની આઝાદી પછી ૨ જી ઝીલકઅદ હી.સ.૧૩૮૩ એટલે કે ૨૬ ફેબ્રુઆરી ૧૯૪૩માં કુમની મસ્જીદમાં આપે ઐતિહાસિક તકરીર કરી. ૧૩ ઓગષ્ટ ૧૯૬૩માં આપને જીલાવતન (દિશવટો) કરવામાં આવ્યાં. આપ બે વર્ષ સુધી તુરકીમાં રહ્યા. અને તુરકીથી ઈરાક ગયા. ૧૨ વર્ષ સુધી ઈરાકમાં રહ્યા. અને ઈરાકની હુકુમતે આપને ઈરાક છોડવા પર મજબુર કર્યા. અને કુવૈતે આપને ત્યાં રહેવાની રજા ન આપી એટલે આપ ત્યાંથી ફ્રાન્સ ચાલ્યા ગયા. આપ જયાં પણ રહ્યા ત્યાંથી ઈસ્લામી ઈન્કેલાબની તૈયારી કરતા રહ્યા. આપની તકરીરોની કેસેટો પુરા દેશને જાગુત કરતી રહી. અને આ રાહમાંજ આપના દિકરા મુસ્તફા ખુમૈનીની શહાદત વાકેઅ થઈ ગઈ. છેવટે શાહ ઈરાન છોડીને ભાગી ગયો. અને આપ ૧૪વર્ષ પછી ૩ રબીઉલ અવ્વલ હી.સ. ૧૩૯૯ માં ઈરાન પાછા ફર્યા. અને આપની લાજવાબ રહેબરી હેઠળ ઈસ્લામીઈનકેલાબ કડવા સંજોગોથી પસાર થઈ અલ્લાહના ફઝલો કરમથી મજબુત બનતો ગયો. અને તેની અસર બીજા દેશોમાં પણ દેખાવા લાગી.

ઈસ્લામી ઈન્કેલાબ અને ખુમૈની એક કિરદારના બે નામ છે તેમ કહીએ તો પણ ખોટું નથી. આપની પહેલા આયતુલ્લાહ મિર્ઝા શિરાઝી, આયતુલ્લાહ સય્યદ હસન મુદર્રીસ, આયતુલ્લાહ ફઝલુલ્લાહ નુરી...વિગેરે બુર્ઝુગો પણ ઈસ્લામી ઈન્કેલાબ માટે પોતાન મકામ પ્રમાણે કોશિષો કરતા રહ્યા. પરંતુ આ શરફ ખુદાએ આપનામુકદ્દરમાં લખેલ હતો કે આપના શાગીર્દો ગામે ગામ જંઈ લોકોને જાગ્રૃત કરતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને આપ આલીમોને મુનઝઝમકરતા રહ્યા. દેશમાં ફેલાએલા દીની મદ્રેસાઓને તબલીગનું પ્લેટ ફોર્મ બનાવીને મસ્જીદથી ઈસ્લામી ઈન્કેલાબને રસ્તા અને ગલી ખાંચાઓમાં ફેલાવતા હતા. ખુદાવદે આપને અદભૂત વિચાર શકિત, ભરોસો તથા સુકુનની તાકત અતા ફરમાવી હતી. એટલા માટેજ આપની સામેજ ઈસ્લામી ઈન્કેલાબ કામયાબ થયો. અને અતીભારે પરીક્ષાઓ પછી કામયાબી સાથે ઈસ્લામી ઈન્કેલાબ બરપા થયો. પરંતુ અફસોસ કે આ સચોટ ઈરાદાનો આ સુરજ ૪ જુન ૧૯૮૯ માં આથમી ગયો. તેમ છતાં તેની કિરણો આજ સુધી આલમે ઈસ્લામને મુનવ્વર કરી રહી છે.

**આકાએ ખામનાઈ** આપનું નામ અલી છે. હી.સ. ૧૩૩૯ માં મશ્હદે મુકદસના ઈલ્મી કુટુંબમાં જન્મ થયો. આપના પિતા હ.આયતુલ્લાહ સય્યદ જવાદ ખામનાઈ અને દાદા આયતુલ્લાહ સય્યદ હુસૈન ખામનાઈ જે તે સમયમા ઝોહદ,તકવા,ઈલ્મ અને ફઝીલતમાં મશ્હુર હતા. એવા ઈલ્મી ઘરાનામાં પૈદા થનાર ખુશનસીબ બાળકે દીની ઈલ્મ હાસિલ કરવાને પોતાના જીવનનો ખરો હેતું બનાવ્યો. અને પોતાની પ્રાથમિક તાલિમ આપના પિતા પાસેજ હાંસિલ કરી અને તેઓનું પુરતુ ધ્યાન અને આપની અદભુત યાદશક્તિના કારણે બહુજ જલ્દી હોઝે ઈલ્મીયાના દર્સે ખારીજમાં ઉચ્ચ કોટીના ઉસ્તાદોના દર્સમાં શિર્કત કરવા લાગયા. આપે ઈ.સ. ૧૯૫૬માં ઝિયારતની નિય્યતથી ઈરાકનો સફર કર્યો. અને બાબે મદીનતુલ ઈલ્મના રોઝા પર હાઝરી આપી. અને તેના સાથે આયાતેએઝામ આકાએ મોહસિન હકીમ, આકાએ ખુઈ, આકાએ શાહરૂદી, અને આકાએ બજનૂરવી વિ.ના દર્સમાં શિરકત કરતા રહ્યા અને આપ ચાહતા હતા કે નજફમાં હંમેશા રહે. પરંતુ પોતાના પિતાની ઈચ્છાનો એહતેરામ કરી બીજા વર્ષેજ પાછું ફરવું પડયું.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈ.સ. ૧૯૫૮માં આપ હૌઝે ઈલ્મીયા કુમની પવિત્રવાતાવરણમાં રહેવા લાગ્યા. અને આયાતે એઝામ આકાએ બુરૂજરદી, રહેબરે ઈન્કેલાબ ઇમામ ખુમૈની અને આયતુલ્લાહ હાએરીના દર્સમાં શીરકત કરવા લાગ્યા. આ એજ ઝમાનો હતો કે આયતુલ્લાહ ઈમામ ખુમૈનીએ પોતાના ઈન્કેલાબી દર્સોથી હોઝે ઈલ્મીયા કુમને નવું જીવન અતા કર્યુ.

ઈ.સ. ૧૯૬૩માં જયારે મદ્રેસએ ફૈઝીયાથી આ અઝીમ ઈસ્લામી ઈન્કેલાબની શરૂઆત થઈ. ત્યારે આયતુલ્લાહ ખામનાઈ પણ તે થોડાક ખુશનસીબ લોકોમાં શામિલ હતા જેઓએ રહેબરે ઈન્કેલાબની અવાજ પર લબ્બૈક કહી તેમના સાથે કદમ મેળવીને ચાલવાનો વાયદો કર્યો. અને તે માટે ગિરફતારી અને જીલાવતનીના સખ્ત મસાએબ સહન કરવા પડયા. ઈમામ ખુમૈનીએ ઘણી જગ્યાએ આપને પોતાના ખાસ વિશ્વાસુ બનાવ્યા હતા. અને ઘણી જગ્યાએ આપને શાબાશીના આશ્વાસન શબ્દો પણ અર્પણ કર્યા હતા.

ઈ.સ. ૧૯૭૭માં આપને ઈન્કેલાબી ચળવળમાં આગળ આગળ રહેવાના જુર્મમાં કૈદ કરવામાં આવ્યા અને પછી આપને દેશવટો આપી દેવામાં આવ્યો. પરંતુ આપ ત્યાં પણ શીઆ સુન્ની ઈન્કેલાબીઓને એકતા અને સાથે મળી કામ કરાવામાં મહત્વનો ફાળો આપ્યો છે. રહેબરે ઈન્કેલાબના હુકમથી પેરીસમાં એક ઈન્કેલાબી કાઉન્સીલ બનાવવામાં આવી. જેનો હેતું એ હતો કેભવિષ્યની હુકુમતનું પ્રાથમિક માળખું તૈયાર કરવું હતું. આયતુલ્લાહ ખામનાઇને ઈમામ ખુમૈનીના હુકમથી આ કાઉન્સીલના એક સભ્ય બનાવવામાં આવ્યા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈ.સ. ૧૯૭૯માં આપે ઈસ્લામી જમ્હુરી પાર્ટીની ઉમેદવારી બતાવી. જેમાં ઈન્કેલાબ પછી જાહેર ચુટણીમાં સ્પષ્ટ બહુમતીથી વિજયી બન્યા. ઈ.સ.૧૯૭૯માં ઈસ્લામી ઈન્કેલાબી ફોજની રહેબરી નિભાવી. અને આયતુલ્લાહ તાલેકાનીના ઈન્તેકાલના થોડા દિવસ પછી ઈમામ ખુમૈનીના ખાસ હુકમથી તેહરાનમાં નમાઝે જુમ્મા પઢાવવાની ઝિમ્મેદારી પણ કબુલ કરી હતી.

ઈ.સ. ૧૯૮૧માં તેહરાનના ઈસ્લામી પારલામેન્ટમાં પ્રજાના પ્રતિનિધિની જગ્યા મેળવી. ૨૭ જુન ૧૯૮૧ માં મસ્જીદે અબુઝરમાં નમાઝ પછી તકરીર દરમ્યાન મુનાફીકોના આક્રમણથી ઝખ્મી થયા. અને ઓકટોમ્બર ૧૯૮૧માં ૯૮ મતની જંગી બહુમતીથી ઈસ્લામી જમ્હુરીયએ ઈરાનના ત્રીજા પ્રધાનમંત્રી બન્યા.

આપનું પ્રધાન પદ એવા સમયમાં શરૂ થયું હતું કે ત્યારે ઈસ્લામી ઈન્કેલાબ બહુજ નાઝુક પરિસ્થિતિથી પસાર થઈ રહ્યો હતો. આપના આઠ વર્ષના પ્રતિનિધિત્વ હેઠળ આપે ઈસ્લામી જમ્હુરયે ઈરાનને એક ઈઝ્ઝતદારઈસ્લામી હુકુમતનું સ્વરૂપ આપ્યું. હજી આપના પ્રધાન પદનો સમય પુરો ન થયો હતો કે ઈમામ ખુમૈનીની વફાતથી ઈરાનમાં એક ન પુરાઈ તેવી ખોટ આવી પડી. માટે ઓલમાએ ઈસ્લામની મજલીસે ખુબરેગાન નામનીકમીટીએ આપની ઈરાનના રાષ્ટ્રપતી તરીકે નીમણુંક કરી. અને આપની લિલ્લાહિયત ખુલુસ અને લાજવાબ સલાહીયતોના કારણે આ ઝિમ્મેદારી એવી રીતે સંભાળી કે આજ સુધી ઈસ્લામી જમ્હુરીયએ ઈરાન આપની અઝીમુશ્શાન રહેબરીના હેઠળ પૂરી દુનિયામાં શોભા બની રહેલ છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**આકાએ બાકિરૂસ્સદ્ર** આપ જન્મ ૫ ઝીકઅદહ હી.સ. ૧૩૫૩ એટલે કે ૨ માર્ચ ૧૯૩૫માં કાઝમૈનમાં થયો હતો. કોમ્યુનીસ્ટ હુકમતના હાથે આપને ૫ એપ્રીલ ૧૯૮૦માં ગિરફતાર કરી બગદાદ લાવવામાં આવ્યા અને ૯ એપ્રીલ ૧૯૮૦માં આપને તથા આપની બહેન બિન્તુલ હોદાને તે ઝમાનાના યઝીદ એટલે કે સદ્દામે અસહ્ય અઝીય્યતથી શહીદ કર્યા. અને નજફના મશ્હુર કબ્રસ્તાન વાદીઉસ્સલામમાં કોઈ અજાણી જગ્યાએ છુપી રીતે ગુરબતની હાલતમાં દફન કરી દેવામાં આવ્યા.

આપ આયતુલ્લાહ આકાએ મોહસીન હકીમ સાહેબના ભરોસા પાત્ર અને આયતુલ્લાહ આકાએ સય્યદ અબુલકાસિમ ખુઈના ખાસ શાગીર્દ હતા. બહુજ થોડા સમયમાંજ આપ ઈજતેહાદના દરજ્જા સુધી પહોચી ગયા હતા. અને પચ્ચીશ વર્ષની નાની ઉમ્રમાં ઈજતેહાદનો દર્સ પણ આપવા લાગ્યા હતા. ફિકહ, ઉસુલે ફિકહ, ફિલોસોફી, મનતીક, મઆશિયાત, અને ઈસ્લામિયાત પર આપની લાજવાબ કીતાબો હજી સુધી મૌજુદ છે. જેમાં આપે અમુક ઈલ્મના બંધ દરવાજાને પણ ખોલ્યા છે.

શાર્ગિદોની ભીડ અને તેઓથી બેહદ મોહબ્બત આપની વિશેષતાઓમાંથી છે.

ઈરાક જે વર્ષોથી શિઆ લોકોનું ઈલ્મી કેન્દ્ર હતું. પરંતુ કોમ્યુનિસ્ટ હુકુમતના કયામ પછી મુલહીદો જેવું થવા લાગ્યું તો આકએ હકીમે ગામડે ગામડે જઈ તાલિમનો બંદોબસ્ત કર્યો અને ઈરાકને મુલહીદ થવાથી બચાવી લીધું અને આકાએ હકીમે આપને આ કામના લીડર બનાવ્યા હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કોમ્યુનિસ્ટ હુકુમતે પહેલો જવાબી વાર આકાએ હકીમ પર કર્યો અને નજફના હૌઝે ઈલ્મિયાને વિરાન કરી નાખ્યા. અને બીજો વાર આકાએ સદ્ર પર કર્યો જે આપની શહાદત પર ખત્મ થયો. અને ત્રીજો વાર ઈરાકના બધા ઓલમા અને મોઅમેનીન પર કર્યો જેનાકારણે વધું પ્રમાણમાં લોકોને શહીદ કરી દેવામાં આવ્યા. અને ઘણા લોકોને કૈદની મુસીબતો પછી શહીદ કરી દેવામાં આવ્યા. અને વધુ પ્રમાણમાં લોકોને દેશવટો આપી દેવામાં આવ્યો. તેમ છતા આજે પણ આકાએ બાકિરૂલ હકીમ જે આકાએ સદના શાગિર્દ અને આકાએ હકીમના ફરઝંદ છે. તેઓના પ્રતિનિધિત્વ હેઠળ અને ઈસ્લામી જમહુરીની મદદ થકી ઈરાકમાં ઈસ્લામી ઈન્કેલાબ લાવવાની તનતોડ કોશિષ કરી રહ્યા છે. આજે શહીદે ખામિસ આકાએ સદ્ર મૌજુદ નથી પરંતુ તેઓની લખેલ કિતાબોના થકી તેઓની ઈલ્મી પતિભા આજ સુધી જીવંત છે. શાગિર્દો થકી તેમની ફિક્ર અને તેમના કિરદાર હજી સુધી જીવતા છે. ઈન્શાઅલ્લાહ જયારે લબનાન અને ઈરાકમાં ઈન્કેલાબ આવશે ત્યારે તે દિવસે શહીદે સદ્ર માટે એક પુરનૂર દિવસ હશે.

**આકાએ મુર્તઝા મુતહહરી** ઈ.સ. ૧૯૧૯માં ખુરાસાનના એક કીરમાન ગામમાં આપનો જન્મ થયો હતો. આપનાપિતા બહુજ મત્તકી અને પરહેઝગાર માણસ હતા. જેમના તકવા પર ખુદ આપને ગર્વ હતો. આપ ૧૯૩૧માં મશ્હદે મુકદસમાં દીની તાલિમ મેળવવા માટે આવ્યા હતા. અને જયારે આપ ૧૯ વર્ષના થયા તો આપ કુમ તશરીફ લાવ્યા. અને આકાએ મુન્તઝરી ન ફકત આપના હમ-દર્સ હતા, બલ્કે તેઓ બન્ને એકજ રૂમમાં રહેતા પણ હતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈસ્લામી ઈન્કેલાબમાં ૧૯૬૩ની ક્રાંતિમાં ભાગ લીધો અને કૈદોબંદની મુસીબતોનો સામનો કર્યો. અને હુકુમતની અમુક પાબંદીઓના શિકાર પણ બન્યા. છેવટે ૧૯૭૬માં દુશ્મને ઈસ્લામની તાકતોને હાથે શહીદ પણ થઈ ગયા. અને કુમમાં હ.માસૂમા અ.સ.ના રોઝામાં આપને દફન કરવામાં આવ્યા.

આપની મશ્હુર કિતાબ 'અદલે ઈલાહી' છે જેના થકી આપની ઈલ્મી સલાહીયતનો અંદાઝો લગાવી શકાયછે. આપ બહેતરીન ખવૈદ્ય પણ હતા. અને મહાન લેખક પણ હતા. આપ એવા ઉચ્ચ કોટીના તત્વચિંતક હતા તેમ છતા આપ પોતાની તકરીર અને કિતાબોના લખાણમાં ફકત એવી વસ્તુઓને પેશ કરતા જેની લોકોને જરૂરતહતી. આપે બચ્ચાઓ માટે અખ્લાકી વાર્તાઓ પણ લખી છે. અને સઘળા લોકો માટે કીમતી કિતાબો પણ લખી છે.આપે કોમ્યુનીઝ્મ અને પશ્ચીમી ફિલોસોફી પર ઈસ્લામની ઈલ્મી વિશિષ્ઠતા પેશ કરવામાં પોતાની પૂરી ઉમ્ર વિતાવી છે. આપે પૂરી ઝિંદગી ઉચ્ચ શિક્ષણ મેળવેલ લોકોને ન ફકત ઈસ્લામની ઓળખ બતાવી બલ્કે તેઓને ઈસ્લામના ચાહક પણ બનાવી દીધા. ૫૭ વર્ષની ઉમ્રમાં ભલે આપના જીવનના ચિરાગને બુજાવી દેવામાં આવ્યો પરંતુ આપે જે ઈસ્લામી અખ્લાકી ચિરાગ રોશન કર્યો છે તે ઝુહૂરે ઈમામે ઝમાના અ.સ. સૂધી પણ લોકોને પ્રકાશ આપતો રહેશે.

**આકાએ બેહીશ્તી** મોહ્મદ હુસૈની બેહીશ્તી હી.સ. ૧૩૪૯માં ઈસ્ફહાનમાં પૈદા થયા આપના પિતા પેશ નમાઝ હતા. આપનું કુટુંબ મઝહબી અને જ્ઞાની કુટુંબ હતું. ચાર વર્ષની ઉમ્રમાં આપની તાલિમ શરૂ થઈ. હી.સ.૧૩૬૭માં કુમના હૌઝામાં દાખલ થયા. જે આકાએ બુરૂજરદીનો ઝમાનો હતો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હૌઝે ઈલ્મીયા કુમની તાલિમ સાથે આપતેહરાન યુનિવર્સીટીની તાલિમ પણ હાંસિલ કરતા હતા. હી.સ. ૧૩૭૯માં પી.એચ.ડી. પૂર્ણ કર્યુ. હી.સ.૧૩૮૩માં આકાએ ખુમૈનીના પ્રતિનિધિત્વ હેઠળ ચાલતી ઈસ્લામી ઈન્કેલાબની ક્રાંતિમાં શરીક થયા. હી.સ.૧૩૮૫માં આકાએ બુરૂજરદી તરફથી જર્મની તબલીગ માટે ગયા હતા. અને ૧૩૯૧માં તેહરાન પાછા ફર્યા. ઈસ્લામી ઈન્કેલાબ લાવવા માટે જે પહેલી મહાન કમીટી બની હતી આપ તેના મેમ્બર હતા. અને આપની સાથે બીજા મેમ્બરો આકાએ શહીદ મુતહહરી, આકાએ રફસનજાની, આકાએ શહીદ બાહુનર વિગેરે હતા. ઈસ્લામી ઈન્કેલાબની કામ્યાબી પછી એસેમ્બલીના મેમ્બર તરીકે પણ ચુંટાયા હતા. અને ચીફ જસટીસ તરીકે પણ નિમાયાહતા. આપ પોતાની માતુ ભાષા ઉપરાંત અગ્રેજી,જર્મની, અને અરબી ભાષાના બહેતરીન નમૂના હતા. આપનું રસપ્રદ કાર્ય શિક્ષિત અને દીનથી નાવાકિફ લોકોને મઝહબી બનાવવું હતું.

આપની શહાદત એવા બોમના ફુટવાથી થઈ જેમા આપની સાથે ઈરાનના ૭૨ બુધ્ધીજીવીઓ શહીદ થયાહતા. આકાએ શહીદ બેહિશ્તી કિરદાર સાઝીના બહુજ મહાન વ્યક્તિઓમાંથી હતા. આપેજ "હીઝ્બે જમહુરીયએઈસ્લામી" નામની જમાઅત કાએમ કરી હતી. અને આ જમાઅતમાં એવી સલાહીયતવાળા લોકોને સભ્ય બનાવ્યા હતા. કે લગભગ સો અનુભવી માણસોની શહાદત પછી પણ આજ સુધી ઈરાની હુકુમત મજબુત છે.અને ઈસ્લામી ઈન્કેલાબનો સફર દેશની અંદર તેમજ બહાર શરૂ છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ગદ્દાર બની સદ્રે જયારે ઈરાન અને ઈસ્લામીઈન્કેલાબને બદતરીન હાલતમાં મુકી દીધા ત્યારે આકાએ બેહીશ્તી અને આકાએ શહીદ રજાઈજ એવા જવાનમર્દોહતા કે જેણે ઈસ્લામી ઈન્કેલાબની રક્ષા કરી અને પોતાની જાન આપીને ઈન્કેલાબે ઈસ્લામીને નવી ઝિંદગી બક્ષી.

**આકાએ મોહમદ જવાદ બાહુનર** ઈસ્લામ જમહુરીયએ ઈરાનના મરહુમ વઝીર હુજ્જતુલ ઈસ્લામ ડોકટર મોહમદજવાદ બાહુનર ઈસ્લામી ઈન્કેલાબની મહાન શખ્સીયતોમાંથી એક હતા.૧૯૩૩માં ઈરાનના કિરમાન શહેરમાં પૈદાથયા હતા. આપના પિતાને એક નાનો એવો ધંધો હતો જેનાથી તેઓ ગુજરાન ચલાવતા હતા. પ્રાથમિક તાલિમ પોતાના શહેરમાં લીધા પછી વીશ વર્ષની ઉમ્રે આપ મદ્રેસએ ફૈઝીયામાં દાખલ થયા. ગરીબીની હાલતમાં ઈલ્મે દીન હાસિલ કર્યુ અને ઝાલિમ હુકમત વિરૂધ્ધ અવાજ બુલંદ કરતા રહ્યા. ૧૯૬૩માં જયારે ઈમામ ખુમૈનીના પ્રતિનિધિત્વ હેઠળ ઈન્કેલાબે ઈસ્લામની શરૂઆત થઈ તો આપ કુમથી તેહરાન આવી ગયા. અને ઈન્કેલાબના કાર્યમાં જોડાઈ ગયા. અંતે આપને કૈદ પણ કરી લેવામાં આવ્યા અને આપની તકરીરો પર પાબંદી પણ લગાવી દેવામાં આવી. ઈમામ ખુમૈની બરાબર આપની હીંમતમાં વધારો કરતા રહ્યા. ઈ.સ.૧૯૭૮ માં આપ હિઝબે જમહુરીયએ ઈસ્લામી કાએમ કરવાની કોશિષમાં હતા. અને પુરા દેશમાં ઝાલિમ હુકુમત વિરૂધ્ધ હડતાલ પાડવાનું કાર્ય જે આપને સોપવામાં આવ્યું હતું તે ઈન્કેલાબે ઈસ્લામીની કામ્યાબી સુધી અંજામ આપતા રહ્યા. અને ઈન્કેલાબે ઈસ્લામીની કામ્યાબી પછી પણ આપને મોટો હોદો આપવામાં આવ્યો હતો. જયારે મોહમ્મદ અલી રજાઈ સદ્ર હતા ત્યારે આપને વઝીરે આઝમનો ઓહદો અર્પણ કરવામાં આવેલ હતો. પરંતુ ઈસ્લામના મુનાફીકોનેઆ વાત કઈ રીતે ગળે ઉતરે કે ઈસ્લામનો સાચો વફાદાર અને ઈન્કેલાબના સાચા રસ્તા પર કામ કરવાવાળો કેવી રીતે તેઓની વચ્ચે રહે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

માટે પારલામેન્ટમાં રાખવામાં આવેલ બોમના ફાટવાથી આપની શહાદત થઈ. અને હંમેશા માટે કૌમને સબક આપી ગયા કે હકના સિપાહી જાનનું જોખમ તો ખેડી શકે છે. પરંતુ હક વિરૂધ્ધ કોઈ વાત સહન નથી કરી શકતા. તેઓએ મૌતને પણ ગળે લગાડી હકીકી ઝિંદગી મેળવી લ્યે છે.

**આકાએ મોહમદ અલી રજાઈ** ઈ.સ. ૧૯૩૩ માં કઝવીનના એક ગરીબ અને મઝહબી કુટુંબમાં પૈદા થયા. અને ચાર વર્ષની ઉમ્રમાં યતીમ થઈ ગયા. શિક્ષણ સાથે રોઝી પણ કમાવી પડતી હતી. આપને બજારમાં જઈ કોઈ કામ કરવામાં જરા પણ શરમ મેહસૂસ નહોતી થતી. બલ્કે ગર્વથી આપ રોઝી પણ કમાતા અને તાલિમ પણ હાંસિલ કરતા. તાલિમ પૂરી કર્યા પછી ગણિતના શિક્ષક બની ગયા હતા. આપનો અસ્લી મકસદ રોઝી કમાવી ન હતી બલ્કે ઈસ્લામી ઈન્કેલાબની ક્રાંતિમાં જોડાઈ જવું હતું.

શાહે ઈરાનની ઝાલિમ હુકુમતે આપને ધણી વખત કૈદ કર્યા. અને ધણા વર્ષો સુધી સાવાકની બનાવેલ અસહ્ય તકલીફો સહન કરવી પડી. પરંતુ આપની હિંમત ઔર વધારે મજબુત થતી રહી. છેવટે હુકુમત હારી ગઈ

પરંતુ આપ હિંમત ન હાર્યા. મોહમ્મદ અલી રજાઈની સર્વ શ્રેષ્ટ ખાસિયત એ હતી કે આપ આલિમે દીન ન હતા. પરંતુ ઈમામ ખુમૈનીના ખાસ ભરોસા પાત્ર આદમી હતા. ઈન્કેલાબે ઈસ્લામીના કામ્યાબ થવા પછી પહેલો પ્રધાનમંત્રી બની સદ્ર જે ઈન્કેલાબને નષ્ટો નાબુંદ કરવાની કોશિષ કરી રહ્યો હતો. પરંતુ આપે તેનાથી બરાબરનો મુકાબલો કર્યો. જોકે પ્રધાન મંત્રીનુ વર્ચસ્વ વધાર હોય છે. તેમ છતાં આપે તે પ્રધાન મંત્રી બની સદ્રની એક પણ વાત ચાલવા ન દીધી. અને છેવટે બની સદ્રને ઓરતોનો લિબાસ અને ચાદર પહેરીને ભાગી જવું પડયું.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બની સદ્રના ભાગી જવા પછી જમહુરીયએ ઈસ્લામીએ ઈરાનના સદ્ર તરીકે આપની નિમણુંક કરવામાં આવી. દુશ્મનો આપની કામ્યાબીને જોઈ અજબ થઈ ગયા. અંતે પારલામેન્ટના બોમ્બના ફાટવાથી આપ પોતાનાસાથીઓ સાથે શહાદતના દરજ્જે ફાએઝ થઈ ગયા. રહેબરે ઈન્કેલાબ આપના ખાસ સોગવાર રહ્યા. શહીદ રજાઈહવે દુનિયામાં નથી રહ્યા પરંતુ તેમની આરઝુ અને ઉમ્મીદો આજ સુધી પરવાન ચડી રહી છે.

**મૌલાના સય્યદ ગુલામ અસ્કરી બાનીએ તન્ઝીમુલ મકાતિબ** લખનૌ જીલ્લાના બીજનૌર ગામના દીનદાર ખાનદાનમાં આપનો જન્મ થયો. આપની વિલાદત ઈ.સ. ૧૯૨૮માં થઈ હતી. આપના પિતા સય્યદ મોહમ્મદ નકી હતા. જે સ્કુલ ઈન્સ્પેકટર હોવા છતાં બહુજ દીનદાર અને મઝહબી હતા. ઘરના મઝહબી માહોલની તરબીયતહેઠળ દર્સગાહે જામેએ નાઝમીયામાં તાલિમ હાંસિલ કરી. અને લખનૌની મેડીકલ કોલેજમાં સારા માર્કસ અને ઈનામોથી સનદ મેળવી હતી.નજમુલમિલ્લત અને મુફતીએ આઝમથી ઈલ્મી ફૈઝ હાંસિલ કર્યા પછી મદ્રેસએ વાએઝીનમાં દાખલ થયા. ત્યાં આપને ઈસ્લામી ફિલોસોફર અલ્લામા સય્યદ અદિલ અખ્તર સાહેબ જેવા અઝીમુશ્શાન શિક્ષક અને મુરબ્બી મળ્યા. જેઓએ પોતાના ઈલ્મો અમલ થકી આપને હક બયાન કરનાર અને હક સ્વિકારનારની જીવતી જાગતી તસ્વીર બનાવી દીધા હતા.જેનો અસર આપના જીવનના દરેક મોડ પર દેખાઈઆવતો હતો. તાલિમ પુર્ણ કર્યા પછી મદ્રેસએ વાએઝીન તરફથી તબલીગનું કાર્ય હાથમાં લીધું. આપની દુરદાંઝનજરોએ સમાજના માહોલને સમજી અને સમાજની ખોટ-ખામીના મુળ પાયાની શોધ કરી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને તેના ઈલાજ પાછળ લાગી ગયા. આપનો મહાન હેતું ઈસ્લામી વિચાર ધારણાને દરેક દિમાગમાં પહોંચાડવો હતો. આપનો મકસદ શહેર અને દેશ પર હુકુમત કરવો ન હતો બલ્કે દરેક દિમાગ પર ઈસ્લામી હુકુમત કાએમ કરવી હતી. આપ બહુજ સારા પ્રવચક, લેખક અને આલીમે બાઅમલ હતા. અને આપે સમાજની બીમારીની શિફા માટે અવનવા તરીકાઓ શરૂ કરી દીધા. આપ મદ્રેસએ વાએઝીનમાં એક મુદદત સુધી સેક્રેટરી તરીકેની ખિદમત આપતા રહ્યા. અને આ સમય દરમ્યાનજ આપે બેદીની જેવી ખતરનાક બીમારીનો પહેલો અને છેલ્લો ઉપાય પ્રયોગમાં લઈ મકતબો કાએમ કરી લોકોના હવાલે કર્યા. લોકોએ આ મકતબોને સહકાર આપ્યો અને ૧૧ ઓગષ્ટઈ.સ. ૧૯૬૮માં એટલે કે ૧૫ જમાદીઉલ અવ્વલ હી.સ. ૧૩૮૮માં પોતાના દોસ્તોની મદદથી 'તનઝીમુલ મકાતીબ'નો પાયો નાખ્યો. ગામે ગામ અને ગલી ગલીમાં મકતબ કાએમ કરવામાં આવ્યા.અને આકાર્ય માટે જરૂરી વસ્તુઓ વસાવી અને તેને ચલાવવા માટે ખર્ચાની ઝિમ્મેદારી પણ ઉઠાવી. અને કૌમ તરફ ઈલ્મનો દરિયો ફેલાવવાનો શરૂ કરી દીધો. અને અત્યારે અલ્હમદો લિલ્લાહ દેશના ગામે ગામ આઠસોથી વધારે મદ્રેસાઓ થકી ઈસ્લામનો પૈગામ પહોંચી રહ્યો છે. ઈ.સ.૧૯૮૧માં તન્ઝીમુલ મકાતિબના નામથી એક ખાલિસદીની અને અખ્લાકી મેગેઝીન પણ બહાર પાડયું જે દેશનું એક માત્ર અર્ધમાસિક મેગેઝીન છે. જેમાં આપ દરેક મેગેઝીનમાં ઓછામાં ઓછા બે લેખ જરૂર લખતા હતા. મદ્રેસાઓની મજબુતી માટે સારા એવા મુદર્રીસ ભાઈ બહેનોની વ્યવસ્થા કરી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

તેમજ અલગ અલગ જગ્યાઓ પર પેશનમાઝ વિગેરેની વ્યવસ્થા કરી. જેના કારણે આ મીશનને મજબુતી સાથે આગળ વધારી શકાયો. ૨૧ ઓગષ્ટ ઈ.સ. ૧૯૮૩માં જામીઆ ઈમામીયા તનઝીમુલ મકાતીબના નામથી એક ઉચ્ચ દીની મદ્રેસો પણ કાએમ કર્યો જે આપની ખાસિયતના કારણે દેશની સર્વોચ્ચ દીની દર્સગાહ છે. યુપી, રાજસ્થાન, અનેકાશ્મીરની કોનફ્રાન્સોમાં પણ ઈસ્લામનો પૈગામ પહોચાડતાં રહ્યાં અને ૯મી મે ઈ.સ. ૧૯૮૫માં શબે જુમ્માના મેનડર પુંચ કાશ્મીરમાં આપનું ઈન્તેકાલ થયું.

**<u>ટુંક નોંધ લખો</u>** (નીચે બતાવેલ વિષયો પર દસ લીટી લખો.)

(૧) આકાએ ખુમૈની ર.અ.

(૨) આકાએ ખામનાઈ

(૩) આકાએ બાકિરૂસ્સદ્ર

(૪) આકાએ મુર્તઝા મુતહ્હરી

(૫) આકાએ બેહીશ્તી

(૬) આકાએ મોહમદ જવાદ બાહુનર

(૭) આકાએ મોહમદ અલી રજાઈ

(૮) મૌલાના સય્યદ ગુલામ અસ્કરી (બાનીએ તન્ઝીમુલ મકાતિબ)

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 22

## મુજાહિદોનું જીવન

દુનિયામાં લડવાવાળા અને મરવાવાળાઓના ઘણા કિસ્સા જોવા મળશે. બીજા દેશો પર ચઢાઇ કરી શુરવિરનો લકબ મેળવનાર ઘણા જોવા મળશે. તીરો તલવારના ભરોસે મૈદાને જંગમાં અણનમ રહેનારાઓ ઘણાજોવા મળશે. પરંતુ હક અને .સચ્ચાઈની રાહમાં કુર્બાનીઓ પેશ કરનારાઓ બહુજ ઓછા હશે. તાકત રાખવા છતાંસબ્ર કરનાર બહુજ ઓછા હશે. આજે તમને એવાજ મુજાહિદોના જીવન ચરીત્ર વિષે જાણકારી આપવામાં આવશેજેઓએ હકક સચ્ચાઇ અને ઈન્સાફની રક્ષા માટે પોતાની કુર્બાનીઓ પેશ કરેલ. જેઓએ બેહદ મુસીબતોનો સામનો કર્યો પરંતુ બાતિલ સામે માથું નથી નમાવ્યું. ફાંસી પર લટકાવવામાં આવ્યા પરંતુ હકની બંલદીનું એલાન કરતા રહ્યા. આવા મુજાહિદો ઈસ્લામી ઈતિહાસમાં બેશુમાર જોવા મળશે.પરંતુ અફસોસ કે ઈતિહાસસ ખનારાઓ હુકુમતથી ડરી તેઓના જીવન ચરીત્રને સામે ન આવવા દીધું. અને ન તો તેઓના કારનામાઓને સંપુર્ણ રીતે આપણા સુધી પહોંચવા દીધા. હવે જેટલા પ્રમાણમાં તેઓના જીવન ચરિત્ર આપણી સુધી પહોંચ્યા છે તેનું વર્ણન કરી રહ્યા છીએ.

**માલિક ઈબ્ને નુવૈરા** આપ બતહાના રહેવાસી હતા. અને પોતાના સમયના મોટા બહાદુર હતા. અને શાયરી તેમજ સવારીમાં બહુજ મશ્હુર વ્યક્તિ હતા. તેમ છતાં ઝઘડાળું અને આક્રમક ન હતા. પંરતુ બહુજ ઉચ્ચકોટીના પ્રામાણીક અને અમીન હતા. રસૂલે ખુદા સ.અ.વ. એ આપને ઝકાત વિગેરેનો માલ ઉઘરાવવા માટે વકીલ બનાવ્યા હતા.આપે બહોળા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પ્રમાણમાં ઝકાત વિગેરેનો માલ એકઠો પણ કરી લીધો હતો. કે અચાનક રસૂલે ખુદાસ.અ.વ.ની વફાત થઈ ગઈ. જયારે આપ મદીના આવ્યા તો રસૂલ સ. ની જગ્યાએ બીજો આદમી બેઠેલો જોઈ આપે ભર્યા દરબારમાં સ્પષ્ટ કહી દીધું કે "તમો રસૂલે ખુદા સ.અ.વ.ના હુકમનું ઉલ્લંઘન ન કરો. આ મકામ ગદીરે ખુમના મૈદાનમાં રસૂલે ખુદા સ.અ.વ. હ.અલી અ.સ.ને સોંપી ગયા છે. અને હું ઈસ્લામની અમાનત તમારા હવાલે નથી કરી શકતો." આટલું કહી ત્યાંથી ચાલ્યા ગયા. હુકુમતે આપને બાગી કહી આપના પર ચઢાઈ કરવા માટે એક લશ્કર મોકલી દીધું. અને લશ્કરનો સરદાર ખાલિદ બિન વલીદને બનાવ્યો.ખાલિદે બુઝદિલીથી હુમલો કર્યો અને જયારે માલિકની કૌમ નમાઝની હાલતમાં હતી ત્યારે તેઓ બધાને કત્લ કરીનાખ્યા. છેવટે માલિકને પણ શહીદ કરી નાખ્યા. અને આપની પત્ની પર નાજાએઝ અત્યાચાર કરવામાં આવ્યો.માલિક કલમો પઢી શહીદ થઈ ગયા. પરંતુ લશ્કરે તેની કોઈ પરવાહ ન કરી. આ વાત પર બીજા ખલીફાને પણ ગુસ્સો આવ્યો અને કહેલ કે "મારો બસ ચાલે તો હું ખાલિદને સંગસાર કરાવી દઈશ. કારણકે તેણે મુસલમાનને કત્લ કરી તેઓની ઔરતો સાથે બદકારી કરી છે." ઈતિહાસનો આ એક એવો મુજાહિદ છે જેણે માથું કપાવી નાખ્યું, આબરૂ લુટાવી દીધી. પોતાની કોમનીકુર્બાની આપી દીધી. તેમ છતાં હકને હક જ કહેતા રહ્યા. કાતિલ કોઈ દિવસ વિજય નથી બનતો. બલ્કે હક પર મરવાવાળો શુરવીર અને મુજાહિદ કહેવામાં આવે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**સઅદ બિન એબાદહ** આપનો શુમાર સરદારો અને રસૂલે ખુદા સ.અ.વ.ના અન્સારો માં થાય છે. આપ એહલેબૈત અ.સ.થી બહુજ વધારે મોહબ્બત કરતા હતા. હ.અલી અ.સ.ને રસૂલે ખુદા સ.અ.વ.ના સાચા ખલીફા માનતા હતા. રસૂલે ખુદા સ.અ.વ.ની વફાત પછી જયારે લોકો તેમના જનાઝાને છોડી હુકુમતનો ફૈસલો કરવાનો શરૂ કરી દીધો તો આપ વાંરવાર હ.અલી અ.સ.ની તરફદારી કરતા રહ્યા. પંરતુ અમુક લોકોની ઉતાવળના કારણે આપ નાકામ રહ્યાં. અને હુકુમત એહલેબૈત અ.સ.ના હાથથી નિકળી ગઈ. જેના કારણે સઅદ બહુજ દિલગીર થયા. પરંતુ સંજોગો નઝરમાં રાખી ચુપ રહ્યા. પહેલા ખલીફાની વફાત પછી એક દિવસ બીજા ખલીફાએ સવાલ કર્યો કે "અય સઅદ! શું તું હજી એ લોકો સાથેજ છો?" સઅદે જવાબ આપ્યો કે "બેશક! અને મને એવાત બિલકુલ નાપસંદ છે કે હું તારી હુકુમતમાં જીવી રહ્યો છુ." બીજા ખલીફાએ મેણું માર્યુ કે "તો પછી મદીના છોડી ચાલ્યા જાઓ." સઅદને આ વાત બહુજ ખરાબ લાગી અને થોડા દિવસોમાંજ આપે મદીના છોડી શામમાં જીવન વિતાવવા ચાલ્યા ગયા. પંરતુ હુકુમતને આપની હિજરત બીલકુલ પસંદ ન આવી. અને ખાલિદ બિન વલીદ જેવા ખુંખારને મોકલી સઅદને શહીદ કરાવી નાખ્યા. એક દિવસ ખાલિદની બીજા ખલીફા સાથ મુલાકત થઈ ત્યારે બીજા ખલીફાએ કહ્યું કે "તું બહુજ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

નાલાએક છો તે માલિક બિન નુવૈરાને કત્લ કરી નાખ્યા છે." ખાલિદે કહ્યું "જી હાં! આ વાત સાચી છે કે માલિકનેમેં મારી દુશ્મનીના કારણે કત્લ કર્યા છે અને સઅદને તારી દુશ્મનીના કારણે." આ સાંભળી ખલીફા ચુપ થઈ ગયા અને કશું બોલીજ ન શકયા. આ જ ખાલિદને "સૈફુલ્લાહના" લકબથી યાદ કરવામાં આવે છે.

સઅદ એક એવા મુજાહિદ હતા કે તેમણે તીરના નિશાના બનવું કબુલ કરી લીધું. સરદારી છોડી દીધી.વતનને ખુદા હાફીઝ કહી દીધું. પરંતુ કોઈ તાકત સામે નમ્યા નહીં. અને કોઈ કિંમત પર હકકને તર્ક કરવુ પસંદ ન કર્યુ.

**હજર બિન અદી** જંગ સિફફીનમાં કુન્દહ કબીલાના સરદાર અને જંગે નહેરવાનમાં હ.અલી અ.સ.ના લશ્કરના સિપાહી હતા.આપના વિષે રસૂલે ખુદા સ.અ.વ.એ ભવિષ્ય વાણી કરી હતી કે આવા શહીદોના કત્લથી અલ્લાહ અને તેના મલાએકા ગઝબનાક થશે. આએશાએ મુઆવિયાને કહ્યું હતુ અને ઈમામ હુસૈન અ.સ.એ પણ મુઆવિયાને પત્રમાં લખ્યું હતું કે તે હજર જેવા ઈબાદત ગુઝારને કત્લ કર્યા છે. જે બિદઅતના વિરોધી અને રાહે ખુદામાં નિડરતાથી જેહાદ કરનારા હતા.તે એમની સાથે વચનો પણ નકકી કર્યા હતા. પરંતુ તેના પછી ઝુલ્મો સિત્મથી તેમને કત્લ કરાવી નાખ્યા.હજર બિન અદી એવા બહાદુર હતા કે કોઈ દિવસ ઝમાનાની હુકુમતથી ગભરાતા નહીં. હુકુમતે આપનાબધા વઝીફા બંધ કરી દીધા હતા. તેમ છતાં આપને તેની કોઈ પરવાહ ન હતી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એક વખત હુકુમતનો ખાસ પૈગામ આપ સુધી પહોંચ્યો કે હજર પોતાના સાથીઓ સહીત નમાઝે જમાઅતમાં શરીક થાય અને હ.અલી અ. પર કરવામાં આવતી લાનત સાંભળે. હજર માટે આ વાત બહુજ સખ્ત હતી. પરંતુ કંઈક વિચારીને મનાઈ ન કરી. એક વખત મુગીરા નમાઝનો ખુત્બો પઢી રહ્યો હતો અને જયારે હ.અલી અ.સ.ની બુરાઈ કરવી શરૂ કરીતો હજર ઉભા થઈ તેને ખિજાયા. હજરનું બોલવું હતું કે તેમના સાથે બધા લોકોની અવાજ બલંદ થઈ ગઈ. અનેમુગીરાને ચુપ થઈ જવું પડયું. થોડા સમય પછી મુગીરાનું ઈન્તેકાલ થઈ ગયું. અને ઝિયાદને શામી હુકુમતે કુફાની સરદારી સોંપી દીધી. ઝયાદે પણ મુગીરા જેવીજ હરકતો શરૂ કરી. અને એક દિવસ નમાઝના ખુત્બાને એટલો લંબાવી દીધો કે નમાઝનો સમય જવા લાગ્યો. જ.હજરે એક મુઠી કાકરીઓ ઝયાદ તરફ ફેંકી અને અને નમાઝ માટે ઉભા થઈ ગયા. ઝિયાદે ખુત્બો ખત્મ કરી નમાઝ કાએમ કરી નાંખી. પરંતુ આ બનાવની ખબર મુઆવિયાને આપી. મુઆવિયાએ જ.હજરને ઝંજીરોમાં કૈદ કરી શામ મોકલવાનો હુકમ આપી દીધો. સરદારે જ.હજરને કૈદ કરવાની કોશિષ કરી પરંતુ કુંટુબ કબીલાના સાથના કારણે ઝિયાદ તેમાં કામયાબ ન થયો. અને છેવટેબધા કબીલાઓને ભેગા કરીને આ કામ કરવાની કોશિષ કરી અને જ.હજરને કૈદ કરી લીધા. પરંતુ હજર પોતાનીબહાદુરી અને શુરવિરતાના કારણે ઝિયાદની પકડથી નિકળી ગયા. હુકુમતે મોહમ્મદ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બિન અશઅસને ત્રણ દિવસનો મોકો આપ્યો કે આ કામને પુરૂ કરે. અશઅસે ચાપલુસીથી જ.હુજરને પકડી લીધા. અને નક્કી થયું કે જ.હુજરને મુઆવિયા પાસે જીવતા મોકલવામાં આવે. જયારે આ બધા લોકો અઝરા નામની જગ્યાએ પહોંચ્યા તો મુઆવિયાનો હુકમ આવ્યો કે અગર આ લોકો હ.અલી અ.સ.થી નફરત ઝાહિર ન કરે તો બધાને કત્લ કરી નાખવા. ઝિયાદના સિપાહીઓ કત્લની તૈયારી કરવા લાગ્યા. જ.હુજર અને તેના સાથીઓએ એક રાત ઈબાદત કરવાની મોહલત માંગી અને સવારે એક એક કરીને બધાને શહીદ કરી દેવામાં આવ્યા. જ.હુજરે વસિયત કરી કે મારા હાથથી હાથકડી ન ઉતારવામાં આવે અને મને ગુસ્લ પણ આપવામાં ન આવે. અને આજ હાલતમાં મને દફન કરવામાં આવે.

હકીકતમાં આવા લોકોજ છે જેના પર મુજાહિદનો શબ્દ શોભા આપે છે. કારણ કે તેઓએ માથું કપાવી નાખ્યું પરંતુ નતો ઈબાદતનો સાથ છોડયો અને નતો એહલેબૈત અ.સ.નો દામન.

**ઉમર બિન હમકે ખઝાઈ** આપ રસૂલે ખુદા સ.અ.વ.ના પવિત્ર સહાબી હતા. જેની સખાવત અને મહેમાન નવાઝીની ખબર ખુદ રસૂલ સ.એ આપી હતી. રસૂલે ખુદા સ.અ.વ.એ એક વખત નાનું લશ્કર રવાના કર્યુ હતુઅને તેઓને ખબર આપી હતી કે તમો એક જગ્યાએ રસ્તો ભૂલી જશો. તે સંજોગમાં ડાબી તરફ આગળ વધજો. તે રસ્તામાં એક માણસ મળશે જે એક શર્ત પર તમોને રસ્તો બતાવશે કે તમો તેને ત્યાં જમો અને તમે લોકો જયારે તે માણસથી મુલાકાત કરો તો તેમને મારા સલામ પેશ કરજો. રસૂલે ખુદા સ.અ.વ.ના કહેવા પ્રમાણે લશ્કર રવાના થયું, રસ્તો ભુલ્યું, ડાબી બાજુ તરફ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આગળ વધ્યું તો એક માણસથી મુલાકાત થઈ અને તેણે તેજશર્તે સામે રાખી. લશ્કર તેમને ત્યાં જમ્યું. અને જયારે ઓળખાણ પુછી તો ખબર પડી કે આ ઉમર બિન હમક છે.લશકરવાળાઓ રસૂલે ખુદા સ.અ.વ.ના સલામ કહેતા ભૂલી ગયા તો ઉમર બિન હમકે ખુદ પુછી લીધું કે શુંતમે રસૂલે ખુદા સ.અ.વ.ના મોકલેલા સાથીઓ છો? અને શું આખરી નબીનો ઝુહુર થઈ ચુકયો છે? લોકોએ હઝરતની નબુવ્વતની ખબર આપી. ઉમર બિન હમક મદીના આવ્યા. અને ઈસ્લામથી શરફયાબ થયા. ઉમર બિન હમકની ઈચ્છા હતી કે આપની સાથે મદીનામાં રહે પરંતુ આપે તેને એમ કહી પાછા મોકલી દીધા કે જયારે મારો ભાઈ અલી અ.સ. કુફામાં આવે તો તું તેના સાથે હાજર રહેજે. અને જયારે હ.અલી અ.સ. કુફામાં આવ્યાતો હજર બિન હમક આપની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે હું તમારા પાસે કોઈ માલો દોલતની લાલચમાં નથી આવ્યો. પરંતુ એટલા માટે આવ્યો છું કે આપ બધાથી ઉત્તમ અને અફઝલ છો. આપ રસૂલ સ. ના ભાઈ અને સય્યદતુન નેસાઈલ આલમીનના પતી છો. આપે ઈસ્લામ માટે બેશુમાર ખિદમતો કરી છે અને હું આપના પાસે એટલા માટે આવ્યો છું કે આપ અ.સ. અગર હુકમ આપો તો હું પહાડને પણ તેની જગ્યાએથી હટાવી દઉ અને હુકમ આપો તો દરિયાનું પાણી કાઢતો રહું. અથવા કહો તો તલવારથી જેહાદ કરતો રહું. તેમ છતાં દિલમાં તોએજ ખયાલ રહેશે કે આપનો હકક અદા નથી કરી શકયો. હ.અલી અ.સ. આ સાંભળી બહુજ ખુશ થયા અને

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ફરમાવ્યુંઃ કે "કાશ! મારા દોસ્તોમાં તારી જેવા સો આદમીઓ હોત."

સુલ્હે ઈમામ હસન અ.સ. પછી જયારે મોગીરાએ કુફામાં હ.અલી અ.સ. પર લાનતત કરવાનું શરૂ કર્યુંતો ઉમર બિન હમક જેવા સહાબીઓએ તેને ટોકયો અને મોગીરાને અંતે કુફા છોડી દેવું પડયું. તેની જગ્યાએ ઝિયાદ આવ્યો અને તેણે આપને બહુજ ધમકીઓ આપી પરંતુ આપ ઉપર તેનો કોઈ અસર થયો નહીં. અને છેવટેઆપને કૈદ કરી લેવાનો હુકમ આપ્યો આપ કુફાથી મુસલ ચાલ્યા ગયા. મુઆવિયાએ ત્યાંના પ્રધાનને હુકમ આપ્યો કે ઉમર બિન હમકને કૈદ કરી લેવામાં આવે. આપ ત્યાંથી જંગલો તરફ રવાના થઈ ગયા. અને એક ગુફામાં છુપાઈ ગયા જયાં સાપના કરડવાથી આપની વફાત થઈ ગઈ. મુસલના પ્રધાને ગુસ્સામાં આપની લાશથી માથું કાપી નાખ્યું અને તેને ઝિયાદ પાસે મોકલાવી દીધું. ઝિયાદે આ મુબારક સરને મુઆવિયા પાસે ભેટ રૂપે મોકલાવ્યું. ઈસ્લામી ઈતિહાસમાં આ પ્રકારનો એક નવોજ બનાવ છે.

**માલિકે અશ્તર** માલિકે અશ્તર હિંમતનો પહાડ, ઈરાદાઓની ચટાન, ઈલ્મનો દરિયો, મૈદાનનો મુજાહિદ, તલવારનો માલિક, હકનો રક્ષક, મિમ્બરનો ખતીબ, માલિક બિન હારિસે અશ્તર જેમના વખાણ માટે હ.અલી અ.સ.નું એક વાકય જ બસ છે કે "માલિક મારા માટે એવાજ છે જેવો હું રસૂલે ખુદા સ.અ.વ. માટે હતો." ગૈરે મઅસુમ ઈન્સાનનીઆનાથી વધારે તારીફ બીજી શું હોઈ શકે કે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એક માસૂમ તેને પોતાની જેવો કહે? આપ એવા બહાદુર હતા કે કોઈસામાન્ય માણસ પર હુમલો ન કરતા અને એમ કહીને છોડી દેતા કે આવા માણસને મારો મુકાબીલ કહેતા પણ શરમ આવે છે. જમલની મશ્હુર લડાઈમાં આપનો એવો દબદબો હતો કે વિરોધી લશ્કરનો દરેક સિપાહી આપનાનામથી ધ્રુજી રહ્યો હતો. આપ ઊંટની નઝદીક પહોચી ગયા હતા અને એક એક સિપાહીનો નાશ કરી રહ્યા હતા. અંતે હ.અલી અ.સ.એ ફરમાવ્યું કે આ લોકો ઊંટ પરજ કુર્બાન થઈ રહ્યા છે અને ખોટી રીતે પોતાની જાન ગુમાવી રહ્યા છે. માટે બેહતર છે કે ઊંટને પછાડી દેવામાં આવે જેનાથી ખોટી રીતે બીજા પોતાની જાનથી હાથ ન થોવે. માટે આપે માલિકે અશ્તરને બોલાવ્યા અને આ મુશ્કીલ કામ તેમને સોપી દીધું.

સિફ્ફીનની લડાઈમાં જયારે મુઆવિયાના લશ્કરીઓએ નહેર પર કબઝો કરી લીધો અને હ.અલી અ.સ.ના સિપાહીઓને પાણી દેવાથી મનાઈ કરી દીધી. હ.અલી અ.સ.એ આ માટે ફૌજની એક ટુકડી માલિકે અશ્તરસાથે રવાના કરી. માલિકે અશ્તરે ત્યાં પહોંચતાજ પુરે પુરો ઘાટ દુશ્મનોથી છિનવી લીધો. હાં! એ વાત અલગ છે કે અલીના ચાહવાવાળા કોઈને પાણીથી વંચિત નથી રાખતા.

સિફ્ફીનના મૈદાનમાં મુઆવિયા તરફથી એવા ઉંચા અને તગડા સિપાહી આવ્યાા હતા જે કોઈ દિવસ મૈદાનમાં આ પહેલા નઝર ન આવ્યા હતા. પરંતુ માલિકે બે બે હાથ મારતાજ તેઓને તેઓની અસ્લ જગ્યાએ પહોચાડી દીધા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સિફ્ફીનની છેલ્લી રાત જેને 'લયલતુલ હરીર' પણ કહેવામાં આવે છે. જેમાં ઈબ્ને અબ્બાસ, માલિકે અશ્તર અને હ.અલી અ.સ. ત્રણેય મૈદાનમાં આવી ગયા હતા. માલિક પોતાની ફોજને એવી રીતે આગળ વધારી રહ્યા હતા જાણે અમે લાગતું હતું કે કોઈ પોતાની આરામદાયક જગ્યાએ જઈ રહ્યું હોય. માલિક એકલા પૂરી ફોજનો સામનો કરી રહ્યા હતા અને જયારે રાત દિવસની લડાઈથી ફોજ થાકી ગઈ હતી ત્યારે માલિક એકલાઆગળ વધ્યા અને મુઆવિયાના ખેમા સુધી પહોચી ગયા. પરંતુ સાજીશીઓએ નેઝા પર કુર્આન ઉપાડી લીધું અને સુલ્હનો ઘોંઘાટ મચાવી નાખ્યો. હ.અલી અ.સ.એ મજબુર થઈ માલિકને પાછા બોલાવી લીધા. નહીં તો શામીઓના નામો નીશાન જોવા ન મળત. અને ખરા મુજાહિદની શાન પણ એજ હોવી જોઈએ કે લડાઈના ઉતાર ચડાવમાં પણ પોતાના આકાનો હુકમ ન ભૂલી જાય.

મોહમ્મદ બિન અબીબકર મિસ્રના પ્રધાન હતા. મિસ્રના લોકોએ તેમના વિરૂધ્ધ બગાવત કરી તો આપે જ.માલિકે અશ્તરને રવાના કર્યા. મુઆવિયાને આ વાતની ખબર મળી ત્યારે તરતજ એક માણસને ઈનામની લાલચ આપી માલિકના કત્લ માટે તૈયાર કરી નાખ્યો. તેણે રસ્તામાં માલિકને પોતાના ઘરે જમવાની દાવત કરીઅને જમવામાં ઝહેર ભેળવી માલિકને શહીદ કરી નાખ્યા. જયારે આપની શહાદતની ખબર મુઆવિયા સુધી પહોંચી તો મુઆવિયાએ ખુશીની હાલતમાં એક ખુત્બો પઢયો કે હ.અલી અ.સ.ના બે હાથ હતા એક અમમારે યાસિર જેને સિફ્ફીનમાં કાપી નાખ્યો. અને બીજો હાથ માલિકે અશ્તર હતા જેને આજે કાપી નાખ્યો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

**મોહમ્મદ બિન અબીબકર** જ.અસમા બિન્તે ઉમૈસ બહુજ દીનદાર અને મોહિબ્બે એહલેબૈત અ.સ. ઓરત હતા. જે પહેલા જ.જાફરે તૈયારની જવઝિયતમાં હતા. જ.જાફરે તૈયારની શહાદત પછી આપની શાદી અબુબકર સાથે થઈ. અને આપને ત્યાં એક દિકરાનો જન્મ થયો. જેનું નામ મોહમ્મદ રાખવામાં આવ્યુ. આપને પોતાની માંના કારણે શરાફત અને મોહબ્બતે એહલેબૈત અ.સ. જેવી દૌલતો મળી. અને બાપના કારણે હુકુમત અને રિયાસત મળવાનો ઈમકાન હતો. પંરતુ આપે આ હુકૂમતને લાત મારી દીધી. અને કોઈ દિવસ આપે પોતાની ઝબાનથીનથી ફરમાવ્યું: કે "મારો બાપ ઈસ્લામી હુકુમતનો બાદશાહ હતો" બલ્કે આ ચીઝને આપ પોતાના માટે તકલીફનું કારણ સમજતા હતા. પરંતુ આપ એ વાત પર ગર્વ કરતા હતા કે બાપના મરવા પછી મારી માંના અમીરૂલ મોઅમેનીન અ.સ. થી અકદ થયા. અને મારી પરવરિશ મૌલાએ કાએનાતની ગોદમાં થઈ. મોહમ્મદના કિરદાર એટલો બલંદ હતો કે જયારે મિસ્રના પ્રધાને લોકો પર ઝુલ્મ કરવાનો શરૂ કર્યો ત્યારે મિસ્રવાળાઓએ મદીના આવી પ્રધાનને હટાવાની માંગણી કરી ત્યારે ખલીફાએ સવાલ કર્યો કે કોને પ્રધાન બનાવશો? તો બધા લોકોએ ભેગા મળીને મોહમ્મદ બિન અબીબકરનુંજ નામ લીધું. એ વાત જુદી છે કે આપના પ્રધાન પદની જાહેરાત સાથે આપના કત્લનો હુકમ પણ જારી થઈ ગયો. જેની પોલ ખુલી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જવા પર હુકુમતનોજખાતેમો થઈ ગયો. મોહમ્મદના કિરદારની સૌથી મોટી દાદ એ છે કે તેમણે હકના રસ્તામાં ન બાપની પરવાહ કરીઅને ન તો બહેનની. શરૂઆતમાં બાપના મઝહબથી અલગ રહ્યા. અને છેવટે બહેન સામે લડવા માટે જંગે જમલમાં આવ્યા હતા. હ.અલી અ.સ.ની હુકુમત દરમ્યાન આપને મિસ્રના પ્રધાન બનાવવામાં આવ્યા હતા. પરંતુ મુઆવિયાએ એક ફોજ મોકલી આપને કત્લ કરાવી નાખ્યા. અને ગધેડાના ચામડામાં આપના મય્યતને રાખી સળગાવી દીધું. જેનો અસર આયશા પર એ થયો કે તેણીએ શેકેલું ગોશ્ત ખાવાનું છોડી દીધું. અને હંમેશા પોતાના ભાઈના કાતિલ માટે બદદુઆ કરતી રહી.

**રૂશૈદે હજરી** અમીરૂલ મોઅમેનીન અ.સ.ના ખાસ અને બાઈમાન સહાબી હતા. હ.અલી અ.સ.એ આપને આવનાર મુસીબતોની જાણકારી આપી હતી. આપ એવી કરામત રાખતા હતા કે એક વખત આપ હુકુમતના ડરથી અબુઅરાકા નામી શખ્સને ત્યાં ચાલ્યા ગયા. તે માણસે કહ્યું: "મારા બધા સાથીદારોએ તમને અંદર આવતા જોઈ લીધા છે અને હવે મને હુકુમત દવારા કત્લ કરાવી નાખશે." આપે ફરમાવ્યું: કે "મને અંદર આવતાકોઈએ નથી જોયા. અબુઅરાકાએ વારંવાર કહ્યું અને બહાર નિકળીને તેના સાથીઓને પુછવા લાગ્યા કે મારે ત્યાં કોઈને આવતા જોયા છે? તો બધા એ ઈન્કાર કર્યો કે અમે કોઈને અંદર જતા નથી જોયા તેમ છતાં અબુઅરાકાને વિશ્વાસ ન આવ્યો અને ગભરાઈને દરબારમાં ચાલ્યા ગયા. ત્યાં પણ બાદશાહે રૂશૈદની કોઈ પણ ખબરથી ઈન્કાર કર્યો. એટલી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

વારમાં રૂશૈદ આવ્યા.બાદશાહે તેનો એહતેરામ કર્યો અને થોડી વાત ચીત કરી. અને રૂશૈદ ત્યાંથી ચાલ્યા ગયા. તે માણસે બાદશાહને પુછ્યું કે આ કોણ માણસ હતો? બાદશાહે જવાબ આપ્યો કે એક શામી બુર્ઝુગ હતા. અને એક કામથી આવ્યા હતા. અબુઅરાકા અજબ થઈ ગયો. અને પછી ઘરે ગયો તો રૂશૈદ ત્યાં બેઠા હતા. અને ફરમાવ્યું: કે "અમો એહલેબૈત અ.સ.ના દોસ્ત છીએ માટે નવાઈ ન પામો."

અમીરૂલ મોઅમેની અ.સ.એ રૂશૈદને ભવિષ્યવાણી કરી હતી કે તમારા હાથ પગ અને જીભ કાપી નાખવામાં આવશે. રૂશૈદ બહુજ ખુશ હતા. જ.રૂશૈદની દિકરી બયાન કરે છે કે એક વખત બાદશાહે જ.રૂશૈદને બોલાવ્યા અને કહ્યું: "હ.અલી અ.સ.થી નફરતનો ઈઝહાર કરો." જ.રૂશૈદે તે વાતની મનાઈ કરી એટલે બાદશાહેકહ્યું: "હું તારા હાથ પગ કાપી નાખીશ." ત્યારે રૂશૈદે કહ્યું: "એ તો મારા મૌલાએ મને પહેલાજ કહી દીધુ છે. "બાદશાહે પુછયું તારા મૌલાએ બીજું શું શું કહ્યું છે આપે ફરમાવ્યુ: કે "મૌલાએ કહ્યું છે કે તું મારી જીભ પણ કાપીનાખીશ." બાદશાહે કહ્યું: કે "હું તારી જીભ નહીં કાપુ. જેથી તારા મૌલાની વાત ખોટી પડી જાય." અને જલ્લાદનેહુકમ આપ્યો કે "તેમના હાથ પગ કાપી નાખવામાં આવે." જલ્લાદ આગળ વધ્યો અને આપના હાથ પગ કાપી નાખ્યા. અને ઘરે મોકલાવી દિધા. આપે પોતાની દિકરીને કહ્યું: "લોકોને જલ્દીથી ભેગા કરી નાખ અને પેન અનેશાહી લઈ લે હું ચાહું છું મૌલાની થોડી હદીસો લખાવી નાખું." ઈબ્ને ઝિયાદને આ વાતની ખબર મળીતો તરતજજલ્લાદને મોકલી જીભ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કાપવાનો હુકમ આપી દીધો. રૂશૈદે એમ કહીને જીભ બહાર કાઢી કે "મારા મૌલાનો કૌલ કોઈ દિવસ ખોટો ન હોઈ શકે." આ છે ઈસ્લામના બહાદુર સિપાહી જેના પર ઈસ્લામનો ઈતિહાસ કયામત સુધી ગર્વ કરતો રહેશે.

**મીસમ બિન યહયા તમ્મીર** શરૂઆતમાં આપ એક ઔરતના ગુલામ હતા. હ.અલી અ.સ.એ આપને ખરીદ્યા અને આઝાદ કરી દીધા હતા. અરબના લોકોની આદત હતી કે ગુલામના આઝાદ થવા પછી પણ તેની સાથે બુરોવર્તાવ કરતા હતા. અને ગુલામોને આદમી પણ નહોતા સમજતા. પરંતુ હ.અલી અ.સ.એ મીસમને એટલો બલંદ મર્તબો અતા કર્યો હતો કે મીસમ આપના રાઝદાર બની ગયા હતા. હ.અલી અ.સ.એ ઘણી રાઝની વાતો આપને બતાવી હતી જે બીજાને બતાવી નથી શકાતી. જેવી રીતે કે આપના દિકરા સાલેહ બયાન કરે છે કે "એક વખત અમુક લોકો હોડીનો સફર કરી રહ્યા હતા કે અચાનક એક તેઝ આંધી આવી અને લોકો પરેશાન થઈ ગયા ત્યારે મીસમે કહ્યું "તમે તમારી હોડીને બાંધી લ્યો કારણ કે હમણા હમણાજ મુઆવિયા મરી ગયો છે." એક અઠવાડીયા પછી જયારે શામથી ટપાલી આવ્યો તો ખબર પડી કે મુઆવિયાની મૌત બરાબર તેજ સમયે થઈ હતી." હ.અલી અ.સ.એ મીસમને એ પણ બતાવી દીધું હતું કે તને ફલાણા ઝાડ પર ફાંસી દેવામાં આવશે. મીસમ શહાદતના એટલા બધા શોખીન હતા. કે હ.અલી અ.સ.ની આગાહી પછી તે ઝાડ પાસે વારંવાર જતા અને ત્યાં પાણી નાખતા. તે ઝાડ નીચે નમાઝ પઢતા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એક દિવસ એક આદમીએ પુછયું કે "શું તમે અહીંયા કોઈમકાન ખરીદવા ચાહો છો? મીસમે કહ્યું નહીં બલ્કે હું તારો પાડોશી બનીશ જરાક તે દિવસનો ખયાલ રાખજે."

ઝિંદગીના આખરી વખતમાં મીસમ હજ કરવા માટે ગયા હજથી ફારિગ થઈ મદીના આવ્યા અને જ.ઉમ્મે સલમાના દરવાઝા પાસે આવ્યા. જ.ઉમ્મે સલમાએ પુછયું તમે કોણ છો? આપે ફરમાવ્યું "હું ઈરાકનો રહેવાસી છું." જ.ઉમ્મે સલમાએ ફરી પુછયુ કે તમારૂં નામ શું છે? આપે ફરમાવ્યુંઃ "હું હ.અલી અ.સ.નો ગુલામ મીસમ છું." ઉમ્મે સલમાએ કહ્યું "સુબ્હાનઅલ્લાહ! મેં ઘણી વખત રસૂલે ખુદા સ.અ.વ.ને તમારા વિષે હ.અલી અ.સ.ને વસિય્યત કરતા જોયા છે." ત્યાર પછી આપે ઈમામ હુસૈન અ.સ. વિષે સવાલ કર્યો કે તેઓ કયાં છે? જ.ઉમ્મે સલમાએ કહ્યુંઃ "ઈમામ હુસૈન અ.સ. ફલાણા બાગમાં છે." મીસમે કહ્યુંઃ "મારી પાસે સમય નથી મારા સલામ તેમને કહેજો. અને પૈગામ આપજો કે હવે ખુદાને ત્યાં આપણી મુલાકાત થશે." આટલું કહી આપ મદીનાથી કુફા તરફ રવાના થઈ ગયા.જયારે આપ કુફા પહોંચ્યા તો ઈબ્ને ઝિયાદે આપને કૈદ કરી દરબારમાંબોલાવ્યા. અને પુછયું તારો રબ કયા છે? મીસમે જવાબ આપ્યો કે "ઝાલિમોને તાકી રહ્યો છે અને જાણી લે કે તું પણ એક ઝાલિમ છો." ઈબ્ને ઝિયાદે કહ્યું સાંભળ્યું છે કે તું અલી અ.સ.નો ખાસ માણસ છો? મીસમે જવાબઆપ્યો બેશક! ઈબ્ને ઝિયાદે પુછયું કે તારા મૌલાએ તારી માટે શું ફરમાવ્યું છે ? મીસમે કહ્યું કે "મારા મૌલા અલી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અ.સ.એ ફરમાવ્યું છે કે અય મીસમ! તને ફાંસી આપવામાં આવશે." ઈબ્ને ઝિયાદે કહ્યું આ કામ હરગિઝ નહીં કરૂ." મીસમે કહ્યું: "આ વસ્તુ મુમ્કીન નથી. કારણકે આ વાત રસૂલે ખુદા સ.અ.વ.એ મારા મૌલાને બતાવી છે." ઈબ્ને ઝિયાદને અંતે મીસમને ફાંસી આપવીજ પડી. મીસમે ફાંસી પર લટકાતી વેળાએ પણ લોકોને બોલાવ્યા કે "આવો! મૌલાની હદીસ સાંભળી લ્યો. પછી સમય નહીં મળે." આં સાંભળી ઈબ્ને ઝિયાદનેબહુજ નવાઈ લાગી અને તેણે જ.મીસમની ઝબાન પર લગામ ચઢાવી દીધી. આ ઈસ્લામી ઈતિહાસનો પહેલો બનાવ છે કે મીસમની શહાદત થઈ ગઈ. પરંતુ તેમનો જનાઝો ફાંસી પરજ લટકતો રહ્યો. રાતના વખતે અમુક લોકોએ ફાંસી સહીત મીસમના જનાઝાને દફન કરી દીધો. સવારે જયારે હુકુમતવાળાએ શોધ કરી તો ફાંસીની લાકડીઓ મળી ગઈ. પરંતુ લાશ ન મળી શકી. મુજાહિદોના રાહે હકના આ બનાવોજ છે જેણે ઈસ્લામના ઝિક્ર આજ સુધી બાકી રાખ્યો છે.

**મુખ્તાર** હકના જાણકાર જેના પર હ.અલી અ.સ. તેમજ ઈમામ હુસૈન અ.સ.ને ભરોસો હતો. જેના માટે ઈમામઝૈનુલ આબેદીન અ.સ. ઈમામ મોહમ્મદ બાકિર અ.સ. અને ઈમામ સાદિક અ.સ.એ દુઆ કરી હતી. જેના જોશની એ હાલત હતી કે જયારે મુસ્લિમ ઈમામના સફીર બનીને કુફા આવ્યા તો જ.મુખ્તારના ઘરેજ કયામ કર્યો હતો. જે વાત હુકુમતને બરદાશ્ત ન થઈ અને આપને કૈદખાનામાં નાંખી દીધા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કૈદખાનામાં મીસમથી મુલાકાતથઇ ત્યારે મીસમે દિલાસો આપ્યો કે હું શહીદ થઈ જઈશ. પરંતુ તુ જીવતો રહીશ. કુદરતે એક મોટું કામ તારા હવાલે કર્યુ છે . મુખ્તાર કૈદમાં રહ્યા અને જયારે ઈમામ હુસૈન અ.સ. શહીદ થઈ ગયા અને અસીરોનો કાફલો કુફામાં લાવવામાં આવ્યો ત્યારે મુખ્તારને પણ દરબારમાં લાવવામાં આવ્યા. આપે બાદશાહને સલામ કરવાથી ઈન્કાર કરી દીધો. અને સાફ કહી દીધું કે "હુસૈન અ.સ. સિવાય મારો કોઈ અમીર નથી." આ દરબારમાંજ જ.મુખ્તારને ઈમામ હુસૈન અ.સ.ની શહાદતની ખબર મળી. હવે જ.મુખ્તાર માટે એક એક પળ બહુજ મુશ્કિલથી કપાઈ રહી હતી. એટલે સુધી કે આપને કૈદથી આઝાદી મળી ગઈ. અને ઈમામ હુસૈન અ.સ.ના ખુનનો ઈન્તેકામ લેવાની અવાજ બલંદ કરી દીધી. એહલેબૈત અ.સ.ના દુશ્મનોએ પુર જોશથી આ કાર્યનો વિરોધ કર્યો. પરંતુ મુખ્તારનો જોશ વધતો જ રહ્યો. અને બીજી તરફ સુલૈમાન બિન સર્દ પણ આપની સાથે થઈગયા. અને મુખ્તારને માલિકે અશ્તરના ફરઝંદ ઈબ્રાહીમ જેવા સિપાહીઓનો સાથ મળ્યો. પરિણામ એ આવ્યું કેથોડાકજ દિવસોમાં હજારો કાતિલાને ઈમામે હુસૈન અ.સ.ને મૌતના ઘાટ ઉતારી દીધા. જ.મુખ્તારે પહેલા બધાને કૈદ કરી લીધા અને તેઓએ જે ઝુલ્મ કર્યો હતો તેઓને તેવીજ સઝા આપી. આપનું આ કાર્ય ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ.ને એટલુ પસંદ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આવ્યું કે આપે જ.મુખ્તારને સલામ મોકલ્યા. અને જયારે જ.મુખ્તાર તરફથી દુશ્મનોના સર ઈમામ ઝૈનુલ આબેદીન અ.સ. પાસે પહોંચ્યા તો કરબલાના બનાવ પછી ઈમામ પહેલી વખત મુસ્કુરાયા.

સાચી વાત છે કે મોહીબ હોય તો એવો. કે પોતાના અમલથી રડતા ઈમામને હસાવી દેય. ઈસ્લામી ઈતિહાસ આવા મુજાહિદો પર ગર્વ કરતી રહેશે.અને તેઓના કારનામાઓનેજ ઈસ્લામનો ઈતિહાસ કહેવાશે.

<u>ટૂંક નોંધ લખો</u> (નીચે બતાવેલ વિષયો પર દસ લીટી લખો.)

(૧) માલિક ઈબ્ને નુવૈરા

(૨) સઅદ બિન એબાદહ

(૩) હજર બિન અદી

(૪) ઉમર બિન હમકે ખઝાઈ

(૫) માલિકે અશ્તર

(૬) મોહમ્મદ બિન અબીબકર

(૭) રૂશૈદે હજરી

(૮) મીસમ બિન યહયા તમ્માર

(૯) મુખ્તાર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 23

# કયામત

કયામતનું બીજું નામ મઆદ છે. કયામત એ દિવસ છે જયારે ઇન્સાનને ફરીવાર જીવતો કરવામાં આવશે અને તેના સારા તથા નરસા કામનો હિસાબ લેવામાં આવશે અને તેના નેક તથા બદ આમાલના બદલામાં જન્નત તથા દોઝખમાં જગ્યા આપવામાં આવશે.

મુડદાને ફરી સજીવન કરવાની વાત માટે કોઇને આશ્ચર્ય ન થવું જોઇએ. કારણ કે ખુદાવંદે તઆલા પોતાની કુદરતથી બધુ જ કરી શકે છે. તે બારી તઆલા ઇન્સાનોને મરણ પછી ફરીવાર સજીવન પણ કરી શકે છે.

હ. ઇબ્રાહીમ (અ.)ના વખતનો એક બનાવ ઇતિહાસમાં આ પ્રમાણે વર્ણવવામાં આવ્યો છે.

એક વખત પૈગમ્બર હ. ઇબ્રાહીમ (અ.) એક નદીના કિનારા પાસેથી પસાર થયા. આપે ત્યાં નદીને કિનારે જોયું તો એક મુડદું છે જેનો અડધો ભાગ નદીની અંદર છે અને અરધો ભાગ નદીની બહાર છે. આ જોઇને આપને ઘણી જ નવાઇ લાગી. આથી આપે અલ્લાહની બારગાહમાં અરજ કરી કે યા પરવરદિગાર ! તું મને કૃપા કરી એ બતાવી આપ, આવા મુડદાને તું કેવી રીતે જીવતા કરશે ?

અલ્લાહ તઆલાએ હ. ઇબ્રાહીમ પૈગમ્બર (અ.)ને હુકમ કર્યો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કે અય ઈબ્રાહીમ ! ચાર પક્ષીઓ લ્યો અને તેને પાળો, ત્યારબાદ તેને ઝબ્હ કરો, અને તેના માંસના ટુકડાઓને જુદા જુદા પહાડ ઉપર ફેંકી દીયો. તેમની ફક્ત ચાંચ તમારા હાથમાં રાખો.

ત્યારબાદ બધા પક્ષીઓને જુદી જુદી રીતે બોલાવો અને જુઓ કે બધા જ ટુકડાઓ દોડીને તમારી પાસે આવશે ને એ બધા આપમેળે (મારા હુકમથી) જોડાઈ જશે.

હ. ઈબ્રાહીમ (અ.)એ એ પ્રમાણે કર્યું અને બધા જાનવરોને જુદી જુદી રીતે બોલાવ્યા અને તે ટુકડાઓ હાજર થવા લાગ્યા. બાદમાં આપે બધાની ચાંચ તેમના શરીર સાથે જોડી દીધી. પરિણામે દરેક જાનવર સજીવન થઈ ગયું.

આ બનાવ ઉપરથી સ્પષ્ટ રીતે જાણવા મળે છે કે ખુદાવંદે તઆલા કોઈને પણ મરણ બાદ પુનઃ સજીવન કરવાની શક્તિ ધરાવે છે. ખુદાવંદે તઆલાની શક્તિમાં શક આણવો તે કુરઆને મજીદ ઉપર શક આણવા બરાબર છે, જે ઈમાનદારની નિશાની નથી. આમ કરવું તે અલ્લાહ અને રસૂલે કરીમની વાતનો ઈન્કાર કરવા બરાબર છે.

## સવાલ

૧. કયામતથી શું અપેક્ષા છે ?

૨. મુરદાનો ફરીથી જીવતા થયાનો કોઈ પ્રસંગ વર્ણવો.

૩. જનાબે ઈબ્રાહીમે મુરદા કેવી રીતે જીવતા કર્યા ?

૪. મુરદાના ફરીથી જીવતા થવા ઉપર આશ્ચર્ય કેમ ન કરવું જોઈએ ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 24

## બરઝખ

ઈન્સાનના મરણથી લઈને કયામત સુધીના સમયને "બરઝખ" કહેવામાં આવે છે.

જેનું મૌત જેટલા પ્રમાણમાં કયામતની નઝદિક હશે તેનો બરઝખનો સમય એટલો જ ટૂંકો હશે અને જેટલા પ્રમાણમાં દૂર હશે એટલા જ પ્રમાણમાં તેની બરઝખ લાંબી હશે.

બરઝખની જરૂરત એટલા માટે છે કે ઈન્સાન આ દુનિયામાં બે પ્રકારના આમાલ બજાવતો હોય છે. એક જાહેરી આમાલ જેને ચારિત્ર કહેવામાં આવે છે. જ્યારે બીજા પ્રકારના આમાલને બાતિનના નામથી ઓળખવામાં આવે છે. બાતિનને એતેકાદ (અકીદા ઉપરથી) પણ કહેવામાં આવે છે.

કયામતનો દિવસ ચારિત્રના સંપૂર્ણ બદલા માટે નક્કી થએલ છે. જ્યારે અકાએદના હિસાબ માટે કોઈ જગ્યા નથી. એટલા માટે જ એ જરૂરી છે કે શરીરમાંથી રૂહ નીકળી ગયા પછી એક જગ્યા નક્કી કરવામાં આવેલ છે કે જ્યાં રૂહને તેના અકાએદનો સારો અથવા નરસો બદલો આપવામાં આવે.

આ આલમ (દુનિયા)નું નામ જ બરઝખ છે. બરઝખમાં દરેક માણસને તેના અકાએદ પ્રમાણે સારી-નરસી જગ્યા આપવામાં આવે છે.

બરઝખમાં અરવાહો (રૂહો) પોતાના મૂળ શરીરને બદલે એક

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જુદા જ (વિચારોની દુનિયાના) સ્વરૂપમાં કે જગતમાં રહે છે.

જેવી રીતે આપણે પથારીમાં સુઇ રહીએ છીએ અને સ્વપ્નાઓ જોઈએ છીએ. સ્વપ્નામાં આપણે ખાઈએ છીએ, પીએ છીએ, કોઈ એક જગ્યાથી બીજી જગ્યાએ જતા હોઈએ છીએ કે વાહનમાં દોડાદોડ કરતા હોઈએ છીએ. ટુંકમાં સ્વપ્નામાં આપણને આપણું એક પ્રકારનું શરીર પણ નજરમાં આવતું હોય છે. બસ બરઝખમાં ખુદાવંદે તઆલા ઈન્સાનને આવું વિચારોનું શરીર આપે છે. તેને જીસ્મે મિસાલી કહેવામાં આવે છે.

હદીસોમાં કહેવામાં આવ્યું છે, કે બરઝખમાં મોમિનોની અરવાહો (રૂહો) વાદીયુસ્સલામ (સલામતિવાળુ)માં રહે છે અને કાફિર તથા મુનાફિકની રૂહો તેમજ એહલેબૈતના દુશ્મનોની રૂહો વાદીએ બરહૂતમાં રહે છે.

મરણ બાદ અંબિયા (નબીઓ), ઈમામો અને નાબાલિગ, કમ અક્કલ તથા દીવાના માણસો સિવાય અન્ય વ્યક્તિઓને ફિશારે કબ્ર (કબ્રમાં ભીંસ) થાય છે.

આ સાથે એ પણ યાદ રાખો કે જુમ્આની રાત્રીએ અથવા દિવસના ગુજરી જનારાઓ અથવા તો ઈમામ (અ.)ની પડોશમાં દફન થવાવાળાઓ ફિશારે કબ્ર (કબ્રની ભીંસ) જેવા અઝાબથી બચી જાય છે.

વળી ફિશારનો અર્થ એ છે કે અલ્લાહનો વિરોધ કરનાર અથવા નાફરમાન વ્યક્તિઓ અથવા તો પોતાના બાલબચ્ચાઓ સાથે અથવા મોઅમીનોની સાથે સખ્તાઈ કરવાવાળાને ઝમીન આ રીતે દબાવે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કયામતના દિવસે માઅસૂમીન (અ.) ગુન્હેગારોની શફાઅત કરશે. પરંતુ બરઝખમાં કોઈપણ પ્રકારની શફાઅત કરવામાં આવશે નહિ. મતલબ કે બરઝખમાં તો મોમિનોએ પોતે પોતાના ઉપર જ આધાર રાખવાનો રહેશે.

મરનારના સગા વ્હાલાઓ તથા મિત્રોની એ ફરજ છે કે તે મરનારની વાજિબાતને અદા કરે. મરનારની ઉપર ખુદાવંદે તઆલાના તેમજ બંદાઓના જે હક્કો બાકી રહેતા હોય તે અદા કરે. તેમજ એ સિવાય રૂહના સવાબ માટે નેક આમાલ (કાર્યો) બજાવી લાવે. જેથી આવા બંદાઓની 'બરઝખ' આસાનીથી પસાર થઈ જાય.

જો ખુદાવંદે તઆલા પોતે કાંઈ ન હોવા છતાં આખી ખિલ્કતને પૈદા કરી શકે છે તે સર્વશક્તિમાન અલ્લાહ મરણ બાદ ઈન્સાનોને ફરી વાર સજીવન પણ કરી શકે છે અને દુનિયાના વિનાશ બાદ તેને ફરીથી સર્જી શકે છે.

ખુદાવંદે તઆલા એવી પણ શક્તિ રાખે છે કે મરનારની લાશો ઝમીન ઉપર પડી રહે છે, અથવા તો તેને બાળવામાં આવે, અથવા તો તેને દરિયામાં ફેંકી દેવામાં આવે અથવા જે લાશને જંગલમાં જાનવરો યા પક્ષીઓ ખાઈ જાય તે બધાની રૂહોને બરઝખમાં રાખવામાં આવે છે. જો કે બરઝખની તકલીફ યા રાહત ભલે નજરમાં ન પણ આવતી હોય !

એક વખત એક કાફિરની ખોપરીને એક શખ્સે ઈમામ (અ.)ની સામે રાખીને પૂછયું કે આ ખોપરી તો ખામોશ છે. તેને અઝાબ કે તકલીફ ક્યાં થાય છે ? ઈમામ (અ.)એ ચકમકના પત્થરો મંગાવ્યા અને પુછનારને વળતો પ્રશ્ન કર્યો, જો આ ચકમકના પત્થરો ઠંડા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

યા ખામોશ છે કે નહિ ? તે શખ્સે તેને સ્પર્શ કરીને કહ્યું, "હુઝુર ! ઠંડા છે." એ પત્થરોનો એકબીજા સાથે ઘસી જુઓ. આમ કરવાથી તે ચકમકના પત્થરો વચ્ચે આગના તણખાઓ ઝરવા લાગ્યા. ઈમામ અ. એ ફરમાવ્યું કે ખુદાવંદે તઆલા આ ઠંડા પત્થરોમાં પણ અગ્નિ રાખી શકે છે. તે જ રીતે આ ઠંડી કે શાંત દેખાતી ખોપરી (રૂહ)ને પણ આગની સજા દઈ શકે છે.

આ ખુલાસાથી તે શખ્સને ઘણોજ સંતોષ થયો ને ઈમામ અ.નો આભાર માનતો રવાના થયો.

<u>સવાલ</u>


૧. 'બરઝખ' શા માટે રાખવામાં આવેલ છે ?

૨. બરઝખમાં કેવા સ્વરૂપોવાળા શરીરો હશે ?

૩. બરઝખમાં મોઅમીનો તથા ગૈર મોઅમીનોની અરવાહો (રૂહો) ક્યાં રહે છે ?

૪. 'બરઝખ'માં મરનારને આરામ પહોંચાડવાનો શો તરીકો છે ?

૫. 'ફિશારે કબ્ર' શું છે ? તે કોને કોને થાય છે તેમજ કોને કોને તે થતો નથી ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 25

# અમલ અને હિસાબ

અલ્લાહ તઆલાએ ઈન્સાનને અમલ કરવા માટે આ દુનિયામાં પુરતો મૌકો આપેલ છે. પરંતુ તે પછી આખેરતમાં અમલ માટે કોઈ મૌકો આપવામાં આવશે નહિ.

જે માણસો આ દુનિયામાં રોઝા તથા નમાઝ ઉપર અમલ કરતા નથી તેમજ ઝકાત-ખુમ્સ વિ. કાઢતા નથી તેમજ હજ કરતા નથી અને ગુજરી જાય છે, તેઓ આખેરતમાં બહુ જ પસ્તાશે અને તેમની પાસે ફક્ત અફસોસ સિવાય કંઈ હશે નહિ. આખેરત એ અમલ કર્યાનું જ ફળ છે. અને અમલ બજાવી લાવવા માટેનો મૌકો ફક્ત આ દુનિયામાં જ છે.

આ દુનિયામાં સારા નરસા કામની જઝા કે સઝા મળતી નથી. અગર જો તેમ હોત તો નબીઓ અને ઈમામો તો અલ્લાહ તઆલાના નેક બંદાઓ હતા જેના ઉપર મુસીબતો પડી તેમજ નમરૂદ, ફિરઔન, યઝીદ જેવા નઠારા અને ઝાલેમિનો (ઝુલમગારો) ઐશ-આરામમાં રહેતા ન હોત.

અલબત્તા ખૈરાત વિ.થી મુસીબતો જરૂર દૂર થાય છે, પરંતુ તેનો અઝીમ સવાબ તો આખેરતમાં જ મળવાનો છે. ટુંકમાં કહીએ તો આ દુનિયામાં બલાઓ-મુસીબતો ગુનાહો કરવાથી નાઝીલ થતી હોય છે. જ્યારે તેની કડવી સજાઓ આખેરતમાં ભોગવવાની હોય છે.

અલ્લાહ તઆલાએ બે ફરિશ્તાઓ (મુનકીર તથા નકીર)

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈન્સાનના સારા તથા નરસા કામની નોંધ લેવા માટે મુકર્રર કર્યા છે. જે ઈન્સાનના નાનામાં નાનાથી મોટામાં મોટા સારા-નરસા કામની હંમેશા નોંધ રાખતા હોય છે. આ નોંધ 'હિસાબના દિવસે' ફરિશ્તાઓ પાસેથી લઈ ખૂદ ઈન્સાનના હાથમાં આપવામાં આવશે અને ઈન્સાન પોતે જ તે વાંચશે જેથી કોઈ પણ ઈન્સાન તેનો ઈન્કાર કરી શકશે નહિ.

આ આમાલ-નામા (કે નોંધ) સિવાય ઈન્સાનના શરીરના દરેક અવયવો જેવા કે હાથ, પગ, આંખ, કાન વગેરે પણ ઈન્સાનના ગુનાહોની સાક્ષી પુરશે કે જે ગુનાહો આપણે તે-તે અવયવો મારફત કર્યા હશે !

ઈન્સાનને તેના કાર્યો માટે જન્નત યા દોઝખમાં જઝા આપવાની અગાઉ તેના હિસાબ-કિતાબની નોંધ અલ્લાહ તઆલાએ એટલા માટે ફરિશ્તાઓ મારફત રખાવેલ છે કે કદાચ ઈન્સાન આ 'આમાલ નામા' સામે વાંધો ઉઠાવે ! પણ તે તેમ કરી શકશે નહીં.'

અગર ખુદાવંદે તઆલા ઈન્સાનને પૈદા કરીને જો જન્નત કે દોઝખમાં મોકલી આપતે તો એક યા બીજી રીતે કાં તો નવાઈ પામતે અને કાં તો વાંધો ઉઠાવતે કે વગર સવાબે કે વગર ગુન્હાએ આમ કેમ બન્યું ? આથી જ આ હિસાબ-નામાની ગોઠવણ કરવામાં આવેલ છે.

<u>સવાલ</u>

૧. ખૈરાતના ફાયદા શું છે ?
૨. ખૈરાતનો સવાબ ક્યાં મળશે ?
૩. દુનિયા અમનની જગ્યા છે કે પછી સવાબ યા અઝાબની ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 26

## ઉલ્ટી ગંગા

નદીની ધારા એક ખાસ દિશા તરફ વહેતી હોય છે. તેને કોઈ દિવસ તેનાથી વિરૂધ્ધ દિશામાં નથી ફેરવી શકાતી. પરંતુ કોઈ વખત અમુક બેવકુફ પ્રકારના લોકો આવી કોશીષ પણ કરે છે કે નદીના પ્રવાહની દિશા બદલી નાખે. ઉત્તરથી દક્ષીણના બદલે દક્ષીણથી ઉત્તર તરફ ફેરવી નાખે. આ વસ્તુ અશક્ય છે. આમ કરનાર પોતે તણાઈ શકે છે પરંતુ નદીની ધારાને નથી ફેરવી શકતો. કારણ કે નદીનું તેની ધારા પર વહેવું એક સ્વભાવિક વસ્તુ છે. જેનો મુકાબલો કરવો ઈન્સાનની તાકતની બહાર છે.

નદીમાંતો આ વસ્તુ નથી થઈ શકતી. પરંતુ ઈન્સાનની ઝિંદગીમાં આવું અવાર નવાર બને છે. પરવરદિગારે આલમે ઝિંદગીનો એક ખાસ નિયમ નક્કી કર્યો છે. અને ઈન્સાનને તાલિમ આપેલ છે કે નક્કી કરેલ દિશા તરફજ આગળ વધે. પરંતુ ઈન્સાને પોતાની નફસાની ખ્વાહીશાતના કારણે ઉલ્ટી ગંગા વહાવાનું શરૂ કરી નાખ્યું. અને ઝિંદગીના દરેક કાનૂનને બેકાર સમજવા લાગ્યો. ઈઝ્ઝતની જગ્યા ઝિલ્લતે લઈ લીધી. અને શરમની જગ્યા બેશરમીએ લઈ લીધી. બીજાના એહતેરામની જગ્યા હંસી મજાકે અને બુઝુર્ગોના એહતેરામની જગ્યા મશ્કરીએ લઈ લીધી. ઔરત પરદાની જગ્યાએ ઓફીસમાં આવી ગઈ અને મર્દ ઓફીસની જગ્યાએ ઘરે ચાલ્યો ગયો. આ ઉલ્ટી ગંગા એટલી હદ સુધી વહી કે દરેક અખ્લાકી વાત બેવકુફી ગણાવા લાગી. દરેક અદબઅને અખ્લાકના કાનૂન પર ઝમાનાનો કાટ ચડી ગયો. પરીણામ શું થયું? એજ કે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈન્સાન પોતાના હાથેજ ફરીયાદ કરવા લાગ્યો. અને પૂરી દુનિયા પરશાનીનો શિકાર બની ગઈ.ઘણી અજબ જેવી વાત છે કે ગઈ કાલ સુધી ઈન્સાન પોતાના માલના નુકશાન પર આંસુ વહાવતો અનેઆજનો દુકાનદાર વિમા કંપની પૈસા વસુલ કરવા માટે બેદર્દીથી પોતાનીજ દુકાનને બાળી નાખે છે. ગઈ કાલનોઆદમી દિકરાના મરી જવા પર વરસો સુધી ગમગીન રહેતો. અને આજનો ઈન્સાન ડોકટરની મદદથી ઔલાદનો સિલસિલોજ ખત્મ કરી નાખે છે. અને તેને કોઈ અફસોસ પણ નથી થતો. ગઈ કાલનો આદમી છોકરીના ઘરેથી બહાર નિકળી જવા પર કૌમને મોઢું દેખાડવાને લાયક ન રહેતો અને આજે છોકરીઓને કોલેજમાં છોકરાઓને બાજુમાં બેસાડીને માં બાપ ખુશ થાય છે. ગઈ કાલે ઔરતો ઘરમાં આરામથી બેસી આરામથી ખાતી હતી અને આજે ઔરતોને કારખાનામાં અને ફોજમાં ભરતી કરાવીને તેણીઓથી એવું કામ લેવામાં આવે છે જે તાકતવર મર્દ પણ નથી કરી શકતા અને ઔરત આ વસ્તુને પોતાની તરક્કી માને છે. ગઈ કાલનો શરીફ ઈન્સાન કપડા પર પેશાબના એક ટીપાને સહન નહોતો કરતો અને તેને ત્યાં સુધી ચૈનન મળતો જયાં સુધી તે નજીસ કપડું ધોવાઈ ન જાય અને આજનો શરીફ ખાનદાની માણસ ઉભા ઉભા પેશાબ કરી પાણીથી ન ધોવાને પોતાની બલંદી સમજે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ગઈ કાલનો સમાજ શરાબી અને જુગારીને ઝિલ્લતની નઝરથી જોતો હતો. અને આવા આદમીઓને કોઈમેહફીલમાં જગ્યા આપવામાં નહોતી આવતી અને આજે શરાબની જાતેજાતની બોટલો શો-કેઈસમાં સજાવવામાં આવે છે. જુગાર જેવી રમતો દરેક સોસાયટીમાં ઝીનત બની ગઈ છે.

ગઈ કાલે રિશ્વતખોરના પૈસાથી પણ પરહેઝ કરવામાં આવતું હતું અને આજે રિશ્વતના પૈસાથી દરેક ઘર ચમકી રહ્યું છે.

ગઈ કાલે બીજાના માલ ખાનારને ચોર, ડાકુ, અને બેઈમાન કહેવામાં આવતો. પરંતુ આજે ખુમ્સ ઝકાત ન આપનાર, ખુદાનો માલ હડપ કરી જનારને પાકો ઈમાનદાર કહેવામાં આવે છે.

ગઈ કાલની મસ્જીદો મુસલમનોથી છલકાઈ રહેતી હતી. અને આજની મસ્જીદ વીરાન દેખાઈ રહી છે.

ગઈ કાલે રોઝા ન રાખવાને બુરૂ સમજવામાં આવતું. પરંતુ આજે ખુલ્લેઆમ સિગરેટ પિવાઈ રહી છે. અને કહે છે જયારે ખુદાથી શરમ નથી કરતા તો પછી તેના બંદાથી શું શરમ? અને એવી ઉમ્મીદ રાખવામાં આવે છે કે લોકો ઈઝઝતદાર કહે બેશરમ ન કહે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ગઈ કાલે ખુદાની બંદગી પર ગર્વ કરવામાં આવતો અને આજે દરેક વાતમાં અલ્લાહની મજાક ઉડાડવાનેગર્વનું કારણ સમજવામાં આવે છે.

શું આવી હાલતમાં એવી ઉમ્મીદ કરી શકાય છે, કે આપણો સમાજ પણ મુસલમાન રહી શકશે? અને આપણે ખુદા અને રસૂલ સ. અને અઈમ્મએ માસૂમ અ.સ.ની બારગાહમાં મુસલમાનની હૈસિયતથી કબુલ થઈશકીશું? હરગીઝ નહીં! આ ઉલ્ટી ગંગા બેદીન માટે તો બહુજ સારી છે. પરંતુ મઝહબ માટે કોઈ ઝહેરથી ઓછી નથી.

<u>સવાલ</u>

(૧) નદીની ધારાને તેની ઉલ્ટી દીશા તરફ લઈ જવાથી શું નુકશાન થાય છે?

(૨) કુદરતના નિયમ વિરૂધ્ધ ચાલવાથી શું નુકશાન થાય છે?

(૩) આજે દુનિયાની હાલત કેવી છે?

(૪) આ દુનિયાની ઉલ્ટી ગંગા કોના માટે સારી છે? અને કોના માટે બહુજ ખરાબ છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 27

## હંસની ચાલ

હંસ એક પક્ષી છે. જેની ચાલ બહુજ સુંદર હોય છે. તે જયારે ચાલે છે ત્યારે બહુજ સારૂ લાગે છે. અને તેની વિરૂધ્ધમાં કાગડાની ચાલ ઢંગ વગરની હોય છે. એક વાર એક માણસે કાગડાને મેણું માર્યુ કે હંસની ચાલ તારા કરતા બહુજ વધારે સારી છે. લોકો તેને જોઈ તેની તરફ આકર્ષાય છે અને તારી ચાલ જોઈ લોકો તારાથી નફરત કરે છે. કાગડાએ આ વાત સાંભળી અને દિલમાં ઈરાદો કરી લીધો કે હવે હું પણ હંસની જેમ ચાલવાની કોશિષ કરીશ અને જયારે મારી ચાલ હંસ જેવી થઈ જશે ત્યારે હું આ મેણાનો જવાબ આપીશ કે કાગડાની ચાલ પણ હંસની ચાલ કરતા ખરાબ નથી. ઘણા દિવસો સુધી કાગડો હંસની જેમ ચાલવાની કોશિષ કરતો રહ્યો. એક દિવસ જયારે તેણે વિચાર્યુ કે મારી ચાલ હંસની ચાલ જેવી થઈ ગઈ છે. ત્યારે તે મેણું મારનારઆદમી પાસે આવ્યો અને કહેવા લાગ્યો, કે તે મને મેણું માર્યુ હતુ કે હંસની ચાલ કાગડાની ચાલ કરતા સારી હોયછે. આજે તું મારી ચાલ જોઈને ફૈસલો કર કે કોની ચાલ સારી છે. આમ કહી કાગડાએ હંસની જેમ ચાલવાની કોશિષ કરી. અને લંગડાઈને ચાલવાનું શરૂ કર્યુ. પરીણામ તે આવ્યું કે કાગડો લંગડો પણ થઈ ગયો અને હંસની ચાલતો બહુજ દુરની વાત ખુદ પોતાની ચાલ પણ ભૂલી ગયો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આવીજ હાલત મુસલમાનોની છે. આપણને દુનિયાની દરેક ચીઝ સારી લાગી. અને તેને અપનાવા લાગ્યા. અને એ ભૂલી ગયા કે આપણે મુસલમાન છીએ. અને દુનિયાની બીજી કૌમ મુસલમાન નથી. તેઓના રિત-રિવાજ અલગ છે. આપણા સંસ્કાર અલગ છે.

આપણે બીજા લોકોના તેહવારમાં નાચ, ગાન, બેંડ, વાજા જોયા તો આપણે પણ તેમ કરવા લાગ્યા. અંગ્રેજોની ઔરતોને રસ્તા પર બેપરદા હરતી ફરતી જોઈ આપણે પણ આપણી ઔરતોને રસ્તા પર લઈ આવ્યા. બીજી કૌમને થીએટર જતા જોઈ તો આપણે પણ આપણી માં-બહેનોને ત્યાં પહોંચાડી દીધી. શરાબ જોઈ તો તેનેપણ પીવાની શરૂ કરી દીધી. જુગાર જોઈ તો તેને પણ રમવાનું શરૂ કરી દીધુ. નાટક જોયું તો તેમાં મશ્ગુલ થઈ ગયા. આપણો કોઈ પણ પ્રસંગ નાચ-ગાનથી ખાલી ન રહી શકયો. આપણું કોઈ પણ ઘર ગીત-સંગીતની અવાજથી બચી ન શકયું. આપણા કોઈ પણ બચ્ચા ઉભા રહીને પેશાબ કરવાથી બચી ન શકયા. આપણી કોઈ પણ દાવત ઉભા રહીને જમણ જમવાથી બચી ન શકી. આપણી કોઈ પણ દિકરી બેપરદા થવાથી ન બચી શકી. આપણો કોઈ જવાન દાઢી મુંડવાથી બચી ન શકયો. નમાઝ આપણા ઘરેથી રૂખસત થઈ ગઈ. રોઝા આપણા માટે મુસીબત બની ગયા. હજમાં આપણને પૈસાની બરબાદી દેખાવા લાગી. ખુમ્સ અને ઝકાતનો ઝિક્ર આપણા ઘરેથી જતો રહ્યો. એકબીજાને સારી વાતો બતાવવી અને બૂરી વાતો પર ટોકવું આપણે ત્યાં ઐબ બની ગયું. ગુલામી રહી ગઈ આઝાદી ચાલી ગઈ. સંગીતની અવાજ રહી ગઈ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને કુર્આનની તિલાવત ચાલી ગઈ. ફીલ્મી થીએટર રહી ગયા અને મસ્જીદની આબાદી ચાલી ગઈ. જુગારના અડ્ડા રહી ગયા અને મજલીસોનો મજમો ચાલ્યો ગયો. પરીણામએ આવ્યું કે "**કાગડો ચાલ્યો હંસની ચાલ ખુદ પોતાની ચાલ પણ ભૂલી ગયો.**"આપણે મુસલમાન કહેવડાવાને લાયક ન રહ્યા.અને ન તો દુનિયાવાળાએ આપણને અપનાવ્યા.અને ન તો તરક્કી પામેલમાન્યા. હવે આપણે ઝિંદગી ભરના રોદણા સાથે એકલા રહી ગયા. પરિણામે અલ્લાહથી શિકાયત કે આપણી મસુલમાન કોમની હાલત ખરાબ છે. કાશ! આપણે એમ પણ વિચાર્યુ હોત કે આપણામાંથી મુસલમાન કોણ છે?આપણે પોતાને કયા મોઢેથી મુસલમાન કહીએ છીએ? આપણે ફુરૂએ દીનની કઈ વાત પર અમલ કર્યો ? અને ઉસુલે દીનની કઈ વાતને દિલથી માની? જરૂરી છે કે હજી આપણી આંખો ખુલી જાય. અને આપણને હોશ આવીજાય. દુનિયાતો આપણા હાથથી જઈ ચુકી છે. અહીંયા તો આપણે ઝલીલ અને પસ્ત થઈજ ચુક્યા છીએ. હવે ઓછામાં ઓછુ આપણે આપણા દીનને તો સંભ ાળીએ. અને આખેરતમાં ખુદાને મોઢું દેખાડવાને લાયક બની જઈએ.

હજી સમય છે કે આજથી પણ ઈસ્લામના એહકામો પર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અમલ કરવાનું શરૂ કરી દઈએ તો આપણી દુનિયાપણ બની જાશે અને આખેરત પણ. પરંતુ તે માટે આપણે આપણી ચાલ બદલવી પડશે.

## સવાલ

(૧) કાગડાએ શા માટે હંસની ચાલ ચાલવાનું શરૂ કર્યુ હતું ?

(૨) મુસલમાનો શા માટે દુનિયાના રંગમાં રંગીન થવા લાગ્યા?

(૩) મુસલમાનોએ પોતાની ચાલ બદલી પોતાનુ શું નુકશાન કર્યુ છે?

(૪) હવે આપણે શું કરવુ જોઈએ કે જેનાથી કયામતમાં અલ્લાહને મોઢુ દેખાડવાને લાયક બની શકીએ?

## ટુંક નોંધ લખો (નીચે બતાવેલ વિષયો પર દસ લીટી લખો.)

(૧) ઉલ્ટી ગંગા

(૨) દુનિયામાં મુસલમાનોની હાલત

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 28

## સામાન કે ઈત્મિનાન

દુનિયાનો કોઈ પણ ઈન્સાન એવો નથી જે સુકુન, આરામ, અને ઈત્મિનાનની તમન્ના ન રાખતો હોય. અને કોઈ ઈન્સાન એવો નથી જે બેચૈન અને પરેશાન ન હોય. અને સાચી વાતતો એ છે કે અગર બેચૈની ન હોત તો ચૈન અને સુકુનની તલાશ ન રહેત. અગર પરેશાની ન હોત તો ઈત્મિનાનની શોધ કરવાની જરૂર ન રહેત. સુકુન અને ઈત્મિનાનની શોધ બેચૈની અને પરેશાનીનુંજ પરિણામ છે. પરંતુ સૌથી મોટો સવાલ એ ઉભો થાય છેકે સુકુન અને ઈત્મિનાન મળે કયાંથી? દુનિયાના ઘણા લોકોએ નિર્ણય લીધો છે કે જયાંથી પરેશાની શરૂ થઈ છે ત્યાંથીજ ઈત્મિનાનનો બંદોબસ્ત કરવામાં આવે. અગર કોઈને ખોરાકની પરેશાની છે તો તેને ખોરાક આપવામાંઆવે. અગર કોઈ મકાનનો મોહતાજ છે તો તેને મકાન આપવામાં આવે. અગર કોઈ સંતાનના કારણે પરેશાન છેતો તેની ઔલાદને સારી તરબિયત આપવામાં આવે. જે મોટા લોકોના કારણે પરેશાન હાલ છે તો તેના માટે અદાલત અને ઈન્સાફની વ્યવસ્થા કરવામાં આવે. આ બધી વ્યવસ્થા કરવાનું કારણ એ છે કે પરેશાનીના દરેક રસ્તાને બંધ કરી દેવામાં આવે જેથી સુકુન અને ઈત્મિનાન પોતની મેળેજ હાંસિલ થઈ જશે. આમ વિચારી ઈન્સાને વધારેમાં વધારે સામાના ભેગો કરવાનો શરૂ કર્યો. ખોરાક માટે ખેતીના અવનવા અને બેહતરીન ટેકનોલોજીના ઉપાયો શોધ્યા. હજારો પ્રકારના ખાતરો શોધ્યા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ડગલેને પગલે ટયુબવેલ અને મોટર પંપની વ્યવસ્થા કરી, કપડા માટે મોટી મોટી મીલો બનાવી. અવનવા મશીનો બનાવ્યા. અને શોખ પુરો કરવા માટે અવનવા પ્રકારના કપડા બનાવ્યા. રહેવા માટે સુંદર મજાની બિલ્ડીંગો બનાવી. દરિયાની છાતી ફાડી તેમાં જગ્યા બનાવી. પહાડોની ટોચોને આબાદીને લાયક બનાવી. તરબીયત માટે નર્સરી સ્કુલ ખોલ્યા. ઝુલ્મો સીતમને નાબુદ કરવા માટે અદાલતો કાએમ કરી. પરંતુ સાચી વાત એ છે કે આ બધુ કરવા છતાં પણ સુકુન ન મ ળ્યું .બલ્કે એક નવી પરેશાની પૈદા થઈ ગઈ. મશીનોના તુટી જવાના ડરે દિલને સુકુન લેવા ન દિધું. મલો દૌલતના લુટાઈ જવાના ડરે રાત ભરની ઉંઘ હરામ કરી દીધી. મકાન પડી જવાના વિચારે પરશાન કરી દીધા. ઈત્મિનાનના દરેક વસીલા પરેશાનીનું કારણ બની સામે આવી ગયા.

આમ શા માટે થયું? ખરી વાતતો એ છે કે ઈન્સાને પરેશાનીનું કારણ સમજયા વગર વચ્ચેથી બીમારીનોઈલાજ કરવાનો શરૂ કરી નાખ્યો.પરિણામ એ આવ્યું કે ઉપરથી બીમારી સારી થતી દેખાણી પરંતુ અંદર અંદર બીમારી ઘર કરી ગઈ.ઈન્સાને એમ વિચાર્યુ કે બધી પરેશાની સામાનની ખામીના કારણે છે ખાવા માટે ખોરાક, પહેરવા માટે કપડા, રહેવા માટે મકાનની ખામી છે. એટલા માટેજ ઈન્સાન પરેશાન હાલ રહે છે. જયારે આ બધી વસ્તુ આપણી પાસે આવી જશે તો પરેશાની પોતાની મેળેજ દુર થઈ જશે. ઈન્સાને એમ ન વિચાર્યુ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કે પરેશાની સામાનના કારણે હોત તો એ બધા લોકો જેના પાસે બધા સામાન છે તેઓ મુત્મઈન હોવા જોઈએ.જયારે કે તેવું કયાંય જોવા નથી મળતું. માટે માનવું પડશે કે ઈત્મિનાન અને સુકુનનો રસ્તો કંઈક જુદોજ છે.

હકીકત એ છે કે ઈન્સાન પાસે જેટલો સામાન વધતો ગયો તેટલો તેને પોતાની જાત પર ભરોસો વધતો ગયો. અને જેટલો પોતાના પર ભરસો વધતો ગયો તેટલોજ અલ્લાહ ભુલતો ગયો. પરિણામે દરેક માલથી બરકત ચાલી ગઈ. અને નહુસત ફેલાઈ ગઈ. ગઈ કાલે જયારે વરસાદ નહોતો વરસતો ત્યારે દરેક ખેડુત પોતાના માલિકની બારગાહમાં દુઆ કરતો. ફસ્લ આવવા પહેલાજ દુઆઓ શરૂ થઈ જતી કે "માલિક! ખેતર પરજ નીભાવ છે." "માલિક! સમયસર વરસાદ વરસાવજે." "માલિક! વરસાદ એવો આપજે જેના કારણે અનાજ વધારેમાં વધારે થાય." અને અત્યારના ઝમાનામાં જયારથી ટયુબવેલ અને મોટર પંપ આવી ગયા છે કોઈને વરસાદની જરૂરજ નથી દેખાતી. બધા એમ વિચારે છે કે વરસાદ નહીં વરસે તો ટયુબ વલ તો છે જ અને એટલુજ નહીં બલ્કે દિલમાં એવી તમન્ના પણ રહેતી હોય છે કે વરસાદ ન વરસે તો લોકો પાસેથી વધારે પૈસા પણ કમાઈ શકીએ. આ જ બૂરી નિય્યત હતી કે માલથી બરકત જતી રહી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને નહુસત ચારેય તરફ ફેલાઈ ગઈ. આથી સ્પષ્ટ જાણવા મળે છે કે બેચૈનીનું કારણ સામાનની ખામી નથી. બલ્કે નિય્યતની ખોટ અને ખુદા પર ભરોસો ન કરવો છે. જયાં સુધી દુનિયામાં સાચી નિય્યત અને અલ્લાહ પર ભરોસાની સિફત પૈદા નહીં થાય ત્યાંસુધી સુકુન અને ઈત્મિનાન નહીં મળી શકે.ભલે પછી ઈન્સાન ચાંદ પર પહોંચી જાય કે સૂરજ પર જયાં રહેશે ત્યાંપરેશાન રહેશે.

આ વાતનો બેહતરીન નમુનો કરબલાના મૈદાનમાં જોવા મળયો. જયાં એક તરફ જેટલો જોવે તેટલો સામાન હતો. ફૌજ હતી. હથીયાર હતા. પાણી પુષ્કળ હતું. સિપાહીઓ વધારે હતા. એશો આરામના દરેક વસીલા હતા. પંરતુ તેમ છતાં પરેશાની હતી. અને બીજી તરફ જરૂરીયાતના સામાન પણ ન હતા. ગરીબી અને મૂસાફેરત હતી. ન હથીયાર હતા. ન લશ્કર હતું. તેમ છતાં ઈત્મિનાન એ દરજ્જા સુધી હતું કે કુર્આન ઈમામ હુસૈન અ.સ.ને "નફસે મુતમઈન્ના" કહીને યાદ કરે છે. આમ શા માટે? ફકત એટલા માટેજ કે યઝીદ પાસે દરેકસરો-સામાન હતો પંરતુ ખુદા પર ભરોસો ન હતો. અને ઈમામ હુસૈન અ.સ. પાસે કશુજ ન હતું. પરંતુ ખુદા પર ભરોસો હતો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## સવાલ


(૧) દુનિયાનો દરેક ઈન્સાન કઈ વસ્તુની ઈચ્છા ધરાવે છે અને દરેક ઈન્સાનની હાલત કેવી છે?

(૨) દુનિયાના લોકોની પરેશાનીનું કારણ શું હતુ અને તેનો ઉકેલ લાવવા બધા લોકોએ શું કર્યુ?

(૩) દુનિયાવાળાઓએ પરેશાની દુર કરવા જે ઉપાયો ઉપયોગમાં લીધા તેનું પરીણામ શું આવ્યું?

(૪) ઈન્સાનને સુકુન અને આરામ કયાંથી મળી શકે છે?

(૫) કરબલાના વાકેઆ પરથી આપણને શું સબક મળે છે?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 29

# મૈય્યતના અહેકામ

## મૌતનો વખત :

જે લોકો મરનારની પાસે હાજર હોય તે લોકોને એ લાઝીમ છે કે મરનારને એવી રીતે ચત્તુ સુવડાવે કે તેનું મોઢું અને પગના તળિયાં કિબ્લા સામે રહે. આ હુકમ દરેક મરનાર વ્યક્તિ માટે છે, પછી ભલે તે મર્દ હોય યા ઔરત, જવાન હોય યા બુઢ્ઢો યા બાળક.

## મૈય્યતને અડવાનું ગુસ્લ :

માણસના મૈયતને અડવાથી ગુસ્લ વાજિબ થાય છે. ભલે પછી આ ભાગ જીવન દરમ્યાન કાપેલો હોય અથવા મરણ પછી, આ ભાગમાં હાડકું હોય અથવા ન હોય ! પણ ગુસ્લ એ વખતે વાજિબ થશે કે જયારે મૈય્યત અથવા તેના ભાગને ઠંડા થયા પછી અડવામાં આવે.

શરીરના જે ભાગો નિર્જીવ હોય છે જેવા કે વાળ, દાંત, નખ વગેરે અવયવોને અડવાથી ગુસ્લ વાજિબ થતું નથી.

## ગુસ્લે મૈય્યત :

દરેક મુસલમાનના મૈય્યત (લાશ)ને ગુસ્લ આપવું વાજિબ છે. જો મૈય્યતનું ફક્ત છાતી અથવા હાડકું મળે અથવા એક ભાગ કે જેમાં છાતીનું અથવા બીજું હાડકું લાગેલું હોય તો પણ ગુસ્લ દેવું વાજિબ છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એ બાળકને પણ ગુસ્લ આપવું વાજિબ છે કે જે કસુવાવડ મારફત જન્મેલું હોય, પરંતુ શરત એ છે કે તે ગર્ભ (યા હમલ) ચાર મહિના કરતા વધારે હોય.

## ગુસ્લનું પાણી :

મૈય્યતને પ્રથમ બોરડીના પાનવાળા પાણીથી, પછી કપુરના પાણીથી અને છેલ્લે ચોખ્ખા પાણીથી ગુસ્લ આપવું વાજિબ છે.

## ગુસ્લ આપવાની રીત :

પહેલા મૈય્યતના આખા શરીર પરથી મેલ સાફ કરવો.. આમ કર્યા પછી બોરડીના થોડા પાન ચોળીને પાણી બનાવવું અને નિય્યત કરવી કે "આ મૈય્યતને ગુસ્લ આપું છું બોરડીના પાનના પાણીથી વાજિબ કુરબતન એલલ્લાહ."

મજકુર પાણીથી પ્રથમ મૈય્યતનું માથું તથા ગરદન ધોવી, ત્યાર બાદ જમણી બાજુનું પડખું ફેરવીને ગરદનથી પગના આંગળાઓ સુધી અરધું શરીર ધોવું, ત્યારબાદ આજ રીતે શરીરના ડાબા ભાગને ધોવો.

ત્યાર બાદ બીજી વખતના પાણીમાં કપુર (કે કાફુર) મેળવીને નિય્યત કરવી કે :- "મૈય્યતને ગુસ્લ આપું છું કપુરના પાણીથી વાજિબ કુરબતન એલલ્લાહ." આમ બોલી ઉપર જણાવ્યા પ્રમાણે મૈય્યતને માથા, ગરદન તથા બંને પડખે ફેરવી ગુસ્લ આપવું.

ત્યારબાદ ખાલિસ (ફક્ત) પાણીથી ઉપર મુજબ નિય્યત કરીને ગુસ્લ આપવું.

શરીરના દરેક ભાગને ધોતી વખતે થોડો વધારાનો ભાગ પણ ધોવો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## હુનુત આપવાની રીત :

મૈય્યતને ગુસ્લ આપ્યા બાદ સ જદો કરવાના તેના સાત ભાગો જેવા કે :- કપાળ (યા પેશાની), બે હાથની હથેળીઓ, બે પગના બે ઘુંટણો તથા બે પગના બે અંગુઠાઓ ઉપર કપુર લગાડવું વાજિબ છે. આમાં એક વાતની શરત એ છે કે મરનાર શહીદ ન હોય યા તો "અહેરામ"ની હાલતમાં ન હોય.

## કફન પહેરાવવા માટેના કપડાં :

મરદ અથવા ઔરત કોઈનું પણ મૈય્યત હોય તેને ત્રણ કપડાં કફન રૂપે આપવા વાજિબ છે. તે આ પ્રમાણે છે :- (૧) પહેરણ (૨) લુંગી તથા (૩) ચાદર.

મરદને ઉપર મુજબના વાજિબ કપડાં ઉપરાંત રાંગપેચ (યાને ઈજાર) એક અમામા અને એક ચાદર આપવી મુસ્તહબ છે.

ઔરતની મૈય્યતને એક ઈજાર, મકના (માથા ઉપરનું ઢાંકણ), સીનાબંદ (યાને છાતી ઉપર લગાડવાનું કપડું) તેમજ ઓઢણી તથા એક ચાદર આપવી મુસ્તહબ છે.

યમાની ચાદર બંનેને આપવી મુસ્તહબ છે.

## ખાસ નોંધ (ચેતવણી) :

મરદના મૈય્યતને ફક્ત મરદ જ ગુસ્લ આપે. તેમજ કફન પહેરાવે અને ઔરતના મૈય્યતને ફક્ત ઔરત જ ગુસ્લ આપે તેમજ કફન પહેરાવે. ઔરત પોતાના ધણીને તેમજ ધણી પોતાની ઔરતને ગુસ્લ આપી કફન પહેરાવી શકે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## કફન પહેરાવવાની રીત :

પહેલા ચાદર પાથરી અને તેની ઉપર પહેરણ ફાડીને અરધું પાથરો અને અરધું માથાના ભાગ તરફ રહેવા દો. પછી ચાદરમાં બરાબર મધ્યમાંથી પગ તરફ લુંગી પાથરો. આ લુંગીનો એક છેડો જે કમર સાથે રહેશે લંબાઈમાં ફાડી નાખો જેથી તે કમરમાં ફીટ બંધાઈ જાય.

પછી એ કપડાં ઉપર મૈય્યતને સુવડાવીને લુંગીનો છેડો પહેલા કમરમાં એવી રીતે બાંધવો કે ગાંઠ દૂટી (નાભી) ઉપર આવે. ત્યારબાદ મૈય્યતની શરમની જગ્યાએ રાખીને લુંગીનો બીજો છેડો લુંગીના બાંધેલા ભાગમાંથી એવી રીતે પસાર કરો કે લંગોટ બની જાય અને રૂ પડી ન જાય. ત્યાર બાદ બંને પગને ભેગા કરીને તે લુંગી સાથે બાંધી દો. ત્યારબાદ પહેરણનો જે અરધો ભાગ માથા તરફ છે તેને છાતી ઉપર રાખી દો.

અગર અમામો હોય તો માથા પર બાંધીને તેના બંને છેડા છાતી ઉપર રાખી દો.

ત્યાર બાદ બે લાકડીઓ (ખજુરીની અથવા બોરડીની અથવા તો નેતરની જે મળે તે) ઉપર "શહાદતેન" લખીને રૂ લગાડીને જમણી બાજુ શરીર અને હાથની વચ્ચે બગલની નીચે કમર સુધી રાખો અને બીજી ડાબી બાજુ, પહેરણની ઉપર બગલમાં રાખો. ત્યારબાદ ચાદર બંને બાજુ વિંટાળીને માથું, કમર તથા પગ પાસે બાંધી દો.

ઔરતના મૈય્યતને સર્વ પ્રથમ સીનાબંદ બાંધીને પછી પહેરણ પહેરાવો. ત્યારબાદ મકના, ઓઢણી અને છેલ્લે ચાદર વિંટાળી દો.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## નમાઝે મૈય્યત :

છ વરસ સુધીના મુસલમાન નાના-મોટાની નમાઝે જનાઝા વાજિબ છે. ચાહે તે શિયા હોય યો ગૈરશિયા. આદિલ હોય કે ફાસિક, ગુલામ હોય યા આઝાદ, મરદ હોય યા ઔરત. આપઘાત કરીને ગુજરી જનારની નમાઝે મૈય્યત પઢવી વાજિબ છે.

આ નમાઝનું વાજિબ હોવાનો અર્થ એ છે કે અગર કોઈ માણસે નમાઝ ન પઢી હોય તો તમામ જાણવાવાળા મુસ્લિમ ગુનેહગાર ગણાશે. અગર એક માણસ પઢી આવે તો બધા ઉપર વાજિબ રહેશે નહીં.

આ નમાઝ ફુરાદા (એટલે કે એકલી) પણ પઢી શકાય છે અથવા જમાત સાથે પણ પઢી શકાય છે. પરંતુ જમાઅતની હાલતમાં પેશ નમાઝ આદિલ હોવો જોઈએ. અન્ય બધા નમાઝ પઢવાવાળાઓ એ ઈમામની જેમ દુઆ પઢવી જોઈએ. આમાં ચૂપ ઊભા રહેનાર બેકાર સાબિત થશે અને તેની હાજરી અન્ય નમાઝ પઢનારાઓ માટે અટકાયત બનીને નમાઝને રૂકાવટ કરી ખરાબ કરશે. જો તેનો સંબંધ ઈમામ સુધી ચૂપ રહેવાવાળા નમાઝીઓના મારફત જતો હોય તો—

## નમાઝ માટેની શરતો :

આ નમાઝ માટે નીચે પ્રમાણેની શરતો છે :-

(૧) મૈય્યત નમાઝ પઢાવનારની સામે મૌજુદ (હાજર) હોય.

(૨) નમાઝ પઢાવનાર કિબ્લાની સામે મોઢું રાખીને ઊભો રહે.

(૩) મૈય્યતનું માથું નમાઝ પઢાવનારની જમણી બાજુએ હોય.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૪) નમાઝી મૈય્યતના કોઈ ને કોઈ ભાગની સામે ઊભો હોય. "જો નમાઝ જમાઅતથી ન થતી હોય તો ઘણી ખરી જગ્યાએ ઘણાખરા માણસો એક સાથે ઊભા રહીને જમાઅતની નિય્યત વગર નમાઝ પઢી લ્યે છે" આવી હાલતમાં ફક્ત એ લોકોની જ નમાઝ ખરી ઠરે છે કે જેઓ મૈય્યતની સામે ઊભા હશે. બાકી જમણી કે ડાબી બાજુએ ઉપરોક્ત રીતે ઊભેલા માણસો તેમજ બીજી-ત્રીજી સફ (લાઈન) વાળાઓની નમાઝ બાતિલ થઈ ગણાશે.

## નમાઝ પઢાવવાની શરૂઆત :

(૧) નમાઝ ગુસ્લ-કફન પછી પઢાવી જોઈએ.

(૨) મૈય્યતના વાલીની રજાથી નમાઝ પઢાવી જોઈએ.

(૩) નમાઝ ઊભા ઊભા પઢાવી જોઈએ.

નમાઝે મૈય્યતમાં તહારતની જરૂરત નથી. જો મૈય્યત નમાઝ પઢ્યા વગર દફન કરી દેવામાં આવ્યું હોય તો તેની કબ્ર પર જઈને નમાઝ પઢવી જોઈએ.

## નમાઝે મૈય્યતની રીત :

નમાઝે મૈય્યતની રીત એ છે કે પહેલા નમાઝ પઢાવનાર નિય્યત કરે "નમાઝે મૈય્યત પઢું છું વાજિબ કુરબતન એલલ્લાહ."

પછી અલ્લાહો અકબર પઢીને તશહુદ પઢે, "અશહદો અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ, વ અશહદો અન્ન મોહમ્મદ રસુલુલ્લાહ."

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પછી "અલ્લાહો અકબર" કહે. ત્યારબાદ આ પ્રમાણે સલવાત પઢે "અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીંવ્વઆલે મોહમ્મદ."

પછી "અલ્લાહો અકબર" કહીને નીચે પ્રમાણે દુઆ પઢે. "અલ્લાહુમ્મગ્ફીર લિલ્મોઅમેનીન વલ્મોઅમેનાત" અને વળી પાછા "અલ્લાહો અકબર" કહે અને નીચે પ્રમાણે દુઆ પઢે.

"અલ્લાહુમ્મગ્ફિર લે હાઝલ મય્યીત" કહી પછી "અલ્લાહો અકબર" કહી નમાઝ પૂરી કરે. અને અગર મય્યીત ઔરતનું હોય તો "હાઝલ મય્યીત"ના બદલે "હાઝેહીલ મય્યીત" પઢે.

જો મૈય્યત નાબાલિગની હોય તો ચોથી તકબીર પછી આ દુઆ પઢે.

"અલ્લાહુમ્મજ અલ્હો લે અબ વયહે વ લના સલફન વ ફરતન વ અજરા."

નોંધ : એક જનાઝા ઉપર બે વખત નમાઝ પઢવી મકરૂહ છે પણ જો કોઈ બુઝુર્ગની મૈય્યત હોય તો વાંધો નથી.

## કાંધા દેવાની રીત :

જનાઝા ઉઠાવનારનું મોઢું મૈય્યતના માથા તરફ હોવું જોઈએ. એક માણસ મૈય્યતનો જમણો કાંધો અને બીજો માણસ મૈય્યતના જમણા પગને પોતાના કાંધા ઉપર ઉઠાવે. તે જ રીતે ત્રીજો માણસ મૈય્યતનો ડાબો કાંધો અને ચોથો મૈય્યતના ડાબા પગને પોતાના કાંધા ઉપર ઉઠાવે.

થોડે દૂર લઈ ગયા પછી જે શખ્સ મૈય્યતના જમણા કાંધા તરફ હોય તે મૈય્યતના જમણા પગ તરફ આવી જાય અને તે જગ્યાનો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

માણસ ડાબા પગ તરફ આવી જાય અને ત્યાંનો માણસ મૈય્યતના ડાબા કાંધા તરફ જાય અને ત્યાંના માણસ વળી મૈય્યતના પગ તરફથી વળાંક લઈને આગળ જમણા કાંધા તરફ જાય.

આ પ્રમાણે મૈય્યતને વારાફરતી કાંધા બદલતાં બદલતાં કબ્રસ્તાન તરફ લઈ જવું.

## મૈય્યતને દફન કરવાની રીત :

મૈય્યતને એવી રીતે ઝમીનમાં છુપાવીને દફન કરવું વાજિબ છે કે, વિકરાળ પ્રાણીઓથી તેમજ દુર્ગંધ ફેલાવાથી બચી શકે.

કબ્રને મૈય્યતના કદ પ્રમાણે અથવા તો ગળા સુધી ઊંડી ખોદવી અને તેમાં કિબ્લા તરફ બેસવા લાયક લહદ યાને ઉંડાઈ બનાવવી મુસ્તહબ છે.

(૧) મરદના મૈય્યતને એકદમ કબ્રમાં ન ઉતારતાં તેને બે જગ્યાએ મંઝીલ (થોડો વિસામો) આપીને ત્રીજી વખત કબ્રની પગ તરફથી માથાભર ઉતારે.

(૨) ઔરતના મૈય્યતને એકદમ કબ્રની બરાબર કિબ્લા સામે રાખીને બરાબર એવી રીતે ઉતારે કે માથું નીચે ન નમી જાય.

કબ્રમાં મૈય્યતને ઉતારનાર શખ્સ માથું ખુલ્લું, પગ ઉઘાડ તેમજ ખમીસ વગેરેના બટન ખુલ્લા હોવા જોઈએ, આમ કરવું તેમને માટે મુસ્તહબ છે.

મૈય્યતને કબ્રમાં જમણી તરફ આડે પડખે રાખીને કિબ્લા સામે મોઢું આવે તે રીતે સુવડાવે, ત્યારબાદ મૈય્યતના કફનના બંધન ખોલી નાખે. જેથી મૈય્યતનું મોં ખુલ્લુ રહે અને મૈય્યતનો જમણો ગાલ ઝમીન ઉપર અડી જાય. નીચે થોડી માટીનો આધાર આપીને

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

માથાને થોડું ઊંચુ રાખવું અને શખ્સ કબ્રમાં એક તરફ એવી રીતે ઊભો રહે કે મૈય્યત તેના બંને પગની વચ્ચે ન આવે.


"સૂર-એ-હમ્દ, કુલ્લ અઉઝો બે રબ્બીલ ફલક, કુલ્હોવલ્લાહ, આયતુલ્કુરસી, અઉઝો બિલ્લાહે મેનશ્શયતા નિરરજીમ" પઢતા રહે.

આ બધી વિધિ પતી ગયા બાદ શખ્સ કબ્રમાંથી બહાર નિકળતાં પહેલાં મૈય્યતને તલકીન પઢાવે.

## કબ્રની ઊંચાઇ :

કબ્રને ઝમીનથી ચાર આંગળ ઊંચી લંબચોરસ બનાવવી જોઇએ અને કબ્ર ઉપર એવી રીતે પાણી નાખવું કે પાણી નાખનાર કિબ્લા તરફ મોઢું રાખીને મૈય્યતના માથા તરફથી પાણી નાંખતો નાખતો પગ સુધી નાખીને બીજી બાજુથી પૂરૂં કરે અને છેલ્લે જે પાણી વધે તે કબ્રની વચમાં નાખી દે.

આ પ્રમાણે મૈય્યતને દફન કર્યા પછી ફરી પાછી બીજીવાર 'તલકીન' પઢવી જોઇએ.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સુબ્હકી નમાઝ

સફ્મે હુવા જો નારએ કદકામતીસ્સલાત   કાએમ હુઈ નમાઝ ઉઠે શાહે કાએનાત
વો નૂરકી સફેં વો મુસલ્લી મલક સિફાત   કદમોસે જીસકે મલતી થી આઁખેં રહે નજાત

જલવા થા તાબા અરશે મોઅલ્લા હુસૈનકા
મુસહફ કી લવ્હ થી કે મુસલ્લા હુસૈનકા

કુઆઁ ખુલા હુવા કે જમાઅતકી થી નમાઝ   બિસ્મીલ્લાહ જૈસે આગેહો યૂઁ થે શહે હેજાઝ
સ્તરેં થીં યા સફેં અકબે શાહે સરફરાઝ   કરતીથી ખુદ નમાઝ ભી જિનકી અદા પે નાઝ

સ્દકે   સહર બયાઝ પે બૈનસ્સુતૂર કી
સબ આયતેં થીં મુસહફે નાતિક કે નૂર કી

બાહમ મુકબ્બિરોં કી સદાએં વો દિલ પસંદ   કરોબયાને અરશ થે સબ જિન સે બહરામંદ
ઈમા કા નૂર ચેહરોં પે થા ચાંદ સે દો ચંદ   ખૌફે ખુદાસે કાંપતેથે સબકે બંદો બંદ

ખમ ગરદનેં થીં સબકી ખુઝુઓ ખુશુઅમે
સજદેમે ચાઁદ થે મહેનવ થે રૂકુઅ મે

એક સફ્મે સબ મોહમદો હૈદર કે રિશ્તેદાર   અઠારા નૌજવાઁ હૈં અગર કીજીએ શુમાર
પર સબ વહીદે અસ્રો હક આગાહો ખાકસાર   પૈરવ ઈમામે પાકકે, દાનાએ રોઝગાર

તસ્બીહ હર તરફ તહે અફલાક ઉનહીકી હે
જીસ પર દુરૂદ પઢતે હંય યે ખાક ઉનહીકી હે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 30

# રોઝા

અલ્લાહ તઆલાના હુકમ બજાવવાની નિય્યતથી સુબ્હની અઝાનથી લઈને મગરિબની અઝાન સુધી રોઝા તોડવાવાળી વસ્તુઓથી બચવું, તેનું નામ રોઝા છે.

**રોઝા કઇ કઇ વસ્તુથી તૂટે છે ?**

(૧) ખાવું-પીવું

(૨) હમબિસ્તર થવું (સંભોગ)

(૩) મની (વીર્ય) કાઢવું અથવા એવું કામ કરવું કે જેનાથી વીર્યપાત થઈ જાય.

(૪) અલ્લાહ તઆલા, નબીઓ તથા તેના પ્રતિનિધિઓ ઉપર આક્ષેપો કરવા.

(૫) ધૂળ, ધુમાડો અથવા તો વરાળને ગળા નીચે ઉતારવી.

(૬) પાણીમાં માથું ડૂબાવવું.

(૭) નમાઝે સુબ્હના સમય સુધી જનાબત, હૈઝ અથવા નિફાસની હાલતમાં ગુસ્લ અથવા તયમ્મુમ વિના રહેવું.

(૮) પ્રવાહી વસ્તુથી એનીમા લેવું.

(૯) જાણી જોઈને ઉલટી કરવી.

તેમજ

આખો દિવસ રોઝાની નિય્યત પર બાકી રહેવું જરૂરી છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અગર કોઈ શખ્સ રોઝો તોડવાનો ઈરાદો કરે છે પણ કોઈ એવા કારણથી તે તોડતો નથી તો પણ નિય્યત તૂટી જવાના સબબથી પણ રોઝો તૂટી જાય છે. અને તેની કઝા વાજિબ થાય છે અને જો રોઝો પણ તોડી નાખ્યો તો તેનો કફ્ફારો (લક્ષામણી) પણ વાજિબ થઈ જાય છે.

જે વસ્તુઓથી રોઝો તૂટી જાય છે તેને ભૂલથી અથવા કોઈના અનહદ દબાણને વશ થઈને આરોગી લેવામાં આવે છે તો તેમ કરવાથી રોઝો તૂટતો નથી. અલબત્તા આ કામને જાણીબૂઝીને કરવાથી રોઝો તૂટી જાય છે.

નમાઝે સુબ્હનો સમય થઈ ગયો હોય અને એહતેલામ (વીર્યપાત) થઈ જવાથી રોંઝો તૂટતો નથી.

## કફ્ફારાની વિગત :

જે માણસ ઉપર રમઝાન શરીફના રોઝાનો કફ્ફારો વાજિબ હોય તે એક ગુલામને આઝાદ કરે અથવા તો બે માસના રોઝા રાખે. જેમાં એકત્રીસ (૩૧) રોઝા તો તે એકી સાથે રાખે. અથવા તો સાંઠ (૬૦) ઈસ્નાઅશરી ફકીરોને પેટ ભરીને ખાણું ખવરાવે. અથવા તો ફકીરોમાંથી દરેકને ઘઉં અથવા જુવાર અથવા તો તેના જેવું બીજું અનાજ આપે.

ઉપરોક્ત કફ્ફારામાંથી કોઈ શખ્સ કોઈપણ જાતનો કફ્ફારો દેવા માટે અશક્તિમાન હોય તો તે જેટલા પણ રોઝા રાખી શકે તેટલા તે રાખે. જેટલું પણ અનાજ બની શકે તેટલું આપે અને ઈસ્તિગફાર (પશ્ચાતાપ) પણ કરે.

આ પછી કદાચ આવો શખ્સ પાછળથી કફ્ફારો દેવા માટે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

શક્તિમાન બને તો તેને 'એહતેયાત'ની રીતે કફ્ફારો દેવો વાજિબ છે.

જે શખ્સ જાણી જોઇને રોઝાને હરામ વસ્તુથી તોડે 'દા.ત. હયઝની હાલતમાં પોતાની પત્ની સાથે હમબિસ્તર થાય (સંભોગ કરે)' તો તેની ઉપર એક સાથે ત્રણ (૩) કફ્ફારા લાગુ પડે છે. અને એવો માણસ જો ત્રણેય કફ્ફારા ન આપે તો જેટલા તે આપી શકતો હોય તેટલા આપે.

જો રમઝાન શરીફનાં રોઝામાં એકથી વધારે વખત સંભોગ અથવા મૈથુન કરે તો હર સંભોગ માટે એક એક કફ્ફારો વાજિબ થશે. અને દરેક વખતે હરામ રીતે સંભોગ કરશે તો દરેક હરામ સંભોગ માટે ત્રણ ત્રણ કફ્ફારા વાજિબ થશે.

આ ઉપરાંત રોઝાને બાતિલ કરનારા કામો એક જ રોઝામાં વારંવાર કરવામાં આવે તો ફક્ત એક જ કફ્ફારો વાજિબ થશે. અગર સંભોગ પણ કરે અને બીજા (રોઝા તોડવાવાળા) કામો પણ કરે તો બે કફ્ફારા વાજિબ થશે.

જે માણસ મુસાફરી કરવા ચાહે પરંતુ મુસાફરી શરૂ કરવાની પહેલાં એટલે કે હદે તરખ્ખુસની બહાર નિકળવા પહેલાં જો રોઝો તોડી નાખે તો તેના ઉપર કઝા અને કફ્ફારા બંને વાજિબ થશે. તે કફ્ફારો અદા કરવામાં ઢીલ કરી શકે છે પણ બને ત્યાં સુધી તે જલ્દીથી અદા કરે.

## કઝા રોઝાઓ :

કાફિર પર કુફ્રના સમયમાં રોઝા વાજિબ નથી પણ જે મુસલમાન કાફર થઇ જઇને પાછો મુસલમાન થઇ જાય તો તેની ઉપર કુફ્રના

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સમયના રોઝાની કઝા વાજિબ છે.

-દિવાના ઉપર અક્કલવાળો થઈ ગયા પછી તેમજ

-નશાવાળો નશાતુર થઈ ગયા પછી

ઉપરના બંને કિસ્સાઓમાં તેઓએ કઝા રોઝા રાખવા પડે છે.

-તેમજ જ્યારે કઝા રોઝાની સંખ્યામાં ફેરફાર હોય તો જે પ્રમાણ ઓછું હોય તે પ્રમાણે કઝા વાજિબ છે અને વધારે પ્રમાણમાં રોઝાની કઝા મુસ્તહબ છે.

રમઝાનના કઝા રોઝાને ઝોહરની પહેલાં તોડી શકાય છે. શર્ત એ છે કે કઝાનો વખત ઓછો ન હોય.

જે શખ્સ એક રમઝાનથી બીજા રમઝાન માસ સુધી કાયમ બીમાર રહેતો હોય તેની ઉપર પાછલા રમઝાનની કઝા વાજિબ નહીં થાય. અલબત્તા દરેક રોઝાના બદલામાં અનાજ દેવું પડશે.

બાપના કઝા રોઝા અથવા નમાઝ અદા કરવી મોટા દીકરા ઉપર વાજિબ છે અને માના કઝા-રોઝા અને નમાઝ અદા કરવી મુસ્તહબ છે.

## મુસાફરીના રોઝા :

સફર અગર જાએઝ હોય તો તેમાં રોઝા રાખવા હરામ છે. નાજાએઝ સફર કરવાવાળો અને જેનો ધંધો જ મુસાફરી કરવાનો હોય એ લોકોએ મુસાફરી દરમ્યાન પણ રોઝા રાખવા જોઈએ. રોઝાથી બચવા માટે સફર કરવી જાએઝ છે પણ મકરૂહ છે.

ઝોહરની બાદ સફર કરવાવાળો રોઝો તોડી શકતો નથી અને ઝોહરની પહેલા સફર કરવાવાળો હદે તરખ્ખુસની અંદર ઝોહર પહેલાં આવી જાય અને જેનો રોઝો તૂટ્યો ન હોય તેની ઉપર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

રોઝો રાખવો વાજિબ છે.

જ્યારે ઓછામાં ઓછું (૪૩) તેતાલીસ કીલોમીટર; ત્રણ ફર્લાંગ અને ચાલીસ ગજની સફર કરવાનો ઈરાદો હોય તો હદ્દે તરખ્ખુસથી નિકળવા બાદ નમાઝ, રોઝા બંને કસર થઈ જાય છે.

## ક્યા ક્યા માણસો ઉપર રોઝા વાજિબ નથી ?

(૧) જે શખ્સ વૃદ્ધા વસ્થાના કારણે રોઝા ન રાખી શકતો હોય અથવા રોઝા રાખવામાં અસાધારણ તકલીફ જણાતી હોય તો તેના માટે રોઝા વાજિબ નથી. અલબત્તા આવા શખ્સોએ ગરીબોને દરેક રોઝાના બદલામાં ફકીરને અનાજ દેવું જોઈએ.

(૨) જે માણસને બીમારીના સબબે સખ્ત તરસ લાગતી હોય અને આવી સ્થિતિમાં તેને અસહ્ય તકલીફ થતી હોય તો તેની ઉપર રોઝા વાજિબ નથી. પરંતુ આના બદલામાં ગરીબો, ફકીરોને અનાજ દેવું વાજિબ છે.

આવા શખ્સોએ રમઝાન માસ દરમ્યાન ઓછું પાણી પીવું જોઈએ.

(૩) જે હામિલા (સગર્ભા) સ્ત્રીને અથવા તો તેના બાળકને રોઝા રાખવાના સબબથી નુકસાન થવાનો ડર હોય તો રોઝા રાખવા વાજિબ નથી. પરંતુ ત્યારબાદ કઝા પણ વાજિબ છે. તેમજ દરેક રોઝાના બદલામાં અનાજ પણ દેવું વાજિબ છે.

(૪) જે સ્ત્રી કોઈ બાળકને દૂધ પીવડાવતી હોય પછી ભલે તે સ્ત્રી તે બાળકની માતા હોય કે પછી બાળકને દૂધ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પીવડાવવાવાળી હોય, આવી સ્થિતિમાં જો રોઝા રાખવાથી બાળકને નુકસાન થતું હોય તો તેવી સ્ત્રીને રમઝાન માસમાં રોઝા રાખવા વાજિબ નથી પણ પાછળથી તેના કઝા પણ રાખવા જોઈએ. તેમજ અનાજ પણ ખૈરાત કરવું જોઈએ. પરંતુ જો અન્ય સ્ત્રી તેવા બાળકને દુધ પીવડાવવા તૈયાર હોય તો બાળકને આવી અન્ય સ્ત્રીને સોંપી તે મૂળ સ્ત્રીએ રોઝા રાખવા વાજિબ છે.

## ચાંદ (જોયાની) સાબિતીની રીત :

(૧) જોનાર શખ્સ કે બાતમી લાવનાર શખ્સે પોતે ચાંદ જોયો હોય.

(૨) અમુક (સંખ્યા નક્કી નથી) માણસો ચાંદ જોવાની સાક્ષી આપે કે જે સંખ્યાની વિશ્વાસ બેસી શકે.

(૩) બે આદિલ શખ્સો (મરદ) ચાંદ જોયા બાબતની સાક્ષી આપતા હોય.

(૪) ચાલુ માસ (કે મહિનો)ના ત્રીસ દિવસ પૂરા થઈ જતા હોય.

<u>સવાલ</u>

૧. કઈ કઈ બાબતોથી રોઝા તૂટી જાય છે ?

૨. રોઝા તોડવાની નિય્યત કરે અને રોઝા ન તોડે તો તેને માટે શું હુકમ છે ?

૩. રોઝાના તમામ પ્રકારના કફ્ફારાઓનું વર્ણન કરો.

૪. કેવા પ્રકારના લોકો ઉપર રોઝા વાજિબ નથી ?

૫. ચાંદ જોયાની સાબિતી માટે શું શું શરતો નક્કી કરવામાં આવી છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 31

# હજ

ખાન-એ-કઅબાની ઝિયારત કરવી અને અન્ય ભાવ બજાવી લાવવાને હજ કહેવામાં આવે છે. એ કાર્ય માટે, ખુદાવંદે તઆલાએ હૂકમ કરેલ છે. આખા જીવન દરમ્યાન એકવાર હજ કરવી વાજિબ છે.

હજ વાજિબ થવા માટેની શરતો નીચે પ્રમાણે છે :

(૧) બાલિગ હોવું, (૨) બુદ્ધિશાળી હોવું, (૩) આઝાદ હોવું, (૪) હજ કરવાને લીધે કોઈ વાજિબ કાર્ય છોડવું ન પડતું હોય તેમજ તેમ કરવા જતાં કોઈ હરામ કાર્ય કરવું ન પડે !

(૫) હજ કરવાવાળો શક્તિશાળી હોવો જોઈએ. એટલે કે મુસાફરીનો ખર્ચ તેની પોતાની પાસે હોય તેમજ મક્કા સુધી જવાના સાધનો મળી શકતા હોય. હજ અદા કરવા અને સફર કરવા લાયક તંદુરસ્તી હોય. તેમજ સફરમાં કોઈ પ્રકારની અટકાયત ન હોય. રસ્તામાં જાન-માલ તથા ઈઝઝતનો ભય ન હોય. વખતની અંદર અંદર હજ બજાવી લાવવાનો મૌકો હોય જે લોકોના ખર્ચે તેની ઉપર વાજિબ હોય. તેમજ હજના સમયમાં પણ તેનો ખર્ચ દઈ શકે તેવી સ્થિતિમાં હોય, તેમજ હજથી પાછા ફર્યા બાદ તેના આજીવિકા (યા ગુજરાન)ના સાધનો સલામત (બાકી) રહેતા હોય.

જે શખ્સ ઉપર હજ વાજિબ હોય પણ હજ અદા ન કરે અને ત્યારબાદ વૃદ્ધાવસ્થા, બીમારી અથવા તો કમઝોરીના સબબે એવો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

લાચાર થઈ જાય તો તેને હજ કરવાની ઉમેદ ન હોય, તો તેના ઉપર એ વાજિબ છે કે કોઈ એકને પોતાના તરફથી હજ પઢવા (અદા કરવા) મોકલી આપે.

જે શખ્સ ઉપર હજ વાજિબ હોય અને તે અદા ન કરે અને બાદમાં ગરીબ થઈ જાય તો તેના ઉપર વાજિબ છે કે હર પ્રકારની તકલીફ ભોગવીને પણ હજ કરવા જાય અને જો તદ્દન લાચાર થઈ જાય અને કોઈ શખ્સને "ઈજારાથી" હજ કરવા મોકલે તો તેના ઉપર વાજિબ છે કે પહેલા નયાબતથી હજ પઢે અને બીજા વરસ સુધી મક્કામાં રહે જેથી કરીને બીજા વરસે પોતાની ફર્જ અદા કરી શકે.

જે શખ્સ ઉપર હજ વાજિબ હોય અને હજ કર્યા વગર મરી જાય તો તેની મૌત મુસલમાનની મૌત નહીં ગણાય.

<u>સવાલ</u>

૧. મુસ્તતીઅ કોને કહેવામાં આવે છે ?
૨. હજ વાજિબ થવાની કઈ કઈ શરતો છે ?
૩. જેના ઉપર હજ વાજિબ હોય ને તે શખ્સ હજ ન કરે અને બાદમાં ગરીબ થઈ જાય તો તેના માટે શો હુકમ છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 32
# ઝકાત

ઝકાત નીચે મુજબની દસ (૧૦) ચીઝો ઉપર વાજિબ છે :

(૧) ઘઉં (૨) જવ (૩) ખજૂર (૪) દ્રાક્ષ (૫) સોનું (૬) ચાંદી (૭) ઊંટ (૮) ગાય-ભેંસ (૯) ઘેટાં-બકરાં (૧૦) વ્યાપારનો માલ.

દરેક માલ ઉપર ત્યારે જ ઝકાત વાજિબ થાય છે જ્યારે તે માલનું પ્રમાણ એ નિસાબ બરાબર થઈ જાય કે જે નિસાબ ઉપર ઝકાત વાજિબ છે.

ઝકાત એના ઉપર વાજિબ થાય છે જેની પાસે નિસાબના પ્રમાણમાં માલ હોય અને તે પોતે તે માલનો માલિક હોય અને માલ તેના કબ્જામાં હોય. તે શખ્સ બાલિગ હોય, બુદ્ધિશાળી હોય, તેમજ આઝાદ હોય.

<u>નીચે દર્શાવ્યા મુજબ આઠ જગ્યાઓએ ઝકાત વાપરી શકાય છે :</u>

(૧) એ ઈસ્નાઅશરી શખ્સ કે જેની પાસે વરસભર પોતા માટે તથા પોતાના બાલબચ્ચા માટેનો ખર્ચ ન હોય અથવા ખર્ચ માટેના સાધનો ન હોય.

(૨) મિસ્કીન કે જે ફકિર કરતાં પણ વધારે ગરીબ હોય.

(૩) જે શખ્સ ઈમામ (અ.) તરફથી અથવા તો ઈમામ (અ.)ના નાયબ તરફથી ઝકાત વસુલ કરવા માટે નક્કી કરવામાં આવેલ હોય.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(૪) જો કોઈ મુસલમાનનું ઈમાન કમઝોર હોય અને તેનું ઈમાન પાકુ કરવા માટે તેને ઝકાત દઈ શકાય છે.

(૫) જે ગુલામ સખ્તીમાં હોય અને તેને આઝાદ કરાવવા માટે પૈસા ચુકવવાના હોય કે જે પ્રકારના પૈસા તે ગુલામ પોતે આપી શકવાની સ્થિતિમાં ન હોય આવી સ્થિતિમાં ઝકાત મારફત તેવા ગુલામને આઝાદ કરી શકાય છે.

(૬) જે શખ્સ પોતાનું કર્ઝ અદા ન કરી શકતો હોય તો તેને કર્ઝમાંથી છુટકારો મેળવવા માટે ઝકાત આપી શકાય છે.

(૭) ઝકાત એવા કામ માટે વાપરી શકાય જેનો ફાયદો ધાર્મિક, સાર્વજનિક હોય એટલે કે મસ્જિદ, મદ્રેસા, મુસાફરખાના વગેરે.

(૮) જે મુસાફર સફરમાં હોય, મોહતાજ થઈ ગયો હોય તો તેને જરૂરત પ્રમાણે ઝકાત આપી શકાય છે.

**વિશેષમાં :**

(૧) જે લોકોને ઝકાત આપવામાં આવે તેવા શખ્સોનું ઈસ્નાઅશરી હોવું જરૂરી છે અને તે ખુલ્લમખુલ્લા ગુનાહે કબીરા કરતો ન હોય.

(૨) સૈયદને ગૈર-સૈયદની ઝકાત આપી શકાતી નથી. આવી રીતે ઝકાત કાઢવાવાળો પોતાની ઝકાત એ લોકોને નથી આપી શકતો જેનો ખર્ચ શરાઅ મુજબ તેના ઉપર વાજિબ હોય.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## ફિત્રા :

ઈદની રાત્રીના સુરજ ડૂબવાના વખતે જે શખ્સ બાલિગ, આકિલ, બુદ્ધિશાળી હોય તેમજ તે ફકીર અને ગુલામ ન હોય તેની ઉપર વાજિબ છે કે તે પોતાનો તથા પોતાના બાલ-બચ્ચાનો ફિત્રો કાઢે. એટલે કે દરેક માણસની તરફથી એકએકના ત્રણ-ત્રણ કીલો લેખે ઘઉં અથવા જવ અથવા ચોખા અથવા તેના જેવું બીજું અનાજ આપે અથવા તેની કિંમત આપે.

સૂરજ ડૂબ્યા પહેલાં આવવાવાળા મહેમાનનો ફિત્રો ઘરધણી ઉપર વાજિબ છે.

ફિત્રાના હક્કદાર એજ છે કે જે ઝકાતના હક્કદાર હોય, અલબત્તા એ મુસ્તહબ છે કે ફિત્રો ફકત ગરીબો, ફકિરોમાં આપે.

<u>સવાલ</u>

૧. ઝકાત કઈ કઈ વસ્તુમાં વાજિબ છે ?

૨. ફિત્રા કયા શખ્સ ઉપર વાજિબ છે ?

૩. ઝકાત અને ફિત્રો કોને આપી શકાય છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 33

# ખૂમ્સ

નીચે મુજબની વસ્તુઓમાં ખૂમ્સ વાજિબ છે :

(૧) વાર્ષિક બચત (૨) ખાણ (૩) ખઝાનો (૪) હરામ-હલાલ માલ મિશ્રિત થઈ ગયો હોય (૫) સમુદ્રમાં ડૂબકી મારીને જે વસ્તુઓ કાઢવામાં આવે (૬) મૈદાને જેહાદમાં જે 'માલે ગનીમત' મળે તે (૭) અગર કાફિરે ઝીમ્મી મુસલમાનની ઝમીન ખરીદે.

જે માણસને વ્યાપાર, કારીગરી અથવા બીજા ગુજરાનના સાધનો મારફત આવક થાય અથવા બક્ષીશ મારફત આવક થાય તો જો તેની પાસે તે આવકથી પોતાના અને પોતાના બાલબચ્ચાના ગુજરાન બાદ કાંઈ વધે તો બચતનો પાંચમો ભાગ 'ખૂમ્સ' કાઢવું વાજિબ થશે.

ખર્ચનું પ્રમાણ પોતાની શક્તિ પ્રમાણે હોવું જોઈએ. નહિતર એ માલમાંથી ખૂમ્સ કાઢવું પડશે કે જે નાજાએઝ કામોમાં વપરાણો હોય અથવા વધારે ખર્ચ કરવામાં આવ્યો હોય.

'ખૂમ્સ' કાઢ્યા વિના માલની વપરાશ કરવી જાએઝ નથી અને તેનાથી ખરીદેલી અથવા બનાવવામાં આવેલી વસ્તુમાં ઈબાદત જાએઝ નથી.

## ખુમ્સ વાપરવાની જગ્યા :

ખુમ્સના બે ભાગ થાય છે : (૧) અડધો હક્ક સૈયદોનો હોય

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

છે, જે ફકીર સૈયદ, યતિમ સૈયદ અથવા તે મુસાફર સૈયદ પર ખર્ચ થશે જે ફકીર હોય અને

(૨) અડધો હિસ્સો ઈમામ (અ.)નો છે. આજકાલ ગૈબતના ઝમાનામાં ઈમામ (અ.)નો હક્ક મુજતહેદે જામે ઉશ્શરાએતને દેવામાં આવે છે અથવા તેની રજા પ્રમાણે વાપરવામાં આવે છે.

ખૂમ્સ તે શખ્સને જ દઈ શકાય છે જે ઈસ્નાઅશરી શિયા હોય, ખુલ્લમખુલ્લા ગુનાહ ન કરતો હોય અને ખૂમ્સ કાઢવાવાળા પર તેનો ખર્ચ વાજિબ ન હોય, સૈયદ હોય વગેરે પણ ગૈર-સૈયદને ખૂમ્સ આપવામાં આવતું નથી. અલબત્તા હક્કે ઈમામ ગૈર સૈયદ પર પણ ખર્ચ કરી શકાય છે.

<u>સવાલ</u>

૧. ખૂમ્સ કેટલી કેટલી ચીઝો ઉપર વાજિબ છે ?

૨. ખૂમ્સ કોની પાછળ વપરાશે ?

૩. હક્કે ઈમામ કોને આપવામાં આવે છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 34

# આમ અહેકામો

## (પરચુરણ પ્રશ્નો)

(૧) જે અવાઝ, ગાયન અને ખેલકૂદની મહેફીલો માટે મખ્સૂસ છે તેવા અવાઝ કાઢવા અને તેવા અવાઝ સાંભળવા હરામ છે. એ અવાઝથી કુરઆન, નવહા, મરસિયા અને મજલીસ પઢવી પણ હરામ છે.

(૨) દાઢી મૂંડવી અથવા મશીનથી એવી રીતે કતરાવવી કે જે મૂંડવા બરાબર થઈ જાય તો તે હરામ છે. આ હુકમ તમામ માણસો માટે બરાબર છે. લોકો મજાક કરશે તેની સામે હુકમે અલ્લાહ પણ બદલાતો નથી. છોકરો જ્યારે બાલિગ થઈ જાય ત્યારે તેના ઉપર દાઢી મૂંડાવવી હરામ છે. માટે દાઢી થોડી ઉગી હોય કે વધારે.

(૩) નાની અગર નવાસા યા નવાસીને દૂધ પીવડાવે તો બાળકની માં તેના ધણી માટે હરામ થઈ જાય છે. શર્ત એ છે કે દૂધ પાવાના નિયમો પૂરેપૂરા લાગુ પડ્યા હોય.

(૪) જો કોઈ માણસ કોઈ છોકરાની સાથે બૂરૂં કામ કરે તો તે છોકરાની મા-બહેન વગેરેના નિકાહ પેલા બદકારી કરવાવાળા શખ્સની સાથે કદી પણ થઈ શકશે નહિ.

(૫) છોકરો એ વખતે બાલિગ થાય છે જ્યારે તેની ઉમ્ર ૧૫ વરસની થઈ જાય અથવા સુવાની હાલતમાં અથવા જાગૃત


Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હાલતમાં વીર્ય નીકળે. દુટી (નાભી) નીચે વાળ ઊગી જાય.

તેમજ છોકરી ત્યારે બાલિગ થએલી ગણાય છે કે જ્યારે તેણી નવ વરસની થઇ જાય અથવા તેની દુટી (નાભી) નીચે વાળ નીકળે, અથવા હૈઝ આવે.

બાલિગ થયા બાદ છોકરાને સુવામાં કે જાગવામાં વીર્ય નીકળી આવે તો તેના ઉપર ગુસ્લે જનાબત વાજિબ થાય છે.

વીર્ય એ પ્રવાહી છે જે પેશાબની જગ્યાએથી ઉછળીને નીકળી આવે છે અને જેના નીકળી ગયા પછી શરીરમાં સુસ્તી ઉત્પન્ન થાય છે. મોટે ભાગે 'શહવત' (વાસના)ને લીધે તેમ થાય છે.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 35

# વ્યાજ, ગીબત, માંબાપની ઈતાઅત અને જૂઠું બોલવું વગેરે

### વ્યાજ :

વ્યાજ એ એક એવો ગુનાહે કબીરા યાને મહાન ગુન્હો છે જેના માટે ખુદાવંદે તઆલા એક જગ્યાએ ફરમાવે છે કે : "વ્યાજખોર અલ્લાહ તથા તેના રસૂલથી લડવા માટે તૈયાર રહે."

કાફી નામની કિતાબમાં છઠ્ઠા ઈમામ (અ.)થી મનકૂલ છે કે વ્યાજનો એક દિરહમ એવી ઝીનાકારી છે જે માં બહેન વગેરેથી સિત્તેર વખત કરવામાં આવી હોય તેનાથી પણ વધારે ખરાબ છે. જ. અમીર (અ.) ફરમાવે છે કે વ્યાજ લેવાવાળો, દેવાવાળો, લખવાવાળો તથા તેનો સાક્ષી એ બધા એક સરખા જ ગુન્હેગાર છે.

### વ્યાજનો અર્થ :

જે બે વસ્તુ તોલી અથવા માપવામાં આવે છે તેના વત્તા ઓછા પ્રમાણની લેવડદેવડને વ્યાજ કહેવામાં આવે છે. અગર બંને એક જ જાતની જ હોય તો વ્યાજ કહેવાશે નહીં. જેમકે (૧) એક તોલો ચાંદી દઈને (૨) બે તોલા સોનુ લેવું આમાં કશો વાંધો નથી.

માપવા અથવા તોલવાની વસ્તુ ન હોય તો વત્તાઓછા પ્રમાણમાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

લેવડદેવડ કરવામાં કશો વાંધો નથી. પણ કોઈ વસ્તુ કર્ઝ તરીકે ઓછી આપે અને વધારે લ્યે તો તે વ્યાજ જરૂર કહેવાશે, પછી ભલે તે વસ્તુ તોલીને અપાતી હોય યા માપથી અપાતી હોય.

## વ્યાજથી બચવાની રીત :

એકસો રૂપિયા લઈને તેને બદલે નેવું રૂપિયા એક બે ગીની અને કોઈ બીજી વસ્તુ તેની સાથે લે અને જો કે બીજી વસ્તુઓની કિંમત રૂપિયા એકસોથી વધારે થઈ જાય પણ વસ્તુ બદલાઈ જવાથી હરામ નહીં રહે.

આવી જાતના વ્યવહારમાં કેટલાક લોકો મઝાક કરતા હોય છે અને આને એક દાવ અથવા તો ફરેબ સમજે છે. તેના જવાબમાં ફક્ત એટલું જ બસ છે કે જે ખુદાએ વ્યાજને હરામ કહેલ છે તેણે જ એ ગુન્હાથી બચવાની રીત પણ નક્કી કરેલ છે.

બાપ-દિકરા, પતિ-પત્ની, શેઠ-નૌકર વચ્ચે આપસમાં, વત્તા-ઓછા પ્રમાણમાં વ્યવહારને વ્યાજ કહેવામાં આવશે નહીં અને મુસલમાનોનું કાફિર પાસેથી વધારે પ્રમાણમાં લેવું એ બાબતને વ્યાજ ગણવામાં આવશે નહીં.

## ગીબત :

જનાબ રિસાલત મઆબ (સ.અ.વ.) હ. અબૂઝરને ઈરશાદ ફરમાવેલ છે કે "અય અબૂઝર ! તમો ગીબતથી બચો કારણ કે ગીબત એ ઝીનાકારીથી પણ ખરાબ છે." અબૂઝરે અરજ કરી કે મારા માં-બાપ આપની ઉપર ફિદા થઈ જાય "આપ આમ શા માટે ફરમાવો છો ?" આપે ફરમાવ્યું કે :

"આ એટલા માટે કે જે માણસ ઝીનાકારી પછી તૌબા કરે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

છે તો અલ્લાહ તેને બક્ષી આપે છે પણ ગીબતમાં જેની ગીબત કરવામાં આવી હોય તે શખ્સ જયાં સુધી માફ નથી કરતો ત્યાં સુધી તે (ગીબતનો ગુનાહ) માફ થતો નથી."

અબૂઝરે પૂછયું, "યા રસુલિલ્લાહ (સ.અ.વ.) ગીબતનો અર્થ શો ?

આપે ફરમાવ્યું : કોઈ મોઅમીન ભાઈની એવી રીતે નિંદા (બદગોઈ, ગિલા-ગીબત) ન કરવી કે જેનાથી તેને ખોટું લાગે.

અબૂઝરે પૂછયું : "અગર તેવી વાત (જે કરવામાં આવી હોય તેવી) તે શખ્સમાં મૌજૂદ હોય તો ?"

આપે ફરમાવ્યું કે, "અગર તેવી વાત તેમાં મૌજૂદ હોય એટલે જ એ ગીબત છે. અગર તેવી વાત તેમાં નથી તો તે એક તહોમત છે. મોઅમીનની ફર્જ છે કે જયારે તેની સામે કોઈની ગીબત કરવામાં આવે તો તેને રદ કરે અને (એ રદ કરવાનો) સંભવ ન હોય તો ત્યાંથી તે દૂર થઈ જાય."

ગીબત ફક્ત ઝબાનથી નથી કરવામાં આવતી પણ અવયવોથી પણ કરવામાં આવે છે. જેવી કે કોઈ લંગડા માણસના ચાળા પાડવા અથવા કોઈની વાત કરવી તથા કપડા પહેરવાની નકલ કરવી વગેરે પણ ગીબતમાં શામેલ છે.

## કઇ કઇ ગીબત જાએઝ છે ?

(૧) જો કોઈ માણસે કોઈ અન્ય માણસ ઉપર ઝુલ્મ કર્યો હોય અને મઝલૂમ (જેના ઉપર ઝૂલ્મ થયો હોય તે શખ્સ) પોતા ઉપર થએલા ઝુલ્મને કોઈ એવા શખ્સ પાસે રજૂઆત કરે જે શખ્સ આવા મઝલૂમ ઉપર થએલા ઝૂલ્મને દુર કરી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

શકે તેમ હોય.

(૨) જ્યારે કોઈ શખ્સ કોઈના વિષે નિકાહ તથા લેણ-દેણ-વેરો માંગે ત્યારે વેરો દેવાવાળો તેની હાલત વર્ણવી શકે છે.

(3) એહલે બીદઅતની બીદઅત બયાન કરવી; દાખલા તરીકે કોઈ શખ્સ મજમામાં અથવા વાએઝમાં ઈન્સાનોને ખોટી વાતોથી ગુમરાહ કરતો હોય અથવા તો દીની નુકસાન પહોંચાડતો હોય અથવા ખોટો દાવો કરતો હોય તો તેને રદ કરવા ખાસ કરીને આલિમો માટે આમ કરવું જરૂરી છે.

(૪) અગર કોઈ શખ્સ કોઈ ઉપનામથી મશહૂર હોય અથવા તે ઉપનામથી તેને પુકારવામાં આવતો હોય તેનું નામ અથવા સીફત બયાન કરવી જાએઝ છે. પરંતુ એવા શબ્દોમાં તેને બયાન ન કરવો જોઈએ કે જેનાથી તે શખ્સને ખોટું લાગી જાય.

(૫) ખુલ્લમખુલ્લા ગુનાહ કરનાર માણસના ગુનાહને જાહેર કરવું એ ગીબત નથી.

(૬) જે માણસ પોતાનો વંશ-વેલો (શજરો) ખોટી રીતે તૈયાર કરતો હોય અને પેશ કરતો હોય તો તેને તેમ ન કરવા તથા ખરો વંશ-વેલો બતાવવો તે જાએઝ છે.

## ગીબતનો કફ્ફારો :

ગીબતનો કફ્ફારો એ છે કે તે તૌબા કરે અને જેની ગીબત કરેલી હોય તેની પાસે માફ કરાવે અને જો તે શખ્સ મરણ પામ્યો હોય તો તેને માટે બખ્શીશની દુઆ કરે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## માંબાપની તાબેદારી :

માંબાપનું માન જાળવવું, તેમની સેવા કરવી તેમજ તાબેદારી કરવી વગેરે બાબતો દીનની ફરજોમાંથી છે. તેઓને ખુશ રાખવા એ બહુ જ મોટી ઈબાદત છે અને તેઓની નાફરમાની કરવી એ ગુનાહે કબીરા (એટલે કે મોટો ગુન્હો) છે.

અલ્લાહ તઆલા એક જગ્યાએ ફરમાવે છે કે "માંબાપના જવાબમાં કાંઈ પણ ન બોલો પછી ભલેને તે વાતો કરતા હોય !"

એજ રીતે એક હદીસ શરીફમાં ફરમાવેલ છે કે :

"માંબાપની તમારા માથે એટલી નેકીઓ છે કે તેમને એવી તકલીફમાં ન મૂકો કે તેમને કોઈ ચીઝની તકલીફ પડે. તેમના અવાઝની સામે તમારો અવાઝ મોટો ન કરો, તેઓની આગળ ન ચાલો. તેઝ નિગાહથી તેઓને ન જુઓ. જો તેઓ તમોને મારપીટ કરે તો પણ તેઓના હકમાં દુઆ કરો. તેઓની સામે આજીજી તથા નમ્રતાથી બેસો. અગર માંબાપ કાફિર હોય અને તમોને પણ તેમના જેવા થઈ જવાનું કહે તો અલબત્તા તેવી વાત માનવી નહીં પણ દુનિયામાં તેઓની સાથે સદ્‌વર્તન (સારૂં વર્તન) દાખવો. બોલાવવામાં તેઓનું નામ લઈને ન બોલાવો, કોઈપણ જગ્યાએ તેઓના આગળના ભાગમાં ન બેસો અને તમો એવા કામ ન કરો જેથી તમારા માંબાપને લોકોની (ગાળો) સાંભળવી પડે.

અગર તેઓ મરણ પામ્યા હોય તો તેમને માટે નમાઝ પઢો, રોઝા રાખો, તેઓના તરફથી હજ કરો. માંબાપની એક દિવસ રાતની સેવા એક વરસના જેહાદથી પણ બહેતર છે. તેઓ જો કર્ઝદાર હોય તો તેના કર્ઝને અદા કરો, તેઓનો ખર્ચ ઉઠાવો, તેઓની

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

સેવા ચાકરી કરો, જેઓ પોતાના માંબાપની સામે ગુસ્સાની નજરથી જુએ છે તેની નમાઝ કબૂલ થતી નથી. તેઓ તરફ મમતા ભરી નજર રાખવી એ ઈબાદત છે.

## એક પવિત્ર વાર્તા :

બની ઈસરાઈલમાં જુરેહ નામનો એક આબિદ હતો. તે પોતાના પ્રાર્થના ઘરમાં બંદગી કર્યા કરતો હતો. એક દિવસ તેની માં આવી અને તેને સાદ કર્યો પણ બંદગીમાં હોવાને લીધે તે જવાબ આપી શક્યો નહિ. માતા તો પાછી ચાલી ગઈ ને બાદમાં ફરીથી આવી પરંતુ આ શખ્સ ફરી પાછો નમાઝમાં રોકાએલો હોવાથી જવાબ આપી શક્યો નહિ. આમ ત્રીજી વાર બન્યું. આથી માતાને ખૂબ જ ગુસ્સો ચઢ્યો ને આવેશ ને આવેશમાં માતા બોલી ઊઠી, ‘હું અલ્લાહ પાસે એ માંગું છું કે આ ગુનાહનો તને બદલો મળે.’

બીજે દિવસે એક ઝીનાકાર ઔરત તેના ઈબાદતગાહ પાસે આવીને બેઠી અને એક બાળકને જન્મ આપ્યો અને કહેવા લાગી કે “આ ઈબાદત કરતા જુરેહે મારી સાથે ઝીનાખોરી કરી છે અને આ બાળક પણ તેનું જ છે.” જ્યારે બાદશાહને આ વાતની ખબર પડી તો તેણે મજકુર આબિદને શૂળી ઉપર ચઢાવી દેવાનો હુકમ કર્યો.

આ વાતની જ્યારે તે આબિદની માતાને ખબર પડી ત્યારે તે રડતી રડતી ત્યાં આવી પહોંચી. જુરેહે માને કહ્યું કે : “અય માં ! આ બધું તમારી બદ-દુઆના પ્રતાપે બન્યું છે.”

જ્યારે લોકોએ આબીદના આવા શબ્દો સાંભળ્યા તો વધારે ઊંડી તપાસ કરવા માંડી અને જુરેહે લોકોને શરૂઆતથી બધી બનેલી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઘટના વિગતવાર કહી સંભળાવી. લોકોએ જુરેહને કહ્યું કે, "તમારી સચ્ચાઈની કોઈ સાબિતી છે." જવાબમાં જુરેહે કહ્યું કે "એ બાળકને લઈ આવો." જ્યારે બાળકને ત્યાં લાવવામાં આવ્યું તો જુરેહે ખુદાવંદે તઆલા ઉપર સંપૂર્ણ ભરોસો રાખી બાળક તરફ નિગાહ કરી બાળકને જ પૂછયું, "અલ્યા ! તું કોનો દિકરો છે સાચી વાત કર." અલ્લાહના હુકમથી તે નાના બાળકને વાચા થઈ અને કહેવા લાગ્યું કે "હું ફલાણા-ફલાણા માણસનું ફરજંદ છું જે અમુક માણસની બકરીઓ ચરાવવાનું કાર્ય કરે છે." જુરેહે આથી છૂટકારાનો દમ ખેંચ્યો અને તે સઝામાંથી બચી ગયો.

બાદમાં જુરેહે પ્રતિજ્ઞા કરી કે હું જયાં સુધી જીવતો રહીશ ત્યાં સુધી મારી માતાની સેવા કરતો રહીશ.

## જૂઠું બોલવા વિષે :

જૂઠું બોલવું એ મહા પાપ (ગુનાહે કબીરા) છે. કુરઆને શરીફમાં ઘણી બધી જગ્યાએ તે માટે મનાઈ કરવામાં આવી છે.

એક હદીસમાં ફરમાવવામાં આવેલ છે કે "જૂઠ એ શરાબથી પણ બદતર છે." એક બીજી હદીસમાં પણ ફરમાવવામાં આવેલ છે કે "જૂઠ ઈમાનને ખરાબ કરે છે."

હ. ઈસા (અ.)થી મનકુલ છે કે "જે માણસ વધારે જૂઠ બોલે છે તો અલ્લાહ તેને ભૂલકણો બનાવે છે. જેથી તે લોકોની નજરમાં બે ઈઝઝત થાય." અમસ્તી ઠઠ્ઠા-મશ્કરીમાં પણ જૂઠ બોલવું મના છે. અલબત્તા અપવાદ રૂપે કેટલીક ખાસ બાબત માટે બોલવું પડે તે જાએઝ છે. જેમકે,

(૧) જો સત્ય ઉચ્ચારવામાં કોઈ મોઅમીનનું નુકસાન થતું

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હોય અથવા નાહકની કત્લ થઇ જવાનો ડર હોય અને જૂઠ બોલવાથી કોઇ મોઅમીન શખ્સને મુક્તિ મળી જતી હોય તો તેવા સમયે જૂઠું બોલવું જાએઝ છે, બલ્કે વાજિબ ઠરે છે. પરંતુ બહેતર એ છે કે તે બોલનાર એવા શબ્દોમાં બોલે કે કામનું કામ થઇ જાય અને હકીકતથી તે ઉલ્ટું પણ ન હોય!

જેમકે કોઇનો માલ આપણી પાસે અમાનત હોય અને કોઇ હાકિમ જોર-જબરાઇથી તે લઇ લેવા માંગતો હોય અને આવી બાબતમાં તમારી પાસે કંઇ પુછપરછ કરવામાં આવે તો તમો એમ કહો કે મારા હાથમાં નથી અથવા મારી પાસે નથી.

આ બાબતમાં તમો જૂઠું એવા આશયથી બોલો છો કે તે માલ અક્ષરસઃ તો તમારા હાથમાં છે પણ નહિ, તેમજ તે રીતે તમારા ખીસ્સા (કે ગજવા)માં પણ નથી અને સામી બાજુ તે લઇ લેનાર વ્યક્તિ એમ સમજીને ચાલી જાય કે "માલ અક્ષરસઃ તમાર કબ્જામાં હતો નહીં."

(૨) જ્યારે બે મોઅમીન ભાઇઓનો રંજીસ અને મતભેદને દૂર કરવાનો ઉદેશ હોય અને બંને પાર્ટી વચ્ચે સંપ પૈદા કરવાનો ઉદેશ હોય તો એકબીજાની સામે આ ખોટી વાતો એવી રીતે સફાઇથી કહેવી કે જેથી બંને પાર્ટી વચ્ચે સુમેળ થઇ જાય.

(૩) જ્યારે કોઇ એવી જગ્યાએ કે જ્યાં પોતાના મઝહબની જાહેરાત કરવાથી જાન અથવા આબરૂ જવાનો ડર હોય અને એ સિવાય તમારી પાસે બીજી કોઇ તદબીર પણ ન હોય તો આવા સમયે હકીકત ઉપર પડદો નાખી શકાય છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ

૧. વ્યાજ માટે આપણા છટ્ઠા ઈમામ (અ.)એ શું ફરમાવેલ છે ?

૨. વ્યાજનો અર્થ શું છે અને તેનાથી કેવી રીતે બચી શકાય ?

૩. ગીબત (નિંદા)ના ગુન્હાને કોણ કોણ માફ કરી શકે ?

૪. શું ગીબત કરવી પણ કદી જાએઝ છે ?

૫. ગુજરી ગએલા માંબાપના સરવારને કેવી રીતે ખુશ કરી શકાય ?

૬. જૂઠું બોલવામાં શું નુકસાન થાય છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 36

# દીન અને શરીઅત

જેવી રીતે મકાન માટે ચાર દિવાલો અને નદી માટે ઘાટ જરૂરી છે તેવી રીતે શરીઅતના સિદ્ધાંતો અને કાયદાના રક્ષણ માટે આમાલ (સુકૃત્યો) અને અહેકામ (હુકમનું બ.વ.) જરૂરી છે. જેનાથી આ સિદ્ધાંતોને જીવતા રાખી શકાય.

આવા અહેકામ (હુકમો) તથા આમાલ (સુકૃત્યો)ને શરીઅત કહેવામાં આવે છે.

અરબી ભાષામાં શરીઅતનો શાબ્દિક અર્થ "ઘાટ" થાય છે. અને ઘાટનું કામ એ છે કે તે નદીના વહેણને તેના નિર્ધારિત રસ્તે લઇ જાય અને તરસ્યાઓને (ઇચ્છુક લોકોને) પાણી પાઇ યાને સાચો રસ્તો બતાવી તેઓને ફાયદો પહોંચાડે.

શરીઅતના અહેકામનો હેતું એ જ છે કે તે ઉસુલે દીનનું રક્ષણ પણ કરે અને તેનાથી અનેકને ફાયદો પહોંચાડી ખરો રસ્તો (સીરાતલ મુસ્તકિમ) પણ બતાવે.

નમાઝ એ શરીઅતના અહેકામ માટેનો એક હુકમ છે તે એની નિય્યતથી તૌહીદ યાદ દેવડાવે છે (કે બસ! આરાધના કરો તો માત્ર એક જ અલ્લાહની)

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


કાયમ રહેવાની તાલીમ આપે છે.

તે જ રીતે નમાઝની રીત આપણને નબુવ્વત તથા ઈમામતની યાદ આપે છે. જેની મારફત આ નમાઝ આપણા સુધી પહોંચી છે.

આ નમાઝ ઉસુલેદીન તથા અકીદાઓની યાદ દેવડાવવાનું બહેતરીનમાં બહેતરીન સાધન છે.

આ રીતે નમાઝ એ ચોવીસ કલાકમાં કેટલીએ વાર 'અકીદા'ની યાદ તાજી કરાવે છે અને એ બતાવે છે કે અકીદાથી ફાયદો હાંસલ કરવાનો રસ્તો એ ઈબાદત અને અમલ છે.

અમલ વગર અકીદાઓ શુષ્ક યાને સુકા અને નિર્જીવ (જીવ વગરના) લાગે છે. ઉદાહરણ તરીકે, અગર નદીને રોકનારો 'ઘાટ' તૂટી જાય તો પાણી ચૌતરફ ફેલાઈને ફાયદાને બદલે લોકોને નુકસાન પહોંચાડે છે. એજ રીતે જો આમાલને ત્યજી દેવામાં આવે તો અકીદા પણ એક પૂર્ણ રસ્તા ઉપર રહેશે નહિ, પરંતુ ઈન્સાન નમાઝથી કે પૂજાપાઠથી પણ ખુદાની ખુશનૂદી હાંસલ કરવાની કોશીષ કરશે, જે બિલકુલ ગલત યાને ખોટું જ છે.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 37

# મહોબ્બત અને નફરત

જેવી રીતે અલ્લાહ તઆલાએ દિલ, દિમાગ, આંખ, કાન, ઝબાન વગેરે ચીઝો પોતાની નેઅમત રૂપે ઈન્સાનને બક્ષીસ કરેલ છે તે જ રીતે મહોબ્બત અને નફરત પણ એની જ અમૂલ્ય ભેટ છે.

અલ્લાહ તઆલા આપણને આપેલી નેઅમતોનો તેના ખરા અર્થમાં ઉપયોગ કરવો એ આપણી ફરજ છે.

મહોબ્બત અને નફરતની ફિલોસોફી એ છે કે નેક માણસોથી મહોબ્બત કરી નેકી હાંસલ કરવામાં આવે જ્યારે બદ યાને બુરા માણસોથી દૂર રહીને એક પ્રકારની નાખુશી કે નફરત દર્શાવવામાં આવે.

નેક માણસોથી નફરત કરવી એ જેટલા પ્રમાણમાં મોટો ગુન્હો છે તેટલા જ પ્રમાણમાં એ પણ ગુન્હો છે કે ખરાબ લોકોથી મહોબ્બત કરવી, જે હરગિઝ વાજિબ નથી જ.

દરેક મુસલમાનની એ ફરજ છે કે અલ્લાહ, રસૂલ અને ઈમામથી મહોબ્બત કરે અને તેઓને પોતાના જાનથી પણ અઝીઝ યાને વહાલા સમજે અને તેના દરેક હુકમ ઉપર અમલ કરે અને તેના (એહલેબૈતના) મિત્રોથી મિત્રતા રાખે.

અલ્લાહ, તેના રસૂલ તથા ઈમામ (એહલેબૈત)થી અનહદ મહોબ્બત રાખવાના કાર્યનું જ નામ 'તવલ્લા' છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

એવી જ રીતે હરેકે હરેક મુસલમાનની એ ફર્ઝ છે કે અલ્લાહ, તેના રસૂલ તથા ઈમામના દુશ્મનોથી નફરત કરે. તેમના (દુશ્મનોના) જેવી બદઆદતો રાખવાથી પરહેઝ કરે તેમજ તેમની (દુશ્મનોની) મહોબ્બતને પોતાના દિલમાં હરગિઝ જગ્યા ન આપે, યાને દિલ એ રીતે ખાલી રાખે. તેમજ તેમનું માન પણ ન જાળવવામાં આવે.

અલ્લાહ, તેના રસૂલ તથા ઈમામ (એહલેબૈત)ના દુશ્મનોથી આ રીતે દૂરી પકડવાનું નામ તબર્રા એટલે કે (એક પ્રકારની નફરત યા કિનારો કરી લેવો) એવો થાય છે.

દા.ત., આપણા દોસ્તનો દોસ્ત એ આપણો પણ દોસ્ત હોય છે, આપણા દુશ્મનનો દુશ્મન એ આપણો પણ દુશ્મન હોય છે.

આ કારણથી અલ્લાહ, તેના રસૂલ તથા ઈમામ (એહલેબૈત)ના દોસ્તો આપ સૌના દોસ્તોને ચાહે છે અને તેમના (એહલેબૈત વિ.ના) દુશ્મનોથી સદા નફરત કરતા હોય છે.

જેવી રીતે નેક માણસોથી મહોબ્બત કરવી વાજિબ છે તેવી જ રીતે બુરાઈથી નફરત કરવી દરેક ઈન્સાનની ફર્ઝ છે.

નેકીથી પહેલાં મહોબ્બતનો અર્થ એ છે કે ઈન્સાન પોતે નેકી અખત્યાર કરે અને બીજી મહોબ્બત એ છે કે બીજામાં નેકીનો પ્રયાસ કરવામાં શક્તિ પ્રમાણે કોશીશ કરે. નેકી ફેલાવવાની કોશીષનું નામ જ "અમ્ર બિલ્મારૂફ" છે.

બુરાઈથી પહેલી નફરત એ છે કે ઈન્સાન પોતે પ્રથમ બુરાઈ ન કરે અને બીજી નફરત એ છે કે બીજાઓને બુરાઈથી બચાવવાની કોશીશ કરે. બુરાઈથી રોકવાનું નામ જ "નહી અનિલ્મુન્કર" છે.

"તવલ્લા-તબર્રા, અમ્ર બિલ્મારૂફ, નહી અનિલ્મુન્કર" દરેક

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org


મુસલમાન ઉપર એ રીતે વાજિબ છે જેમ કે નમાઝ, રોઝા વાજિબ છે.

## સવાલ

૧. મહોબ્બત અને નફરતની ફિલોસોફી શું છે ?

૨. દરેક મુસલમાનની ફરજ શું છે ?

૩. તવલ્લા, અમ્ર બિલ્મારૂફ તથા નહી અનિલ્મુન્કર દરેક મુસલમાન ઉપર કેવી રીતે વાજિબ છે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 38

## બરકત અને નહુસત

સવાર સવારમાં ખાલિદથી મુલાકાત થઇ ફાટેલા મેલા કપડા, વાળ વિખરાએલા, ધુળ માટીથી ભરપુર, ચેહરો બેચૈન, ગાલો પર પીળાશ, મેં ગભરાઈને તેને પુછયું ખાલિદ! આ શું હાલત બનાવી રાખી છે ? તારી પાસેતોઅલ્લાહની આપેલ નેઅમતો ઓછી નથી. મકાન છે. ગાડી છે. ધંધો પણ સારો ચાલે છે. દોસ્ત બીરાદરો સાથે ઉઠક બેઠક પણ છે. દાવત પણ થાય છે. તો પછી આ કેવી હાલત છે ? આવી હાલત તો અમારા જેવાની હોવી જોઈએ. સવારે જમીએ છીએ તો રાતની ચિંતા દિલમાં હોય છે. કપડા પહેરીએ છીએ તો એ વિચારવું પડે છે કે આ ફાટી જશે પછી શું થશે? ચાલીને જવું પડે છે અને થાક દુર કરવા માટે કોઈ વ્યવસ્થા નથી હોતી.

ખાલિદ મારી વાતને શાંતીથી સાંભળતો રહ્યો, અને પછી કહેવા લાગ્યો કે સાચી વાત છે કે અલલાહે આપેલ બધુજ છે પરંતુ કયાંય બરકત બાકી નથી રહી. કોણ જાણે કોઈ પણ ચીઝમાં બરકત નથી થતી. ન માલમાં બરકત છે ન પૈદાવારમાં બરકત છે. ન ધંધામાં બરકત છે. ન તીજારતમાં બરકત છે. ન ઉમ્રમાં બરકત છે. ચારેય તરફ બસ નહુસત જ દેખાઇ રહી છે.

મે કહ્યું: "ખાલિદ નાશુક્રી ન કર. આનાથી વધારે બરકત શું હશે કે માલો દોલતમાં તું લાખોપતિ છો.પૈદાવાર પણ સારી થઈ જાય છે.ધંધામાં પણ એક હજાર રૂપિયા આસાનીથી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મેળવી લ્યે છે.સમાજમાં પણ ઈઝ્ઝત છે આથી વિશેષ બરકત કઈ વસ્તુનું નામ છે?"

આ સાંભળવું હતું કે ખાલિદની આંખોમાથી આસુ ટપકી પડયા. રડતા રડતા બોલ્યો "ભાઈ હામિદ! તમને મારી હાલતની શું ખબર? તમે તો ફકત મારી દૌલતને જુઓ છો બંગલાને જુઓ છો ગાડી જુઓ છો. ધંધા તરફ જુઓછો તમને મારી અંદરની હાલતની શું ખબર?"

મેં વાતને ટાળવા માટે મુસ્કુરાયને કહ્યું ખાલિદ નાટક ન કર! હું તારી પાસે ઉધાર નહીં માંગુ. મેં ઘણા લોકોને જોયા છે કે જયારે તેઓને કોઈથી ઉધારનો ખતરો દેખાય છે ત્યારે તેનો ચેહરો જોતાજ મસાએબ શરૂ કરી નાખે છે. મને ખબર ન હતી કે તું પણ મને કર્ઝ માંગવાવાળો સમજીશ."

મને લાગતું હતું કે આ વાતોથી ખાલિદના હોઠો પર મુસ્કુરાહટ આવી જશે.અને ચેહરાનો રંગ બદલાઈ જશે. પરંતુ એવું કશુજ થયું નહીં. તેના આંસુ વધારે નિકળવા લાગ્યા. અને કહ્યું: "તમે ઉખાળીજ દીધું છે તો મારી કહાની સાંભળીજ લ્યો."

"અનાજ ઘણુંજ મૌજુદ છે તેમાં કોઈ શક નથી. પરંતુ એક વર્ષથી પેટની બીમારી આવી પડી છે. એક રોટલી મુશકીલથી ખાઈ શકું છું. અને તેના પછી જાતે જાતની દવા ખાવી પડે છે. સુફરા પર વાનગીઓતો ઘણી આવે છે પરંતુ મારે શું કામની? દુકાન પર આવક તો ઘણીજ છે.પરંતુ રોજ બરોજ એક નવી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મુસીબત ઉભીજ હોય છે. હજી ગઈ કાલનીજ વાત કરૂ, કાલે ધંધામાં ઘણો ફાયદો થયો. અને દસ હજાર રૂપીયાનો વેપાર થયો. હું બહુજ ખુશ હતો અને જયારે દુકાન બંધ કરીને ઘરે જઈ રહ્યો હતો કે રસ્તામાં છોકરાએ ખબર આપી, કે "મમ્મીએ કહ્યું છે કે પપ્પુની હાલત બહુજ ખરાબ છે. ૧૦૪ ડીગ્રી તાવ છે. ડોકટરને સાથે લઈને આવજો." મારી ખુશી એક મીનીટમાં નાબુદ થઈ ગઈ. ગાડીને ડોકટરના ઘર તરફ વાળી રાત્રીના દસ વાગ્યા હતા. દવાખાનું બંધ કરી ડોકટર સાહેબ ઘરમાં ચાલ્યા ગયા હતા. ડોકટર સાહેબને ઘરમાં સમાચાર મોકલાવ્યા. મુશ્કિલથી જવાબ મ ળ્યો કે ડોકટર સાહેબ આરામ કરવા માટે જઈ રહ્યા છે અત્યારે કયાંય નહીં જઈ શકે. મારા પગ નીચેથી ઝમીન નિકળી ગઈ. ખુદાયા! હવે શું થશે? મારા દિકરાની ઝિંદગીનું શું થશે? થોડી વાર વિચાર્યા પછી ફરી હિંમત કરી સાહેબને કહેવરાવ્યું: કે હું મારા દિકરાને ઈલાજ માટે અહીંયા લઈ આવું? ચોકીદાર અંદર ગયો અને થોડી વાર પછી બહાર આવ્યો અને કહ્યું પાંચ હજાર રૂપિયા જમા કરાવો તો ડોકટર સાહેબ પંદર મિનિટ સુધી તમારી વાટ જોઈ શકે છે. ત્યાર પછી કશુંજ નહીં થઈ શકે. મેં તરતજ પૈસા કાઢીને જમા કરાવી દીધા. અને જલ્દીથી ગાડી ઘર તરફ દોડાવીઘરે પહોંચી બચ્ચાને લઈ ડોકટર સાહેબ પાસે પહોંચ્યો તો ૧૪ મીનીટ થઈ ચુકી હતી. ડોકટર બહાર આવ્યા અને એક નઝર પપ્પુ પર કરી અને ફરમાવ્યું કેસ બહુજ સિરિયસ છે. અત્યારે આ દવા આપજો તાવ ઓછો થઈ જશે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પછી પંદર દિવસ સુધી સરખી રીતે ઈલાજ કરવો પડશે. અને પાંચસો રૂપિયાનું ઈન્જેકશન રોજ લગાવવું પડશે.ઈલાજ કરાવવો હોય તો સવારે દર્દીને લાવજો. નહીંતર ઘરમાં આરામ કરાવજો. હામીદ ભાઈ જરાક વિચારો ગઈકાલે એક હજાર રૂપીયા તો ગયા અને છોકરાની હાલત હજી ખરાબ છે. દુકાન પર બેસી નથી શકતો. રોજની પાંચસો રૂપિયાની દવા થશે જેનો મતલબ એ છે કે પાછલા મહીનાની બધી કમાઈ દવામાં જશે. શું આનેજ બરકત કહેવાય છે? અને આ દૌલત પર લોકો મને મુબારકબાદી આપે છે?

મેં કહ્યું: "તારી દાસ્તાન બહુજ અફસોસવાળી છે.પરંતુ વિચાર તો કર આ વસ્તુ તારે ત્યાં બની, તે ઈલાજ કરાવી લીધો. અગર કયાંક આ કીસ્સો મારે ત્યાં બન્યો હોત તો છોકરાની ઝિંદગીથી રાતેજ હાથ ધોવા પડત. અહીંયા તો એક રૂપિયો પણ ખીસ્સામાં નથી. દસ હજાર તો બહુજ દુરની વાત.

ખાલિદે કહ્યું: હામીદ! ભાઈ તમે સાચું કહો છો. પરંતુ એ તો વિચારો કે આ કિસ્સો તમારે ત્યાં કેમ ન બન્યો? અને મારા ઘરે જ બન્યો! ભાઈ અસલ વાતતો એ છે કે જયારે પરવરદિગાર દૌલત આપે છે તો થોડી એવીપરેશાની પણ સાથે આપી દયે છે કે આદમી દૌલતથી સહીહ ફાએદો ન ઉઠાવી શકે અને હંમેશા પરેશાન રહે."

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

મેં ખાલિદના મોઢા પર હાથ રાખી દીધો અને કહ્યું: ખબરદાર! આવી નકામી વાત ન કર. અલ્લાહ તને દૌલત આપે છે. અને તું પરેશાનીનો ઈલ્ઝામ તેના પરજ નાખે છે. હકીકતમાં આવા વિચારો કે જેટલો માલ વધારેઆવે છે. તેની સાથે તેટલીજ વધારે જ પરેશાની આવે છે. તેના કારણેજ તારી દૌલતથી બરકતને ખત્મ થઈ ગઈ છે. જલ્દી ઉભો થા અને અલ્લાહની બારગાહમાં બે રકાત નમાઝ પઢીને તૌબા કર. કે આ અઝાબ તારાથી ટળી જાય. અલ્લાહ માલ પણ આપશે અને ચૈનો સુકુન પણ. મારૂં આ કહેવું હતું કે તેણે ધીમી અવાજથી કહ્યું: "મને નમાઝ પઢતા નથી આવડતી." આ સાંભળી મારા રૂવાટા ઉભા થઈ ગયા. અને હું વિચારવા લાગ્યો કે ખુદાયા! શું તારા આવા બંદા પણ છે જે તારી આટલી બધી નેઅમતોને હાંસિલ કરી તને ભૂલી જાય છે. અને તારી સામે માથું પણ નથી જુકાવતા! ખુદાયા! તુજ તેઓની હાલત પર રહેમ કર. અને તેઓની હિદાયત ફરમાવ!!!

## સવાલ

(૧) ખાલિદ કોણ હતો?
(૨) ખાલિદની આંખો માંથી આંસુ શા માટે ટપકી પડયા?
(૩) ખાલિદને રોજગારમાં બરકત ન હોવાનું કારણ શું લાગતું હતું?
(૪) ખાલિદના રોજગારમાં બરકત ન હોવાનું કારણ તેના દોસ્તે શું બતાવ્યું?
(૫) ખાલિદે અલ્લાહ પર શું ઈલ્ઝામ લગાડયો હતો?
(૬) ખાલિદના દોસ્તને કઈ વસ્તુ પર વધારે નવાઈ લાગી?

ટુંક નોંધ લખો (નીચે બતાવેલ વિષયો પર દસ લીટી લખો.)
(૧) બરકત અને નહુસત
(૨) પરેશાની શા માટે આવે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 39

# તકય્યા

જ્યારે કોઇ દીનદાર માણસ બેદીનોમાં ઘેરાઇ જાય અને દીનને જાહેર કરવા જતાં જાન, માલ, ઇઝઝત, આબરૂ ભયમાં આવી પડતું હોય અને બહોળા પ્રમાણમાં માલનું એટલું બધું નુકસાન થાય તેમ હોય કે પાછળથી જીવન જીવવું તદ્દન અશક્ય બની જતું હોય તો હુકમ છે કે તે પોતાના દીનને છુપાવી દીએ. આનું નામ જ તકય્યા છે.

પરંતુ તકય્યા કરવાથી દીનનું સરાસર નુકસાન હોય અથવા અન્ય મોઅમીનની ઇઝઝત, જાન, માલનું મોટું નુકસાન થવાનું હોય તો તકય્યા કરવો હરામ છે.

તકય્યાનું નામ જૂઠું બોલવું એમ થતું નથી અને ઉપરોક્ત રીતે તકય્યો કરવો એ અલ્લાહ તથા તેના રસૂલ (સ.અ.વ.)ની નજરમાં ખરાબ વાત નથી. પરંતુ જ્યારે તકય્યા કરવાનો સમય હોય તો મઝહબ ખૂદ તકય્યા કરવાનો હુકમ આપે છે. તેમજ અલ્લાહ તથા તેના રસૂલ (સ.અ.વ.) પણ રાજી રહે છે.

તકય્યાનો હુકમ ખૂદ અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.)એ આપેલ છે. એટલા માટે તકય્યાનો વિરોધ કરવો અથવા તો મશ્કરી કે મઝાક કરવી એ ખૂદ અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.)નો વિરોધ કરવા બરાબર છે.

ઉપરોક્ત બીનાના ટેકામાં કુરઆને શરીફની એક ઐતિહાસિક ઘટના આ પ્રમાણે બયાન કરવામાં આવેલ છે. જેથી તકય્યાની

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અગત્યતા સમજાઇ જાય.

ફિરઓન કે જેણે અલ્લાહ હોવાનો દાવો કરેલ, ફિરઓન સંતાન વગરનો હતો તે તો સૌ કોઇને રોશન છે. આથી તેણે પોતાના કાકાના દિકરા હિઝકિલને પોતાનો વારસદાર બનાવેલ. પરંતુ જ. હિઝકિલ તો ફિરઔનને અલ્લાહ માનતા નહીં હતા. તેઓ તો ખુદ, અલ્લાહ ઉપર જ ઈમાન રાખતા હતા. આથી જ. હિઝકિલને "મોઅમીને આલે ફિરઔન" કહેવામાં આવે છે.

એક વખત ફિરઔનના દરબારીઓએ ફિરઔનની પાસે ફરિયાદ કરી કે જ. હિઝકિલ આપને અલ્લાહ માનતા નથી.

આ ખબર સાંભળી ફિરઔનને ખૂબ જ ગુસ્સો ચઢી આવ્યો અને તેણે જ. હિઝકિલને બોલાવી મંગાવ્યા અને કહ્યું કે "શું વાત છે?" આ લોકો તમારી વિરૂદ્ધ ફરિયાદ લાવ્યા છે કે "તમે મને અલ્લાહ માનતા નથી?" "શું આ વાત ખરી છે?"

જ. હિઝકિલે જવાબ આપતાં ફરમાવ્યું કે "આ લોકોના જાન-માલનો જે માલિક છે તે જ મારા પણ જાન-માલનો માલિક છે." તેમજ જે તે લોકોને રોઝી આપે છે, બરાબર તે મને પણ રોઝી આપે છે. "અને જે તેનો અલ્લાહ છે, હું સાક્ષી આપું છું કે તે જ મારો પણ અલ્લાહ છે" અને તેના સિવાય હું બીજા કોઇને અલ્લાહ માનતો નથી.

આ જવાબથી ફિરઔન તો ખુશ ખુશ થઇ ગયો. તે સમજ્યો કે તેઓ પણ મને જ અલ્લાહ માને છે જ્યારે જ. હિઝકિલે આ રીતે ખરા અલ્લાહને જ જાહેર કર્યો હતો.

આપના આ સારા અમલને ખુદાવંદે તઆલાએ પસંદ કર્યો અને કુરઆને મજીદમાં તેનો ઝીક્ર કરેલ છે. તેમજ આપને આ રીતે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

"મોઅમીને આલે ફિરઔન"નો લકબ પણ આપેલ છે.

જ. હિઝકિલનું ઉપરોક્ત રીતે ફિરઔન તથા તેને માનવાવાળાઓથી છૂપું હતું. ખુદાવંદ આલમીને ફરમાવ્યું છે કે—

"રજોલુમ મોઅમેનુન મીન આલે ફિરઔન યકતોમો ઈમાન હૂ" અર્થાત ફિરઔનના કુટુંબમાં એક મોઅમીન મરદ જે પોતાનું ઈમાન ગુપ્ત રાખી શકયા હતા.

રસૂલે અકરમ (સ.અ.વ.)એ ફરમાવેલ છે કે :- "દુનિયામાં ત્રણ સાદિક (સાચુ બોલવાવાળા) છે. જેમાંથી એક જ. હિઝકિલ પણ છે. અને તે બધામાંથી અગર કોઈ અફ્ઝલ (અતિ ઉત્તમ) જો હોય તો તે હ. અલી (અ.) છે."

ઉપરોક્ત રીતે અગર તકય્યા કરવો નાજાએઝ હોત તો ખુદ ખુદાવંદે તઆલા જ. હિઝકિલની તારીફ ન જ કરત.

અગર 'તકય્યા' કરવો એનો અર્થ જો ખોટું બોલવું એમ થતો હોત તો નબીએ કરીમ (સ.અ.વ.) હ. હિઝકિલને સાદીક કહેતે નહીં.

આ રીતે તકય્યા કેમ કરવો અને કેવા સંજોગોમાં કરવો તે ઉપરોક્ત ઐતિહાસિક ઘટના ઉપરથી સમજાય છે. આ પછી ફિરઔને જ્યારે આપને દીન બાબત પૂછવામાં આવ્યું તો આપે જવાબ આપ્યો કે પહેલા આ તમારા શિકાયત કરવાવાળાઓને જ પૂછી જુઓને ? તેઓની પાસેથી પ્રથમ દીન વિષે પૂછવામાં આવે.

ફિરઔને થોડો કંટાળો અનુભવતા કહ્યું (હિઝકિલ !) તમે જ તે લોકોથી સવાલ કરો. આથી જ. હિઝકિલે ફિરઔનની કોમવાળા આ લોકોને પૂછયું :

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

"તમારો માલિક, રાઝિક, પૈદા કરનાર તથા અલ્લાહ કોણ છે ?" દરેક સવાલ જવાબ દરમ્યાન ફિરઔનને માનવાવાળાઓ જવાબમાં કહેતા રહ્યા, ફિરઔન, ફિરઔન, ફિરઔન."

જ. હિઝકિલે હિકમતથી કહ્યું, "બસ ! જે તેનો અલ્લાહ છે, જેણે તેઓને પૈદા કર્યા છે અને જે તેઓનો માલિક તથા રાઝિક છે, બસ ! તે જ મારો પણ અલ્લાહ, રાઝિક, ખાલિક અને માલિક છે."

આ સાંભળીને ફિરઔન તથા તેમને માનવાવાળાઓને સંતોષ થઇ ગયો. આ જ. હિઝકિલ તો અમારા જ દીન ઉપર છે. જોકે આ રીતે જ. હિઝકિલ ખુદ અલ્લાહને જ પોતાના અલ્લાહ, માલિક અને રાઝિક ઠેરાવી રહ્યા હતા. જેમાં તેમની હિકમત તથા દાનાઇ પણ હતી. આ રીતે જ. હિઝકિલ ખોટું બોલ્યા નહિ અને તકય્યા કરીને પોતાની જાતને બચાવી પણ શકયા.

જ્યારે આ પાઠની બીજી એક બાજુ પણ છે :-

જ્યારે હ. ઈમામ હુસૈન (અ.)એ ખૂદ એટલા માટે તકય્યા ન કર્યો કે જો આપ એ વખતે તકય્યા કરી લેતે તો ખૂદ દીન (મઝહબ) ભયમાં આવી પડતે. જેથી અહીં તેમના માટે તકય્યા કરવો વાજિબ ન હતો એ સ્હેજે સમજી શકાય તેમ છે.

## સવાલ

૧. તકય્યાની કઇ કઇ શરતો છે ?

૨. તકય્યા કરવો કયારે હરામ છે ?

૩. જ. હિઝકિલનો બનાવ શું છે ?

૪. હ. ઈમામ હુસૈને (અ.) તકય્યા કેમ ન કર્યો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 40

# આપણા હાદીઓ

ચૌદ માઅસુમીન આપણા હાદીઓ (હિદાયત કરવાવાળા) તથા માર્ગદર્શક છે, જેઓએ મોટી મોટી કુરબાનીઓ આપી દીનને ફેલાવ્યો છે તેમજ બચાવ્યો પણ છે. જો તેઓ ન હોત તો દુનિયામાં દીનનું અજવાળું યા રોશની ન હોત.

તેઓની તઅઝીમ અને મોહબ્બત આપણા બધા ઉપર વાજિબ છે અને તેઓના નકશે કદમ ઉપર ચાલવું આપણા બધાયની ઝીંદગીનો મકસદ છે. તેઓની ઝીંદગી અમારા માટે અમલનો નમૂનો છે અને એટલા માટે જ તેઓની ઝીંદગીના વૃત્તાંતો જાણવા જરૂરી છે.

આથી આ પાઠમાં દરેક માઅસુમ (અ.)ના જીવનના કેટલાક પ્રસંગો વર્ણવવામાં આવેલ છે.

## આપણા રસૂલ

નબૂવ્વતની જાહેરાત પહેલા પણ ઘણા બધા લોકો આપને ચાહતા હતા. દરેક શખ્સ આપની ઉપર સંપૂર્ણ ભરોસો રાખતો હતો.

અલબત્ત જાહેલીય્યતના શરૂ શરૂના દૌરાનમાં લોકો ઝઘડાખોર સ્વભાવના હતા અને વાતવાતમાં મ્યાનમાંથી તલવારો કાઢી આપસમાં લડી પડતા હતા. અને કેટલાક પ્રસંગોમાં તો લડાઈ પણ ચાલીસ-ચાલીસ વરસ સુધી ચાલેલીના દાખલાઓ ઈતિહાસમાં મૌજુદ છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

દરેક કબીલો અન્ય કબીલાઓને પોતાનાથી ઉતરતી કક્ષાનો લેખવાની બડાઇ મારતાં થાકતો ન હતો. આ રીતે તેઓ કોઇ કબીલાની ઇઝઝત વધી જાય તે કેવી રીતે સાંખી શકે ?

આવી પરિસ્થિતિમાં પણ અંતે આપણા પ્યારા રસૂલ (સ.અ.વ.) શાંતિપૂર્વકના મીશનના પ્રતાપે આખા શહેરમાં પ્યારા બનવા પામ્યા હતા. અને લગભગ તમામે તમામ કબીલાના લોકોમાં ચાહના મેળવી શક્યા હતા. આપના આવા સદ્‌ગુણોનાં પ્રતાપે લોકો આપને "અલ-અમીન" તેમજ એક સાચા અને પ્રમાણિક ગણીને યાદ કરતાં હતાં.

કબીલા-કબીલા વચ્ચે સુલેહ સંપ કેમ જળવાઇ રહે તેમજ કામ પણ પાર પડી જાય આવો એક ઐતિહાસિક બનાવ અત્રે વાંચવો-જાણવો બહુ જ રસપ્રદ થઇ પડશે.

એક વખત ખાન-એ-કઅબાની ઇમારતની સારા પ્રમાણમાં મરામત કરાવવામાં આવી રહી હતી. દરેક કબીલાના માણસો આમાં મદદ કરી રહ્યા હતા. પરંતુ જ્યારે પવિત્ર પત્થર (કે જેનું વર્ણન આમાં જ છે) તેને પાછો તેની અસલ જગ્યાએ મૂકવાની વાત આવી તો દરેક કબીલામાં આ નેક અને અતિ માનમર્તબાવાળું કામ અમારા જ કબીલાને મળવું જોઇએ એવી ઝીદ થઇ પડી.

'હજરે અસ્વદ' એ એ પવિત્ર અને મુકદસ પત્થર છે કે જેને હ. જીબ્રઇલ (અ.) ખુદાવંદે તઆલાના હુકમથી હ. આદમ (અ.સ.)ના ઝમાનામાં આસમાનમાંથી લાવ્યા હતા જે હ. ઇબ્રાહીમ (અ.સ.)ના ઝમાનામાં રીતસર કઅબા શરીફની દિવાલમાં જડવામાં આવેલ હતો. આ પછી જ્યારે આજ કઅબાતુલ્લાહનું મકાન આપના સમયમાં મરામત બાદ તૈયાર થયું તો ઉપરોક્ત પ્રસંગ ઊભો થયો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કે આ પવિત્ર પત્થર (હજરે અસ્વદ)ને તેની અસલ જગ્યાએ મૂકવાનું માન ક્યા કબીલાને મળે ?

બસ થઈ રહ્યું ! વાતવાતમાં તલવારો મ્યાનમાંથી બહાર ખેંચાઈ આવી અને દરેક કબીલો અન્ય હરિફ કબીલાના લોહીનો તરસ્યો બની ગયો. મામલો ત્યાં સુધી ગંભીર બની ગયો કે ક્યાંક લડાઈને લીધે આખું મકાન તબાહ થવાનો ડર સૌ સમજદારોના મનમાં ઉપસી આવ્યો.

આથી કેટલાક સમજદાર અને દાનીશમંદોએ આગળ આવી એક સૂચન (તઝવીઝ) પેશ કરી કે—

અત્યારે આ કામ મુલતવી રાખવામાં આવે અને આવતી કાલે આપણે સૌ પાછા ભેગા થઈએ અને આપણામાંથી જે શખ્સ સૌથી પહેલા નજરે પડે બસ ! તે જ શખ્સને એક 'સરપંચ'ની જેમ કબૂલ કરી લેવો અને તે જે નિર્ણય કરે તેને આખરી ફેંસલો માની સૌએ કબૂલ કરી લેવો.

સૌને આ સલાહ બિલકુલ વ્યાજબી લાગી અને બીજે દિવસે તેઓ નિર્ધારિત જગ્યાએ ભેગા મળ્યા. એવામાં દૂરથી એક શખ્સ આવતો જણાયો, તે શખ્સ બીજો કોઈ નહીં પણ આપણા પ્યારા નબીએ કરીમ (સ.અ.વ.) જ હતા. આથી સૌ કોઈ ખૂબ જ ખુશ થઈ ગયા અને સૌએ એ તુરત જ નક્કી કરી નાખ્યું કે આપના કરતાં બીજો ક્યો શખ્સ દયાવાન, નિષ્ઠાવાન, દાનિશમંદ અને સહનશીલતાવાળો, દુરંદેશીવાળો મળી શકવાનો હતો ?

આથી આપ (સ.અ.વ.) પણ બહુ જ દુરંદેશી વાપરીને એક મોટી ચાદર મંગાવી અને પવિત્ર પત્થર હજરે અસ્વદને આએ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ચાદરની બરાબર વચ્ચે મૂકાવ્યો, બાદમાં દરેક કબીલામાંથી એક એક મુખ્ય માણસને બોલાવીને આએ ચાદરનો એક એક છેડો પકડવાનું કહ્યું. તેમજ ચાદર ને હજરે અસ્વદ સહીત આ રીતે તે દિવાલ પાસે લાવવામાં આવી. જેવા સૌ નિર્ધારિત જગ્યાએ આવ્યા કે આપે આસ્તેથી તે પત્થરને ઉપાડીને તેની મૂળ જગ્યાએ ગોઠવી દીધો.

જ્યાં લોહીની નદીઓ વહેવાની બીક હતી ત્યાં ખુશીની છોળો અને જઝબાત હરેકના હૃદયમાં ઉછાળા મારવા લાગી ગઈ અને સૌ રાજી થતાં થતાં પોતપોતાને ઘેર ગયા.

## જનાબે ફાતેમા ઝહેરા (સ.અ.વ.)

આપ દરેક સ્ત્રી માટે અમલનો એક નમૂનો બનીને આવેલાં હતાં. જનાબે ફિઝ્ઝા આપની કનીઝ (દાસી) હતી, પણ આપની શહેઝાદીએ તેને ઘરમાં સમાન દરજ્જો આપેલ હતો.

એક દિવસ બધુ કામ પોતે કરતા, તો બીજે દિવસે એ કામ જ. ફિઝ્ઝા પાસેથી લેતા. આમ એહલેબૈતના ઘરમાં ગુલામ અને શેઠ, કનીઝ અને શેઠાણીમાં કશો ફરક ન હતો. આપના ઘરેથી કોઈ સવાલી ખાલી હાથે પાછો ફરતો ન હતો.

આપની શાદી મુબારક બાદ આપ જ્યારે આપના શૌહર (હ.અલી અ.)ના ઘેર પધાર્યા તો બીજા જ દિવસે આપના પિતાશ્રી હ. રસૂલે કરીમ (સ.અ.વ.) આપને મળવા માટે આપને ત્યાં તશરીફ લાવ્યા. ત્યાં હ. અલી (અ.) પણ મૌજુદ હતા.

આપના પિતાશ્રીએ જ્યારે આપના શરીર ઉપર શાદીની ઉમદા જોડ (કપડાં)ને બદલે તદ્દન સાદા કપડા પહેરેલાં જોયાં તો પિતાશ્રી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

બોલી ઊઠ્યા, 'બેટી આ શું ?'

બેટી જ. ફાતિમા (સ.અ.વ.)એ ખુલાસો કર્યો : "એક ગરીબ ઔરત મારી પાસે પોશાક માંગવા આવી હતી. જેથી તે કિમતી પોશાક મેં તે ગરીબ ઔરતને આપી દીધો."

હુઝુર (સ.અ.વ.)એ પ્રશ્ન કર્યો કે, "બેટી ! તે ઔરતને જૂનો પોશાક કેમ ન આપ્યો ?"

શેહઝાદીએ કહ્યું કે "શાદીની જોડ મને પસંદ હતી જ" પરંતુ ખુદાવંદે તઆલાએ ફરમાવ્યું છે કે "અલ્લાહની રાહમાં તો બંદાએ પોતાની પસંદગીની જ વસ્તુ આપી દેવી જોઇએ." આથી મેં જૂનો પોશાક રાખી લીધો અને નવી જોડ પેલી ગરીબ ઔરતને આપી દીધી.

એકવાર આપના પિતાશ્રી હુઝુર (સ.અ.વ.) આપને મળવા માટે આવ્યા. આપ હૂઝુરની સાથે એક અંધ સહાબી અબ્દુલ્લાહ ઇબ્ને મકતૂમ પણ હતા. આપે ઘરમાં દાખલ થવાની રજા માંગી તો જનાબે ફાતિમા તુઝ-ઝહેરા (સ.)એ કહ્યું કે "પિતાજી ! પહેલાં હું પડદાનો બંદોબસ્ત કરી લઉં બાદમાં આપ તશરીફ લાવો. કારણ કે આપની સાથે આપના સહાબી પણ છે."

હૂઝુરે ફરમાવ્યું કે બેટા ! તેઓ તો ના-બીના (અંધ) છે. જવાબમાં શેહઝાદીએ અર્ઝ કરી કે "તો શું થયું ? હું તો એમને જોઇ શકું છું ને ?"

આથી હૂઝુર (સ.અ.વ.) ખૂબ જ ખુશ થયા અને દુઆ કરી ફરમાવ્યું કે "મારી પુત્રી એ મારી નબૂવ્વતનો એક ભાગ છે."

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## હ. ઇમામ અલી (અ.)

આપ બહુ જ બહાદુર હતા. મોટા મોટા બહાદુર લડવૈયા પણ આપનું નામ સાંભળી ધ્રુજી જતાં અને લડવાનું માંડી વાળતા યા તો પછી મૌતને ઘાટ ઉતરી જતા.

જંગે ખૈબરમાં આપે ખૈબરના કિલ્લાનો બહુ જ મોટો તોતીંગ દરવાજો આપના હાથના એક જ ઝટકાથી ઉખેડી નાખ્યો હતો. ઈસ્લામ માટેના ગમે તેવા ભયંકર જંગમાંથી આપે કદી મુખ ફેરવ્યું નથી તેમજ કદી ગભરાયા કે ખચકાયા પણ નથી. ઈસ્લામના શરૂઆતના સર્વે જંગો આપની જ મદદથી જીતવામાં આવ્યા હતા અને જો આપ તેવા વખતે રસૂલે અકરમ (સ.)ની મદદે ન હોત તો આજે કદાચ ઈતિહાસ જુદી રીતે જ લખાયો હોત.

બહાદુર એ જ હોય છે જે ગભરાતો નથી. દુનિયામાં એવા ઘણાં બહાદુર થઈ ગયા છે જેમણે ઘણા પહેલવાનોને મહાત કર્યા છે. પરંતુ આવા નામી પહેલવાનોના ખોરાક અને આપ (અ.)ના ખોરાક વચ્ચે ઘણો જ ફરક હતો. આપ એક સાદાઈ માટે પણ જવની ફક્ત રોટલી અને તે પણ પાણીમાં ભીંજવીને ખાતા હતા.

દુશ્મનો સામે જંગ કરવો એ એક તેમના મને તો નાની લડાઈઓ જ હતી પણ તેઓ જ્યારે નફ્સે અમ્મારા (મનને) મારી નાખતા ત્યારે આ નફ્સ સામેની લડાઈને મોટી જેહાદ ગણાવવામાં આવી છે.

## જંગે અસગર તથા જંગે અકબર

અત્રે આપના જીવનમાં એક ઐતિહાસિક લડાઈનો દાખલો ટાંકવામાં આવે છે. જે જંગમાં કે જેહાદમાં આપે ઉપરોક્ત બંને

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પ્રકારના જંગને તેના અર્થો સહિત કઇ રીતે અમલમાં મૂકી શકાય છે તે અંતે બતાવી આપ્યું હતું.

આવી જ એક લડાઇ જે ઇસ્લામના શરૂઆતના જંગોમાં ત્રીજા નંબરે આવે છે (પહેલા નંબરે હતી જંગે બદ્ર અને બીજા નંબરે હતી જંગે ઓહદ) કે જેમાં દુશ્મનો મક્કાથી છેક મદીનાની સરહદ ઉપર આવી ચઢ્યા હતા. સલમાન ફારસીના સૂચનથી તથા હુઝુર (સ.અ.વ.)ના હુકમથી ઇસ્લામી લશ્કર જે સંખ્યામાં નાનું હતું, પોતાના રક્ષણ માટે પોતાના ક્ષેત્રની આસપાસ એક ખંદક એટલે કે ખાઇ ખોદી. દુશ્મનો આ ખંદક પાસે આવીને અટક્યા. દુશ્મનોમાં એક વખતનો તેનો નામીચો પહેલવાન હતો, જેનું નામ હતું અમ્ર ઇબ્ને અબ્દે વદ કે જે પહેલવાનની સામે કોઇ જ લડવા તૈયાર થતું નહોતું. મૌલા અલી (અ.)એ એની લલકારને ઝીલી લીધી અને જ્યારે તે દુશ્મનને આપ મહાત કરી તેના સીના ઉપર સવાર થઇ ગયા તો મજકુર પહેલવાન (કે જેની એક રાંગ કે ટાંગ તો આપે એક જ તલવારના ઘાથી પ્રથમ જ કાપી નાખી હતી) આપની ઉપર નાલાયકી વાપરી થૂંક્યો. આપે તેના વળતા જવાબમાં ફક્ત તેની છાતી ઉપરથી ઉતરી ગયા અને એકબાજુ જઇ ઊભા રહ્યા. અસ્હાબો તથા આપના લશ્કરના અમુક માણસોએ આપને આમ કરવાનું કારણ પૂછતાં આપે ખુલાસો કર્યો કે "તેની અને મારી વચ્ચેની લડાઇ એ ઇસ્લામની લડાઇ હતી. જ્યારે મારા મુખ ઉપર દુશ્મનનું થૂંકવું એ મારા અંગત અપમાનની વાત હતી. રખેને મને અંગત અપમાનના લીધે હું તેને કત્લ કરી દઉં તો ઇસ્લામ માટે લડવામાં આવેલી લડાઇનો મકસદ ન રહે. જેથી હું તેના સીના ઉપરથી ઉતરી જઇ મારા ગુસ્સા સાથે (મનોમન) લડ્યો." આ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

પછી મજકુર પહેલવાનનું માથું ગુસ્સો ઉતરી જતાં ધડથી અલગ કરી નાખ્યું.

આ વખતે હુઝુર (સ.અ.વ.) અતિ ખુશીની હાલતમાં આવી ગયા અને ફરમાવ્યું કે :

"ખંદકની લડાઈના એ દિવસનો અલી (અ.)નો તલવારનો એક જ ઘા બંને જહાંનની ઈબાદતથી પણ બહેતર છે."

ઈતિહાસ આજે પણ આ વાતની ગવાહી આપી રહ્યો છે.

## હ. ઇમામ હસન (અ.)

આપ મોટા ઈબાદત કરવાવાળા, બહાદુર અને સહનશીલતાવાળા હતા. આપની સખાવત અને ખૈરાત મશહૂર છે. જીવનમાં બબ્બે વખત આપે આપના બધા જ માલનો અરધો અરધ હિસ્સો રાહે લિલ્લાહમાં ખૈરાત આપી દીધો હતો.

મોઆવિયા આપનો સખ્ત દુશ્મન હતો અને આપની સખાવતની શોહરત સાંભળીને મનમાં ખૂબ જ બળતો હતો.

એક વખત મોઆવિયાએ આપને હદ ઉપરાંતની ખૈરાત નહીં કરવા માટે એક પત્ર લખેલો. જેમાં સાર એ હતો કે :

"ઉડાવ રીતે ખર્ચ કરવામાં ભલાઈ નથી."

આપે આનો પ્રત્યુત્તર વાળતાં લખી જણાવ્યું કે :

"ખૈરાત એ ઉડાવપણું નથી."

આપની સખાવત અને ખૈરાતને જોઈને કોઈકે આપને સલાહ આપી કે "આપ ખૈરાત અને સખાવત ઓછી કરો અને આવતા દિવસોમાં કોઈ મુશ્કેલીના સમય માટે ધન દૌલતને બચાવી રાખો."

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

આપે આનો પણ પ્રત્યુત્તર વાળતાં જણાવ્યું કે : "તમારી સલાહ વ્યાજબી નથી. કારણ કે હજી સુધી અલ્લાહ તઆલા મને આપે જ રાખે છે. જેથી હું અલ્લાહના બંદાઓને આપું છું. જો તેમના બંદાઓને આપવાનું છોડી દઉં તો સંભવ છે કે અલ્લાહ પણ પોતાની રોઝી વગેરે આપવાનું છોડી દે."

આપે મુસલમાનોમાં ખૂનરેજી બંધ કરવા માટે મુઆવિયાની સાથે સુલેહ કરી હતી. જો કે આપના મોટા ભાગના સાથીઓને આ સુલેહ પસંદ નહોતી. જવાબમાં આપે ફરમાવ્યું કે—

"આ વખતે કોઇ જંગ કરવી, એ આત્મહત્યા સમાન છે, ઈમાનના રક્ષણ માટે સુલેહ કરવી જરૂરી છે."

મજકુર સુલેહની શરતોને છેવટ સુધી વળગી રહ્યા. તેમજ લોકોના ટીકાની જરા પણ પરવા કરી નહીં, બલ્કે ખુલાસામાં આપે ફરમાવ્યું કે—

"લોકોની ટિકા-ટિપ્પણથી જેઓ પોતે અખત્યાર કરેલો માર્ગ બદલે છે એ કાયર છે." "બહાદુર એ લોકો છે જે સત્યનો માર્ગ ન છોડે અને લોકોની સલાહથી સત્યથી મોઢું ન ફેરવે."

## હ. ઇમામ હુસૈન (અ.)

આપના સ્વભાવમાં શરીઅતમાં કોઇ ખોટી રીતરસમ ચલાવી લેવી એવું આપને હરગિઝ ગવારાં નહોતું. આપણે છીએ કે કોઇ ખામી ભરેલી રીત રસમને ચલાવી લઇએ છીએ. પણ હાદી (હિદાયત દેવાવાળા) અને ઈમામ (અ.) માટે તેમના સ્વભાવમાં અને સિદ્ધાંતમાં આમ નથી હોતું.

એક વખતની વાત છે કે જ્યારે "હસનૈન" (એટલે કે હ. ઈમામ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

હસન (અ.) તથા હ. ઈમામ હુસૈન (અ.) બંને) મદીનાની કોઈ એક ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા. માર્ગમાં એક બાજુએ કોઈ એક ઝઈફ (વૃદ્ધ) શખ્સ ખોટી રીતે વઝૂ કરી રહ્યો હતો. આ જોઈને શાહઝાદાઓ (હસનૈન અ.સ.) ઊભા રહી ગયા. અને પેલા વૃદ્ધ શખ્સને ખરાબ ન લાગે અને સિદ્ધાંત પણ જળવાઈ રહે એવું થાય તે માટે વૃદ્ધને કહ્યું કે—

"બુઝુર્ગ ! અમો બંને વઝૂ કરીએ છીએ અને ત્યારબાદ આપ અમોને જોઈને એ વસ્તુ બતાવો કે અમારા બંનેમાંથી કોનું વઝૂ ભૂલભરેલું છે."

વૃદ્ધ બંને શાહઝાદાઓ (હસનૈન અ.સ.)ને વઝૂ કરતાં જોઈ તેઓ એકસરખી રીત જ વઝૂ કરી રહ્યા હતાં. આથી શાહઝાદાઓએ "બુઝુર્ગની પોતાની વઝૂ કરવાની રીત ખોટી હતી" તે તરફ આ રીતે ઈશારો કરવા બદલ આભાર માનવા લાગ્યા અને ભૂલ સુધારી લીધી.

કોઈ એક બીજા પ્રસંગે હ. ઈમામ હુસૈન (અ.) પણ કોઈ એક શખ્સને ખોટા તરીકાથી વઝૂ કરતા જોઈ ચૂપ રહી શક્યા નહોતા અને તેને પણ સહીહ તરીકો બતાવ્યો હતો.

આટલી નાની બચત પણ આપ (હસનૈન) ચલાવી લેવા તૈયાર ન હતાં. તો દીનને નષ્ટ કરવા તુલી રહેલા યઝીદની વર્તણૂકને કેમ ચલાવી લ્યે ?

મુઆવીયા પછી તેના દિકરા યઝીદ (અત્રે યાદ રહે કે યઝીદનો દીકરો પણ મુઆવીયા હતો જેણે પોતાની ભૂલ સુધારી લીધી હતી) કે જેણે હ. ઈમામ હુસૈન (અ.)ને પોતાને રૂહાની પેશવા માનવા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કહ્યું. જેના પ્રત્યુત્તરમાં આપે તેનો સાફ ઈન્કાર કરી દીધો અને દીનની હિફાઝત માટે તૈયાર થઈ ગયા.

પરિણામે આપે મોટામાં મોટા સંકટોનો સામનો પણ અતિ ધીરજવાન સ્વભાવથી કર્યો. આપના તમામ સાથીઓને તે બાદ આપનું પૂરૂં કુટુંબ કુશન નદીના કિનારે ભૂખ્યું અને પ્યાસુ રહી શહીદીને વર્યું અને જેઓ બચી ગયા તેઓએ કૈદની તકલીફ વહોરી લીધી.

આમ સહનશીલતાનો છેવટના સમયમાં એ અંજામ આવ્યો કે વખત જતાં યઝીદનો અને તેના વંશનો સર્વનાશ થઈ ગયો અને હ. ઈમામ હુસૈન (અ.)ની કુરબાનીના લીધે દીને ઈસ્લામ જીવંત રહ્યો.

અને આજે તો આપનો ઝીક્ર આમ બની ગયો છે કે જેની ખૂશ્બુ દરેક જગ્યાએ ફેલાઈ ગઈ છે.

## હ. ઇમામ ઝૈનુલઆબેદીન (અ.)

આપ મોટા ઈબાદત કરવાવાળા હતા. આપ એટલી બધી નમાઝો પઢતા કે પગ ઉપર સોજા ચઢી જતા હતા. સિજદાની વિપુલતાથી (યાને અધિક સંખ્યાથી) આપના કપાળ ઉપર તેમજ અન્ય ભાગો ઉપર કપાસી થઈ જતી હતી. જે પાછળથી કાપવી પડતી હતી. આ કપાએલી કપાસીની સંખ્યા પણ અગણિત હતી. (બે થેલી જેટલી)

આપ રાત્રિના ગુપ્ત રીતે મદીનાના ગરીબ ઘરમાં ખાન-પાનનો સામાન પોતાની પીઠ ઉપર મૂકીને પહોંચાડી આવતા હતા. આનાથી આપની પીઠ ઉપર પણ કપાસીઓ થઈ જતી હતી. જે ગરીબોને ત્યાં સામાન મૂકી આવતા હતા તે ગરીબને તે પણ ખબર પડતી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ન હતી કે કોણ અલ્લાહ તઆલાનો નેક બંદો આ સામાન મૂકી જાય છે ! આ વાતની સખાવત લેનારાઓને તેમજ અન્યોને છેક ત્યારે ખબર પડી કે જ્યારે આપની શહાદત થઈ.

"સહીફ યે કામેલા" જેમાં આપની સંપૂર્ણ માહિતીનો સંગ્રહ છે એ ગ્રંથને "ઝબૂરે આલે મોહમ્મદ" પણ કહેવામાં આવે છે.

## હ. ઇમામ મોહમ્મદ બાકિર (અ.)

આપશ્રી કરબલાના બનાવ વખતે મૌજુદ હતા. આ સમયે આપની ઉંમર ફક્ત પાંચ વરસની હતી. કુટુંબના અન્ય સભ્યોની સાથે આપને પણ કુફાથી દમિશ્ક કૈદ બનાવીને લઈ જવામાં આવ્યા હતા.

જ્યારે યઝીદે ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ને કત્લ કરવાનો હુકમ કરેલ તે વખતે આપે કહેલ કે હ. મૂસા (અ.) પણ માઅસુમ હતા અને મારા પિતાશ્રી પણ માઅસુમ છે. ફિરઔન હ. મૂસા (અ.)ની કત્લ કરવા રાજી ન હતો તેમજ તેના દરબારીઓ પણ આ વાત ઉપર રાજી ન હતા. કારણ કે તેઓ નામખેઝ ઔલાદ ન હતી. પણ અય યઝીદ ! તું અને તારા દરબારીઓ માસુમની હત્યા માટે એટલા માટે તૈયાર થયા છો કે તમો બધા નામખેઝ ઔલાદ છો, જે લોકો નામખેઝ રીતે પૈદા થયા હોય તેના સિવાય બીજા કોઈ આ રીતે માસુમને કત્લ કરવા તૈયાર ન થાય !"

આ સાંભળીને યઝીદ ચૂપ થઈ ગયો અને કત્લનો હુકમ રદ કર્યો.

આપની સામે એક વખતે એક માણસ કોઈ એક કાફિરની ખોપરી લાવ્યો ને પૂછયું કે મુસ્લિમોની માન્યતા છે કે મરણ બાદ કાફિર

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઉપર અઝાબ થાય છે. પણ તે ન તો બળી રહી છે કે ન તો તેના ઉપર કોઈ અઝાબ થયેલો જોવામાં આવે છે.

આના પ્રત્યુત્તરમાં ઈમામ (અ.)એ બે ચકમકના પત્થરો મંગાવ્યા અને લોકોમાંથી એકને તે આમને સામને રાખી એકબીજાથી ઘસવા કહ્યું. પરિણામે તેમાંથી આગના શરર (તણખા) ઝર્યા. આ પછી ઈમામ (અ.)એ તે માણસને પ્રશ્ન કર્યો કે શું પત્થર ગરમ છે ? જવાબમાં પેલા શખ્સે ના કહી. આ પછી ઈમામ અ.એ ખુલાસો કરતાં ફરમાવ્યું કે ખુદાવંદે તઆલા એ શક્તિ પણ ધરાવે છે કે કોઈ વસ્તુ (જેમકે આ પત્થર) બહારથી તો ઠંડા દેખાય છે પણ તેના સિનામાં (અંદરના ભાગમાં) આ રીતે આગ સમાએલી છે. આજ રીતે આ ખોપરીનું પણ સમજવું. આપના જવાબથી ભેગા થએલા તમામ મુસલમાનોને ખૂબ જ સંતોષ થયો.

## હ. ઇમામ જાફરે સાદિક (અ.)

આપના ઝમાનામાં ઈલ્મે દીન ખૂબ જ ફેલાઈ ગએલું. જેની ચર્ચાઓ દૂર દૂર સુધી થવા લાગી હતી. આખા દેશમાંથી આલિમો મદીનામાં તેનો લાભ લેવા આવી ગયા હતા. ચાર હજાર માણસો દરેક વખતે કલમ અને દવાત (ખડિયો) લઈને તૈયાર બેસતા અને જેવું આપ કંઈ ફરમાવે કે તેઓ તુરત જ લખી લેતા.

આપના સમયમાં ઉમૈય્યાની હુકુમત ખતમ થઈ ચૂકી હતી અને બની અબ્બાસનું રાજ્ય સ્થપાયું હતું. બની અબ્બાસે હ. ઈમામ હુસૈન (અ.)ની થયેલી નાહક કતલના બહાને લોકોને બની ઉમૈય્યા સામે ઉશ્કેર્યા.

આ એ ઝમાનામાં કે જ્યારે લોકો એહલેબૈતની મહોબ્બતની

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ચર્ચા કરતા હતા. ખુરાસાનનો એક માણસ આપની ખિદમતમાં હાજર થઇ કહેવા લાગ્યો કે "જ્યારે આપની હિમાયત કરવાવાળા લોકો એકલા ખુરાસાનમાં જ એક લાખની સંખ્યામાં છે તો આપ આપની હકુમતનો હક્ક હાસિલ કરવા કેમ આગળ નથી આવતા ? આના પ્રત્યુતરમાં આપે તે શખ્સને કહ્યું, "આ ભડકતી તંદુરની આગમાં કૂદી પડ." આ સાંભળીને તે શખ્સ કંપી ઉઠ્યો અને કહ્યું કે આપ પોતાનો હુકમ પાછો ખેંચી લ્યો અને મને માફ કરો.

એ જ વખતે હારૂને મક્કી ઈમામની ખિદમતમાં આવી પહોંચ્યા. આપે હારૂનને મજકુર ભડભડતી તંદુરની આગમાં કૂદી પડવા હુકમ કર્યો અને તુરત જ તે આગમાં કૂદી પડ્યો. બધા સમજ્યા કે હારૂને મક્કી જરૂર બળીને ખાક થઇ ગયો હશે. થોડી વારે આપે પેલા શખ્સને અન્ય લોકો સાથે તંદુર પાસે લઇ જઇ તંદુરમાં જોવા કહ્યું તો લોકોએ જોયું કે હારૂન તો તંદુરમાં સહીસલામત બેઠેલ છે અને ઝીક્રે ઈલાહીમાં મશ્ગુલ છે. આગ તો તેને કંઈપણ નુકસાન કરી રહી નથી, તો લોકોના અચંબાનો પાર ન રહ્યો.

ઈમામ (અ.)એ તે શખ્સને પૂછયું : "આપ બતાવી શકશો કે ખુરાસાનમાં આવા કેટલા માણસો છે ?" જવાબમાં કહ્યું, "એક પણ નહિ." જવાબમાં ઈમામ (અ.)એ ફરમાવ્યું કે "ઈમામને કોઇ સલાહ આપવાની હોય જ નહિ" તેઓને બધુ જ રોશન હોય છે.

## ૯. ઇમામ મુસીયેકાઝિમ (અ.)

આપ બહુ જ સહનશીલતાવાળા હતાં. એકવાર એક કનીઝ (દાસી)ના હાથમાંથી ગરમ ગરમ શાકનો પ્યાલો આપના ઉપર પડી ગયો. કનીઝ તો ગભરાઇ જ ગઇ અને ગભરાટમાં ને ગભરાટમાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કનીઝના મોઢામાં કુરઆને શરીફનું એક વાક્ય સરી પડ્યું. જેનો અર્થ એ થતો હતો કે— "ખુદાવંદે તઆલાએ એવા લોકોના વખાણ કર્યા છે કે જેઓ ગુસ્સાને પી જાય છે (ગુસ્સાને વારી લ્યે છે)." પ્રત્યુત્તરમાં ઈમામ અ.એ ફરમાવ્યું કે જા "મેં ગુસ્સાને પી નાખ્યો." આથી કનીઝ ફરી એક આયતનો અમુક ભાગ પઢ્યો. જેનો એવો મતલબ હતો કે "ખુદાવંદે તઆલાએ માફ કરવાવાળાની તારીફ (વખાણ) કરેલા છે." ઈમામ અ.એ ફરમાવ્યું કે "જા મેં તને માફી પણ આપી." છેવટમાં કનીઝે છેલ્લો અને એક વધારે આયાતનો ભાગ પણ પઢી નાખ્યો. જેનો મતલબ હતો કે "ખુદાવંદે તઆલાએ ફરમાવ્યું છે કે હું એ લોકોથી દોસ્તી રાખું છું કે જેઓ ખૈરાત કરે છે." આ સાંભળીને ઈમામ અ.એ આએ કનીઝ (નોકરાણી)ને હંમેશને માટે આઝાદ કરી દીધી.

આથી આપ કાઝીમના લકબથી મશહૂર થઈ ગયા.

## ૯. ઇમામ અલી યે રેઝા (અ.)

આપ (અ.)ના ઝમાનામાં શિયા મઝહબે ખૂબ જ તરક્કી કરી, (પ્રગતિ કરી). રાજ્ય આપથી ડરતું હતું. જ્યારે ખલીફા મામૂને આપને રાજધાનીમાં બોલાવ્યા તો રસ્તામાં આપ કેટલીયે જગ્યાએથી પસાર થયા. દરેક જગ્યાએ લોકો આપની ઝિયારત (મુલાકાત) માટે ભેગા થતા હતા અને આપની પાસેથી દીનની બાબતમાં ખુલાસાઓ મેળવતા હતા.

આ દરમ્યાન એક વખત એક સફરમાં એક એવો બનાવ બન્યો કે અબુ હબીબ નામના એક શખ્સને "હુઝુર (સ.અ.વ.) સ્વપ્નમાં દીઠા હતા" ઉપરોક્ત મોકો જોઈ અબુહબીબ આપને ઝિયારતના

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

શોખમાં આપની કયામ (ઉતરવાની જગ્યા) શોધતો શોધતો નીકળ્યો. તેને માલુમ પડ્યું કે હુઝુર (સ.અ.વ.) અમુક મસ્જિદમાં ઉતર્યા છે કે જ્યાં હાજીઓ પણ ઉતરે છે. અબુ હબીબે જોયું તે મસ્જિદની મહેરાબમાં ખૂદ હૂઝુર (સ.અ.વ.) બેઠેલા છે. અબૂ હબીબે કુરનીશ બજાવી સલામ કરી. હૂઝુરે સલામનો જવાબ આપીને એક મૂઠ્ઠી ભરીને ખજૂર અબૂ હબીબને આપી જે ગણતરીમાં ૧૮ હતી. અબૂ હબીબે આનો મતલબ એ તારવ્યો કે તેની ઉમ્રમાં હવે ૧૮ વરસ જ બાકી છે.

ત્યારબાદ ઈમામ (અ.) તે વસ્તી પાસેથી પસાર થયા. અબૂ હબીબ ઝિયારતના શોખમાં તો નીકળી જ પડેલા. ફરતા ફરતા અબૂ હબીબ પાછા એજ મસ્જિદમાં આવ્યા તો તેણે હ. ઈમામ (અ.)ને એ જ મહેરાબમાં બેઠેલા જોયા કે જ્યાં તેણે આ પહેલાં હૂઝુર (સ.અ.વ.)ને બેઠેલા જોયા હતા. અને ઈમામ (અ.)ની સામે એક થાળામાં ખજૂર રાખેલી હતી. અબૂ હબીબે કુરનીશ બજાવી સલામ કરી. પ્રત્યુત્તરમાં ઈમામે (અ.) સલામનો જવાબ આપ્યો અને વધારામાં એક મૂઠી ભરીને ખજૂર આપી. અબૂ હબીબે તેને ગણી જોતાં તે પણ અઢાર જ હતી. અરજ કરી કે યા મૌલા થોડા વધારે આપોને ! જવાબમાં ઈમામ (અ.)એ ફરમાવ્યું કે "અગર મારા દાદાએ વધારે ખજૂર આપી હોત તો હું પણ વધારે આપતે !"

## હ. ઇમામ મોહમ્મદ તકી (અ.)

આપના ઇલ્મની અસર અને પ્રભાવ બચપણથી જ બધાની ઉપર છવાઇ ગયો હતો.

એક વખત આપ (અ.) બગદાદના એક રસ્તા ઉપર ઊભા હતા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

અને બાળકો રસ્તામાં રમી રહ્યા હતા. તેવામાં તે જ રસ્તેથી ખલીફા મામૂનની સવારી નીકળી. તે જોઈને બધા બાળકો અહીં તહીં ભાગી છૂટ્યા. જ્યારે આપ તો શાંતિથી જ્યાં ને ત્યાં ઊભા જ રહ્યા. આથી આશ્ચર્યથી મામૂને આ રીતે શાંતિથી ઊભા રહેવાનું આપને કારણ પૂછયું ? જવાબમાં ઈમામ (અ.)એ જણાવ્યું કે રસ્તો ઘણો જ પહોળો છે. જેથી મને એક બાજુએ ખસી જવાની જરૂરત જણાતી નથી. તેમજ મેં ન તો કોઈ તમારો ગુન્હો કરેલ છે કે જેની મને બીક કે ડર હોય કે જેથી હું ભાગી જાઉં ! તેમજ તું મને કોઈ કારણ વગર સતાવશે નહિ તો હું શા માટે બદગુમાની યાને ખોટું અનુમાન કરી તેવો વિચાર લાવું ? તો પછી હું શા માટે ચાલ્યો જાઉં યા ભાગી જાઉં ?

ખલીફા મામૂનને આથી ખૂબ જ આશ્ચર્ય થયું, તેણે આપનું મુબારક નામ પૂછયું. આપે કહ્યું કે "હું ઈમામ અલી રઝા (અ.)નો પુત્ર મોહમ્મદ છું.

બાદમાં મામૂન ફરી એજ રસ્તા પરથી પસાર થયો તો આપ પહેલાંની જેમ શાંતિથી ઊભા જ હતા અને બાળકો તો ભાગી ગયા. આથી એકાંત જોઈ મામૂને પોતાની મુટ્ટી બંધ કરીને પૂછયું, "બતાવો જોઈ મારી મુટ્ટીમાં શું છે ?" જવાબમાં ઈમામે ફરમાવ્યું કે :

"ખુદાવંદે તઆલાએ દરિયામાં માછલી પૈદા કરી છે. ખલીફાનું પાળેલું શિકારી બાઝ (પક્ષી) તેના શિકાર કરીને અને ખલીફા તે જ માછલીને પોતાની મુટ્ટીમાં છુપાવીને અમો 'એહલેબૈત'ની કસોટી કરતા હોય છે (કરે છે.)"

મામૂન તો આ જવાબ સાંભળી ઘણો જ ખુશ થયો અને જવાબમાં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કહ્યું કે બેશક અલી યે રઝા (અ.)ના ફરઝંદ છો. ખલીફા મામૂન આપને પોતાની સાથે લઈ ગયો અને પોતાની દિકરીના નિકાહ તેમની સાથે કરી આપ્યા.

આથી લોકો આશ્ચર્ય થયા અને ટીકા-ટીપ્પણ કરતા કહેવા લાગ્યા કે આ શું ? એક બાળકની સાથે ખલીફાની પુત્રીના નિકાહ ? આથી ખલીફા મામૂને બધા આલિમોને ભેગા કર્યા અને ઈમામ અ. સાથે વાદવિવાદ (સવાલ-જવાબ) કરવાનું કહ્યું.

ઈમામ (અ.)એ પોતાના અખૂટ જ્ઞાન વડે સઘળાઓને ચૂપ કરી દીધા. પરિણામે આપના જ્ઞાનની તારીફના ડંકા ચોતરફ વાગવા લાગ્યા.

## હ. ઇમામ અલી નકી (અ.)

આપની સખાવત, ઈબાદત તથા જ્ઞાનની ચર્ચા દૂર દેશાવર સુધી ફેલાએલી હતી. હુકુમત આપની આ અસરથી ડરતી હતી.

એક વખત એક બાઈએ એવો દાવો કરી દીધો કે "હું જ ફાતેમા ઝહેરા (અ.)ની દિકરી ઝયનબ (અ.) છું. હું અદ્રશ્ય થઈ ગઈ હતી તે હમણાં ઝાહેર થઈ છું."

ખલીફા તેને જુટ્ટી કેમ ઠેરાવવી તેની મુંઝવણમાં પડ્યો. આથી તેણે લાચાર થઈ ઈમામ (અ.)ની મદદ માંગી. આપે આવીને મામલો જાણી લઈ ફરમાવ્યું કે "જનાબે ફાતેમા ઝહેરા (અ.)ની ઔલાદને વિકરાળ પ્રાણી ખાઈ શકતા નથી એવું મનકૂલ છે. તો આ બાઈને વિકાળ પ્રાણીઓની સામે મૂકી દેવામાં આવે તો હકીકત સાફ થઈ જશે."

આ સાંભળી પેલી સ્ત્રી તો હેબતાઈ જ ગઈ અને બોલી ઊઠી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

"મને માફ કરો, મારી આ કબુલાત તદ્દન જુઠ્ઠી હતી."

લોકોએ ખલીફાને સલાહ આપી કે ઈમામ (અ.) પણ જ. ફાતેમા ઝહેરા (અ.)ની ઔલાદ જ છે ને? તો તેઓ (અ.)ને પણ વિકરાળ પ્રાણી સામે લાવવામાં આવે.

આથી ખલીફાએ આપની તરફ નિગાહ કરી. લોકોનો એવો ખ્યાલ હતો કે ઈમામ (અ.) વિકરાળ પ્રાણી પાસે કદી નહીં જાય અને જો જશે તો પ્રાણી તેઓને નુકસાન કરી બેસશે. પરંતુ આપ તો જવા તૈયાર થઈ ગયા અને નિર્ધારિત સ્થળે પહોંચી પણ ગયા. આ દ્રશ્ય ખલીફો પોતાના મકાનની છત ઉપરથી જોઈ રહ્યો હતો. પ્રાણીઓ જંગલમાંથી બહાર નીકળી પડ્યા અને આપ (અ.)ના પગ ઉપર મોં રાખી મોઢું ઘસવા લાગ્યા :

લોકો તો આ દ્રશ્ય જોઈને આશ્ચર્યચકિત જ થઈ ગયા.

## ૯. ઇમામ હસન અસ્કરી (અ.)

આપ (અ.) પણ પોતાના માસુમ વડવાની જેમ દીનનું રક્ષણ કરતા રહ્યા. આપના ઝમાનામાં એક વખત દુકાળ પડ્યો. મુસલમાનો નમાઝ ઈસ્તીસ્કા પઢીને દુઆ માંગી ચૂક્યા હતા. પરંતુ વરસાદ વરસ્યો નહિ. લોકો ખૂબ જ પરેશાન હતાં. એ જ વખતે એક ઈસાઈ રાહિબ (સન્યાસી) ત્યાંથી નીકળ્યો: તેણે દુઆ માટે હાથ ઊંચા કર્યા ને પાણી વરસવા લાગ્યું. આથી મુસલમાનોને ખૂબજ નવાઈ લાગી.

આ પ્રશ્નને કેમ ઉકેલવો તેની મુંઝવણમાં હુકુમત (અને ખલીફા) હતા. છેવટે લાચાર થઈ આના ખુલાસા માટે ઈમામ (અ.)ને ખલીફા (હુકુમત) તરફથી બોલાવવામાં આવ્યા.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈમામ (અ.) તશરિફ લઇ આવ્યા. હકીકતને સમજી લીધા બાદ પેલા પાદરી યા સન્યાસીને દુઆ માટે હાથ ઊંચા કરવા કહ્યું. જેવા તેણે બંને હાથ ઊંચા કર્યા કે ઈમામ (અ.)એ લોકોને હૂકમ કર્યો કે પાદરીની આંગળીઓ વચ્ચે પેલું હાડકા જેવું દેખાય છે તે કાઢી લ્યો. જે હકીકતમાં પણ એક અસામાન્ય હાડકું જ હતું. આથી વરસાદ પડતો બંધ થઇ ગયો.

ઈમામ (અ.)એ ખુલાસો કરતા ફરમાવ્યું કે આ હાડકું કોઈ નબી (સ.)ના જીસ્મ મુબારકનું હાડકું છે, જે આ રીતે બરકતી છે. જ્યારે જ્યારે આ હાડકાને આ રીતે આકાશની નીચે ખુલ્લું રાખવામાં આવશે ત્યારે ત્યારે આસમાન માંહેથી આ રીતે પાણી વરસશે.

આ કરામતનો આ પાદરીની જેમ કોઈ ગૈર લાભ ન લ્યે તે માટે આપે તે હાડકાને ઝમીનમાં દફન કરાવી દીધું. બાદમાં આપ (અ.)એ નમાઝે ઈસ્તીસ્કા પઢાવી દુઆ કરી, પરિણામે પુષ્કળ વરસાદ થયો અને ઝમીન ભરાઈ ગઈ.

## બારમા ઇમામ (અજ.)

હ. ઈબ્રાહીમ અ. તથા હ. મૂસા અ.ના ઝમાનામાં જેમ જેમ બનતું આવ્યું છે તેમ ઝાલીમો આપની પૈદાઈશ પહેલા જ આપની જાનના દુશ્મન હતા. તેઓ ચાહતા હતા કે આપ પૈદા જ ન થાય. કારણ કે તેઓ બધા જાણતા હતા કે આપ ઝાહીર થઈને દુનિયામાંથી ઝાલીમોના ઝુલ્મને દૂર કરશે. આથી દરેક ઝાલીમ આપની પૈદાઈશથી ડરતો હતો.


અલ્લાહ તઆલાએ આપના રક્ષણ માટે એવો બંદોબસ્ત કર્યો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કે જ. નરજીસે ખાતુનને ત્યાં ગર્ભની નિશાનીઓ જાહેર ન થયાં. આથી કોઈને આપની વિલાદત (પૈદાઈશ)ની ખબર ન પડી કે જ. નરજીસે ખાતુનના ખોળામાં ઈમામે ઝમાના (અ.) આવવાના છે. આપની પરવરીશ છૂપી રીતે થઈ રહી હતી. જ્યારે આપની ઉમ્ર ચાર વરસની થઈ તો પિતાશ્રીનો સાયો આપના ઉપરથી ઊઠી ગયો. આ પ્રમાણે અગ્યારમાં ઈમામની શહાદત પછી લોકોની નજરોથી તદ્દન છૂપા રહેતા હતા.

દરમ્યાન આપના નાયબ આપની ખીદમતમાં આવતા જતા હતા અને તેઓના મારફત સવાલો યા ખુલાસાઓના જવાબો આપવામાં આવતા હતા.

સીત્તેર વરસ બાદ ગૈબતે સુગરાની મુદત પૂરી થઈ ગઈ અને હઝરતના ચોથા નાયબ પણ વફાત પામ્યા ત્યારે આપે જાહેરાત કરી કે હવે પછી કોઈપણ મારો નાયબ નથી. બસ ! તે સમયથી ગૈબતે કુબરાનો સમય શરૂ થઈ ગયો છે. ગૈબતે કુબરાના સમયમાં કેટલાક ખૂશ નસીબ લોકોને હઝરતની ઝિયારત થતી રહે છે.



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ 41

## ઈસ્લામી વિદ્યાઓ

દુનિયામાં હજારો પ્રકારની વિદ્યાઓ જોવા મળે છે. જેમાં અમુક વિદ્યાનો સંબંધ મઝહબથી બહુજ દુર દુરનો હોય છે. તો અમુક વિદ્યાનો બહુજ નઝદીકનો હોય છે. અમુક વિદ્યા એવી હોય છે જેનો મઝહબથી કઈ સંબંધ હોતો નથી. બલ્કે તેવી વિદ્યાઓના ભયના કારણે મઝહબે તેને હરામ કરેલ છે. જે વિદ્યાનો સંબંધ મઝહબથી દુરનો છે તેમાં ફિલોસોફી, તર્કશાસ્ત્ર, વેદ્ય, રસાયણ શાસ્ત્ર, અને ખગોળ શાસ્ત્ર વિગેરે છે.

ફિલોસોફી એ વિદ્યાનું નામ છે જેમાં વસ્તુની હકીકતને હાંસિલ કરવામાં આવે છે.

તર્કશાસ્ત્ર એ વિદ્યાનું નામ છે જેમાં કોઈ વાતને સાબિત કરવાની રીત બતાવવામાં આવે છે.

વૈદ્ય એ વિદ્યાનું નામ છે જેના વડે ઈન્સાનની શારિરિક તંદુરસ્તીની વ્યવસ્થા કરવામાં આવે છે.

રસાયણ શાસ્ત્ર એ વિદ્યા છે જેમાં વસ્તુના ભાગ અને તેનું પ્રમાણ જાણવામાં આવે છે.

ખગોળ શાસ્ત્રમાં આસમાનના સિતારાઓ અને તેની હલન ચલન અને તેના ખેચાણ વિષે જાણકારી મેળવામાં આવે છે.

વિજ્ઞાન એવી વિદ્યાનું નામ છે જેમાં નવી નવી જાણકારી મેળવી અને તેનાથી નવી વસ્તુના સંશોધનની રીત બતાવવામાં આવે છે.સ્પષ્ટ છે કે આવી વિદ્યાનો સંબંધ મઝહબથી ફક્ત એટલોજ છે કે આવી વિદ્યાથી દુનિયાની પહોળાય, ઉંચાઈ,

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ગોઠવણ, અને સંચાલનુ જ્ઞાન આવશે. અને તેના વડે સમજી શકાશે કે દુનિયા એટલી મઝબુત અને સુંદર છે તો તેનો બનાવનાર કેવો હશે? જયારે મખ્લુકની આ હાલત છે તો ખાલિકનો મર્તબો કેવો મહાન હશે? અને આ મર્તબો ત્યારેજ સમજમાં આવવો શક્ય છે જયારે મખ્લુકની મહત્ત્વતાને સમજવામાં આવે. નહીંતર સામાન્ય બનાવટથી ફકત સામાન્ય મર્તબાનેજ સમજી શકાશે. બસ!

અને જે વિદ્યાને મઝહબે હરામ અને નાજાએઝ બતાવેલ છે, તેમાંથી નુજુમ શાસ્ત્ર,જાદુ, કયાફા શીનાસી(નસ્લની ઓળખ) વિગેરે.

ઈલ્મે નુજુમ એ વિદ્યા છે જેમાં સિતારાઓની હલન ચલનથી ભવિષ્યની હાલતની માલુમાત જાણવામાં આવે છે.

જાદુ એવી વિદ્યા છે જેના વડે બીજા લોકોના દિમાગ પર કાબુ મેળવી જાતે જાતની અજબ ગજબ વસ્તુનો નઝારો કરવામાં આવે છે.

કયાફા શીનાસી જેવી વિદ્યાથી લોકોના જીસ્મની કુદરતી બનાવટ પરથી અથવા બીજા લક્ષણો વડે કોઈનો કીરદાર, નસ્લ અને ભવીષ્યની વસ્તુ જાણવામાં આવે છે.

સ્પષ્ટ છે કે આ જાતની વિદ્યામાં કોઈ જાતની મજબુતી નથી. આ વિદ્યાનો પાયા માટે કોઈ દલીલ પણ થઈ શકતી નથી. ઈસ્લામ આવા પ્રકારની વિદ્યા પાછળ સમય બરબાદ કરવાની રજા નથી આપતો. ઈસ્લામ ચાહે છે કે ઈન્સાન એવા પ્રકારની વિદ્યા પાછળ સમય પસાર કરે જે વિદ્યામાં મઝબુતી હોય અને સમાજ માટે ફાયદા કારક અને નફો પહોચાડનાર હોય.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ઈસ્લામથી કોઈ પણ રૂકાવટ વગર સંબંધ રાખનાર વિદ્યામાં ઈલ્મે ફિકહ, તફસીર, હદીસ, ઉસુલે ફિકહ,કલામ, રેજાલ, દરાયત, વિગેરે છે. આ વિદ્યાનો મઝહબ સાથે બહુજ નઝદીકનો સંબંધ એટલા માટે કાએમ છે કેમઝહબનો મકસદ ઈન્સાની જીવનને સુંવ્યવસ્થીત અને દિલો દિમાગને આરામ પહોંચાડવું છે. ભલે પછી ઈન્સાન દુનિયામાં રહે અથવા ચાંદ ઉપર અથવા મીરિખ ઉપર અથવા બીજી કોઈ દુનિયામાં. આ વિદ્યા સુંવ્યવસ્થીત ઝિંદગી અને દિલની શાંતીથી બહુજ નઝદીકનો સંબંધ રાખે છે. આ વિદ્યામાં ઈન્સાનને બતાવવામાં આવે છે આજગતનો બનાવનાર કોણ છે? તેના એહકામો અને તાલિમાત શું છે? નજાતનો રસ્તો કયો છે? ઉસુલ અને કાનૂનોને ઓળખાવનો રસ્તો કયો છે? સ્પષ્ટ છે કે આ જ્ઞાન હાસિલ કર્યા પછી દિલને શાંતી ન મળે તેનો સવાલજ ઉભો નથી થતો. જે આ વિદ્યાની વ્યાખ્યા અને તેના હેતુ જાણવાથી સ્પષ્ટ થાય છે. ઈલ્મે ફિકહ આ એ વિદ્યા છે જેમાં શરીઅતના અમલી એહકામને દલીલો વડે હાસિલ કરવામાં આવે છે. ઈલ્મે તફસીર આ એ વિદ્યા છે જેમાં કુર્આને શરીફના મુશ્કીલ અર્થો પરથી પરદો ઉઠાવી લેવામાં આવે છે. ઈલ્મે હદીસ આ એ વિદ્યા છે જેમાં મઅસૂમે ફરમાવેલી હદીસમાં તેઓની બયાન કરવાના પ્રકારો પર વાતચીત કરવામાં આવે છે. ઉસુલે ફિકહ આ એ વિદ્યા છે જેમાં કુર્આના, હદીસ, અને અકકલથી એહકામની તારવણીના કાયદા કાનૂનો બતાવવામાં આવે છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કલામ આ એ વિદ્યા છે જેમાં ખોટા વિચારોને રદ કરી સહીહ અકાએદને મજબુત કરવામાં આવે છે. રેજાલ આ વિદ્યામાં હદીસ બયાન કરનાર પર નજર નાખવામાં આવે છે. દરાયત આ એ ઈલ્મ છે જેમાં હદીસની અકલી હૈસીયત પર વાતચીત કરી તેના સહીહ કે ગલત હોવાનો ફૈસલો કરવામાં આવે છે.

ઈસ્લામી વિદ્યાઓનો ઈતિહાસ સાક્ષી છે કે તેઓની રહેબરી હંમેશા અઈમ્મએ માસૂમીન અ.સ.એ કરી છે. અને તેના કારણેજ આ વિદ્યાઓમાં આગળની હરોળમાં રહેવાનો શરફ ફકત તેમના ચાહવાવાળા શિઆઓનો જ છે. અને આ વિષયો પર ખુદ અઈમ્મએ માસૂમીન અ.સ.એ પણ લાજવાબ કિતાબો લખી છે.ઈલ્મે તફસીરમાંતફસીરે ઈમામ હસન અસ્કરી અ.સ., ઈલ્મે હદીસમાં મજમુએ અમીરલ મોઅમેનીન અ.સ., ઈલ્મે ઉસુલે ફિકહમાં શબ્દોની બહેસ ઈમામ જાફરે સાદિક અ.સ., ઈલ્મે કલામમાં નહેજુલ બલાગાહ અને એહતેજાજાતે અઈમ્મા અ.સ., ઈલ્મે દરાયતમાં તઆરૂઝે હદીસના ફૈસલા આજે પણ હિદાયતનો ચિરાગ બનેલા છે.

ચાહવાવાળાઓની ઈલ્મી દિલચસ્પીની એ હાલત હતી કે ઈમામ સાદિક અ.સ.ના નવ શાર્ગીદો મસ્જીદે કુફામાં મોટા મોટા ટોળાઓને દર્સ આપતા હતા. અને આપના સહાબીઓએ ચારસો કિતાબ અલગ અલગ વિષય પર લખી હતી. દીની વિદ્યાઓના વિષય ઉપરાંત અઈમ્મએ માસૂમીન અ.સ.ની બીજી વિદ્યાઓમાં પણ ખિદમત બહુજમશહુર છે. જેવી કે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

વૈદ્ય શાસ્ત્રમાં ઈમામ રઝા અ.સ. અને તીબે અઈમ્મા અ.સ. વિગેરે . ઈલ્મે નહ્વમાં હ.અલી અ.સ.ના કલામ, ફિલોસોફીમાં ઈમામ સાદીક અ.સ.ના વાદ-વિવાદ, સંસ્કાર વિભાગમાં નહેજુલ બલાગાહ, વિગેરે આપણા માટે યાદગાર તોહ્ફો છે.

રસાયણ શાસ્ત્ર આપણી માટે એક અમુલ્ય ભેટ અને તરક્કીનો વસીલો છે તેમની શોધ કરનાર પણ જાબિર બિન હય્યાન છે. જે ઈમામ સાદિક અ.સ.ના મખ્સુસ શાર્ગીદ હતા. આ વાતનો ઉલ્લેખ જાબીરે પોતાનીકીતાબમાં સ્પષ્ટ રીતે કરેલ છે.

ઈસ્લામી ઉલુમના ઈતિહાસમાંથી શીઆઓના કારનામાં કાઢી નાખવા પછી ઈતિહાસ એટલો ગંદો લાગે છે જેટલો જેહાદે રસૂલ સ.માંથી હ.અલી અ.સ.નું નામ કાઢી નાખવામાં આવે.

આપણા માટે જરૂરી છે કે આપણે આપણા વડવાઓના કારનામાને જીવંત રાખીએ. તેઓની યાદગાર મનાવીએ. તેઓના કારનામાઓના અમર જીવનની વ્યવસ્થા કરીએ. તેઓની મહેનતો પર પાણી ન ફરવા દીએ.અને એવા અમલના મૈદાનમાં ઉતરી જઈએ કે દુનિયા આપણને જોવા પછી બોલી ઉઠે કે આ એ લોકોનાજ વારસ છે.જેઓએ દીનીઈલ્મના ફેલાવામાં દિવસ રાત એક કરી નાખી હતી.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# સવાલ

(૧) દુનિયામાં મઝહબની દૃષ્ટીએ વિદ્યાઓ કેટલા પ્રકારની જોવા મળે છે?

(૨) એવી વિદ્યાઓ વિષે જાણકારી લખો જેનો મઝહબ સાથે કોઈ સંબંધ નથી. અને મઝહબને તેનાથી ખતરો છે.

(૩) એવી વિદ્યાઓ વિષે જાણકારી લખો જેનો મઝહબ સાથે દૂરનો સંબંધ હોય છે.

(૪) એવી વિદ્યાઓના નામ લખો જેનો મઝહબ સાથે બહુજ નઝદીકનો સંબંધ છે.

(૫) માસૂમીન અ.સ.એ જે વિષય પર કિતાબો લખી છે તેનું વર્ણન કરો.

(૬) ઈલ્મી ક્ષેત્રે આપણી ફરજો શું છે?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 42

# કેટલાક ઐતિહાસિક બનાવો

જ્યારે મક્કાના કાફેરોએ કતલ કરવાની નિય્યતથી રાતના સમયે રસૂલિલ્લાહ (સ.અ.વ.)ના ઘરને ઘેરી લીધું ત્યારે આપ અલ્લાહના હૂકમથી મક્કાથી મદીના હિજરત કરી ગયા.

આ રીતે ઘર છોડી આપે સૌર નામની ગુફામાં આશ્રય લીધો ને બાદમાં મદીના પધાર્યા. આપ જ્યારે મક્કાથી ચુપચાપ નીકળી ગયા તે જ રીતે આપના બિસ્તર ઉપર ચાદર ઓઢીને હઝરત અલી (અ.) આપના કહેવાથી ગુપચુપ સુઇ ગયા.

રાતભર દુશ્મનો એવું જ સમજતા રહ્યા કે રસુલિલ્લાહ જ બીસ્તર ઉપર સુતેલા છે અને વહેલી સવારે આપણે તેની ખબર લઇશું.

જ્યારે બીજી બાજુ આપના બિસ્તર ઉપર તો હ. અલી (અ.) તલ્વારની છાયમાં (આધાર ઉપર) આરામથી સુઇ રહ્યા હતા. ખુદાવંદે તઆલાએ આપના રક્ષણ માટે હ. જીબ્રઇલ અમીન તથા હ. મીકાઇલ ફરિશ્તાઓને મોકલ્યા અને જાહેરાત કરી કે "હ. અલી અ.એ મારા રાજીપા માટે પોતાનો નફ્સ મને સોંપી આપેલ છે. એટલે જ હ. અલી અ.ને નફ્સુલ્લાહ પણ કહેવામાં આવે છે.

### આયએ વિલાયત

એક વખતે એક ફકીર મસ્જિદે નબવીમાં આવતા બધા જ નમાઝીઓ પાસે દાનની માંગણી કરી. પરંતુ કોઇ કંઇ જ આપી શક્યું નહિ યા તો આપ્યું નહિ. આથી નિરાશ થઇ તે ફકીર પાછો

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

જવાની તૈયારીમાં હતો.

આ વખતે હ. અલી (અ.) નમાઝની હાલતમાં હતા. જેથી તે ફકીરને ઈશારો કરી આંગળી હલાવી આંગળીમાં રહેલી વીંટી કાઢી લેવા જણાવ્યું. કારણ કે આપ તે વખતે રૂકૂઅમાં હતા.

અને આ જ વખતે અલ્લાહ તઆલાએ કુરઆને શરીફની એક આયાત નાઝીલ કરી,

"તમારો વલી ફક્ત અલ્લાહ છે. અલ્લાહનો રસૂલ છે અને એ ઈમાન વાળાઓ છે જે નમાઝ પઢતાં પઢતાં રૂકૂઅની હાલતમાં ઝકાત આપે છે." (આયએ વિલાયત)

## આયએ તત્હીર

એક દિવસ રસુલિલ્લાહ (સ.અ.વ.) જ. ફાતેમા (સ.)ને ઘેર તશરીફ લાવ્યા અને એક યમાની ચાદર ઓઢીને સુતા ઈમામ હસન (અ.), તથા ઈમામ હુસૈન (અ.), હ. અલી (અ.) તથા જ. ફાતેમા (સ.) એક પછી એક રજા લઈને મજકૂર ચાદરમાં દાખલ થયાં.

અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને કહ્યું કે મેં દુનિયાની દરેક ચીઝ ફક્ત આ પંજેતનની મહોબ્બતમાં પૈદા કરેલ છે. ત્યાર પછી હ. જીબ્રઈલ અમીનને એક આયત લઈ જવાનો હુકમ કર્યો. જીબ્રઈલ અમીને ચાદરમાં દાખલ થઈને આ આયએ તત્હીર સંભળાવી જેમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે :

"એ એહલેબૈત ! અલ્લાહનો ઈરાદો એ છે કે દરેક બુરાઈને તમારાથી દૂર રાખે (બચાવે) અને કમાલથી એવા સજાવી દે જેવો સજાવવાનો હક છે."

આ આયત "આયએ તત્હીર"ના નામથી જાણીતી છે (અહીં

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

કિસાનો અર્થ ચાદર એવો થાય છે) એટલા માટે એને હદીસે કિસા કહેવાય છે અને એટલા માટે જ પંજેતન પાકને અસ્હાબે કિસા કહેવામાં આવે છે.

## આયએ મોવદ્દત

એ તો ઈતિહાસમાં જાણીતી વાત છે કે રસૂલે અકરમે (સ.અ.વ.) લોકોને ખૂબ જ હિદાયત કરી. હિદાયતને જ્ઞાનની રોશનીથી ભરી દીધા હતા.

એક વખત કેટલાક લોકો ભેગા થઈને આપ (સ.અ.વ.) પાસે આવ્યા અને અરજ ગુઝારી કે યા હબીબે ખુદા આપે જે અમોને હિદાયતનો અખૂટ ખઝાનો આપેલ છે, આજે અમોને એ ઈચ્છા છે કે આપ તે હિદાયતના બદલામાં અમારી પાસેથી કંઈક મોબદલો માંગો અને અમે તે આપીએ. તેવામાં નબીયે કરિમ (સ.અ.વ.) ઉપર અલ્લાહ તઆલાએ એક આયત નાઝીલ કરી ફરમાવ્યું કે :

"અય રસૂલ ! તમો મુસલમાનોથી કહી દો કે હું તમારી પાસેથી હિદાયતના મોંબદલામાં બીજું કંઈ પણ માંગતો નથી સિવાય કે તમો મારા સગાવહાલાંથી મહોબ્બત રાખો."

કુરઆને શરીફમાં આ આયતનું નામ મહોબ્બત છે અને રસુલ્લાહે ફરમાવ્યું કે અલી (અ.), ફાતમા (સ.), હસન (અ.), હુસૈન (અ.) અને તેની ઔલાદમાંથી થવાવાળી નવ ઈમામોની મહોબ્બત ખુદાએ વાજિબ ઠરાવેલ છે.

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## સૂરએ દહ્ર

એક વખત ઈમામે હસન (અ.) અને ઈમામ હુસૈન (અ.) બીમાર થઈ ગયા. રસૂલ (સ.અ.વ.)ના કહેવા પ્રમાણે માંબાપે બચ્ચાઓની તંદુરસ્તી માટે ત્રણ રોઝાની મન્નત માની.

તંદુરસ્તી બાદ હ. અલી તથા જ. ફાતેમા (સ.)એ રોઝા રાખ્યા. બંને શાહઝાદાઓએ પણ રોઝા રાખ્યા. ઘરની કનીઝ (દાસી) નામે ફિઝઝાએ પણ રોઝા રાખ્યા. ત્રણેય દિવસ જ્યારે આ લોકો રોઝા ઈફતાર કરવા (રોઝા ખોલવા) બેસતા હતા ત્યારે કોઈ ને કોઈ સાએલ (સવાલી) આવી ચડતો હતો અને પરિણામે બધા પોતા માટે રાખેલી રોટીઓ દઈ દેતા હતા અને ફક્ત પાણીથી રોઝા ખોલતા હતા.

ચોથે દિવસે હૂઝુર (સ.અ.વ.) મળવા આવ્યા. અશક્તિ અને ભૂખને કારણે શાહઝાદાઓના શરીરો કાંપતા હતા. હૂઝુર (સ.અ.વ.)એ દુઆ કરી. પરિણામે જન્નતમાંથી ખાણાના થાળ ઉતર્યા અને સૌએ રોઝા ઈફતાર કર્યા.

આના સમર્થનમાં અલ્લાહ તઆલાએ સૂરાએ દહ્ર નાઝીલ ફરમાવી. જેમાં એહલેબૈતની કુરબાની અને ખૈરાતનું વર્ણન છે.

## આયએ મોબાહેલા

એક વખત નજરાનના ઈસાઈઓ હૂઝુર (સ.અ.વ.)પાસે મઝહબી વાદવિવાદ (અર્થાત મોબાહેલા) કરવા આવ્યા. જ્યારે તેઓ કોઈપણ દલીલો યા હવાલાઓને માનવા તૈયાર ન થયા તો અલ્લાહ તઆલાએ એક આયત નાઝીલ કરી જેનો મતલબ એ હતો કે

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

"અય પયગમ્બર ! ખુલ્લી દલીલો બાદ પણ જે હક વાત માનતા નથી તેને કહી દો કે તમે તમારા બાળકો, ઔરતો અને નફસોને લઈ આવો અને હું પણ મારા બાળકો, ઔરતો અને નફસોને લઈ આવું. (આ રીતે) બંને ભેગા થઈને મુબાહેલા (યાને વાદવિવાદ) કરીએ જેથી જે ખોટા હોય તેના ઉપર અલ્લાહ તઆલાનો અઝાબ નાઝિલ થાય."

આ રીતે રસૂલે કરીમ (સ.અ.વ.) મુબાહેલા માટે પધાર્યા. આપે પોતાની ગોદમાં હ. ઈમામ હુસૈન (અ.)ને લીધા, આંગળી પકડીને હ. ઈમામ હસન (અ.) ચાલતા હતા. રસૂલે અકરમની (સ.અ.વ.) પાછળ જનાબે ફાતેમા ઝહેરા (સ.) હતા અને છેલ્લે હ. અલી (અ.) હતાં.

આપે આ બધાને (પંજેતન પાકને) બેસાડીને ફરમાવ્યું, "જ્યારે હું બદદોઆ માટે હાથ ઉઠાવું તો તમો સૌ 'આમીન' એમ કહેજો."

પરંતુ ઈસાઈઓ એક યા બીજી રીતે ડરી ગયા અને મૈદાનમાં મોબાહેલા (વાદવિવાદ માટે) આવ્યા નહિ અને અટકી ગયા અને ઈસાઈના આલિમો માંહોમાંહે કહેવા લાગ્યા કે રસૂલે અકરમે (સ.અ.વ.) પોતાની સાથે એવા મહાન લોકોને લઈને આવ્યા છે કે તેઓ જે બી કંઈ કહેશે યા દુઆ માંગશે તે થઈને જ રહેશે.

પરિણામે તેઓ બિલકુલ નરમ પડી ગયા અને કંઈક વાર્ષિક ખંડણી આપવાની શરત મંજૂર કરીને સુલેહ કરી પાછા ગયા.

ઈતિહાસમાં આ બનાવ મુબાહેલા યાને વાદવિવાદના નામથી મશહૂર છે.

ઉપર વર્ણવ્યું તેમ રસૂલે અકરમ બાળકોમાં "હસનૈન"ને

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

(ઈમામ હુસૈન અ. તથા ઈમામ હસન અ.ને), ઔરતોમાં ફક્ત જનાબે ફાતેમા ઝહેરા (સ.) અને નફસોમાં ફક્ત મૌલા અલી અ.ને લાવ્યા હતા. અને આ માટે જ મૌલા અલી (અ.)ને નફસે રસૂલ કહેવામાં આવે છે.

## સવાલ

૧. આયએ-વિલાયત કેવા સંજોગોમાં ઉતરી તે વિગતવાર સમજાવો.

૨. મુબાહેલામાં નબીએ કરિમ (સ.અ.વ.) સાથે કોણ કોણ હસ્તીઓ હતી ?

૩. ઈસાઈઓએ આખરે મુબાહેલા શા માટે પડતો મૂક્યો ?

૪. શબે હીજરતનો બનાવ વિગતવાર લખો.

૫. એહલેબૈતની મહોબ્બત ક્યારે વાજિબ થઈ અને તે શા માટે ?



Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

## પાઠ 43

# મક્કા તથા મદીના

મક્કા તથા મદીના આ બે શહેરો એ સઉદી-અરબસ્તાનમાં આવેલા છે. મુસલમાનો માટે આ બે શહેરોનું મહત્વ સૌથી વધારે છે.

**મક્કા :**

મક્કામાં અલ્લાહ તઆલાનું ઘર કઅબા શરીફ આવેલું છે, જેને અલ્લાહ તઆલાના બે નબીઓ હ. ઈબ્રાહીમ (અ.) તથા આપના ફરઝંદ હ. ઈસ્માઈલ (અ.)એ બંનેએ મળીને તૈયાર કરેલું હતું. કઅબાતુલ્લાહને બનાવવામાં બીન માસુમનો હાથ નહિ હતો. ઉપરોક્ત બંને નબીઓ (બાપ તથા બેટો) તેની દિવાલોને ઊભી કરી રહ્યા હતા. જેની મદદમાં હ. જીબ્રઈલ અમીન પણ હતા.

મજકુર કઅબાતુલ્લાહની એક દિવાલમાં એક આસમાની પત્થર "હજરે અસ્વદ" જે હ. આદમ (અ.) પોતાની સાથે લાવ્યા હતા તે જડાએલો છે.

કઅબાતુલ્લાહના ઈતિહાસમાં સૌથી નોંધનીય ઘટના એ છે કે, જ્યારે જનાબે ફાતેમા બિન્તે અસદ (હ. અલી અ.ના માતુશ્રી) કઅબાતુલ્લાહ પાસે દુઆ માંગી રહ્યા હતા કે એકાએક કઅબાતુલ્લાહની દિવાલ ફાટી ગઈ, આપ તે દ્વારા અંદર ગયા કે જ્યાં હ. અલી (અ.)ની વિલાદત (જન્મ મુબારક) થયો.

આપણા રસૂલે અકરમ (સ.અ.વ.) યાને નબી મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ. પણ આજ મક્કા શહેરમાં પૈદા થયા હતા. આપના

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ખાનદાનના બુઝુર્ગોમાં જનાબે અબ્દુલ્મુત્તાલિબ (હ. અલી અ. તથા હ. મોહમ્મદ સ.ના દાદાજાન) તથા હ. અબૂ તાલિબ (હ. અલી અ.ના પિતાશ્રી)ની મુબારક કબર આજ મક્કા શહેરમાં છે. જેને જન્નતુલ મોઅલ્લા કહેવામાં આવે છે. રસૂલે અકરમ (સ.)ને મક્કા શરીફથી ઘણી જ મહોબ્બત હતી. જ્યારે આપ મક્કાથી મદીના હીજરત કરી ગયા ત્યારે પણ અવારનવાર મક્કાના હાલ-અહેવાલ પુછતા રહેતા હતા અને બહુ જ જલ્દીથી અલ્લાહ તઆલાનો હુકમ થતાં પાછા ફરવાની ઈચ્છા રાખતા હતા. અને અલ્લાહે આપને એક દિવસ મોકો પણ આપ્યો અને હીજરી સન આઠમાં પોતાના અસલ વતનમાં એક વિજેતાની અદાથી પાછા ફર્યા.

## મદીન-યે-મુનવ્વરા

મદીના શહેરને નબી એ કરીમ (સ.અ.વ.)નું હરમ કહેવામાં આવે છે. અહીં ખાતે ખૂદ હુઝુર (સ.અ.વ.)ની મુબારક કબર છે. આપ (સ.)એ મક્કાથી મદીના હિજરત ફરમાવી ગયા તે આજ શહેરમાં. આપ જ્યારે મદીના પધાર્યા તો મદીનાવાસીઓએ આપનું ભાવભર્યું સ્વાગત કરેલ. આ મૌકાની યાદ અપાવનારો મશહૂર બનાવ એ છે કે આપે પોતાના ઊંટ 'અલ-કિસ્વા'ને છૂટું મૂક્યું ને ફરમાવ્યું કે આ ઊંટ જેના મકાન પાસે ઊભું રહેશે તેના મકાનમાં હું કયામ (મુકામ) કરીશ.

ઊંટ હ. અબુ અય્યુબ અન્સારીના દરવાજા પાસે આવીને ઊભું રહ્યું. જેથી આપે એમને ત્યાં મુકામ કર્યો.

આપના જીવન દરમ્યાન આપને નાની મોટી ઘણી બધી લડાઈઓ લડવી પડી. જેમ કે (૧) જંગે બદર (૨) જંગે ઓહદ (૩) જંગે ખંદક (૪) જંગે ખૈબર (૫) જંગે તબુક વગેરે; જેમાં પ્રત્યેક

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

વખતે મદીનાવાસીઓએ આપને ઘણી જ મદદ કરી હતી. આપની સાથે આપના ભાઈ હ. અલી (અ.) મઝહબનો પરચમ લઈને અચુક હાજર રહેતા.

હીજરી સન ૧૧ના સફર મહિનાની ૨૮મી તારીખના અહીં ખાતે જ આપની વફાત થઈ અને આપના જીસ્મ મુબારકને અહીં ખાતે જ સૂપૂર્દે-ખાક (દફન) કરવામાં આવેલ છે જેના ઉપર એક જબરજસ્ત મકબરો આજે પણ ઉભો છે.

મદીના એ મુનવ્વરાને મદીનાએ રસૂલના નામથી પણ ઓળખવામાં આવે છે.

આજ મદીના શહેરની અતરાફમાં એક મશહૂર કબ્રસ્તાન નામે : "જન્નતુલ બકીઅ" પણ આવેલું છે. જેમાં ચાર ઈમામો (અ.સ.) નામે : (૧) હ. ઈમામ હસન (અ.) (૨) હ. ઈમામ ઝૈનુલ આબેદિન (અ.) (૩) ઈમામ મોહમ્મદે બાકિર (અ.) તથા (૪) ઈમામે જાફરે સાદિક (અ.) તથા (૫) પાંચમા માસૂમા જ. ફાતેમા ઝહેરા (સ.)ની મુબારક કબરો આવેલી છે.

આ રીતે મદીના બહુ જ બરકતવાળું સ્થળ છે.

## સવાલ

૧. કઅબા ક્યાં આવેલું છે અને તેને કોણે તૈયાર કર્યુ ?
૨. કઅબાતુલ્લાહમાં કોણ પૈદા થએલ ?
૩. જન્નતુલ મોઅલ્લા ક્યાં આવેલું છે તેમ જ 'જન્નતુલ બકીઅ' ક્યાં આવેલું છે તે જણાવો.
૪. હ. ઈમામ ઝૈનુલ આબેદીન (અ.)ના મુબારક જીસ્મને ક્યાં દફન કરવામાં આવેલ છે ?
૫. ક્યા શહેરને રસૂલે અકરમ (સ.અ.વ.)નું હરમ કહેવામાં આવે છે ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# પાઠ **44**

# નજફે અશરફ

નજફ એ ઈરાકનું એક મશહૂર શહેર છે. આજથી લગભગ એક હજાર વરસ પહેલાં તેને ઝહેરે-કુફાના નામથી યાદ કરવામાં આવતું હતું.

એ સમયમાં કુફાની વસ્તી ઘણી હતી. હજારો માણસો અહીં રહેતા હતા, અસંખ્ય બાગ-બગીચાઓ હતા, નદી હતી, તેમજ પાણીનો બંદોબસ્ત હતો. હુકુમતે તેને ફૌજની છાવણીમાં ફેરવી નાખ્યું છે. નજફ એ કુફાની બહારનો ભાગ હતો. જેને કુફાની પીઠ કહેવામાં આવતી હતી.

આપણા મૌલા મુરતુઝા અલી (અ.)ની શહાદત હીજરી સન ૪૦માં આજ કુફાની મસ્જિદમાં થઈ હતી. આપની એ ઈચ્છા હતી કે આપને ઝહરે કુફા (નજફ)માં દફન કરવામાં આવે કે જ્યાં આપની કબ્ર અલ્લાહના ખાસ બંદોબસ્ત પ્રમાણે પ્રથમથી જ બનાવીને તૈયાર રાખવામાં આવેલ હતી.

હ. ઈમામ હસન (અ.) તથા હ. ઈમામ હુસૈન (અ.)એ આપના જીસ્મે મુબારકને અહીં દફન કરેલ છે.

નજફે અશરફનો ઈતિહાસ બહુ જ જૂનો છે. અહીંયા ચાર નબીઓ નામે : (૧) હ. આદમ અ. (૨) હ. નૂહ અ. (૩) હ. હૂદ અ. (૪) હ. સાલેહ અ. પણ અહીં જ દફન થયેલ છે.

જ. અમીરૂલ મોઅમેનીનની અત્રે જાગીર બન્યા પછી આ જગ્યા ખૂબ જ મશહૂર બની ગઈ છે. ધીમે ધીમે આ જગ્યાની વસ્તી વધતી

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

ગઈ અને આજે તો તેનો આંકડો લાખોની સંખ્યાનો બની ગયો છે. જ્યારે કુફાની વસ્તી ચોથા ભાગની પણ રહી નથી. મૌલાએ કાએનાતના અનેક ગૌરવ માંહેનું આ એક ગૌરવ છે કે જે ઝમીનમાં આપે પોતાની આરામગાહ બનાવી દીધી તે વૈરાન જગ્યા પણ આબાદ બની ગઈ.

હજારેક વરસ પહેલાં આ જગ્યા આબાદ જરૂર હતી. પણ તેનું ઈલ્મના ક્ષેત્રમાં મહત્વ ન હતું. જ્યારે રાજ્યના ઝુલ્મોસીતમે શૈખ અબૂ જાફર તૂસી ઉપર બગદાદમાં ઝુલ્મ કરવામા આવ્યો અને આપનું પુસ્તકાલય બાળી નાખવામાં આવ્યું તો આપે બગદાદ છોડીને નજફે અશરફને આબાદ કર્યું. શેખ તૂસી (અ.ર.) શિયા આલિમોમાં તેમના સમયના સર્વથી મોટા આલિમ હતા. અને શિયા મઝહબની હદીસોના મહત્વપૂર્ણ પુસ્તકોના લેખક હતા.

જ. અમીર (અ.)નો પાડોશ હોવાથી બરકત અને શેખ તૂસી અ.ર.ની નિય્યતનું ખુલુસ એ અસર હતી કે અહીં ઈલ્મી પાઠશાળાનું મહત્વ વધતું ગયું અને આજે તો દુનિયાના સૌથી મોટા એક દીની કેન્દ્ર તરીકે મશહૂર બનીને નજફે અશરફ બહાર આવ્યું છે. અહીં હજારો વિદ્યાર્થીઓ મઝહબનું જ્ઞાન હાંસિલ કરી રહ્યા છે. સેંકડો આલિમો જ્ઞાન આપવામાં રોકાએલા છે. ઝવ્વારો ઝિયારત માટે અહીં આવતા જ હોય છે અને એ કહેવું પૂરતું નથી કે નજફની હવામાંથી પણ ઈલ્મની ખૂશબો આવી રહી છે.

## સવાલ

૧. નજફે અશરફમાં ક્યા ક્યા નબીઓની કબરો છે ?
૨. હ. અલી અ.ની કબ્ર ક્યાં આવેલી છે ?
૩. નજફે અશરફને ઈલ્મના કેન્દ્રનો દરજ્જો કઈ રીતે મળ્યો ?

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# કરબલા

એહલે દિલસે કહ રહી હૈ યે મુવર્રિખકી ઝબાં  બઅદે પૈગમ્બર હુઈથી કિસ તરહ સરગોશીયાં
છા ગયા થા હર તરફ કિસ તરહ દૌલતકા ધુઆં  કયા દબે પાઓ ચલે થે સાઝીશોકે કારવાં

અબભી ઉન અમવાજમે ડુબી પડી હૈ કરબલા
હાઁ ઉનહીકી એક તારીખી કડી હૈ કરબલા

કરબલામે અમ્રે હકકી બરતરી સે જંગ થી  તાકતે નાને શઈરે હૈદરી સે જંગ થી
અઝમતે દેરીનએ પૈગમ્બરી સે જંગથી  જીસકા કુર્આ મે હૈ ઝીક્ર ઉસ દાવરીસે જંગથી

કબ નિફાક અરબાબે હક સે બરસરે પૈકારથા
વો ખુદા પર આખરી લાતો હોબલકા વાર થા

કુફ્રને કાટા નહીથા મુસહફે નાતિક કા સર  અસ્લ મે કુર્આં કો ફેકા ગયા થા ફાડ કર
હમલા આવર ઈબ્ને હૈદર પર ન થે અરબાબે શર  ઝર્બથી વો અસ્લમે ઈસ્લામકી બુન્યાદ પર

ચંદ જાંબાઝો કીજાનિબ રુખ નથા આફાત કા
દિન પે વો દર અસ્લ ધાવાથા અંધેરી રાતકા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# જનાબે ઝયનબ

સલામ ઈસ્મતે ઝહેરાકી વરસાદાર સલામ
સલામ જુરઅતે હૈદરકી યાદગાર સલામ
સલામ સિબ્તે નબીકી શરીકેકાર સલામ
સલામ મમલકતે ગમકી તાજદાર સલામ

વકારે મરયમો હવ્વા સલામ હો તુજ પર
સલામ સાનીએ ઝહેરા સલામ હો તુજ પર

જીગર પે અકબરો અસ્ગરકે દાગ ઉઠાએ હુએ
ઝઈફ જીસ્મપે દુર્રેકે ઝખ્મ ખાએ હુએ
ગિરાની રસનો તૌક આઝમાએ હુએ
જો દર્દ દિલમેંથા ઉસે દવા બનાએ હુએ

સુએ દમિશ્ક ચલી હક કી રૌશ્ની લે કર
જો મર ચુકે હૈં ખુદ ઉન્કી ઝિદંગી લે કર

કદમ કદમપે મકાસિદકી અઝમતોંકા ખયાલ
નફસ નફસમે ભતીજેકી ઝિંદગીકા સવાલ
રિદા છીની તો બઢા ઔર ઈસ્મતોંકા જલાલ
ખુલેજો બાલ તો નિખરા હુસૈનીયત કા જમાલ

નકીબે ફત્હ શહે મશરેકૈન બન કે ઉઠી
ન થે હુસૈનતો ઝયનબ હુસૈન બનકે ઉઠી

દિલોપે સાનીએ ઝહેરા તેરા એહસાન હૈ
અતા કીયા હૈ વો આસું જો રૂહે ઈમા હૈ
દીયા વો દર્દ જો હર દિલકા દરમા હૈ
મિલા વો ઝખ્મ જો ઈન્સાનિયત કા ઉનવાં હૈ

યે કિસ ઝબાંસે કહું મેરે દિલકી દૌલત હૈ
ગમે હુસૈન તેરી દી હુઈ અમાનત હૈ

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

# હમારા તરાના

ચશ્મે જહાઁ સે ગો હૈ રહેબર નિહાઁ હમારા
ફિરભી હૈ જાદા પૈમાઁ યે કારવા હમારા

હૈ પરચમે હુસૈની ઝીલ્લે રીદાએ ઝેહરા
ઝીલ્લે રીદાએ ઝહેરા હૈ સાએબાઁ હમારા

હમ મજલીસે ઉમમ મેં ઉમ્મત હૈ પંજેતનકી
પંજા ઈસી લીયે હૈં કૌમી નિશાઁ હમારા

પરવાન હમ ચઢે હૈં સાયેમેં ઈસ અલમ કે
બચ્પનસે હૈ મુજાહિદ હર નૌજવાઁ હમારા

હમ હકકે હૈં સીપાહી કામ અપના હક પનાહી
પિંદારે બાદશાહી લે ઈમતેહાઁ હમારા

ખાયે હૈં બરછિયાઁ હમ હંસ હંસકે નામે હક પર
હર ઝખ્મ એક ગુલ થા રન ગુલસિતાઁ હમારા

અબ્બાસકા અલમ જો પૈગામ દે રહા હૈ
હમ ઉસ્કે તરજુમાઁ હૈં વહ તરજુમાઁ હમારા

તશ્ના લબોંકી ખિદમત કૌમી રિવાયત અપની
મશ્કીઝએ સકીના કૌમી નીશાઁ હમારા

હર સાલ માહે ગમમે મિલતા હૈ જોશે ઈમાઁ
હર સાલ વકત લેતા હૈ ઈમતેહાઁ હમારા

ઠંડે હે જિનકે સીને વો આગ હમસે માંગે
પુર સોઝ મુસ્તકિલ હૈ સીના તપાઁ હમારા

કરતી નહી હૈ રહેમત તખ્સીસે મુલ્કો મિલ્લત
સારે જહાઁ પે પરચમ હૈ ઝૌફિશાઁ હમારા

લબ પર હુસૈનકે જબ આયા થા નામ ઉસ્કા
ઉસ રોઝસે વતન હૈ હિન્દોસતાઁ હમારા

દશ્તે ઈરાકો યસરબ કયોં હો ન પાની પાની
ગંગા પે આકે ઉતરે જબ કારવાઁ હમારા

આયા ન રાસ જિસ્કો આબે ફરાતો દજલા
ગંગો જમનને સીંચા વો ગુલસિતાઁ હમારા

કયોંકર ન અપની કશ્તી પહોચેગી તાબા કૌસર
અબ્બાસ કા અલમ હૈ જબ બાદબાઁ હમારા

Tanzeemul makatib E_library visit our website www.tanzeemulmakatib.org

TANZEEMUL MAKATIB

Golaganj, Lucknow - 226 018 (INDIA)
Phone: 0522-4080918, 9044065985
Email: makatib.makatib@gmail.com